नमो नमो निम्मलदंसणस्स

# પ્રતિક્રમણસૂત્ર

## અભિનવ વિવેચન

## ૪

-: વિવેચન કર્તા :-

**મુનિ દીપરત્નસાગર**

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યોનમઃ

# પ્રતિક્રમણસૂત્ર
# અભિનવ-વિવેચન

(ભાગ-૪-સૂત્ર-૩૯ થી ૫૪)

-: વિવેચન કર્તા :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૧૩-૬-૦૫ સોમવાર ૨૦૬૧, જેઠ સુદ-૬

ચારે ભાગોનું સંયુક્ત મૂલ્ય
રૂા. ૮૦૦/-

સંપર્ક સ્થળ
"આગમ આરાધના કેન્દ્ર", શીતલનાથ સોસાયટી, વિભાગ-૧,
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર, ખાનપુર, અમદાવાદ-૧.

4 1

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન

## ભાગ-૧ થી ૪

| | | |
|---|---|---|
| ભાગ-૧ | સૂત્ર-૧ થી ૧૨ | નવકાર મંત્ર થી જંકિંચિ-સૂત્ર |
| ભાગ-૨ | સૂત્ર-૧૩ થી ૨૮ | નમુત્થુણં સૂત્રથી નાણંમિ દંસણંમિ૰ |
| ભાગ-૩ | સૂત્ર-૨૯ થી ૩૮ | વંદનસૂત્રથી નમોસ્તુ વર્ધમાનાય |
| **ભાગ-૪** | **સૂત્ર-૩૯ થી ૫૪** | **વિશાલ લોચન૰થી સંથારાપોરિસિ સૂત્ર** |

**ટાઈપ સેટીંગ**
**"ફોરએવર ડિઝાઈન"**
માધવપુરા માર્કેટ, અમદાવાદ.
ફોન નં. ૨૫૬૩૧૦૮૦

**મુદ્રક**
**"નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ"**
ઘીકાંટા રોડ, અમદાવાદ.
ફોન નં. ૨૫૫૦૮૬૩૧

# અર્હત્ શ્રુત પ્રકાશન

શીતલનાથ સોસાયટી-૧, ફ્લેટ નં. ૧૩, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન-૪

## અ-નુ-ક્ર-મ-ણિ-કા


| ક્રમ | સૂત્રનું નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૩૯ | વિશાલ લોચન દલ સૂત્ર | ૦૧૭ થી ૦૨૬ |
| ૪૦ | સૂઅદેવયા થોય | ૦૨૭ થી ૦૩૧ |
| ૪૧ | ખિત્તદેવયા થોય | ૦૩૨ થી ૦૩૫ |
| ૪૨ | કમલદલ થોય | ૦૩૬ થી ૦૩૮ |
| ૪૩ | ભવનદેવતા થોય | ૦૩૯ થી ૦૪૨ |
| ૪૪ | ક્ષેત્રદેવતા થોય | ૦૪૩ થી ૦૪૫ |
| ૪૫ | અડ્ઢાઈજ્જેસુ સૂત્ર | ૦૪૬ થી ૦૫૩ |
| ૪૬ | વરકનક સૂત્ર | ૦૫૪ થી ૦૫૮ |
| ૪૭ | લઘુશાંતિ સ્તવ | ૦૫૯ થી ૦૯૭ |
| ૪૮ | ચઉક્કસાય સૂત્ર | ૦૯૮ થી ૧૦૪ |
| ૪૯ | ભરહેસર સજ્ઝાય | ૧૦૫ થી ૧૩૫ |
| ૫૦ | મન્નહજિણાણં સજ્ઝાય | ૧૩૬ થી ૧૫૦ |
| ૫૧ | સકલતીર્થ વંદના | ૧૫૧ થી ૧૬૨ |
| ૫૨ | પોસહ લેવાનું સૂત્ર | ૧૬૩ થી ૧૭૨ |
| ૫૩ | પોસહ પારવાનું સૂત્ર | ૧૭૩ થી ૧૮૭ |
| ૫૪ | સંથારા પોરિસિ સૂત્ર | ૧૮૮ થી ૨૧૯ |
| – | શબ્દસૂચિ | ૨૨૦ થી ૩૦૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્રવ્ય સહાયકો

૧. પરમપૂજ્ય વાત્સલ્યવારિધિ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂજ્ય મિલનસાર ઉપાધ્યાય **શ્રી દેવચંદ્રસાગરજી મ.સા.** તથા તેમના શિષ્ય પૂજ્ય મુનિરાજ **શ્રી દિવ્યચંદ્રસાગરજી મ.સા.** તેમજ પૂજ્ય વિદુષી સાધ્વી **શ્રી આત્મજયાશ્રીજી**ની પ્રેરણાથી "શ્રી કાંદિવલી જૈન શ્વે.મૂ.પૂ.સંઘ, કાંદીવલી વેસ્ટ, મુંબઈ" તરફથી – **રૂા. ૧૧,૦૦૦/-**

૨. પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પરિવારવર્તી સરળહૃદયી, શ્રુતપ્રેમી પૂજ્ય પંન્યાસ **શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી "ભદ્રંકરપ્રકાશન-અમદાવાદ" તરફથી–**રૂા. ૫,૦૦૦/-**

૩. પૂજ્ય શતાવધાની શ્રમણીવર્યા **શ્રી અમિતગુણાશ્રીજી** તથા તેમના શિષ્યરત્ના સાધ્વી **શ્રી કલ્પગુણાશ્રીજી** અને સાધ્વી **શ્રી અપૂર્વયોગાશ્રીજી**ની પ્રેરણાથી "વસ્ત્રાપુર કરીશ્મા શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, અમદાવાદ" તરફથી – **રૂા. ૧૫,૦૦૦/-**

૪. પૂજ્ય શતાવધાની, માતૃહૃદયા સાધ્વી **શ્રી અમિતગુણાશ્રીજી** તથા તેમના શિષ્યરત્ના સાધ્વી **શ્રી વિદિતયોગાશ્રીજી**ની પ્રેરણાથી "નવરંગપુરા જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-અમદાવાદ" તરફથી – **૭,૦૦૦/-**

૫. પૂજ્ય ગુરુવર્યા શ્રમણી શ્રી ભવ્યાનંદશ્રીજીના શિષ્યા રત્ના ઉગ્રતપસ્વી સાધ્વી **શ્રી કલ્પપ્રજ્ઞાશ્રીજી**ના સદુપદેશથી "શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, કાંદીવલી વેસ્ટ, મુંબઈની પ્રેરણાથી" **રૂા. ૫,૦૦૦/-**

૬. **શ્રી શાપુર દરવાજાનો ખાંચો જૈન સંઘ, અમદાવાદ તરફથી–રૂા.૫,૦૦૦/-**

**○ બાકી રકમ - શ્રુત પ્રકાશન નિધિમાંથી આપી છે.**

# સંદર્ભ સૂચિ

## પ્રતિક્રમણસૂત્રના વિવેચનમાં ઉપયોગમાં લીધેલા સંદર્ભોની સૂચિ

| | |
|---|---|
| ૧. | અલ્પપરિચિત સૈદ્ધાંતિક શબ્દકોશ |
| ૨. | અભિધાન ચિંતામણિ નામમાલા |
| ૩. | અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩ |
| ૪. | અનુયોગદ્વાર સૂત્ર-વૃત્તિ |
| ૫. | આઉર પચ્ચક્ખાણ-પયન્ના |
| ૬. | આગમ કથાનુયોગ ભાગ-૧ થી ૬ |
| ૭. | આગમ સદ્દકોસો ભાગ-૧ થી ૪ |
| ૮. | આચાર દિનકર |
| ૯. | આચારાંગ સૂત્ર-વૃત્તિ |
| ૧૦. | આવશ્યક સૂત્ર-ચૂર્ણિ |
| ૧૧. | આવશ્યક સૂત્ર-નિર્યુક્તિ |
| ૧૨. | આવશ્યક સૂત્ર-વૃત્તિ-મલયગિરિજી કૃત્ |
| ૧૩. | આવશ્યક સૂત્ર-વૃત્તિ-હરિભદ્રસૂરિજી કૃત્ |
| ૧૪. | ઉપાસકદસાંગ સૂત્ર-વૃત્તિ |
| ૧૫. | ઉવવાઈસૂત્ર-વૃત્તિ |
| ૧૬. | ઓઘનિર્યુક્તિ-વૃત્તિ |
| ૧૭. | કર્મગ્રંથ (ભાગ ૧ થી ૬ સંયુક્ત) |
| ૧૮. | કલ્પસૂત્ર (બારસા સૂત્ર) મૂળ |
| ૧૯. | કલ્પસૂત્ર સુબોધિકા-વિનયવિજયજી |
| ૨૦. | ગણધર યુગપ્રધાન દેવવંદન |
| ૨૧. | ચઉપ્પન્ન મહાપુરુષ ચરિયં |
| ૨૨. | ચઉસરણ પયન્ના |
| ૨૩. | ચૈત્યવંદન મહાભાષ્ય |
| ૨૪. | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર-વૃત્તિ |
| ૨૫. | જીવવિચાર પ્રકરણ-સાર્થ |
| ૨૬. | જીવાજીવાભિગમ સૂત્ર-વૃત્તિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૨૭. | ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર-વૃત્તિ |
| ૨૮. | તત્ત્વાર્થાધિગમ સૂત્ર-મૂળ |
| ૨૯. | તત્ત્વાર્થાધિગમ સૂત્ર-અભિનવ ટીકા |
| ૩૦. | ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર |
| ૩૧. | દશવૈકાલિક સૂત્ર-ચૂર્ણિ |
| ૩૨. | દશવૈકાલિક સૂત્ર-વૃત્તિ |
| ૩૩. | ધર્મબિંદુ-ટીકા-ભાષાંતર સહ |
| ૩૪. | ધર્મરત્ન પ્રકરણ-ભાષાંતર સહ |
| ૩૫. | ધર્મસંગ્રહ ભાગ-૧ અને ૨ |
| ૩૬. | ધર્મસંગ્રહણી વૃત્તિ |
| ૩૭. | નંદિસૂત્ર-ચૂર્ણિ |
| ૩૮. | નંદિસૂત્ર-વૃત્તિ |
| ૩૯. | નમસ્કાર સ્વાધ્યાય |
| ૪૦. | નવતત્ત્વ પ્રકરણ-સાર્થ |
| ૪૧. | નવપદ-શ્રીપાલ (વ્યાખ્યાન) |
| ૪૨. | નાયાધમ્મકહા સૂત્ર-વૃત્તિ |
| ૪૩. | નિરયાવલિકાદિ પંચ સૂત્ર-વૃત્તિ |
| ૪૪. | નિશીથસૂત્ર-ભાષ્ય-ચૂર્ણિ |
| ૪૫. | પંચવસ્તુ-ભાષાંતર |
| ૪૬. | પંચાશકગ્રંથ-ભાષાંતર |
| ૪૭. | પન્નવણા સૂત્ર-વૃત્તિ |
| ૪૮. | પર્યન્ત આરાધના (પયન્ના) |
| ૪૯. | પાક્ષિક સૂત્ર-વૃત્તિ સહિત |
| ૫૦. | પ્રતિક્રમણ ગર્ભ હેતુ |
| ૫૧. | પ્રતિક્રમણ સૂત્ર-અવચૂરિ |
| ૫૨. | પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા ભાગ-૧ થી ૩ |
| ૫૩. | પ્રવચન સારોદ્ધાર ભાગ-૧ અને ૨ |
| ૫૪. | પ્રશ્ન વ્યાકરણ સૂત્ર-વૃત્તિ |

૫૫. ભગવતી સૂત્ર-વૃત્તિ
૫૬. ભત્તપરિણ્ણા-પયન્ના
૫૭. ભાષ્યત્રયમ્-સાર્થ
૫૮. મરણ સમાધિ પયન્ના
૫૯. મહાનિશીથ સૂત્ર-મૂળ
૬૦. મહાપચ્ચક્ખાણ-પયન્ના
૬૧. યતિદિનચર્યા-વૃત્તિ
૬૨. યોગદૃષ્ટિ સમુચ્ચય
૬૩. યોગશાસ્ત્ર સટીક-અનુવાદ
૬૪. રાયપ્પસેણિય સૂત્ર-વૃત્તિ
૬૫. લલિત વિસ્તરા-સટીક-અનુવાદ
૬૬. લોકપ્રકાશ ભાગ-૧ થી ૪
૬૭. વર્ધમાન દ્વાત્રિંશિકા
૬૮. વિશેષાવશ્યક ભાષ્ય-ભાષાંતર
૬૯. વૃંદારવૃત્તિ (વંદિત્તુ સૂત્ર-ટીકા)
૭૦. શ્રાદ્ધદિનકૃત્ય-અનુવાદ
૭૧. શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર-વૃત્તિ
૭૨. શ્રાદ્ધવિધિ પ્રકરણ-અનુવાદ
૭૩. શ્રીપાલ ચરિત્ર (સંસ્કૃત)
૭૪. શ્રીપાલ રાજાનો રાસ
૭૫. ષડ્દર્શન સમુચ્ચય-સાર્થ
૭૬. ષડાવશ્યક બાલાવબોધ
૭૭. ષડાવશ્યક સૂત્રાણિ
૭૮. સંબોધપ્રકરણ-સાર્થ
૭૯. સમવાયાંગ સૂત્ર-વૃત્તિ
૮૦. સાધુ-સાધ્વી ક્રિયા સૂત્રો-સાર્થ
૮૧. સૂયગડાંગ સૂત્ર-વૃત્તિ
૮૨. સૂરપન્નત્તિ સૂત્ર-વૃત્તિ


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૨૫૧**

# ૧-आगमसुत्ताणि-मूलं

## ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદ સૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીસ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/- દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

# ૨. આગમ-ગુજરાતી અનુવાદ

## ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઇત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ સન-૨૦૦૪ને અંતે તેની માત્ર એક નકલ બચેલી છે. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ३. आगमसुत्ताणि-सटीकं

## ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૫૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઇત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની સન-૨૦૦૪ને અંતે માત્ર એક નકલ સ્ટોકમાં રહી છે. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

# ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમ-સટીકંમાં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૫. आगमसद्दकोसो

## ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો તેમાં મૂળ આગમ કે આગમ-સટીકંમાં મળી જ જવાના.

——×——×——

# ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમ સટીકંમાં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂ. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

# ૭. आगमसूत्र हिन्दी अनुवाद

## ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે.જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તો પણ આગમના ગુજરાતી અનુવાદની ગેરહાજરીમાં તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

હાલ ગુજરાતી અનુવાદ સર્વથા અપ્રાપ્ય હોવાથી આપ આ આગમ-હિન્દી અનુવાદ જ મેળવી શકશો.

——×——×——

# ૮. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯. આગમ કથાનુયોગ

## ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦ થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા ગોતવી અત્યંત સરળ બને છે.

પાકા પુંઠાના બાઈન્ડીંગમાં આ છ એ ભાગોમાં મેપલીથો વ્હાઈટ કાગળ વપરાયેલ છે, ડેમી સાઈઝમાં તૈયાર થયેલ અને સુંદર ઓફસેટ પ્રિન્ટીંગમાં છપાયેલ આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂ. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશીત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

વર્તમાનકાળે લખાતા કે વંચાતા ચીલાચાલુ સાહિત્ય કે ધાર્મિક પુસ્તકોને નામે અંગત માન્યતાના પ્રક્ષેપપૂર્વક સર્જાતા સાહિત્યો કરતા આ "આગમ કથાનુયોગ" વાંચન માટે શુદ્ધ-વિશુદ્ધ ધાર્મિક માહિતી અને રસિક કથાઓના સંગ્રહરૂપ હોવાથી તુરંત વસાવવા લાયક છે. બાળકોને વાર્તા કહેવામાં પણ ઉપયોગી છે.

માટે આજે-જ વ-સા-વો આ "આ-ગ-મ ક-થા-નુ-યો-ગ"

——×——×——

**આ હતી આગમ સંબંધી અમારા ૨૦૨ પ્રકાશનોની યાદી**

——×——×——

# આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

## (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪

– મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે ક્રાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :-

– આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

## (૨) વ્યાખ્યાન સાહિત્ય :-

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

– આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્ત્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ

– શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચારિત્ર પણ પુરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

## (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦

– આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ

ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

○ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો.

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

### (૪) આરાધના સાહિત્ય :-

○ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

○ સાધુ અંતિમ આરાધના

○ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

### (૫) વિધિ સાહિત્ય :-

○ દીક્ષા-યોગાદિ વિધિ

○ વિધિ સંગ્રહ ભાગ-૧

○ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

### (૬) પૂજન સાહિત્ય :-

○ આગમ મહાપૂજન વિધિ

○ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

### (૭) યંત્ર સંયોજન :-

○ ૪૫-આગમ યંત્ર

○ વિંશતિ સ્થાનક યંત્ર

## (૮) જિનભક્તિ સાહિત્ય :-

- चैत्यवन्दमन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

## (૯) પ્રકીર્ણ સાહિત્ય :-

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ

## (૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૨૫૧ પ્રકાશનો થયા છે.**

——×——×——

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન
## સસાંગ-વિવરણ

*(પ્રતિક્રમણ સૂત્રનું આ વિવેચન અમે સાત અંગોમાં કરેલ છે–)*

**(૧) સૂત્ર-વિષય :-** સૂત્રમાં આવતા મુખ્ય વિષયનું સંક્ષિપ્ત કથન.

**(૨) સૂત્ર-મૂળ :-** સૂત્ર મૂળ સ્વરૂપે જે પ્રમાણે હોય તે જ પ્રમાણે તેની પાઠ નોંધ. જેમકે "ઇરિયાવહી સૂત્ર" છે. તો ત્યાં "ઇરિયાવહી" સૂત્ર પાઠ આપવો.

**(૩) સૂત્ર-અર્થ :-** જે મૂળ સૂત્ર હોય તેનો સીધો સૂત્રાર્થ આ વિભાગમાં છે.

**(૪) શબ્દજ્ઞાન :-** જે મૂળ સૂત્ર હોય, તે સૂત્રમાં આવતા પ્રત્યેક શબ્દો અને તે શબ્દનો ગુજરાતી અર્થ આ વિભાગમાં નોંધેલ છે.

**(૫) વિવેચન :-** મૂળ સૂત્રમાં આવતા મહત્ત્વના શબ્દો તથા પ્રત્યેક વાક્ય અથવા ગાથાના પ્રત્યેક ચરણોનું અતિ વિસ્તૃત વિવેચન આ વિભાગમાં કરાયેલ છે. આ વિભાગ જ અમારા પ્રસ્તુત ગ્રંથનું હાર્દ છે. તેમાં અનેક સંદર્ભ સાહિત્ય અને આગમોના સાક્ષીપાઠ આપવા પૂર્વક પ્રતિક્રમણના સૂત્રોનું વિવેચન કરાયેલ છે.

**(૬) વિશેષ કથન :-** સૂત્રના વિસ્તારથી કરાયેલા વિવેચન પછી પણ જે મહત્ત્વની વિગતો નોંધાઈ ન હોય અથવા "વિવેચન" ઉપરાંત પણ જે મહત્ત્વની બાબતો પર પ્રકાશ ફેંકવો જરૂરી હોય તેવી "વિશેષ" નોંધો આ વિભાગમાં કરાયેલ છે.

**(૭) સૂત્ર-નોંધ :-** આ સાતમા અને છેલ્લા વિભાગમાં સૂત્રનું આધારસ્થાન, ભાષા, પદ્ય હોય તો છંદ, લઘુ-ગુરુ વર્ણો, ઉચ્ચારણ માટેની સૂચના જેવી સામાન્ય વિગતોનો નિર્દેશ કરાયેલો છે.

**– આ ઉપરાંગ ચોથા ભાગને અંતે** "પ્રતિક્રમણ સૂત્રોમાં આવતા મૂળ પ્રાકૃત-સંસ્કૃત કે ગુજરાતી શબ્દોની સંપૂર્ણ સૂચિ આપવામાં આવેલ છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# પ્રતિક્રમણ સૂત્ર

## અભિનવ-વિવેચન

## ભાગ-ચોથો

### સૂત્ર-૩૯

## "વિશાલ-લોચન-દલં" સૂત્ર

### પ્રાભાતિક વીર સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

વીર પરમાત્માની સ્તુતિરૂપ આ સ્તોત્રમાં પહેલા શ્લોકમાં ભગવંત મહાવીરની સ્તુતિ છે, બીજા શ્લોકમાં સર્વ તીર્થંકરોની સ્તુતિ છે અને ત્રીજા શ્લોકમાં જિન આગમની સ્તુતિ છે. આ સૂત્ર રાઈ પ્રતિક્રમણમાં બોલાય છે.

■ **સૂત્ર-મૂળ :-**

**વિશાલ-લોચન-દલં, પ્રોદ્યદ્-દન્તાંશુ-કેસરમ્;**
**પ્રાતર્વીર જિનેન્દ્રસ્ય, મુખ-પદ્મં પુનાતુ વઃ** ૧
**યેષામભિષેક-કર્મકૃત્વા, મત્તા હર્ષભરાત્ સુખં સુરેન્દ્રાઃ**
**તૃણમપિ ગણયન્તિ નૈવનાકં પ્રાતઃ સન્તુ શિવાયતે જિનેન્દ્રાઃ** ૨
**કલંક-નિર્મુક્તમ મુક્ત પૂર્ણતં, કુતર્ક-રાહુ-ગ્રસનં સદોદયમ્;**
**અપૂર્વચંદ્રં જિનચંદ્રભાષિતં, દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્.** ૩

■ **સૂત્ર-અર્થ :-**

જેના વિશાળ નેત્રોરૂપી પત્રો છે એવું, (તથા) ઝળહળતાં દાંતના કિરણોરૂપ જેની કેસરાં છે એવું, શ્રી વીર જિનેશ્વરનું મુખરૂપી કમળ પ્રાતઃકાળમાં તમને પવિત્ર કરો. ૧.

જે જિનેશ્વરોનું સ્નાત્ર-સ્નાન કર્મ કરવાથી (ઉત્પન્ન થયેલ) હર્ષના સમૂહથી ઉન્મત્ત થયેલા એવા દેવેન્દ્રો સ્વર્ગના સુખને તરણાતુલ્ય-તૃણવત્ પણ ગણતા નથી,

તે જિનેન્દ્રો પ્રાતઃકાળમાં અમને શિવસુખ-મોક્ષને માટે થાઓ. ૨.

જે કલંકથી રહિત છે, જેની પૂર્ણતા મૂકાતી નથી અર્થાત્ જે સંપૂર્ણ છે, કુતર્કવાદી અર્થાત્ અન્યદર્શનીરૂપ રાહુને ગળી જાય છે - ભક્ષણ કરી જાય છે, સદા ઉદય પામેલો રહે છે, જિનેશ્વર રૂપી ચંદ્રની વાણી સુધાથી બનેલો છે અને પંડિતો વડે નમસ્કાર કરાયેલો છે એવા આગમરૂપી અપૂર્વચંદ્રને હું પ્રાતઃકાળે અર્થાત્ પ્રભાત સમયે નમસ્કાર કરું છું (નમસ્કાર કરવા વડે આગમની સ્તુતિ કરું છું.) ૩.

■ **શબ્દજ્ઞાન :-**

**વિશાલ** - વિશાળ
**લોચન** - નેત્રરૂપી
**દલં** - પત્રોવાળું
**પ્રોદ્યત્** - ઝળહળતું
**દંત** - દાંત
**અંશુ** - કિરણરૂપ
**કેસરં** - કેસરા
**પ્રાતઃ** - પ્રાતકાળ-પ્રભાતમાં
**વીર** - ભગવંત મહાવીર
**જિનેન્દ્રસ્ય** - જિનેશ્વરનું
**મુખપદ્મં** - મુખરૂપી કમળ
**પુનાતુ વઃ** - તમને પવિત્ર કરો
**યેષાં** - જે જિનેશ્વરનું
**અભિષેકકર્મ** - સ્નાત્ર ક્રિયા
**કૃત્વા** - કરીને
**મત્તા** - ઉન્મત્ત થયેલા
**હર્ષભરાત્** - હર્ષના સમૂહથી
**સુખં** - સુખને
**સુરેન્દ્રાઃ** - દેવોના ઇન્દ્રો
**તૃણમપિ** - તૃણમાત્ર પણ
**ગણયન્તિ** - ગણતા (ગણે છે)
**ન એવ** - નથી જ
**નાકં** - સ્વર્ગસંબંધી
**પ્રાતઃ** - પ્રાતઃકાલે, સવારે
**સંતુ** - થાઓ
**શિવાય** - મોક્ષને માટે
**તે** - તેઓ, તે
**જિનેન્દ્રાઃ** - જિનેન્દ્રો, તીર્થંકરો
**કલંકનિર્મુક્તં** - કલંકરહિત
**અમુક્ત** - ન મૂકનારને
**પૂર્ણતં** - પૂર્ણતાને
**કુતર્કરાહુ** - કુતર્કરૂપી રાહુને
**ગ્રસનં** - ગળી જનાર
**સદોદયં** - સદા ઉદય પામેલા
**અપૂર્વચંદ્ર** - અપૂર્વચંદ્રરૂપ
**જિનચંદ્ર** - જિનોમાં ચંદ્ર સમાન
**ભાષિતં** - આગમને, પ્રવચનને
**દિનાગમે** - પ્રભાતકાળે
**નૌમિ** - નમું છું, સ્તવું છું
**બુધૈઃ** - પંડિતો વડે
**નમસ્કૃતં** - નમસ્કાર કરાયેલા (એવા)

■ **વિવેચન :-**

આ સૂત્ર તેના આદ્યપદોથી "વિશાલ-લોચન" કે "વિશાલલોચન-દલં" નામથી ઓળખાય છે. તે પ્રભાત સમયે રાત્રિપ્રતિક્રમણમાં બોલવામાં આવે છે. છ આવશ્યક પુરા થયાના હર્ષોલ્લાસને વ્યક્ત કરવા માટે બોલાતી સ્તુતિ છે. તેમાં પ્રથમ સ્તુતિ ભગવંત મહાવીરની હોવાથી અને સ્તુતિમાં "વીર" એવું ભગવંતનું નામ હોવાથી તે 'વીરસ્તુતિ' કહેવાય છે. વળી તે પ્રભાતકાળે બોલાતી હોવાથી "પ્રાભાતિક વીરસ્તુતિ" પણ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સ્તોત્ર ત્રણ ગાથામાં વિભાજિત છે. તેની પ્રથમ સ્તુતિ વીર પરમાત્માની, બીજી સ્તુતિ સામાન્ય જિનની અને ત્રીજી સ્તુતિ આગમની છે તેનું શબ્દશઃ વિવેચન આ પ્રમાણે છે–

● **विशाल-लोचन-दलं** - વિશાલ લોચનરૂપી પત્રોવાળું, જેના વિશાળ નેત્રોરૂપી પત્રો છે એવું.

– ભગવંત મહાવીરના "મુખપદ્મ"નું આ વિશેષણ છે.

○ વિશાલ એટલે મોટા, ○ લોચન એટલે નેત્રો

○ દલ એટલે પત્ર, પાંદડી

– વિશાલ લોચનરૂપી પત્ર. જેમ કમળને પત્ર-પાંદડી હોય તેમ અહીં મોટા નેત્રોને પત્રની ઉપમા અપાઈ છે.

● **प्रोद्यद्दंतांशु केसरम्** - પ્રકાશમાન દાંતના કિરણરૂપી જેનાં કેસરાં-તંતુઓ છે તેવું.

○ प्रोद्यत् - પ્રકાશતું, દીપતું, ઝળહળતું, પ્રફુલ્લિત થતું, વિકસ્વર થતું, ખીલતું.

○ दंतांशु - દાંતના 'અંશુ' અર્થાત્ કિરણો રૂપ.

○ केसरं - કેસરા જેની છે તેવું. ફુલ મધ્યેના તંતુઓ.

– આ પદ પણ ભગવાન મહાવીરના "મુખપદ્મ"નું વિશેષણ છે.

– ભગવંતની દંતપંક્તિમાંથી પ્રકાશમાન થતા જે કિરણો છે, તે કિરણો કમળના તંતુઓ જેવા લાગે છે - તે ઉપમા અપાઈ છે.

● **प्रातः वीरजिनेन्द्रस्य मुखपद्मं** પ્રભાતકાળે શ્રી વીર જિનેશ્વરનું મુખરૂપી કમળ.

○ प्रातः પ્રભાતકાળ, આ સ્તુતિ પણ સવારમાં જ કરવાની છે અને સૂર્યવિકાસી આદિ કમળો પણ સવારમાં ખીલે છે.

○ वीर जिनेन्द्र - ભરતક્ષેત્રની આ ચોવીસીના ચોવીસમાં તીર્થંકર ભગવંત મહાવીર જેનું વર્ધમાન એવું મૂળ નામ છે.

– વીર શબ્દ પૂર્વે સૂત્ર-૨૧ "સંસારદાવા"માં આવી ગયેલ છે. વિશેષ જાણકારી માટે ત્યાં જુઓ.

○ मुखपद्मं - મુખરૂપી પદ્મ-કમળ. અહીં મુખને કમળની ઉપમા આપી છે, મુખ કમળ જેવું કેમ કહ્યું - તે સ્તુતિના પૂર્વાર્ધમાં "વિશાલ લોચન" આદિ શબ્દોથી જણાવેલ છે.

● **पुनातु वः** તમને પવિત્ર કરો.

● **સમગ્ર ગાથાર્થ :-**

સ્તુતિમાં ક્રિયાપદ છે "પુનાતુ" એટલે પવિત્ર કરો. પણ કોને પવિત્ર કરો ? "તમને". ક્યારે પવિત્ર કરે ? પ્રભાતકાળમાં - સવારમાં કોણ પવિત્ર કરે ? વીરજિનેશ્વરનું મુખરૂપી પદ્મ-કમળ.

પણ આ "મુખ-પદ્મ" મુખરૂપી કમળ કેવું છે ?

(૧) વિશાળ લોચન-નેત્રોરૂપી પત્રોવાળું.

(૨) ઝળહળતાં દાંતના કિરણોરૂપી કેસરા-તંતુવાળું.

જેમ પ્રાતઃકાળમાં ખીલી ઉઠતું કે વિકસ્વર થયેલ કમળ, પોતાની કમનીય કાંતિ અને સુમધુર સુગંધથી પ્રાણીઓના મનને પ્રમુદિત કરે છે - એ ઘટનાને અહીં ઉપમેય રૂપે પ્રયોજેલી છે.

– આ ઉપમા વીર જિનેશ્વરના મુખ સાથે ઘટાવાઈ છે.

– વીર પરમાત્માનું મુખ કેવું છે ? કમળ જેવું. તેને કમળ જેવું કેમ કહેવાયું તેના બે કારણો અહીં રજૂ કર્યા.

(૧) જેમ કમલમાં સુંદર પત્રો હોય છે, તેમ વીર પરમાત્માના વિશાળ નયનો એ મુખ રૂપ કમળના પત્રો સમાન છે.

(૨) જેમ કમળમાં મધ્ય ભાગે તંતુ રૂપ કેસરા હોય છે, તેમ વીર પરમાત્માની દંતપંક્તિ એટલી ઝળહળે છે કે તેમાંથી નીકળતા પ્રકાશમાન કિરણો કમળની કેસરા જેવા શોભી ઉઠે છે.

તો શું આ મુખ પદ્મ પણ સામાન્ય કમળની માફક પ્રાણીઓને પ્રમુદિત કરવાનું કાર્ય કરે છે ?

ના, આટલી જ વાત પુરતી નથી. તે પ્રાણીઓના મનને મુદિત તો અવશ્ય કરે જ છે, પણ તે મુખનું દર્શન સહુને પવિત્ર પણ કરે છે. આવું વીર પરમાત્માનું મુખ પ્રાતઃકાળમાં (અમને) પવિત્ર કરો - એ ભાવના છે.

જેમ "સકલાર્હત્ સ્તોત્રમાં શ્રી હેમચંદ્રાચાર્યજી બીજી સ્તુતિમાં જણાવે છે કે, "नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम्" હવે જો પરમાત્માનું નામસ્મરણ અને આકૃતિ-પ્રતિમા પણ ત્રણ જગતના લોકોને પવિત્ર કરતા હોય તો સાક્ષાત્ પરમાત્માનું મુખ પ્રાણીને પવિત્ર કરે જ એમાં આશ્ચર્ય શું ?

○ **હવે બીજી** ગાથામાં સામાન્ય જિનસ્તુતિ કરતા જિનેશ્વર દ્વારા મોક્ષ માટે પ્રાર્થના કરાઈ છે. તે આ પ્રમાણે–

● **येषामभिषेक-कर्म कृत्वा** - જે જિનેશ્વરોનું સ્નાનકર્મ કરીને, અભિષેક કાર્ય કરીને, સ્નાત્રક્રિયા કરવા દ્વારા.

○ येषाम् - જેના, જે જિનેશ્વરોના

○ अभिषेक-कर्म - અભિષેકનું કાર્ય, સ્નાત્ર ક્રિયા.

अभि + सिच् ધાતુ પરથી આ શબ્દ બન્યો છે. જેનો અર્થ વિશિષ્ટ પ્રકારે જલસિંચન કરવું - એવો થાય છે. આ રીતે વિધિપૂર્વક જે વિશિષ્ટ પ્રકારે પરમાત્માનો અભિષેક કરાય છે તે ક્રિયા.

*✱ સૂત્ર-૧ "નમસ્કારમંત્ર"માં "અરિહંત" પરમાત્મા સંબંધી જે વિવેચન કરવામાં આવેલ છે, તેમાં આ અભિષેક ક્રિયાનું વર્ણન ઘણાં જ વિસ્તારપૂર્વક કરાયેલ છે તે જોવું.*

સામાન્યથી તીર્થંકર પરમાત્માના જન્મ પ્રસંગે મેરુપર્વત ઉપર પંડુકવનમાં અભિષેક શિલા પર થતો સ્નાત્ર મહોત્સવ આપણને આ "અભિષેકક્રિયા" શબ્દ કાને પડતા યાદ આવે, પણ જ્યારે તીર્થંકર પરમાત્મા દીક્ષા ગ્રહણ કરે ત્યારે તે-પૂર્વે પણ તેમની નગરીમાં (રાજમહેલમાં) આવો જ વિશિષ્ટ અભિષેક કરાતો હોય છે. તેથી આવા કોઈપણ પ્રસંગે પરમાત્માનો થતો દિવ્ય સ્નાન વિધિ તે "અભિષેક ક્રિયા" કહેવામાં આવે છે.

○ कृत्वा - આવા અભિષેક કર્મ કે ક્રિયા કરીને...

● **मत्ता हर्ष-भरात् सुखं सुरेन्द्राः** હર્ષના સમૂહથી ઉન્મત્ત થયેલા એવા દેવેન્દ્રો.

○ मत्ता - મત્ત થયેલા ઉન્મત્ત થયેલા. જિનેશ્વર પરમાત્માનું સ્નાત્ર કાર્ય કરવાથી રોમાંચિત થઈ ગયેલા.

○ हर्ष એટલે હાસ્ય, આનંદ, ખુશી ○ भर એટલે સમૂહ.

○ सुरेन्द्राः જેમાં सुर એટલે દેવ, इन्द्र એટલે સ્વામી. દેવોના ઇન્દ્રો અથવા દેવેન્દ્ર.

અહીં "સુર" શબ્દથી "જે સારી રીતે પ્રકાશે તે સુર એવી વ્યુત્પત્તિ સ્વીકારી છે. પણ અર્થથી તેને "દેવો" કહે છે.

જ્યારે "ઇન્દ્ર" શબ્દના બે અર્થો થાય છે. (૧) સ્વામી અને (૨) શ્રેષ્ઠતા સૂચવવી તે. જો પહેલો અર્થ સ્વીકારીએ તો સુરેન્દ્રનો અર્થ દેવોના ઇન્દ્ર અર્થાત્ દેવેન્દ્ર થાય છે અને જો બીજો અર્થ સ્વીકારીએ તો 'શ્રેષ્ઠ દેવતાઓ' અર્થ થાય છે.

અહીં શ્રેષ્ઠ એવા દેવતાઓ અર્થ ગ્રહણ કરીએ તો પણ સાર્થક છે. કેમકે અભિષેક કરવા વિશાળ દેવસમૂહ આવે છે અને તે દેવો અભિષેક કર્યા પછી અત્યંત હર્ષિત, પુલકિત, રોમાંચિત, આનંદિત થઈ જતાં હોય છે.

જો 'દેવેન્દ્ર' એવો અર્થ સ્વીકારીએ તો પણ યોગ્ય જ છે. કેમકે ભગવંતના જન્મ-દીક્ષા આદિ કલ્યાણકોમાં ચોસઠે ઇન્દ્રો આવતા હોય છે. આ ચોસઠ ઇન્દ્રોના મુખ્ય ભેદ ચાર પ્રકારે છે. (૧) વૈમાનિકના ઇન્દ્રો, (૨) ભવનપતિના ઇન્દ્રો, (૩) વ્યંતરોના ઇન્દ્રો અને (૪) જ્યોતિષ્કના ઇન્દ્રો.

(૧) વૈમાનિકના દશ ઇન્દ્રો અભિષેક અર્થે આવે છે. જેમાં પહેલા સૌધર્મ કલ્પથી આઠમાં સહસ્રારકલ્પ સુધીના એક-એક ઇન્દ્ર હોય છે, નવમા આનત અને દશમાં પ્રાણત કલ્પનો સ્વામી એક જ ઇન્દ્ર હોવાથી તેમજ અગિયારમાં આરણ અને બારમાં અચ્યુત કલ્પનો સ્વામી એક જ ઇન્દ્ર હોવાથી તે એક-એક ઇન્દ્ર મળીને બાર દેવલોકના દશ ઇન્દ્રો થાય છે.

(૨) ભવનપતિના વીશ ઇન્દ્રો અભિષેક અર્થે આવે છે. જેમાં દશ ભવનોના ઉત્તરાર્ધના સ્વામી એવા દશ ઇન્દ્રો અને દક્ષિણાર્ધના સ્વામી એવા દશ ઇન્દ્રો મળીને ભવનપતિના કુલ વીશ ઇન્દ્રો થાય છે, જેને માટે સામાન્યથી "અસુરકુમારેન્દ્ર આદિ ભવનપતીન્દ્રો એવા શબ્દો વપરાય છે.

(૩) વ્યંતરોના બત્રીશ ઇન્દ્રો અભિષેક કરવા માટે આવે છે–

– અહીં આગમિક પરિભાષા થોડી બદલાય છે. સામાન્ય વ્યવહારમાં વ્યંતર અને વાણવ્યંતર એવા બે ભેદથી વ્યંતર દેવોની ઓળખ મળે છે. આગમમાં તે માટે 'વાણવ્યંતર' શબ્દ જોવા મળે છે. સમવાયાંગમાં તો બત્રીશ ઇન્દ્રોનું કથન કરીને 'વાણમંતર'ની વિવક્ષા કરી નથી. પણ ચોસઠ ઇન્દ્ર ગણના વખતે પ્રસિદ્ધ ગણના મુજબ આઠ વ્યંતરના કુલ ૧૬ ઇન્દ્રો અને આઠ વાણવ્યંતરના ૧૬ ઇન્દ્રો મળીને ૩૨ ઇન્દ્રો ગણાય છે.

(૪) જ્યોતિષ્કના બે ઇન્દ્રો અભિષેક કરવા માટે આવે છે.

અહીં બેની સંખ્યામાં (૧) સૂર્ય અને (૨) ચંદ્ર કહ્યો છે.

જો કે પહેલા ત્રણ પ્રકારના ઇન્દ્રો અને આ જ્યોતિષ્કના ઇન્દ્રોની ગણનામાં પાયાનો તફાવત છે. વૈમાનિક, ભવનપતિ અને વ્યંતર એ ત્રણે દેવતાઓના ઇન્દ્રોની સંખ્યા તેમના નામ પ્રમાણે જ બતાવી છે અર્થાત્ તે ઇન્દ્રો અનુક્રમે દશ, વીશ અને બત્રીશ જ છે અને તે જ સંખ્યા કથન છે. જ્યારે સૂર્ય અને ચંદ્ર બે ઇન્દ્રોનો નિર્દેશ જાતિથી કરાયેલ છે, સંખ્યાથી નહીં કેમકે માત્ર જંબૂદ્વીપમાં જ બે સૂર્યો અને બે ચંદ્રો તો છે - અઢી દ્વીપ મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્રો અને ૧૩૨ સૂર્યો છે. તેથી સૂર્ય અને ચંદ્ર એ બંને ઇન્દ્રોની સંખ્યા વ્યક્તિગત નથી પણ જાતિગત છે–

– આવા ચોસઠ ઇન્દ્રો કે જે જિનેશ્વરોનો અભિષેક કરે ત્યારે તેમના હૃદયમાં હર્ષનો જે અતિરેક ઉછળે છે અને પરમ સુખને પામે છે. એવા સુખને કારણે–

● **तृणमपि गणयन्ति नैव नाकं** - સ્વર્ગના સુખને (તે ઇન્દ્રો) તરણા કે તણખલાં તુલ્ય પણ ગણતા નથી.

○ तृणमपि - તૃણમાત્ર, તણખલાં જેટલું પણ

○ गणयन्ति न एव - ગણતાં જ નથી.

○ नाकं - સ્વર્ગ સંબંધી. न अस्मिन् अकं-दुखं अस्ति જેમાં લેશમાત્ર દુ:ખ નથી તે - અર્થાત્ સ્વર્ગ. તેના સંબંધી

● **प्रातः सन्तु शिवाय ते जिनेन्द्राः** તે જિનેન્દ્રો પ્રભાતકાળે અમારા શિવસુખ-મોક્ષને માટે થાઓ.

– અહીં प्रातः એટલે પ્રભાતે, પ્રાત:કાળે અર્થ થાય છે.

– "સન્તુ શિવાય તે જિનેન્દ્રા:" આ વાક્ય પૂર્વે સૂત્ર-૩૮ "નમોસ્તુ વર્ધમાનાય"માં આવી ગયેલ છે - ત્યાં જુઓ.

**○ સમગ્ર ગાથાનો ભાવ –** "ધર્મસંગ્રહ" ગ્રંથકર્તાએ અન્વય પદ્ધતિએ આ પ્રત્યેક ગાથાનો ભાવ રજૂ કર્યો છે–

ગાથામાં ક્રિયાપદ મૂક્યું. 'सन्तु' એટલે થાઓ. પણ શું થાઓ ? - શિવ સુખને આપનારા થાઓ. કોણ શિવસુખ આપનાર થાય ? - જિનેશ્વર પરમાત્મા, જિનેન્દ્રો.

જિનેન્દ્રો કેવા ? જેમનો અભિષેક મહોત્સવ કરવાથી અતિહર્ષિત અને ઉન્મત્ત

થયેલા ઇન્દ્રો જે સુખ પામે છે, તેની તુલનાએ તે ઇન્દ્રોને સ્વર્ગના સુખ પણ તણખલા સમાન લાગે છે એવા જિનેન્દ્રો.

આમ કહેવા દ્વારા સઘળા અરિહંત કે જિનેશ્વર પરમાત્માની અહીં સ્તવના કરવામાં આવી છે - તારણ રૂપે કહીએ તો - જેમના અભિષેક આદિ ભક્તિ કરતા ઇન્દ્રો જેવા ઇન્દ્રો પણ અત્યંત સુખ અને હર્ષને પ્રાપ્ત કરે છે એવા જિનેન્દ્રો અમારા માટે શાશ્વત સુખ-મોક્ષ આપનારા થાઓ.

○ **હવે આ સૂત્રની ત્રીજી** ગાથામાં જિન આગમની વિશિષ્ટ પ્રકારે સ્તુતિ કરવામાં આવી છે. તે આ પ્રમાણે–

● **कलंक निर्मुक्तममुक्तपूर्णतं** - કલંકથી રહિત અને પૂર્ણતાને મૂકનાર અર્થાત્ પૂર્ણને.

○ कलंक એટલે કલંક, ડાઘ, એબ.

○ निर्मुक्त એટલે રહિત, અત્યંત મૂકાયેલ.

○ अमुक्त - ન મૂકનાર, નહીં મૂકાયેલા.

○ पूर्णता - પૂર્ણતા, પૂર્ણત્વ.

– આ સમગ્ર ચરણમાં જિનાગમરૂપ અપૂર્વ ચંદ્રના બે વિશેષણો કહ્યા છે. આ જિનાગમરૂપ અપૂર્વ ચંદ્ર–

(૧) કલંકથી રહિત છે (૨) પૂર્ણતાને છોડતો નથી.

● **कुतर्क-राहु-ग्रसनं सदोदयं** કુતર્કવાદી-અન્યદર્શની રૂપ રાહુને ભક્ષણ કરનાર અને સદા ઉદય પામેલ એવો.

○ कुतर्क - કુત્સિત તર્ક, અનુચિત તર્ક, કુતર્કવાદી, અન્ય દર્શની

– આ શબ્દ સૂત્ર-૩૮ "નમોસ્તુ"ની ગાથા-૧ માં કહેલ "કુતીર્થિ" શબ્દનો અર્થ જેવા ભાવમાં અહીં નોંધાયેલ છે.

○ કુતર્કરૂપી રાહુ અથવા કુતર્ક એ જ રાહુ કે અન્યદર્શનીરૂપ રાહુ

– તેને ભક્ષણ કરવામાં, ગળી જવામાં તે ग्रसनं

– सदोदयं - જે સદા-હંમેશાં-નિત્ય ઉદય પામેલ રહે છે તે.

– આ સમગ્ર ચરણમાં જિનાગમ રૂપ અપૂર્વ ચંદ્રના બે વિશેષણો કહ્યા છે - આ જિનાગમ રૂપ અપૂર્વચંદ્ર–

(૧) કુતર્કરૂપી રાહુને ગ્રસનાર (૨) સદા ઉદય પામેલ.

● **अपूर्वचन्द्रम्** - અપૂર્વ એવા ચંદ્ર તુલ્યને, અપૂર્વચંદ્ર રૂપ.

– આ શબ્દ "જિનાગમ" સાથે સંકડાયેલ છે, આ શબ્દ હવે પછીના પદના ભાવાર્થ રૂપ છે.

● **जिनचन्द्र-भाषितं** - જિનેશ્વરોએ કથન કરેલા પ્રવચનને, જિનભાષિત અર્થાત્ જિનાગમ.

– 'જિનચંદ્ર' - જિન એટલે સામાન્ય કેવળી, તેમાં ચંદ્ર સમાન અર્થાત્ જિનેશ્વર કે તીર્થંકર પરમાત્મા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– 'ભાષિતં' કહેલ, કથન કરેલ, પ્રવચન વિશેષ.

– તીર્થંકર પરમાત્મા અર્થથી આગમની પ્રરૂપણા કરે છે માટે તેને "જિન-આગમ" કહેવામાં આવે છે.

– આ જિનાગમ રૂપ અપૂર્વચંદ્ર - (કે જેના માટે આ સ્તુતિના પહેલા બે ચરણમાં કલંક રહિત આદિ ચાર વિશેષણો કહ્યા છે.

● **दिनागमे नौमि बुधैः नमस्कृतम्** - પંડિતો વડે નમસ્કાર કરાયેલા (એવા જિનાગમને) હું પ્રભાતકાળે નમસ્કાર કરું છું.

– ૦ दिन એટલે દિવસ ૦ आगम એટલે આગમન

૦ दिनागम એટલે દિવસનું આગમન, પ્રાતઃકાળ, પ્રભાતકાળ.

૦ नौमि - સ્તવું છું, નમસ્કાર કરું છું, સ્તુતિ કરું છું.

૦ बुधैः પંડિતજન વડે ૦ नमस्कृत - નમસ્કાર કરાયેલ.

– અહીં જિનાગમરૂપ અપૂર્વચંદ્ર માટે એક વિશેષણ મૂક્યું કે, "પંડિત જનો વડે નમસ્કાર કરાયેલ."

**૦ સમગ્ર ગાથાનો ભાવ :-** અન્વય પદ્ધતિએ "ધર્મસંગ્રહ" ગ્રંથમાં આ ભાવો આ રીતે પ્રદર્શિત કરેલ છે–

૦ दिनागमे नौमि - પ્રાતઃકાળમાં હું સ્તુતિ કરું છું. કોની સ્તુતિ કરું છું ? જિનભાષિત આગમોની. પણ આ જિનાગમ કેવા છે ?

(૧) અપૂર્વ ચંદ્ર જેવા, નવીન પ્રકારના ચંદ્ર રૂપ.

(૨) કલંક-દાગ ઇત્યાદિથી રહિત, નિર્મલ-નિષ્કલંક.

(૩) પૂર્ણતાથી ન મૂકાયેલ એવા. પૂર્ણ

(૪) કુતર્ક રૂપી કે અન્યદર્શની રૂપ રાહુને ગળી જનાર.

(૫) સદા ઉદય પામનાર.

(૬) પંડિત જન વડે નમસ્કાર કરાયેલ.

આ સ્તુતિ જિનેશ્વર-કથિત આગમ રૂપી ચંદ્રમાની કરવામાં આવી છે. તેમાં સ્તુતિકારે વિવિધ તુલના કરી છે. જેમકે–

(૧) આકાશમાંનો ચંદ્ર કલંક યુક્ત છે, જ્યારે જિનાગમ રૂપ ચંદ્ર કલંક રહિત છે, તેમાં કોઈ દાગ નથી.

(૨) આકાશનો ચંદ્ર કૃષ્ણપક્ષમાં ક્રમશઃ ક્ષીણ થાય છે, શુક્લ પક્ષમાં ક્રમશઃ વૃદ્ધિ પામે છે, માત્ર પૂર્ણિમાના દિવસે તેની પૂર્ણતા હોય છે. તે સિવાય તે પોતાની પૂર્ણતાને મૂકી દે છે, જ્યારે જિનાગમ રૂપ ચંદ્ર એવો છે કે જે બધો વખત પોતાની પૂર્ણતાને જાળવી રાખે છે. પણ ક્યારેય પોતાની પૂર્ણતાને મૂકતો નથી અર્થાત્ પૂર્ણ રહે છે.

(૩) આકાશના ચંદ્રને કોઈ કોઈ સમયે રાહુ ગળી જાય છે તેવી લૌકિક માન્યતા છે. જ્યારે આ જિનાગમ રૂપ ચંદ્ર એવો છે કે જે પોતે જ કુતર્ક રૂપ કે અન્યદર્શની રૂપ રાહુને ગળી જાય છે.

(૪) આકાશ સ્થિત ચંદ્ર રાત્રે જ ઉદય પામે છે અથવા તિથિ મુજબ અમુક સમયે ઉગીને અમુક સમયે આથમે છે જ્યારે આ જિનાગમ રૂપી ચંદ્ર એવો છે કે જે સદા ઉદય પામેલો જ રહે છે.

(૫) આકાશના ચંદ્રને સામાન્ય જન નમે છે, જ્યારે આ જિનાગમ રૂપી ચંદ્રને પંડિત-વિદ્વાન્જન નમસ્કાર કરે છે.

(૬) આકાશી ચંદ્ર એ જ્યોતિષ્ક દેવના વિમાન રૂપ છે જ્યારે આગમ રૂપ ચંદ્ર જિનેશ્વર ભાષિત વાણીસુધાથી નિર્મિત છે.

– આ કારણથી જિનાગમ રૂપી ચંદ્રને અપૂર્વ-અનુપમ કહ્યો છે.

– પ્રાતઃકાળે સ્તુતિ કરવા યોગ્ય છે, માટે હું પણ તેની સ્તુતિ કરું છું.

■ **વિશેષ કથન :-**

– આ સૂત્રને પ્રાભાતિક-પ્રાત-કાલિન સ્તુતિ કહે છે. કેમકે–

(૧) પ્રભાત સમયે રાત્રિ પ્રતિક્રમણમાં છ આવશ્યક પછી આ સ્તુતિ બોલાય છે. તેથી પ્રાભાતિક સ્તુતિ કહેવાય છે.

(૨) આ સૂત્ર-સ્તુતિત્રિકની ત્રણે સ્તુતિમાં 'પ્રભાતકાલીન' અર્થ ધરાવતો શબ્દ આવે છે. તેથી પણ પ્રાભાતિક સ્તુતિ કહેવાય છે.

– (૧) પહેલી સ્તુતિના ત્રીજા ચરણમાં प्रातः શબ્દ છે.

– (૨) બીજી સ્તુતિના ચોથા ચરણમાં प्रातः શબ્દ છે.

– (૩) ત્રીજી સ્તુતિના ચોથા ચરણમાં दिनागम શબ્દ છે, જેનો અર્થ થાય છે – "પ્રાતઃકાળ".

– આ સ્તોત્ર-સ્તુતિના ત્રણે શ્લોક જુદા જુદા છંદોમાં છે–

(૧) પહેલી સ્તુતિ - "અનુષ્ટુપ્" નામક છંદમાં છે.

(૨) બીજી સ્તુતિ - "વૈતાલિક" નામક છંદમાં છે.

(૩) ત્રીજી સ્તુતિ - "વંશસ્થ" નામક છંદમાં છે.

– આ ત્રણ છંદ મુજબની ત્રણ સ્તુતિ "નમોऽસ્તુ વર્ધમાનાય" સૂત્ર-૩૮માં પણ છે. તેથી તેનું "વિશેષકથન" પણ જોવું.

– પ્રતિક્રમણ ક્રિયામાં ઉપયોગ –

આ સૂત્રનો ઉપયોગ માત્ર રાત્રિ પ્રતિક્રમણમાં છે. રાત્રિ પ્રતિક્રમણમાં છ આવશ્યક પુરા થયા પછી સકલતીર્થ વંદના બાદ આનંદ-ઉલ્લાસ દર્શાવવા માટે આ સૂત્ર બોલાય છે.

આ સૂત્ર બોલવાનો પ્રચલિત વિધિ એવો છે કે, પહેલા વડીલ સાધુ ભગવંત - આચાર્યાદિ પહેલી સ્તુતિ બોલે છે, પછી ત્રણે સ્તુતિ અન્ય સાધુઓ અને શ્રાવક હોય તો તેઓ પણ સાથે બોલે છે. અલબત્ત પ્રાતઃકાલીન પ્રતિક્રમણ હોવાથી મંદ સ્વરે બોલાય છે.

"નમોસ્તુ વર્ધમાનાય" માફક આ સૂત્ર પણ 'ઇચ્છામો અણુસટ્ઠી નમો ખમસમણાણં કહી પછી નમોર્હત્૦ બોલી પછી આ સ્તુતિ બોલાય છે - તે અંગે

વિશેષ વિવેચન સૂત્ર-૩૮માં કહ્યા મુજબ જાણવું.

— સ્ત્રીઓને બોલવાનો નિષેધ :-

સાધ્વીગણ અને શ્રાવિકાઓને આ સૂત્ર બોલવાનો નિષેધ છે, તેને બદલે સ્ત્રીઓએ "સંસારદાવાનલની ત્રણ સ્તુતિ બોલવાની હોય છે - આ બાબત વિશેષ કથન માટે સૂત્ર-૩૮ "નમોસ્તુ વર્ધમાનાય" ખાસ જોવું. સ્ત્રીઓને આ સૂત્ર બોલવાના નિષેધનું કારણ તેમાં જણાવવામાં આવેલ છે.

**૦ સૂત્રનો સામાન્ય સારાંશ :-**

ગ્રંથનો આરંભ, ધાર્મિક અનુષ્ઠાન આદિ ઇષ્ટ દેવના સ્મરણ-મંગલપૂર્વક કે સ્તુતિ મંગલપૂર્વક કરવામાં આવે છે. તે જ રીતે તેની પૂર્ણાહુતિ થતાં પણ સ્મરણમંગલ કે સ્તુતિમંગલ કરવામાં આવે છે. આ શિષ્ટાચાર મુજબ પ્રાતઃકાળમાં કરતા રાત્રિ પ્રતિક્રમણમાં પણ છ આવશ્યકો પૂરા થતાં અંત્યમંગલ રૂપે આ સ્તુતિ બોલાય છે.

પહેલી સ્તુતિ શ્રી મહાવીર પરમાત્માની કરવામાં આવી છે કેમકે તે વર્તમાન જૈન શાસનના નાયક અને અધિકૃત જિન છે, ત્યારપછી સ્તુતિના બંધારણ અનુસાર બીજી સ્તુતિ સર્વ જિનેશ્વરોને ઉદ્દેશીને કરવામાં આવી છે અને ત્રીજી સ્તુતિ જિન આગમ અર્થાત્ શ્રુતને આશ્રીને કરવામાં આવી છે. આ જ પદ્ધતિએ પૂર્વે સૂત્ર-૨૦ "કલ્લાણ કંદં" અને સૂત્ર-૨૧ "સંસાર દાવાનલ", સૂત્ર-૩૮ "નમોસ્તુ-વર્ધમાનાય"ની રચના થયેલ છે. (સ્તુતિના બંધારણનું વિવેચન સૂત્ર-૨૦માં જોવું)

પ્રભુના મુખરૂપી કમળનું દર્શન-સ્મરણ માંગલિક અને પવિત્ર હોવાથી પહેલી સ્તુતિમાં તેને સ્થાન અપાયું, બીજી સ્તુતિમાં સર્વ જિનેશ્વરોના સ્મરણપૂર્વક શિવસુખની માંગણી કરવામાં આવી અને ત્રીજી સ્તુતિમાં જિનાગમની મહત્તા વર્ણવી તેને નમસ્કાર કરાયો છે.

**■ સૂત્ર-નોંધ :-**

— આ સૂત્ર સંસ્કૃત ભાષામાં રચાયેલ છે.

— આ સૂત્ર આવશ્યક આદિ કોઈ આગમમાં જોવા મળતું નથી, પણ ધર્મસંગ્રહ, બાલાવબોધો આદિમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે, માટે તે પ્રાચીન હોવાના પુરાવા મળે છે તેમ ચોક્કસ માનવું પડે.

— હર્ષોલ્લાસ વ્યક્ત કરવાનો હોઈ આ સ્તુતિ મધુર સ્વરે અને ઉચ્ચાર ક્ષતિ ન થાય તેમ બોલવી જોઈએ.

———x———x———

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૦

# સુઅદેવયા થોય

## શ્રુતદેવતા સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં શ્રુતદેવતાને આશ્રીને બોલાતી એક ગાથાની થોય છે, જેમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષય માટે પ્રાર્થના કરવામાં આવી છે.

■ **સૂત્ર-મૂળ :-**

**— સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**

**૦ સુઅદેવયા ભગવઈ, નાણાવરણીઅ-કમ્મ-સંઘાયં;**
**તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅ-સાયરે ભત્તી.** ૧

■ **સૂત્ર-અર્થ :-**

જેઓની શ્રુતરૂપ સમુદ્રમાં નિરંતર ભક્તિ છે, તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને ભગવતી શ્રુતદેવી ક્ષય કરો.

■ **શબ્દજ્ઞાન :**

**સુઅદેવયાએ** - શ્રુત દેવતા અર્થે, શ્રુતદેવીની આરાધના નિમિત્તે

**કરેમિ** - હું કરું છું
**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગને
**સુઅદેવયા** - શ્રુતદેવતા
**ભગવઈ** - ભગવતી, પૂજ્ય
**નાણાવરણીય** - જ્ઞાનાવરણીય
**કમ્મસંઘાયં** - કર્મના સમૂહને
**તેસિં** - તેઓના
**ખવેઉ** - ક્ષય કરો
**સયયં** - હંમેશા
**જેસિં** - જેઓની
**સુઅસાયરે** - શ્રુતસાગરને વિશે
**ભત્તી** - ભક્તિ

■ **વિવેચન :-**

શ્રુતદેવતાના આરાધન અર્થે કરાતા કાયોત્સર્ગ માટેનું વિધાન અને એક નવકારનો કાયોત્સર્ગ કર્યા પછી બોલાતી 'થોય'નું કથન કરતું આ એક અતિ નાનું સૂત્ર છે. જે "સુઅદેવયા"ના નામે પ્રસિદ્ધ છે. તેમાં પહેલા કાયોત્સર્ગ કરું છું એ પ્રમાણેનું કથન છે. ત્યારપછી કાયોત્સર્ગ કર્યા બાદ नमोऽर्हत् બોલવાપૂર્વક બોલાતી સ્તુતિનું શબ્દશઃ વિવેચન આ પ્રમાણે છે—

● **सुअदेवयाए** - શ્રુત દેવતાને અર્થે, શ્રુતદેવી આરાધના નિમિત્તે.

૦ સુઅ એટલે શ્રુત. સર્વજ્ઞ પ્રણિત અને ગણધર ગુંફિત સૂત્ર-આગમ, જે પ્રવચન-સિદ્ધાંત-સમય આદિ નામોથી ઓળખાય છે.

બને તેવી વાણી.

૩૩. વર્ણપદ વાક્યવિવિક્તતા - નિર્દોષપદ અને વાક્યોથી યુક્ત વર્ણાદિના વિચ્છેદથી રહિત વાણી.

૩૪. અવ્યુચ્છિત્ત - વિવક્ષિત અર્થને સારી રીતે સિદ્ધ કરતી વાણી.

૩૫. અખેદત્વ - ખેદ કે શ્રમ ન પમાડે તેવી વાણી.

આ પ્રમાણે અરિહંત પરમાત્માની વાણીમાં ઉક્ત પાત્રીશ પ્રકારે વિશેષતા રહેલી હોય છે. તે પ્રમાણે *અભિધાન ચિંતામણી કોશના શ્લોક ૬૫ થી ૭૧માં કાળલોક પ્રકાશમાં તથાત ષડાવશ્યક બાલાવબોધમાં જણાવેલ છે. (શ્રીપાલ રાજાના રાસમાં આ ૩૫ ગુણો કંઈક જુદી રીતે કહેવાયા છે.)*

● **અઢાર દોષ રહિતતા :-** અરિહંત પરમાત્માના બાર ગુણો, ચોત્રીશ અતિશયો તથા વાણીની પાત્રીશ વિશેષતાઓ જોઈ તેમાં જે રીતે પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણોની દૃષ્ટિએ અરિહંતના બાર ગુણોનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. તે જ રીતે પરમાત્માનું દોષ રહિતપણું પણ તેનું આગવું મહત્ત્વ પ્રતિપાદિત કરે છે. કેમકે *શ્રી રત્નશેખરસૂરિજી શ્રીપાલચરિત્રમાં, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી વર્ધમાન દ્વાત્રિંશિકામાં, શ્રી હેમચંદ્રાચાર્યજી અભિધાન ચિંતામણી કોશના શ્લોક ૭૨ અને ૭૩માં, પ્રવચન સારોદ્ધારમાં તેમજ ગુજરાતીમાં સ્તવનાદિ કર્તાઓ આ વાતને વિવિધ રૂપે રજૂ કરી* અરિહંત પરમાત્માનું અન્ય સર્વે દેવો કે ઈશ્વરો કરતા વિશિષ્ટ અને આગવું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. તે આ પ્રમાણે–

(૧) દાનાંતરાય - જેના ઉદયે દ્રવ્ય અને લેનાર પાત્ર હોય તો પણ દાન આપી શકાય નહીં. જેમ કપિલા દાસીને શ્રેણિક રાજાએ પ્રચૂર સામગ્રી આપેલી. સુપાત્રદાન દેવા આજ્ઞા કરી. તો પણ કપિલાદાસી દાન આપી શકતી ન હતી. આવો દાનાંતરાય કર્મનો વિપાક કહ્યો છે.

(૨) લાભાંતરાય - લાભનો યોગ હોવા છતાં પણ લાભ પ્રાપ્ત ન કરે.

(૩) ભોગાંતરાય - એક વખત ભોગવવા યોગ્ય એવા અન્ન, પુષ્પ, ચંદન આદિ પદાર્થોને ભોગ કહેવાય. તેવા ભોગ પ્રાપ્ત થવા છતાં જે ભોગવી ન શકે તેને ભોગાંતરાય કહે છે.

(૪) ઉપભોગાંતરાય - વારંવાર ભોગવી શકાય તેવા વસ્ત્ર, આભુષણ, સ્ત્રી આદિને ઉપભોગ કહે છે. તેનો યોગ હોવા છતાં ભોગવી ન શકે.

(૫) વીર્યાંતરાય - છતી શક્તિએ, શરીર પુષ્ટ અને નિરોગી હોય તો પણ ઘણું પરાક્રમ કરી ન શકે તે વીર્યાંતરાય.

આવા પાંચ પ્રકારનો અંતરાય રૂપ દોષ અરિહંતોને હોતો નથી.

(૬ થી ૧૧) હાસ્ય ષટ્ક - હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, અરિહંતે મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યો હોવાથી નોકષાય મોહનીય જન્ય એવી આ છ કર્મ પ્રકૃતિનો પણ ક્ષય થયો હોવાથી તેમને આ છ દોષ હોતા નથી –

(૬) હાસ્ય - જે કર્મના ઉદયથી જીવને હસવું આવે.

(૭) રતિ - સાતા કે આનંદનું વેદન.
(૮) અરતિ - અસાતા કે દુઃખનું વંદન.
(૯) શોક - ચિંતા, (૧૦) ભય - બીક (૧૧) જુગુપ્સા - દુગંછા.
કોઈ નિમિત્તે કે કારણ વિના હાસ્યાદિ ઉપજવા તે.
(૧૨) કામ - અર્થાત્ મન્મથ, વિષય ભોગ.
(૧૩) મિથ્યાત્વ - દર્શન મોહનીય, અશ્રદ્ધા.
(૧૪) અજ્ઞાન - મૂઢતા, જ્ઞાન રહિતતા.
(૧૫) નિદ્રા - સામાન્ય ઉંઘથી પ્રગાઢ નિદ્રા પર્યન્ત.
(૧૬) અવિરતિ - પચ્ચકખાણ ન હોવું તે, વિરતિનો અભાવ.
(૧૭) રાગ - મોહ, મમત્ત્વ, આસક્તિ, મનોજ્ઞ વિષયોમાં ગૃદ્ધિ.
(૧૮) દ્વેષ - અમનોજ્ઞ વિષયો પ્રત્યે અરુચિ કે ક્રોધ આદિ ભાવ થયો તે.

અરિહંત પરમાત્માએ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ચારે કર્મોનો સર્વથા ક્ષય કરેલ હોવાથી ઉપરોક્ત અઢાર દોષમાંનો એક પણ દોષ તેઓને સંભવતો નથી.

● **લઘુ દૃષ્ટાંત :-** ઉક્ત અઢાર દોષોમાં ફક્ત બે દોષ - રાગ અને દ્વેષની રહિતતા સમજવા ભગવંત મહાવીરના જીવનના બે પ્રસંગો યાદ કરીએ – ભગવંત મહાવીર કનકખલ આશ્રમ પાસેથી પસાર થઈ રહ્યા છે. તે વખતે ચંડકૌશિક સર્પ દ્વેષપૂર્વક તેમના પગે ડંસ દે છે, તો પણ કરુણાના સાગર પ્રભુ સર્પ પરત્વે લેશમાત્ર રોષ ન કરતા, ઉલટાના સર્પને પ્રતિબોધ કરે છે. કેમકે અરિહંતો દ્વેષ સહિતના અઢાર દોષથી રહિત હોય છે. એ જ રીતે જ્યારે કોઈ દેવે આવીને પરમાત્માના પગે ચંદનનું વિલેપન કર્યું ત્યારે પરમાત્મા મહાવીર તેની પ્રત્યે કોઈ જ રાગવાળા થયા નહીં. અથવા તો સુરેન્દ્રો જ્યારે ભગવંતના ચરણોને સ્પર્શે છે ત્યારે પણ ભગવંત રાગવાળા થતા નથી. કેમકે તેઓ રાગાદિ અઢાર દોષોથી રહિત હોય છે.

● **અરિહંત પરમાત્માની કલ્યાણકો સંબંધી વિશેષતા :-**

અરિહંત પરમાત્માના જીવનના પાંચ પ્રસંગોની અત્યંત મહત્તા જૈનદર્શનમાં સ્વીકારાએલી છે. (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવળ અને (૫) નિર્વાણ. આ પાંચે કલ્યાણકારી હોવાથી તેઓને કલ્યાણક કહેવામાં આવે છે. તીર્થંકર નામકર્મ પૂર્વભવોમાં સત્તારૂપે અને અનિકાચિતરૂપે હોય છે. જ્યારે મોક્ષગમનના ભવે ઉદયરૂપે અને નિકાચીત રૂપે હોવાથી તેનું સાક્ષાત્ ફળ એ ભવમાં જ મળવાનું છે. આ ફળ તે જ કલ્યાણકો.

**-૦- ચ્યવન કલ્યાણક અને પૂર્વ સ્થિતિરૂપ વિશેષતા :-** તીર્થંકરોના ચ્યવન આદિ પાંચ પ્રસંગો કલ્યાણક કહેવાય, તે વાત સાચી, પણ કોઈ જીવ આવી અરિહંતપણાની યોગ્યતા પામે ક્યારે ? પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કર્યું હોય ત્યારે. આવા તીર્થંકર નામકર્મનો બંધ થાય તે માટેની પૂર્વ શરત કઈ ? પૂર્વ શરત બે છે – (૧) "સવિજીવ કરું શાસનરસી" એવી તીવ્ર ભાવના

તે સૂત્ર પૂરું થયા બાદ "સુઅદેવયા" થોય બોલવાની પ્રવૃત્તિ છે.

**૦ સૂત્ર સંબંધી કથન :-**

"પુક્ખરવરદી" સૂત્ર વખતે જણાવ્યા મુજબ પરમાત્મા કથિત ધર્મ બે પ્રકારનો છે (૧) શ્રુતધર્મ અને (૨) ચારિત્રધર્મ. તેમાં ચારિત્રધર્મ એ સંયમની કરણીરૂપ છે, જ્યારે શ્રુતધર્મ એ સમ્યગ્જ્ઞાનના આરાધનરૂપ છે. આ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ જિનેશ્વર પરમાત્મા પ્રણિત દ્વાદશાંગી અથવા સિદ્ધાંતો અને તે દ્વાદશાંગીના આધારે થયેલ વિવિધ સમ્યક્ સૂત્ર કે ગ્રંથ રચનાનું અવલંબન પામીને થઈ શકે છે. આ કારણથી શ્રુતજ્ઞાનની - સૂત્ર સિદ્ધાંતોની ભક્તિ, આરાધના, ઉપાસના આદિને પરમ ઇષ્ટ રૂપે સ્વીકારેલી છે.

આવી શ્રુત આરાધના, ભક્તિ, ઉપાસના નિરંતર રીતે ચાલતી રહે કે જે જ્ઞાનાવરણીય કર્મને ખપાવવામાં ઉપયોગી બને તે રીતે સમ્યક્પ્રકારે થાય તેવા હેતુથી શ્રુતદેવતાને અનુલક્ષીને આઠ શ્વાસોચ્છ્વાસના પ્રમાણવાળો કાયોત્સર્ગ પ્રતિક્રમણ ક્રિયામાં મૂકાયેલ છે. આ રીતે શ્રુતદેવતા અર્થે કરાતા એક નવકાર મંત્રરૂપ આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગને પારીને ઉપરોક્ત સ્તુતિ બોલવામાં આવે છે આ કારણથી તેને "સુઅદેવયા-થોય" અથવા શ્રુતદેવતા સ્તુતિ કહે છે.

આ સ્તુતિમાં વર્ણિત મુખ્ય ભાવના એવી છે કે–

– જેઓ શ્રુતરૂપી સમુદ્રમાં અર્થાત્ નિર્ગ્રન્થ પ્રવચનમાં સદા રત છે, અનન્ય શ્રદ્ધાવાન્ છે, એવા જીવોના જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો 'શ્રુતદેવી' ક્ષય કરો. જો કે આ ભાવના ઔપચારિક છે, વ્યવહારભાષામાં રજૂ થયેલી છે. કેમકે વાસ્તવમાં શાસ્ત્રકારોએ આત્માને જ કર્મનો કર્તા, ભોક્તા અને સંહર્ત્તા કહેલ છે. તો પણ જેમની સ્તવના કરાયેલ છે તે શ્રુતદેવી સહાયભૂત તો બને જ છે.

જ્ઞાનાવરણીય કર્મોને ખપાવવાના સાધકના અવિરત પ્રયત્નો કે પુરુષાર્થ કરતા-કરતા ક્યારેક વિઘ્નો પણ આવે, અનુકૂળતાનો અભાવ પણ જણાય ત્યારે આ શ્રુતદેવતા તે વિઘ્નોના નિવારણમાં અને યોગ્ય અનુકૂલનમાં સહાયભૂત બને છે એ વાત સ્વીકૃત થયેલી છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-**

વૃદ્ધિવાદિસૂરિજી વિશે કહેવાય છે કે, તેમણે મોટી ઉંમરે દીક્ષા લીધી હતી. સ્કંદિલાચાર્યના શિષ્ય બનેલા. તેઓને ભણવાની ધુન લાગી. પહાડી અવાજે મોટે-મોટેથી સૂત્રો ગોખવા લાગ્યા. તેઓને જ્ઞાનાવરણીય કર્મના ઉદયે અથવા મંદ ક્ષયોપશમને કારણે સૂત્રો જલ્દી કંઠસ્થ થતા ન હતા. તે પણ તેઓ સખત પુરુષાર્થ કરતા હતા, પણ તેમના આ મોટો અવાજ સહવર્તીઓને અશાતાકારી બનતો હોવાથી ગુરુદેવે તેમને મંદસ્વરે સ્વાધ્યાય કરવા કહ્યું.

તેઓએ વિચાર્યું કે હવે મારે જ્ઞાનાવરણીય રૂપ આવરણને મંદ કરવા કે નિવારવા શું કરવું ? તેમને સરસ્વતી દેવીની ઉપાસના કરવાનો માર્ગ મળ્યો. અભ્યાસની લગન હોવાથી ઉપવાસના તપ કરવા પૂર્વક ભગવતી સરસ્વતીનો જાપ

આરંભ્યો. સળંગ એકવીશ દિવસના ઉપવાસ સાથે સરસ્વતી દેવીનો સવા લાખનો જાપ કર્યો. દેવીના વરદાનથી વિદ્વતા સાથે વાદ-વિજેતા પણ બન્યા કહેવાય છે કે અભણ અને વૃદ્ધ મુનિ સરસ્વતી દેવીની કૃપાથી પ્રખર જ્ઞાની અને વાદી-શિરોમણિ બન્યા. તેમને આચાર્ય પદવી પ્રદાન થઈ અને વૃદ્ધવાદીસૂરિજી તરીકે ખ્યાતિ પામ્યા. સિદ્ધસેન દિવાકર સૂરિજી જેવા પ્રકાંડ પંડિતના પણ ગુરુ બન્યા.

આવી જ વાત બપ્પભટ્ટસૂરિજી, અભયદેવસૂરિજી આદિ માટે પણ શ્રુતદેવીની આરાધનાથી પ્રાપ્ત જ્ઞાનલબ્ધિ માટે જૈન જગત્‌ના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે.

### ■ સૂત્ર-નોંધ :-

– આ સૂત્ર પ્રાકૃતભાષામાં રચાયેલ છે.

– પ્રાચીન સામાચારીના આધારે રચાયેલું જણાય છે, જો કે આગમોમાં આ સૂત્રનો આધાર મળેલ નથી.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૧

# ખિત્તદેવયા-થોય

## ક્ષેત્ર-દેવતા સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર ક્ષેત્રદેવતાની સ્તુતિરૂપ છે. જે ક્ષેત્રમાં સાધુ-સાધ્વી ધર્મક્રિયા કરે છે તે ક્ષેત્રના દેવતા પાસે વિઘ્નોને નિવારવા માટે આ થોય દ્વારા પ્રાર્થના કરાયેલી છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**જીસે ખિત્તે સાહૂ, દંસણ-નાણેહિં ચરણ-સહિએહિં;**
**સાહંતિ મુક્ખમગ્ગં, સા દેવી હરઉ દુરિઆઇં. ૧**

■ **સૂત્ર-અર્થ :-**

ક્ષેત્ર દેવતાની આરાધના નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું.

જેના ક્ષેત્રમાં રહીને સાધુ-સમુદાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના પાલન દ્વારા મોક્ષમાર્ગની સાધના કરે છે, તે ક્ષેત્રદેવતા દુરિતોને-અનિષ્ટોને, વિઘ્નોને દૂર કરો.

■ **શબ્દજ્ઞાન :-**

**ખિત્તદેવયાએ** - ક્ષેત્રદેવતાની આરાધના નિમિત્તે
**કરેમિ** - હું કરું છું
**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગને
**જીસે** - જેના
**ખિત્તે** - ક્ષેત્રને વિશે
**સાહૂ** - સાધુ સમુદાય
**દંસણ** - દર્શન (અને)
**નાણેહિં** - જ્ઞાન વડે
**ચરણસહિએહિં** - ચારિત્રસહિત
**સાહંતિ** - સાધે છે
**મુક્ખમગ્ગં** - મોક્ષમાર્ગને
**સા** - તે, તેણી
**દેવી** - દેવી, દેવતા
**હરઉ** - હરણ કરો
**દુરિઆઇં** - દુરિતોને, વિઘ્નોને

■ **વિવેચન :-**

ક્ષેત્ર દેવતા આરાધના અર્થે કરાતા કાયોત્સર્ગ માટેનું વિધાન અને એક નવકારનો કાયોત્સર્ગ કર્યા પછી બોલાતી સ્તુતિનું કથન કરતું આ એક નાનકડું સૂત્ર છે. જે "ખિત્તદેવયા"નામે પ્રસિદ્ધ છે. જેમાં એક નવકારના કાયોત્સર્ગ પછી સ્તુતિ બોલાય છે. આ સ્તુતિનું શબ્દશઃ વિવેચન આ પ્રમાણે છે—

● **खित्तदेवयाए** - ક્ષેત્રદેવતાની આરાધના નિમિત્તે

○ खित्त એટલે ક્ષેત્ર, સ્થાન, ભૂમિ

○ देवता - દેવતા, દેવી, અધિષ્ઠાત્રી

જે ક્ષેત્રમાં સાધુ સમુદાય (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) આરાધના કરી રહ્યા તે ક્ષેત્રમાં જે અધિષ્ઠાયક દેવતા-દેવી હોય તેને ઉદ્દેશીને અહીં "ક્ષેત્રદેવતા" શબ્દ પ્રયોજાયેલ છે.

● **करेमि काउस्सग्गं** - હું કાયોત્સર્ગ કરું છું.

– આ પદની વ્યાખ્યા સૂત્ર-૧૯ "અરિહંત ચેઇયાણં" અને સૂત્ર-૪૦ "સુઅદેવયાએ"માં કરાયેલી છે, ત્યાં જુઓ.

● **जीसे खित्ते साहू** - જેના ક્ષેત્રમાં સાધુઓ.

○ जीसे - જેના, જે દેવતાના - દેવીના.

○ खित्ते - ક્ષેત્રમાં, સ્થાનમાં, ભૂમિમાં.

○ साहू - સાધુઓ, (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ)

● **दंसणनाणेहिं चरणसहिएहिं** - દર્શન, જ્ઞાન અને ચારિત્ર વડે કરીને સહિત-યુક્ત.

– અહીં દર્શન, જ્ઞાન, ચારિત્ર શબ્દો દ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર - એ પ્રમાણે સમજવાનું છે.

– આ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યગ્ચારિત્ર એ ત્રણે વડે કરીને યુક્ત કે સહિત.

– અહીં સૂત્રમાં દર્શન-જ્ઞાન વડે અને ચારિત્રથી સહિત એ બંને પદો જુદા-જુદા મૂક્યા છે, તેમાં પ્રાસ અને કાવ્યાલંકાર-પણાની સાથે એક રહસ્યની કલ્પના પણ કરી શકાય તેમ છે.

પહેલા જીવ સમ્યક્ત્વ પામે છે, આવા સમ્યક્દર્શનીનું જ્ઞાન પણ સમ્યક્ બને છે. જ્યારે સમ્યક્ એવા દર્શન અને જ્ઞાનથી યુક્ત મનુષ્ય પોતાની શુદ્ધ શ્રદ્ધા સહ પ્રાપ્ત એવા જ્ઞાનને આચરણમાં મૂકે છે ત્યારે સમ્યક્ ચારિત્રમાં પ્રવેશ કરે છે. સમ્યક્ ચારિત્રથી સહિત-યુક્ત એવો મનુષ્ય જ (હવે પછીના પદોમાં કહેવાયેલ એવા) મોક્ષમાર્ગની સાધના કરી શકે છે.

'ચરણ' શબ્દનો સામાન્ય અર્થ ચારિત્ર થાય છે. ચરણસિત્તરી રૂપે 'ચરણ' શબ્દની વ્યાખ્યા આ પૂર્વે વંદિત્તુ સૂત્રની ગાથા-૩૨માં ઘણી જ વિસ્તારથી કરાયેલી છે, તે જોવી.

'દર્શન અને જ્ઞાન' શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૧૩ "નમુત્થુણં"માં ગાથા-૭ ના વિવેચનમાં જોવું. તે સિવાય સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ"માં પણ જ્ઞાન અને દર્શનની વ્યાખ્યા છે.

સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ" સૂત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણે પદની વ્યાખ્યા કરાયેલી છે. તે જોવી.

● **साहंति मुक्खमग्गं** મોક્ષમાર્ગને સાધે છે.

૦ मुक्ख એટલે મોક્ષ, મુક્તિ ૦ मग्ग એટલે માર્ગ.

– મોક્ષના માર્ગ તે મોક્ષમાર્ગ – તત્ત્વાર્થાધિગમ સૂત્રકારે પ્રથમ અધ્યાયમાં આરંભે જ કહ્યું છે કે–

"સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ"

– સમ્યગ્ (એવા) દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સમન્વય એ (જ) મોક્ષનો માર્ગ છે. (પણ મોક્ષ એટલે શું ?)

– "(સંચિત) કરેલા કર્મનો (સર્વથા) ક્ષય કરવો" તેને તત્ત્વાર્થાધિગમ સૂત્રકારે દશમા અધ્યાયમાં "મોક્ષ" કહ્યો છે.

– આવા મોક્ષમાર્ગને જેઓ સાધે છે - આરાધે છે (તેમને)

● **सा देवी हरउ दुरिआइं** - તે દેવી દુરિતો-પાપોનું હરણ કરો.

૦ सा देवी - તે દેવી, તે દેવતા - જેના ક્ષેત્રમાં સાધુ દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના કરે છે, તેની અધિષ્ઠાયિકા દેવી.

૦ हरउ - હરણ કરો, નિવારો, દૂર કરો.

૦ दुरिआइं - દુરિતોને, અનિષ્ટોને, પાપને, વિઘ્નોને, દ્રવોને, અંતરાયોને.

૦ **ગાથાસાર :-** અન્વય પદ્ધતિએ ગાથાર્થ વિચારીએ તો–

हरउ - દૂર કરો. શું દૂર કરે ? દુરિતો, વિઘ્નોને, કોના વિઘ્નોને દૂર કરે ? સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રના પાલન દ્વારા મોક્ષ માર્ગની સાધના કરી રહેલા સાધુસમુદાયના. કોણ દૂર કરે ? જેના ક્ષેત્રમાં રહીને સાધુસમુદાય સાધના કરી રહેલ છે તે ક્ષેત્રદેવતા, ક્ષેત્ર અધિષ્ઠાત્રી દેવી.

## ■ વિશેષ કથન :-

– આ થોય "ગાહા" છંદમાં બનેલી છે.

– પ્રતિક્રમણ ક્રિયામાં તેનો ઉપયોગ દેવસિ પ્રતિક્રમણમાં જ થાય છે. 'સુઅદેવયા' નિમિત્તે કાયોત્સર્ગ કર્યા પછી, 'ખિત્તદેવયા' નિમિત્તનો કાયોત્સર્ગ કરવાનું કહીને **અન્નત્થ૦** સૂત્ર બોલે, ત્યારપછી એક નવકારનો અર્થાત્ આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે. પછી કાયોત્સર્ગ પારીને "નમોઽર્હત્" બોલીને આ થોય બોલાય છે.

જો કે આ કથનમાં બે અપવાદ છે–

(૧) સાધુ મહારાજ વિહાર કરીને જ્યાં પહોંચે ત્યાં પહેલે દિવસે જે મંગલિક પ્રતિક્રમણ કરે તેમાં આ થોયને બદલે 'યસ્યા ક્ષેત્ર' થોય બોલે.

(૨) સાધ્વીજીઓ તથા બહેનોને આ થોય બોલવાનો નિષેધ છે. તેઓ આ થોયને સ્થાને નિત્ય "યસ્યા ક્ષેત્ર"ની થોય બોલે છે.

– આ સ્તુતિમાં વર્ણિત મુખ્યભાવ એવો છે કે ક્ષેત્રમાં રહેલા સાધુ ત્યાં મોક્ષમાર્ગની સાધના કરી રહ્યા છે, તેમને થતા ઉપદ્રવો અથવા આવતા વિઘ્નોને ક્ષેત્ર અધિષ્ઠાયિકા દેવી દૂર કરે છે તથા ભક્તિ કરે છે માટે તેની કૃતજ્ઞતા દર્શાવવા આ કાયોત્સર્ગ કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદિત્તુસૂત્ર ગાથા-૩૦ના વિવેચનમાં ધન નામના વ્યાપારીનું દૃષ્ટાંત આપેલ છે. જેમાં મુનિદાન પ્રભાવથી સંતુષ્ટ થયેલા ત્યાંના ક્ષેત્રના દેવતાએ કાંકરાને રત્નોમાં ફેરવી દીધા હતા. અર્ણિકાપુત્ર આચાર્યને ગંગા નદી મધ્યે કેવળજ્ઞાન થયું ત્યારે ત્યાંના ક્ષેત્ર દેવતાએ કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો હતો ઇત્યાદિ દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્ર પ્રાકૃત ભાષામાં રચાયેલ છે.

– આ સૂત્રનું આવશ્યક આદિ આગમોમાં કોઈ આધાર સ્થાન જોવા મળેલ નથી, પણ ધર્મસંગ્રહ, પ્રતિક્રમણસૂત્ર બાલાવબોધ આદિમાં તેના ઉલ્લેખો જોતાં પ્રાચીન સામાચારીથી પ્રવર્તે છે તેવું અનુમાન થઈ શકે છે.

——×——×——

સૂત્ર-૪૨

# 'કમલદલ' થોય

## શ્રુતદેવતા-સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં વિવિધ વિશેષણો દ્વારા શ્રુતદેવતાની સ્તુતિ કરવામાં આવેલ છે. જે સ્ત્રીઓ બોલે છે.

■ **સૂત્ર-મૂળ :-**

*(સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦)*

**કમલ-દલ-વિપુલ-નયના, કમલ-મુખી કમલગર્ભ-સમ-ગૌરી;**
**કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્ ૧**

■ **સૂત્ર-અર્થ :-**

*(શ્રુત દેવતા, નિમિત્તે હું કાયોત્સર્ગ કરું છું)*

કમલની પાંખડી જેવા વિશાળ નેત્રોવાળી, કમલ જેવા મુખવાળી, કમલના ગર્ભ જેવા ગૌર વર્ણવાળી અને કમળને વિશે રહેલ એવી ભગવતી શ્રુતદેવતા મને સિદ્ધિ આપો.

■ **શબ્દજ્ઞાન :-**

**કમલ** - કમળની
**દલ** - પાંખડી જેવા
**વિપુલ** - વિશાળ, મોટા
**નયના** - નેત્રવાળી
**મુખી** - મુખવાળી
**ગર્ભ** - ગર્ભ, મધ્યભાગ
**સમ** - સદૃશ, સરખી
**ગૌરી** - ગૌર વર્ણવાળી
**સ્થિતા** - રહેલી
**ભગવતી** - પૂજ્ય, ભગવતી
**દદાતુ** - આપો
**શ્રુતદેવતા** - શ્રુતદેવી
**સિદ્ધિં** - સિદ્ધિને

---

■ **વિવેચન :-**

'સુઅદેવયા'ની માફક આ પણ શ્રુતદેવતાની થોય-સ્તુતિ જ છે. ફર્ક માત્ર એટલો કે આ સ્તુતિ સાધ્વીજી મહારાજો અને શ્રાવિકાઓ અર્થાત્ સ્ત્રીવર્ગે બોલવાની છે, પુરુષોએ બોલવાની નથી. માત્ર એક ગાથામાં રચાયેલ એવા આ નાનકડા સૂત્ર-સ્તુતિના ચાર ચરણો 'ગાહા' નામક છંદમાં તૈયાર થયેલા છે. તેનું શબ્દશઃ કિંચિત્ માત્ર વિવેચન અમે આ પ્રમાણે કરીએ છીએ–

● **कमल-दल-विपुल-नयना** - કમલના પત્ર-પાંદડી જેવા વિશાળ - મોટા

નયનો-નેત્રોવાળી.

– શ્રુતદેવીની અપાયેલી આ એક ઉપમા છે. જેમાં તેના વિશાળ નેત્રોની તુલના કમળના પત્ર-પાંદડી સાથે કરવામાં આવી છે.

● **कमल-मुखी** - કમલના જેવા મુખવાળી.

– સ્તુતિના બીજા ચરણનું આ પૂર્વાર્દ્ધ પદ છે, જેમાં શ્રુતદેવીના મુખને કમલની ઉપમા અપાઈ છે.

● **कमलगर्भ-सम-गौरी** - કમલના ગર્ભ અર્થાત્ મધ્યભાગ સમાન ગૌર એટલે કે શ્વેત વર્ણવાળી.

– સ્તુતિના બીજા ચરણના ઉત્તરાર્ધમાં શ્રુતદેવીના વર્ણનું ગૌરપણું-શ્વેતરંગપણાને જણાવવા માટે કમળના ગર્ભ અર્થાત્ મધ્યભાગ સાથે તેના વર્ણની સરખામણી-સદૃશતા બતાવાઈ છે.

● **कमले स्थिता** - કમળને વિશે રહેલી.

– શ્રુતદેવીનું વિશેષણ દર્શાવતા અહીં દેવી ક્યાં બિરાજમાન છે, તેના સ્થાનનો નિર્દેશ કરવામાં આવેલ છે.

● **भगवती** - ભગવતી, પૂજ્ય

– આ પદની વ્યાખ્યા માટે સૂત્ર-૪૦ "સુઅદેવયાએ" જોવું.

● **ददातु श्रुतदेवता सिद्धिं** - શ્રુતદેવી, સિદ્ધિને આપો.

○ શ્રુતદેવતા-શ્રુતદેવીની વિશેષ વ્યાખ્યા માટે સૂત્ર-૪૦ 'સુઅદેવયાએ' સ્તુતિ જોવું.

○ सिद्धि - શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૮ 'લોગસ્સ' જોવું.

**○ સૂત્ર સાર અન્વય પદ્ધતિથી :-**

અહીં ક્રિયાપદ ददातु છે. દદાતુ એટલે આપો. પણ શું આપે ? – સિદ્ધિને આપો. કોણ આપે ? - ભગવતી શ્રુતદેવતા આપે.

આ શ્રુતદેવતા કેવા છે ? - તેના વિશેષણો જણાવે છે–

(૧) શ્રુતદેવીના નયનો કમલપત્ર જેવા વિશાળ છે.

(૨) શ્રુતદેવીનું મુખ કમળ સમાન છે.

(૩) શ્રુતદેવીનો વર્ણ કમળના મધ્યભાગ સદૃશ શ્વેત છે.

(૪) શ્રુતદેવી કમલના આસને બિરાજમાન છે.

આવી શ્રુતદેવી મને સિદ્ધિ આપો - સિદ્ધિમાં સહાયક થાઓ. અર્થાત્ સિદ્ધિ માર્ગે સાધના કરતા એવા મને માર્ગમાં આવતા વિઘ્નો દૂર - ઉપસર્ગ નિવારો - અનિષ્ટ મુક્ત બનાવો અને સાધનામાં સહાયતા કરો.

**■ વિશેષ કથન :-**

આદ્ય શબ્દના નામથી "કમલદલ" નામથી ઓળખાતી એવી આ સ્તુતિને શ્રુતદેવતાની સ્તુતિ પણ કહે છે.

– પૂર્વે જણાવ્યું તેમ આ સ્તુતિ સ્ત્રીઓ-સાધ્વી અને શ્રાવિકાગણ જ બોલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે અને તે 'સુઅદેવયા' સ્તુતિને સ્થાને બોલાય છે. અર્થાત્ પ્રતિક્રમણમાં વંદિત્તુ સૂત્ર બાદ બે-એક-એક લોગસ્સનો કાયોત્સર્ગ કર્યા પછી સિદ્ધાણં બુદ્ધાણં બોલી એક નવકારનો કાયોત્સર્ગ કરીને આ સ્તુતિ બોલાય છે. ફર્ક માત્ર એટલો કે સાધ્વી અને શ્રાવિકાગણે નમોऽर्हत् સૂત્ર બોલવાનું હોતું નથી.

– આ સ્તુતિ 'ગાહા' છંદમાં રચાયેલ છે.

– વિશેષ વિવેચન અને કથન સૂત્ર-૪૦ મુજબ જાણવા.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સ્તુતિની ભાષા સંસ્કૃત છે.

– આ સૂત્ર-સ્તુતિ આવશ્યક આદિ કોઈ આગમમાં જોવા મળતી નથી, ધર્મસંગ્રહ આદિ ગ્રંથો, પ્રતિક્રમણ વિધિમાં તેનો ઉલ્લેખ હોવાથી તેની પ્રાચીનતા સ્પષ્ટ છે. વિશેષ એ કે મલ્લવાદીસૂરિ દ્વારા રચિત દ્વાદશાર નયચક્ર નામક ગ્રંથમાં-ટીકામાં પ્રારંભે મંગલાચરણરૂપે શ્રુતદેવતાની આ "કમલદલ" સ્તુતિ જોવા મળે છે.

———×———×———

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૩

# ભવન દેવતા-થોય

## ■ સૂત્ર-વિષય :-

આ સ્તુતિમાં ભવનદેવતા નિમિત્તે કાયોત્સર્ગનું વિધાન અને ત્યારપછી સ્વાધ્યાયરત સાધુને ભવનદેવતા સહાયક બનો એવા પ્રકારની સ્તુતિ કરવામાં આવી છે.

## ■ સૂત્ર-મૂળ :-

**ભવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**જ્ઞાનાદિગુણ-યુતાનાં, નિત્યં સ્વાધ્યાય-સંયમ-રતાનામ્**
**વિદધાતુ ભવનદેવી, શિવં સદા સર્વસાધૂનામ્ ૧.**

## ■ સૂત્ર-અર્થ :-

ભવનદેવતાની આરાધનાર્થે હું કાયોત્સર્ગ કરું છું. "અન્નત્થ૦"

જ્ઞાનાદિ ગુણોથી યુક્ત, નિત્ય સ્વાધ્યાય અને સંયમમાં આસક્ત એવા સર્વ સાધુઓનું ભવનદેવી કલ્યાણ કરે.

## ■ શબ્દજ્ઞાન :-

**ભવણદેવયાએ** - ભવનદેવતાર્થે, ભવનદેવીની આરાધના નિમિત્તે
**કરેમિ** - હું કરું છું
**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગને
**જ્ઞાનાદિ ગુણ** - જ્ઞાનાદિ- જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણે કરીને
**યુતાનામ્** - યુક્ત, સહિત-તેનું
**નિત્યં** - નિત્ય, હંમેશા, રોજ
**સ્વાધ્યાય** - સ્વાધ્યાય, સજ્ઝાય
**સંયમ** - સંયમને વિશે
**રતાનામ્** - લીન, આસક્તનું
**વિદધાતુ** - કરો
**ભવનદેવી** - ભવનની દેવી
**શિવં** - શિવ, કલ્યાણ
**સદા** - નિરંતર, હંમેશા
**સર્વસાધૂનામ્** - બધા સાધુઓનું

## ■ વિવેચન :-

ભવન દેવતા (કે ભુવનદેવતા) નામથી પ્રસિદ્ધ એવી આ સ્તુતિમાં પહેલા ભવનદેવતાની આરાધના નિમિત્તે કરાતા કાયોત્સર્ગનું વિધાન છે. પછી આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ એવો એક નવકારનો કાયોત્સર્ગ કરીને આ થોય બોલાય છે. તેનું શબ્દશઃ વિવેચન આ પ્રમાણે છે–

● **भवणदेवयाए** - ભવનદેવતાની આરાધનાર્થે, ભવનદેવી નિમિત્તે

– "ક્ષેત્ર દેવતા અંતર્ગત્ એવા ભવનદેવતા" એવો અર્થ અહીં વિચારી શકાય, કેમકે ભવનદેવતાનો ભવનપતિ દેવતા અર્થ બંધ બેસતો નથી.

— ભવણને બદલે ભુવણ પાઠ પણ જોવા મળે જ છે "શ્રાદ્ધ-પ્રતિક્રમણ સૂત્ર-અર્થદીપિકા "વૃત્તિમાં પૂ૦ધર્મસૂરિકૃત્ અનુવાદ અને પછી પૂ.હંસસાગર સૂરિજી કૃત્ અનુવાદમાં 'ભુવન' સાચું કે 'ભવન' સાચું ? એ ચર્ચા છેડાયેલી પણ છે - ભુવનનો અર્થ 'લોક' થાય છે અને 'ભવન'નો અર્થ મકાન થાય છે. આગમમાં भवण શબ્દ પ્રચલિત છે - એ જોતાં અમે અહીં 'भवन' શબ્દ મૂક્યો છે. છતાં भुवण શબ્દ પણ જોવા તો મળે જ છે. સત્ય શું ? તે બહુશ્રુત જાણે.

— જે ક્ષેત્રમાં જે મકાન કે વસતિ કે સ્થાનમાં કાયોત્સર્ગ કરવાનો છે, તેના અધિષ્ઠાયક દેવની આરાધના નિમિત્તે-એવો અર્થ અહીં સમજવો.

● **करेमि काउस्सग्गं** - હું કાયોત્સર્ગ કરું છું.

— આ પદોનો વિશેષ અર્થ સૂત્ર-૪૦ મુજબ જાણવો.

● **ज्ञानादिगुणयुतानां** - જ્ઞાન આદિ ગુણોથી યુક્ત.

— જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો વડે કરીને સહિત.

— ચરણ સિત્તરીની ગાથામાં 'नाणाइतियं' કહેવાયું છે, ત્યાં જ્ઞાનાદિ ત્રિકનો અર્થ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ પ્રમાણે જ કર્યો છે. તેથી અહીં 'જ્ઞાનાદિ' શબ્દથી અમે આ રત્નત્રયીરૂપ એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ પદોનો ઉલ્લેખ કર્યો છે.

— આવા જ્ઞાનાદિ ગુણથી યુક્ત-સહિત એવા.

— આ સમગ્ર પદ સાધુ મહારાજોના વિશેષણ રૂપે યોજાયેલ છે.

● **नित्यं** - નિત્ય, હંમેશા, નિરંતર, પ્રતિદિન.

● **स्वाध्याय-संयम-रतानाम्** - સ્વાધ્યાય અને સંયમમાં આસક્ત કે લીન એવા, સ્વાધ્યાય અને સંયમમાં રમી રહેલાનું.

સ્વાધ્યાય - જેને પ્રાકૃતમાં સજ્ઝાય કહેવામાં આવે છે. તે વાંચના આદિ પાંચ પ્રકારે કહ્યો છે. જેનું વિવેચન સૂત્ર-૨૮ "નાણંમિ-દંસણંમિ"માં વિસ્તારથી કરાયેલ છે.

સ્વાધ્યાયનો વ્યવહારમાં અર્થ છે શ્રુતનું અધ્યયન અને ભણેલ શ્રુતનું પરાવર્તન કે આવૃત્તિ કરવી તે.

સંયમ - દશ પ્રકારના યતિધર્મમાંનો એક ધર્મ છે. સંયમનો બીજો અર્થ ચારિત્ર પણ થાય છે. "સંયમ એટલે કષાય અને યોગનો નિગ્રહ" એવો અર્થ પણ થાય છે. સંયમના સત્તર ભેદો કહ્યા છે. જેનો ઉલ્લેખ પૂર્વે સૂત્ર-૨૨ 'પુક્ખરવરદી'ની ગાથા-૪ના વિવેચનમાં અને સૂત્ર-૪ 'ઇચ્છકાર'ના વિવેચનમાં થયેલો છે.

*રત* — એટલે આસક્ત, લીન, મગ્ન, રમેલું, રમી રહેલું.

● **विदधातु भवनदेवी शिव सदा** - ભુવનદેવી હંમેશાં-સદા કલ્યાણ કરો - શિવ કરો.

○ विदधातु - કરો ○ भवनदेवी - ભવનની દેવી

○ शिवं - કલ્યાણ, ઉપદ્રવરહિત સ્થિતિ

● **सर्वसाधूनाम** - સર્વે સાધુઓનું (સાધકોનું)

૦ ગાથાસાર-અન્વય પદ્ધતિએ–

વિદધાતુ એટલે કરો. શું કરો ? સદા કલ્યાણ કરો. કોણ કલ્યાણ કરે ? - 'ભવનદેવી' - ભવની અધિષ્ઠાત્રી એવી દેવી કરે.

કોનું કલ્યાણ કરો ? સર્વે સાધુઓનું - સાધકોનું.

કેવા સાધુઓ ? અહીં સાધુ માટે શું વિશેષણ મૂક્યું છે ?

– જેઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણથી યુક્ત છે, તેમજ જેઓ નિત્ય સ્વાધ્યાય અને સંયમમાં લીન છે તેવા સાધુઓનું.

■ **વિશેષ કથન :-**

– આ થોય-સ્તુતિ 'ગાહા' છંદમાં રચાયેલ છે.

– પ્રતિક્રમણ ક્રિયામાં તેનું સ્થાન સામાન્યથી પક્ખિ, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂર્ણાહૂતિ પૂર્વે આવે છે. દેવસિ પ્રતિક્રમણમાં જ્યાં 'સુઅદેવયા' થોય બોલાય છે. ત્યાં પક્ખિ આદિ પ્રતિક્રમણમાં 'ભવનદેવયા'ની થોય બોલાય છે.

વિશેષથી આ થોય માટે એ પ્રમાણેની પરંપરા છે કે–

સાધુ-સાધ્વી વિહાર કરીને જે સ્થળે પહોંચે તે સ્થળે પહેલા દિવસે માંગલિક પ્રતિક્રમણ હોય તો પણ તેમાં 'સુઅદેવયા'ને બદલે 'ભુવનદેવયા'ની થોય બોલાય છે.

– વિહારના માંગલિક રૂપ દેવસિ પ્રતિક્રમણમાં તથા પાક્ષિકાદિ ત્રણે પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ પણ "ભુવનદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં" એવા પદથી કરવામાં આવે છે.

૦ સૂત્ર પ્રામાણ્ય :-

વૈયાવૃત્યકર દેવોનો કાયોત્સર્ગ તો પ્રાચીન કાળથી કરવામાં આવે જ છે. તેમાં ક્ષેત્રદેવતા અને ક્ષેત્ર અંતર્ગત્ ભુવનદેવતાનો કાયોત્સર્ગ પણ કરવાની પરંપરા છે કહ્યું છે કે–

"ચાઉમ્માસિય વરિસે, ઉસ્સગ્ગો ખિત્ત દેવયાએ ઉ;
પક્ખિય સિજ્જસુરીએ, કરંતિ ચઉમાસીએ વેગે."

પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણ વખતે ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરાય છે. કેટલાક પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ વખતે જ શય્યા-સુરી અર્થાત્ ભવનદેવીનો કાયોત્સર્ગ કરે છે.

પ્રતિક્રમણ ગર્ભ હેતુમાં કહ્યું છે કે, ક્ષેત્રદેવતાની નિરંતર સ્મૃતિમાં ભવનનું ક્ષેત્રાંતર્ગતપણું હોવાથી તત્ત્વથી તો ભવનદેવતાની સ્મૃતિ પણ હંમેશા થાય છે, તો પણ પર્વ-દિવસે તેનું બહુમાન કરવા માટે સાક્ષાત્ તેમનો કાયોત્સર્ગ કરવો.

મોક્ષમાર્ગ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના-સાધના. રત્નત્રયીરૂપ એવા આ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના માટે જ્ઞાન અને ક્રિયાનું પાલન જરૂરી છે અને તે માટે સાધુઓ સ્વાધ્યાય અને સંયમનું પાલન જરૂરી છે. સ્વાધ્યાય અને

સંયમમાં રત એવા સાધુ યથાર્થ સાધના કરી શકે તે માટે ઉપદ્રવરહિત વાતાવરણ જરૂરી છે. આવું વાતાવરણ જળવાઈ રહે તે માટે ભવનદેવતાનો કાયોત્સર્ગ કરાય છે. આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ અર્થાત્ એક નવકારનો કાયોત્સર્ગ કરીને ભવન દેવતાની સ્તુતિ બોલાય છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સ્તુતિ સંસ્કૃત ભાષામાં રચાયેલી છે અને ગાહા છંદમાં છે.

– આવશ્યકાદિ આગમ સૂત્રોમાં આ સૂત્રનો કોઈ આધાર મળેલ નથી. પણ આ સ્તુતિનું "જીસે ખિત્તે" સ્તુતિ સાથે ઘણું જ સામ્ય છે. કદાચ તે પ્રાકૃત સ્તુતિનું કિંચિત્ પરિવર્તન સહ સંસ્કૃત રૂપાંતર પણ આ સ્તુતિમાં હોઈ શકે છે. અથવા પ્રાચીન સામાચારી હોઈ શકે છે કેમકે ધર્મસંગ્રહ આદિમાં આ સ્તુતિનો ઉલ્લેખ છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૪

# ક્ષેત્ર દેવતા-થોય

## યસ્યાઃ ક્ષેત્ર-સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં खित्तदेवया - ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગનું વિધાન છે અને સ્તુતિ-થોયમાં - જે ક્ષેત્રને આશ્રીને સાધુ-સાધ્વી ક્રિયા કરતા હોય તે ક્ષેત્રના દેવતા તેમને સુખ આપનારા થાય - તેવી પ્રાર્થના છે.

■ **સૂત્ર-મૂળ :-**

**— ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**— યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયા;**
**સા ક્ષેત્ર દેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની.** ૧.

■ **સૂત્ર-અર્થ :-**

જેના ક્ષેત્રનો આશ્રય કરીને - અંગીકાર કરીને સાધુઓ વડે (તપ-સંયમરૂપ) ક્રિયાઓ સધાય છે, તે ક્ષેત્રદેવતા-ક્ષેત્રદેવી અમને હંમેશા સુખ આપનારી થાઓ.

■ **શબ્દજ્ઞાન :-**

**ખિત્તદેવયાએ** - ક્ષેત્રદેવતા - ક્ષેત્રદેવીની આરાધના નિમિત્તે
**કરેમિ** - હું કરું છું
**કાઉસ્સગ્ગં** - કાયોત્સર્ગને
**યસ્યાઃ** - જેના, જે ક્ષેત્ર દેવીના
**ક્ષેત્રં** - ક્ષેત્રને, સ્થાનને
**સમાશ્રિત્ય** - આશ્રીને
**સાધુભિઃ** - સાધુઓ વડે
**સાધ્યતે** - સધાય છે
**ક્રિયા** - તપ સંયમાદિ ક્રિયા
**સા** - તે, તેણી
**ક્ષેત્રદેવતા** - ક્ષેત્રદેવી
**નિત્યં** - સદા, હંમેશા
**ભૂયાત્** - થાઓ
**નઃ** - અમને
**સુખદાયિની** - સુખ આપનારી

■ **વિવેચન :-**

આ માત્ર એક ગાથા પ્રમાણનું નાનું સૂત્ર છે. જેમાં સર્વપ્રથમ 'ક્ષેત્રદેવતા નિમિત્તે કાયોત્સર્ગ કરું છું' એવું વિધાન કરેલ છે. ત્યાર પછી અન્નત્થ૦ સૂત્ર બોલીને એક નવકારનો - આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરીને પછી નમોऽર્હત્ બોલવા પૂર્વક આ થોય બોલવામાં આવે છે. તેનું શબ્દશઃ વિવેચન અહીં કરેલ છે—

● **खित्तदेवयाए करेमि काउस्सग्गं** - ક્ષેત્ર દેવતા નિમિત્તે અથવા ક્ષેત્રદેવતા

આરાધના અર્થે હું કાયોત્સર્ગ કરું છું.

– વિશેષ વિવેચન સૂત્ર-૪૧ 'ખિત્તદેવયા-સ્તુતિ' મુજબ જાણવું.

● **यस्याः क्षेत्रं समाश्रित्य** - જેના ક્ષેત્રનો સારી રીતે આશ્રય કરીને, જે દેવતાના ક્ષેત્રમાં રહીને.

○ यस्याः જેના. આ પદ ક્ષેત્રદેવતાનું સૂચન કરે છે. એટલે 'જે-ના' અર્થાત્ જે ક્ષેત્રદેવતાના કે ક્ષેત્રદેવીના.

○ क्षेत्रम् - ક્ષેત્રને, સ્થાનને, ભૂમિને, વસતિને.

○ समाश्रित्य - સમ-આશ્રિત્ય, સારી રીતે અંગીકાર કરીને, (તેનો) આશ્રય કરીને, (ત્યાં) રહીને.

● **साधुभिः साध्यते क्रिया** - સાધુઓ વડે ક્રિયા કરાય છે.

○ साधु - સાધુ, મુનિ (સાધ્વી પણ અહીં ગ્રાહ્ય કરવાના છે.)

○ साध्यते - સધાય છે, કરાય છે, સાધના-આરાધના કરાય છે.

○ क्रिया - ક્રિયા, તપ-સંયમાદિ આચરણ, મોક્ષમાર્ગની આરાધના.

● **सा क्षेत्रदेवता नित्यं** - તે ક્ષેત્રદેવતા-ક્ષેત્રદેવી, હંમેશા.

○ क्षेत्रदेवता - ક્ષેત્રની અધિષ્ઠાયિકા એવી દેવતા-દેવી.

○ सा - તે (જેના ક્ષેત્રમાં સાધુ આરાધના કરે છે તે)

○ नित्यं - નિત્ય, હંમેશા, સદા

● **भूयान्नः सुखदायिनी** - અમને સુખ આપનારી થાઓ. અમારા ઉપર પ્રસન્ન થાઓ, (આરાધના માર્ગે આવતા વિઘ્નોને નિવારો)

○ भूयात् - થાઓ ○ नः અમને

○ सुखदायिनी - સુખને દેનારી, પ્રસન્ન, વિઘ્નનિવારક

**○ અન્વય પદ્ધતિઓ ગાથાસાર :-**

– भूयात् એટલે 'થાઓ', શું થાઓ ? સુખ આપનારી થાઓ.

– કોને સુખ આપો ? - અમને. કોણ આપે ? તે ક્ષેત્રદેવી.

– તે એટલે કઈ ક્ષેત્રદેવી ? જેના ક્ષેત્રને અંગીકાર કરીને સાધુ-સાધ્વી તપ-સંયમાદિ આચરણ દ્વારા મોક્ષમાર્ગની આરાધનારૂપ - ક્રિયા કરે છે તે.

**■ વિશેષ કથન :-**

– આ થોય 'ગાહા' નામક છંદમાં રચાયેલી છે.

– આ થોયનો પ્રતિક્રમણ ક્રિયામાં ઉપયોગ થાય છે. તે આ પ્રમાણે–

(૧) દેવસિ પ્રતિક્રમણમાં છ આવશ્યકની પૂર્ણાહૂતિ પૂર્વે જ્યાં 'જીસે ખિત્તે'ની થોય બોલાય છે, તે સ્થાને-તેના બદલે પક્ખિ, ચોમાસી, સંવત્સરી પ્રતિક્રમણમાં આ થોય બોલાય છે.

(૨) જ્યારે સાધુમહારાજા વિહાર કરીને કોઈ નવા સ્થાને પહોંચે ત્યારે પ્રથમ દિવસે કરાતા મંગલિક પ્રતિક્રમણમાં પણ 'જીસે ખિત્તે'ને બદલે આ 'યસ્યાઃ ક્ષેત્રં' થોય બોલવામાં આવે છે.

(૩) સાધ્વીજી તથા શ્રાવિકા વર્ગ સંધ્યાકાલીન સર્વે પ્રતિક્રમણમાં નિત્ય આ થોય બોલે છે.

૦ સૂત્ર માહાત્મ્ય :-

મોક્ષમાર્ગની સાધના કરવામાં, સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગમાં ક્ષેત્ર, વસતિ, ભૂમિ સદા આવશ્યક છે. જો વસતિ-ક્ષેત્રની અનુજ્ઞા જ ન મળે તો સાધુ-સાધ્વી પોતાના નિત્ય સ્વાધ્યાયાદિ અનુષ્ઠાન કરે ક્યાં ? હવે ક્ષેત્ર-વસતિની પ્રાપ્તિ પણ થઈ જાય, પછી તે ક્ષેત્ર નિરૂપદ્રવી છે કે નહીં ? તે પણ એટલું જ મહત્ત્વનું છે. જો ક્ષેત્ર વિઘ્નરહિત હશે આરાધના વધારે સરળતાથી અને એકાગ્ર ચિત્તે થઈ શકશે. આ ક્ષેત્રની નિરુપદ્રવ સ્થિતિ માટે ક્ષેત્રદેવતાને નિમિત્તે કાયોત્સર્ગ કરી તેમને પ્રાર્થના કરાય છે.

પૂર્વાચાર્યોએ પણ વિશિષ્ટ આરાધના, સંલેખનાદિ કાર્યો આદિ પ્રસંગોએ આ રીતે ક્ષેત્રદેવતાની આરાધના-કાયોત્સર્ગ કરેલા હોવાના વિધાનો પ્રાપ્ત થાય જ છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્ર-થોય સંસ્કૃત ભાષામાં રચાયેલી છે.

– થોય 'ગાહા' છંદમાં તૈયાર થયેલ છે.

– આવશ્યક સૂત્ર આદિ કોઈ આગમમાં તેનું પ્રમાણ મળતું નથી પણ પ્રાચીન સામાચારીથી પ્રાપ્ત એવી 'જીસે ખિત્તે' સ્તુતિનું કિંચિત્ ફેરફાર સાથે સંસ્કૃત રૂપાંતર હોય તેવું જણાય છે.

——×——×——

સૂત્ર-૪૫

# અડ્ઢાઈજ્જેસુ-સૂત્ર

## સાધુવંદન-સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર દ્વારા અઢીદ્વીપમાં રહેલા સર્વે મુનિરાજો-સાધુઓને વંદના કરવામાં આવેલ છે. તેમજ જેમને વંદના કરાઈ છે, તે સાધુઓનું સ્વરૂપ પણ આ સૂત્ર થકી પ્રગટ કરાયેલ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**અડ્ઢાઈજ્જેસુ દીવ-સમુદ્દેસુ, પનરસસુ કમ્મભૂમીસુ;**
**જાવંત કે વિ સાહૂ, રયહરણ-ગુચ્છ-પડિગ્ગહ-ધારા ૧**
**પંચમહવ્વય-ધારા, અટ્ઠારસ-સહસ્સ-સીલંગ ધારા**
**અક્ખયાયાર-ચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ ર**

■ **સૂત્ર-અર્થ :-**

(આ તિર્છાલોકમાં રહેલા) અઢીદ્વીપ અને બે સમુદ્રમાં આવેલ પંદર કર્મભૂમિઓમાં જે કોઈ સાધુ રજોહરણ, ગુચ્છ, (કાષ્ઠ) પાત્રોને ધારણ કરનારા, પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલાંગ રથના ધારક, અખંડિત આચાર અને ચારિત્રવાળા હોય તે સર્વે (સાધુઓને) લલાટે કરીને હું મનથી (ભાવથી) મસ્તક નમાવવાપૂર્વક અર્થાત્ મન અને કાયા વડે વંદન કરું છું.

■ **શબ્દજ્ઞાન :-**

**અડ્ઢાઇજ્જેસુ** - અર્ધત્રીજા, અઢી
**સમુદ્દેસુ** - (બે) સમુદ્રોમાં
**કમ્મભૂમીસુ** - કર્મભૂમિઓમાં
**કે વિ** - કોઈ પણ
**રયહરણ** - રજોહરણ, ઓઘો
**પડિગ્ગહ** - પાત્રાને
**પંચમહવ્વય** - પાંચ મહાવ્રતને
**અટ્ઠારસસહસ્સ** - ૧૮૦૦૦
**અક્ખય** - અક્ષત, સંપૂર્ણ
**ચરિત્તા** - ચારિત્રવાળા
**મણસા** - મન વડે
**દીવ** - દ્વિપ (અને)
**પનરસસુ** - પંદર
**જાવંત** - જેટલા, જે
**સાહૂ** - સાધુઓ
**ગુચ્છ** - ગુચ્છા
**ધારા** - ધારણ કરનારા
**ધારા** - ધારણ કરનાર
**સીલંગ** - શીલના અંગને
**આયાર** - આચાર (અને)
**સિરસા** - શિર-કાયા વડે, લલાટે કરી
**મત્થએણ** - મસ્તક વડે

વંદામિ - વંદન કરું છું —

■ **વિવેચન :-**

આવશ્યક સૂત્ર-૩૪ની હારિભદ્રીયવૃત્તિ તથા ચૂર્ણિમાં શ્રમણ પ્રતિક્રમણરૂપ "પગામસિજ્જાએ" સૂત્રની વિવેચના અંતર્ગત્ આ સૂત્ર આવેલું છે. જે અહીં એક સ્વતંત્ર સૂત્રરૂપે રજૂ થયેલ છે. આ સૂત્રને આદ્ય પદોથી 'અડ્ઢાઇજ્જેસુ' સૂત્ર નામે ઓળખવામાં આવે છે, તેનું બીજું નામ "સાધુવંદના-સૂત્ર" છે. કેમકે આ સૂત્ર દ્વારા અઢીદ્વીપ રૂપ મનુષ્ય ક્ષેત્રમાં રહેલ સાધુઓને વંદના કરવામાં આવેલ છે. આ સૂત્રનું વૃત્તિ, ચૂર્ણિ, ગ્રંથ આધારિત વિવેચન આ પ્રમાણે છે–

● **अड्ढाइज्जेसु दीव-समुद्देसु** - અઢીદ્વીપ અને બે સમુદ્રમાં

○ अड्ढाइज्ज - એટલે અર્ધતૃતીય. બે આખા-સંપૂર્ણ અને એક અડધા-અર્ધ દ્વીપ (તેમાં), અઢીદ્વીપમાં.

○ दीव - દ્વીપ.

– અહીં જંબૂદ્વીપ સંપૂર્ણ, ધાતકીખંડ સંપૂર્ણ અને પુષ્કરવરદ્વીપનો અડધો અર્થાત્ અર્ધપુષ્કરવર દ્વીપ. એ પ્રમાણે અઢીદ્વીપ થાય છે.

– આવશ્યક વૃત્તિકાર શ્રી હરિભદ્રસૂરિજી જણાવે છે કે, "જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરાર્ધ" અર્થાત્ આ અઢીદ્વીપમાં (રહેલા) વૃત્તિકાર મહર્ષિએ "સમુદ્ર" પદની અલગ કોઈ વ્યાખ્યા કરી નથી. તેથી બે પ્રકારના તર્કો અહીં રજૂ કરી શકાય.

(૧) વૃત્તિકાર અઢીદ્વીપની વ્યાખ્યા કરીને સમુદ્રની વિવક્ષાને ગૌણ કરે છે અથવા તો સમુદ્ર તેમાં અંતર્ભૂત છે, તેવું કહેવા માંગે છે.

(૨) વૃત્તિકાર સમુદ્રની વ્યાખ્યા ન કરીને તેમાં પ્રાયઃ કરીને સાધુઓ હોતા નથી એવો ગર્ભિત ભાવ પ્રસ્તુત કરે છે.

○ समुद्द - સમુદ્ર (તેમાં રહેલ)

– અહીં दोसु એ પદ અધ્યાહાર છે. दोसु समुद्देसु - બે સમુદ્રમાં

– અઢી દ્વીપ મધ્યે લવણસમુદ્ર અને કાલોદધિ સમુદ્ર નામના બે સમુદ્ર આવેલા છે. તે બંને સમુદ્ર. (તેમાં રહેલ)

– આવશ્યક ચૂર્ણિકારશ્રીએ આ સૂત્ર-૩૪ના પાઠાંતરને રજૂ કરતા કહ્યું છે કે, "અન્ને પુણ - અડ્ઢાઈજ્જેસુ દોસુ દીવ-સમુદ્દેસુ પઢંતિ" બીજા વળી આવો પાઠ પણ હોવાનું કથન કરે છે.

– જો આ પાઠને સ્વીકારીએ તો અઢી દ્વીપ અને બે સમુદ્ર એવો અર્થ સ્વયં સ્પષ્ટ થઈ જશે. તેથી (૧) જંબૂદ્વીપ, (૨) લવણસમુદ્ર, (૩) ધાતકીખંડ દ્વીપ, (૪) કાલોદધિ સમુદ્ર અને (૫) પુષ્કરવરદ્વીપ અડધો - કેમકે અડધો દ્વીપ પુરો થતાં માનુષોત્તર પર્વત આવે છે. જ્યાં મનુષ્યક્ષેત્રની સીમા પૂરી થાય છે.

– આ રીતે "અઢ્ઢાઇજ્જેસુ દીવ-સમુદેસુ"નો બીજો અર્થ કરો તો મનુષ્યક્ષેત્રમાં રહેલા એવો અર્થ સ્પષ્ટ થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*o "પુક્ખરવરદીવડ્ઢે" નામક સૂત્ર-૨૨માં આ અઢીદ્વીપ સંબંધી વિવેચન વિસ્તારથી કરાયેલ છે તે જોવું.*

● **पनरससु कम्मभूमीसु** - પંદર કર્મભૂમિઓમાં.

o पनरस - પંદર. આ શબ્દનો पण्णरस એવો પાઠ પણ છે.

o कम्मभूमि - કર્મભૂમિ - અસિ, મસિ, કૃષિરૂપ વ્યાપાર જ્યાં અસ્તિત્વમાં છે તેવી ભૂમિને કર્મભૂમિ કહે છે.

– આ "કર્મભૂમિ"નું વિસ્તૃત વિવેચન પૂર્વે "જગચિંતામણિ" નામક સૂત્ર-૧૧ માં કરાયેલું છે તે ખાસ જોવું.

– અઢીદ્વીપમાં પંદર કર્મભૂમિઓમાં સાધુપણું સંભવે છે, અકર્મભૂમિઓમાં સંભવતુ નથી તેવું વિશિષ્ટ સૂચન કરવા માટે સૂત્રમાં "અડ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ" પછી તુરંત "પનરસસુ કમ્મભૂમીસુ" એ પ્રમાણે શબ્દો મૂક્યા છે.

– – આ પંદર કર્મભૂમિમાં પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ રીતે અઢીદ્વીપમાં કુલ મળીને પંદર કર્મભૂમિ હોવાનું કથન થયેલ છે.

● **जावंत के वि साहू** - જે કોઈપણ સાધુઓ, જેટલાં પણ મુનિવરો હોય. (આ સાધુઓ કેવા છે ? તેનું ગુણ વર્ણન સૂત્રકાર સ્વયં આ સૂત્રમાં આગળ કરી રહ્યા છે–)

o साहू નું વર્ણન પૂર્વે સૂત્ર-૧ 'નમસ્કારમંત્ર'માં પણ થયું છે.

o साहू નું વર્ણન સૂત્ર-૧૫ 'જાવંત કે વિ'માં પણ થયું છે.

o 'साहू' પદનો ઉલ્લેખ સૂત્ર-૩૫ 'વંદિત્તુ'માં પણ થયો છે.

– આ બધાં સૂત્રોમાં વર્ણિત સાધુઓનું સ્વરૂપ અને ગુણો ખાસ જોવા તદુપરાંત અહીં 'સાધુ'ની જે ઓળખ ચાર ચરણોમાં અલગ-અલગ રીતે અપાયેલ છે. તેમાં સાધુના દ્રવ્યલિંગ અને ભાવલિંગ બંનેને સૂત્રકારશ્રીએ જણાવેલ છે, તે આ પ્રમાણે છે–

● **रयहरण-गुच्छ-पडिग्गहधारा** - રજોહરણ, ગુચ્છા અને પાત્રને ધારણ કરનારા. (એવા સાધુઓ)

– આ વિશેષણ દ્વારા સાધુના દ્રવ્યલિંગને રજૂ કરેલ છે.

o रयहरण - રજોહરણ, ઓઘો - સાધુ મહારાજનું આ એક મુખ્ય ચિન્હ છે, તે જયણા પાલન માટે અગત્યના ઉપકરણરૂપ છે, સાધુ ભગવંત તેને નિત્ય સાથે રાખે છે. રજને દૂર કરતું હોવાથી તેને રજોહરણ કહેવામાં આવે છે.

o गुच्छ - ગુચ્છા, સાધુમહારાજના ઉપકરણોમાં ગુચ્છા પણ હોય છે, જે પાત્રને બાંધવા માટે શુદ્ધ ઉનના વસ્ત્રોમાંથી બનાવવામાં આવેલ હોય છે. પાત્ર (વર્તમાનકાળે જોવા મળતી કાષ્ઠના પાત્રાની જોડ)ની ઉપર અને નીચે રાખીને પાત્રને બાંધવામાં કામમાં આવે છે. ઉપલક્ષણથી તેમાં ઝોળી અને પલ્લાનો પણ સમાવેશ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૨૬, તેની વૃત્તિમાં શાંત્યાચાર્યજી જણાવે છે કે, ગુચ્છગ એટલે પાત્રાની ઉપર રહેતું એવું એક ઉપકરણ વિશેષ. આ વાત પડિલેહણ વિધિમાં પણ આવે છે.

ઓઘનિર્યુક્તિમાં પાત્ર સંબંધી સાત વસ્તુઓનો ઉલ્લેખ છે.

(૧) પાત્ર - જેનો ઉલ્લેખ આ સૂત્રમાં पडिग्गह શબ્દથી થયો છે.
(૨) પાત્ર બંધ - જે ઝોળી સ્વરૂપે પાત્રને લેવામાં ઉપયોગી છે.
(૩) પાત્ર સ્થાપન - પડિલેહણાદિ વખતે જેના પર પાત્ર રખાય છે.
(૪) પાત્ર કેસરિકા - વર્તમાનકાળે પુંજણી સ્વરૂપે મળે છે તે.
(૫) પલ્લાં-પડલા - ભિક્ષાગમન કાળે પાત્રને ઢાંકવાના વસ્ત્રો રૂપ.
(૬) રજસ્ત્રાણ - રજથી રક્ષણ કરવા માટે પાત્ર બાંધવાનું વસ્ત્ર વિશેષ.
(૭) ગુચ્છગ - ઝોળીની ઉપર-નીચે રખાતું ઉની વસ્ત્ર વિશેષ.

આ સાત પાત્રસંબંધી ઉપકરણો છે.

○ पडिग्गह જેને સંસ્કૃતમાં प्रतिग्रह કે पतद्ग्रह કહે છે. તેનો અર્થ 'પાત્ર' થાય છે. "પડતા આહાર પાણીને જે ગ્રહણ કરે તે पतद्ग्रह કહેવાય. સામાન્ય ભાષામાં તેને પાતરા કહે છે.

– આ પાત્ર કાષ્ઠના હોવાનો વ્યવહાર સ્વીકૃત છે અને તે જ પરંપરા છે. દશવૈકાલિકસૂત્ર-૧૭૬ની વૃત્તિમાં 'પડિગ્ગહ'નો અર્થ 'ભાજન' કર્યો છે, દશવૈકાલિકની વૃત્તિ તથા યતિદિનચર્યામાં ગાથા-૨૦૪, ૨૦૫માં જણાવ્યું છે કે, સાધુઓને તુંબડાનું, લાકડાનું, માટીનું પાત્ર અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય કહ્યું છે.

– આવશ્યક વૃત્તિકાર કહે છે કે, આવું દ્રવ્યલિંગ તો નિહ્નવ આદિને પણ હોય છે. તેથી તેનું નિવારણ કરવા હવે ભાવલિંગને જણાવે છે–

● **पंचमहव्वय-धारा** :- પાંચ મહાવ્રતોને ધારણ કરનારા.

– पंचमहव्वय શબ્દનું વિવેચન સૂત્ર-૨ 'પંચિંદિય'માં જોવું.

– ભાવલિંગમાં પ્રત્યેકબુદ્ધોનો પણ સંગ્રહ કરવા માટે આગળ બીજું વિશેષણ મૂકે છે "અટ્ઠારસ-સહસ્સ-સીલંગ-ધારા" કેમકે પ્રત્યેકબુદ્ધમાંના કેટલાક સાધુ ભગવંતો રજોહરણાદિ ધારક નથી પણ હોતા.

● **अट्ठारस-सहस्स-सीलंग-धारा** :- અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા, (એવા સાધુ મહારાજોને)

○ अट्ठारस - અઢાર ○ सहस्स - હજાર

○ सीलंग - શીલના અંગ, શીલના ભાગ, ચારિત્રના વિભાગ

– આવશ્યકસૂત્ર-૩૪ના વિવરણમાં અઢાર હજાર શીલાંગને સ્પષ્ટ કરવા માટે એક ગાથા જણાવેલ છે. તે આ પ્રમાણે–

યોગ, કરણ, સંજ્ઞા, ઇન્દ્રિય, પૃથ્વીકાયાદિ અને શ્રમણધર્મ એ રીતે શીલના અઢાર હજાર અંગોની સિદ્ધિ થાય છે.

વૃત્તિકાર મહર્ષિ આ ગાથાનું સ્પષ્ટીકરણ કરતા કહે છે કે–

(૧) યતિ-શ્રમણધર્મ દશ પ્રકારે છે – (૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) મુક્તિ, (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) અકિંચનત્વ અને (૧૦) બ્રહ્મચર્ય. એટલે ક્ષમાયુક્ત થવું, માર્દવયુક્ત થવું વગેરે શીલનાં દસ અંગ થશે.

– હવે આ ધર્મોથી યુક્ત થયેલા શ્રમણે-સાધુએ.

– પૃથ્વીકાયાદિ દશના સમારંભનો ત્યાગ કરવાનો છે.

(૨) પૃથ્વીકાયાદિ દશ આ પ્રમાણે છે – (૧) પૃથ્વીકાય સમારંભ, (૨) અપ્કાય સમારંભ, (૩) તેઉકાય સમારંભ, (૪) વાયુકાય સમારંભ, (૫) વનસ્પતિકાય સમારંભ, (૬) બેઇન્દ્રિય સમારંભ, (૭) તેઇન્દ્રિય સમારંભ, (૮) ચઉરિન્દ્રિય સમારંભ, (૯) પંચેન્દ્રિય સમારંભ (૧૦) (અજીવમાં જીવબુદ્ધિએ કરીને) - અજીવ સમારંભ.

– આ દશે સમારંભનો ત્યાગ કરવાનો છે.

– આ રીતે ક્ષમાદિ દશ ધર્મને પૃથ્વીકાયાદિ દશ સમારંભ વડે ગુણતા શીલના અંગો-૧૦૦ થયા.

– આ યતિ ધર્મયુક્ત જયણા પાંચ ઇન્દ્રિયોના જય-નિગ્રહપૂર્વક કરવાની છે. તે આ પ્રમાણે–

(૩) ઇન્દ્રિય નિગ્રહ પાંચ પ્રકારે છે – (૧) શ્રોત્રેન્દ્રિયનિગ્રહ, (૨) ચક્ષુરિન્દ્રિયનિગ્રહ, (૩) ઘ્રાણેન્દ્રિયનિગ્રહ, (૪) રસનેન્દ્રિય નિગ્રહ અને (૫) સ્પર્શનેન્દ્રિયનિગ્રહ.

– આ પ્રકારે પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાનો છે.

– ક્ષમાદિ દશ ધર્મ તેને પૃથ્વીકાયાદિ દશ સમારંભ ત્યાગ વડે ગુણ્યા એટલે ૧૦૦ ભેદ થયા. આ ૧૦૦ ભેદને પાંચ-ઇન્દ્રિય નિગ્રહો વડે ગુણતા કુલ શીલના અંગો-૫૦૦ થયા.

– આ રીતે શ્રમણધર્મયુક્ત જયણા વડે કરવામાં આવેલો ઇન્દ્રિયનિગ્રહ ચાર સંજ્ઞાથી રહિત હોવો જોઈએ.

(૪) ચાર સંજ્ઞાઓ – (૧) આહાર સંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા - આ ચાર સંજ્ઞાનો અભાવ હોવો તે.

– આ રીતે શ્રમણધર્મના ૧૦ ભેદ તેને પૃથ્વીકાયાદિ સમારંભના ત્યાગના ૧૦ ભેદ વડે ગુણ્યા, પછી પ્રાપ્ત ૧૦૦ ભેદને પાંચ ઇન્દ્રિયનિગ્રહ વડે ગુણતા-૫૦૦ ભેદ થયા. આ ૫૦૦ ભેદને આહારાદિ ચાર સંજ્ઞાના અભાવ વડે ગુણતા શીલના ૨૦૦૦ અંગો થયા.

શ્રમણધર્મ, સમારંભ ત્યાગ, ઇન્દ્રિયનિગ્રહ, સંજ્ઞા અભાવ એ ચાર બાબતને યોગ વડે ગુણવાની છે.

(૫) યોગ ત્રણ પ્રકારે છે – (૧) મનયોગ, (૨) વચનયોગ, અને (૩) કાયયોગ.

– પૂર્વોક્ત ૨૦૦૦ શીલના અંગોને આ ત્રણ યોગ વડે ગુણતા કુલ ૬૦૦૦ શીલના અંગો થયા.

– છટ્ઠો અને છેલ્લો ભેદ છે કરણ. આ કરણ વડે ગુણતા–

(૬) કરણ ત્રણ ભેદે છે – (૧) કરણ, (૨) કરાવણ, (૩) અનુમોદન એટલે કરવું, કરાવવું અને અનુમોદવું.

– પૂર્વોક્ત ૬૦૦૦ ભેદ છે, તેને આ ત્રણ કરણ વડે ગુણતા શીલના કુલ ૧૮૦૦૦ ભેદ થયા.

આ અઢાર હજાર શીલાંગને શીલાંગરથરૂપે ઓળખાવાએલ છે. અમે આ ૧૮૦૦૦ ભેદનું વર્ણન આવશ્યકવૃત્તિમાં આપેલ સાક્ષીપાઠ રૂપ ગાથાને આધારે કર્યું છે. પણ ૧૮૦૦૦ શીલાંગ રથ બીજી-બીજી રીતે પણ વર્ણવાયેલ છે.

● **अक्खयायार-चरित्ता** - અક્ષત આચાર અને ચારિત્રવાળા.

– જેમનો આચાર અને જેમનું ચારિત્ર અક્ષત છે તેવા સાધુઓને.

– કેટલાક સ્થાને अक्खयायार ને બદલે अक्खुयायार એવો પાઠ પણ નોંધાયેલ છે. પરંતુ આવશ્યક સૂત્ર-૩૪, તેની ચૂર્ણિ અને તેની વૃત્તિએ બધામાં 'अक्खयायार' પાઠ જોવા મળે છે. વળી તેનું સંસ્કૃત રૂપાંતર अक्षताचार જ નોંધાયેલ છે. તેથી અમે અહીં 'अक्खयायार चरित्ता' એવો જ પાઠ ગ્રહણ કરેલ છે.

० अक्खय એટલે અક્ષત, સંપૂર્ણ, અખંડિત.

– આ શબ્દ 'આયાર' અને 'ચરિત્ત' બંને સાથે જોડાયેલ છે.

– 'અક્ખય આયાર' એટલે અક્ષત કે અખંડિત આચાર

– 'અક્ખય ચરિત્ત' એટલે અક્ષત કે અખંડિત ચારિત્ર.

० आचार - આચાર પાંચ પ્રકારે છે–

(૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

– આ પાંચે આચારના વર્ણન માટે સૂત્ર-૨ "પંચિંદિય" અને સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ" જોવું.

० चरित એટલે ચારિત્ર. આ પદની વ્યાખ્યા વિવિધરૂપે જોવા મળે છે. પણ અહીં ચારિત્રના પાંચ ભેદોનું ગ્રહણ જાણવું–

– પ્રવચનસારોદ્ધાર આદિ ગ્રંથોમાં ચારિત્રના પાંચ ભેદો કહ્યા છે–

(૧) સામાયિક ચારિત્ર, (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર, (૩) પરિહારવિશુદ્ધિચારિત્ર, (૪) સૂક્ષ્મસંપરાયચારિત્ર, (૫) યથાખ્યાતચારિત્ર.

– चरित्त પદથી સંયમ કે વિરતિ અર્થ પણ ગ્રાહ્ય છે.

– સંયમ અર્થ લઈએ તો સંયમના ૧૭ ભેદોનું કથન આવે છે.

પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, પાંચ અવ્રતોનો ત્યાગ, ચાર કષાયોનો જય તથા મન, વચન, કાયાની વિરતિ.

– વિરતિ અર્થ કરીએ તો તત્ત્વાર્થસૂત્રકારે "વિરતિ એ વ્રત" એવી વ્યાખ્યા

કરી છે. જેનાથી સર્વથા પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રતોનું ગ્રહણ તો થાય જ છે. એ સિવાય સર્વ સાવદ્ય પ્રવૃત્તિથી મન, વચન, કાયા વડે વિરમવું તેને પણ વિરતિ કહે છે.

આ રીતે चरित्त શબ્દના ત્રણ અર્થો બતાવ્યા (૧) ચારિત્ર, (૨) સંયમ અને (૩) વિરતિ. છતાં આ સૂત્રમાં ચારિત્ર અર્થની મુખ્યતા ગણી છે.

● **ते सव्वे** - તેને સર્વેને-બધાંને

– તે બધાં અર્થાત્ ઉપરોક્ત જે વિશેષણો કહ્યા, તે સર્વે વિશેષણો યુક્ત એવા સાધુમહારાજોને.

● **सिरसा** - શિર વડે, કાયા વડે, લલાટે કરીને

– આવશ્યક વૃત્તિમાં કહ્યું છે – 'शिरसा' इति उत्तमाङ्गेन

● **मणसा** - મન વડે, મનથી અર્થાત્ ભાવથી.

– આવશ્યકવૃત્તિ મુજબ - मनसा इति अन्तःकरणेन

● **मत्थएण** - મસ્તક વડે ● **वंदामि** - વંદુ છું

અહીં 'મત્થએણવંદામિ' પદથી હું વંદન કરું છું એટલો અર્થ જ અભિપ્રેત છે - તેમ સમજવું.

– અહીં શિર અને મન વડે વંદન કરું છું. એમ બોલતાં કાયા અને મન વડે વંદન થાય છે અર્થાત્ દ્રવ્યથી શરીર વડે અને ભાવથી અંતઃકરણ વડે વંદન થાય છે. વચનથી તો સૂત્ર ઉચ્ચારણ કરવાનું જ હોય છે.

**૦ સૂત્રસાર અન્વય પદ્ધતિએ :-**

वंदामि અર્થાત્ 'હું વંદન કરું છું' કઈ રીતે વંદન કરું છું ?

– કાયા અને અંતઃકરણના ભાવપૂર્વક હું વંદન કરું છું.

– વંદન કોને કર્યું ? જે કોઈપણ સાધુ છે - જેટલા સાધુ છે તેને.

– આ સાધુઓ ક્યાં રહે છે ? અઢીદ્વીપ રૂપ મનુષ્ય ક્ષેત્રમાં આવેલ પંદર પ્રકારની - ભરતક્ષેત્ર આદિ કર્મભૂમિઓમાં.

– આ સાધુઓ કેવા છે ? તેના ચાર વિશેષણો સૂત્રમાં મૂક્યા છે.

(૧) રજોહરણ, ગુચ્છા, પાત્રાને ધારણ કરનારા.

(૨) પાંચ મહાવ્રતને ધારણ કરનારા.

(૩) અઢાર હજાર શીલના અંગોને ધારણ કરનારા.

(૪) અખંડિત એવા આચાર અને સંપૂર્ણ ચારિત્રથી યુક્ત.

## ■ વિશેષ કથન :-

– આ સૂત્ર બે નામથી પ્રસિદ્ધ છે. (૧) સૂત્રના આદ્ય પદને આધારે 'અડ્ઢાઇજ્જેસુ' નામથી, (૨) સાધુને વંદનાની મુખ્યતા હોવાથી 'સાધુવંદન' નામે.

– **પ્રતિક્રમણ ક્રિયામાં સ્થાન :-**

આ સૂત્ર શ્રાવક-શ્રાવિકાઓ જ બોલે છે. પ્રતિક્રમણમાં દૈવસિક આદિ બધાં પ્રતિક્રમણોમાં બોલાય છે. બીજી વખત અપાતા ચાર ખમાસમણ બાદ જમણો હાથ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરવળા ઉપર સ્થાપીને આ સૂત્ર બોલવાનો વિધિ છે અને આ સૂત્ર વડીલ શ્રાવક કે પૌષધવ્રતધારી શ્રાવક બોલે અને બાકીના શ્રાવકો મનમાં ધારણ કરે તે પ્રમાણેની પરંપરા છે.

સાધુ-સાધ્વીજીઓને આ સૂત્ર 'શ્રમણપ્રતિક્રમણ' અંતર્ગત્ બોલવામાં આવે જ છે.

– સૂત્ર માહાત્મ્ય –

જૈન શાસનમાં દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ તત્ત્વનું ઘણું જ મહત્ત્વ છે. આ ત્રણે પરત્વેની શુદ્ધ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ શ્રાવકે ગ્રહણ કરેલું હોય છે. તેમાંના ગુરુ તત્ત્વ પ્રત્યેના પૂર્ણ આદર અને બહુમાનભાવનું મહત્ત્વ પ્રસ્થાપિત કરી, હૃદયમાં અવધારીને પૂજ્યભાવ પ્રદર્શિત કરવાના હેતુથી પ્રસ્તુત સૂત્રની યોજના થયેલી છે. તેથી તેને સાધુ વંદના કહે છે.

મનુષ્ય વસ્તી અઢીદ્વીપમાં જ હોય. આ અઢીદ્વીપ એટલે મનુષ્ય ક્ષેત્ર, તેની બહાર મનુષ્ય વસ્તી ન હોય. તેમાં પણ અકર્મભૂમિમાં ધર્મનો લાભ કે વિરતિપણાનો સંભવ નથી, તેથી તેમની ઉપસ્થિતિ ફક્ત પંદર કર્મભૂમિઓમાં જ થાય છે. આ પંદર કર્મભૂમિઓમાં દ્રવ્યલિંગ અને ભાવલિંગને ધારણ કરનારા જે કોઈ સાધુઓ હોય તે સર્વે વંદનીય છે તેથી તે સર્વેને મન, વચન, કાયા વડે અહીં વંદના કરાઈ છે. જો કે કોઈ લબ્ધિધર સાધુ નંદીશ્વરદ્વીપ આદિ યાત્રાર્થે ગયેલા હોય ત્યારે તે મનુષ્યક્ષેત્રની બહાર હોવા છતાં પરમ વંદનીય જ ગણવાના છે. તેમજ ક્યારેક કોઈ વ્યંતરાદિ અપહરણ કરીને કોઈ સાધુને બહાર લઈ ગયા હોય તો તે પણ વંદનીય જ છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્રની ભાષા આર્ષ પ્રાકૃત છે.

– આ સૂત્ર પરંપરાગત રીતે ગદ્યપાઠની માફક જ બોલાતુ જોવા મળે છે, પણ સૂત્ર બે ગાથામાં છે અને તે "ગાહા" છંદમાં બનેલું એવું પદ્ય સ્વરૂપ છે. તેથી 'ગાહા' છંદ પદ્ધતિ એ બોલવું જોઈએ.

– આ સૂત્રનું આધારસ્થાન આવશ્યકસૂત્ર નામક આગમ છે. તે આવશ્યકસૂત્રના ચોથા અધ્યયનમાં ૩૪ માં સૂત્રરૂપે અને 'શ્રમણસૂત્ર'ની અંતર્ગત્ અપાયેલ છે. જે અહીં સ્વતંત્ર સૂત્ર રૂપે રજૂ થયેલ છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૬

# 'વરકનક' સ્તુતિ

## સપ્તતિ-શત-જિનવંદન

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં જુદા જુદા વર્ણના દેહને ધારણકર્તા એવા અને સર્વ ક્ષેત્રોમાં એકી સાથે વધુમાં વધુ સંભવતા એવા એકસો સીત્તેર તીર્થંકરોને વંદના કરવામાં આવેલ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**વરકનક-શંખ-વિદ્રુમ, મરકત-ઘન-સન્નિભં વિગત-મોહં;**
**સપ્તતિશતં જિનાનાં, સર્વામર-પૂજિતં વંદે ૧.**

■ **સૂત્ર-અર્થ :-**

ઉત્તમ કે શ્રેષ્ઠ એવા - સુવર્ણ (સોનું), શંખ, વિદ્રુમ (પરવાળાં), નીલમ અને શ્રેષ્ઠ મેઘ જેવા વર્ણવાળા અર્થાત્ પીળા, સફેદ, લાલ, હરિત-લીલા અને શ્યામ-કાળા વર્ણવાળા, મોહરહિત અને સર્વે દેવો વડે પૂજાયેલા એકસો ને સિત્તેર જિનેશ્વરોને હું વંદુ છું.

■ **શબ્દજ્ઞાન :-**

**વર** - ઉત્તમ, શ્રેષ્ઠ
**કનક** - સોનું, પીળો વર્ણ
**શંખ** - શંખ, શ્વેત વર્ણ
**વિદ્રુમ** - પરવાળો, લાલ વર્ણ
**મરકત** - નીલમ, લીલો વર્ણ
**ઘન** - મેઘ, કાળો વર્ણ
**સન્નિભં** - સમાન, સરખા
**વિગતમોહં** - મોહરહિત
**સપ્તતિશત** - એકસો સિત્તેર
**જિનાનાં** - જિનેશ્વરોની
**સર્વ** - બધા, સઘળા
**અમર** - દેવો (વડે)
**પૂજિતં** - પૂજાયેલ
**વંદે** - હું વંદુ છું

■ **વિવેચન :-**

● **વરકનક-શંખ-વિદ્રુમ-મરકત-ઘન-સન્નિભં** - ઉત્તમ એવા સુવર્ણ, ઉત્તમ એવા શંખ, ઉત્તમ એવા પરવાળાં, ઉત્તમ એવા નીલમ અને ઉત્તમ એવા મેઘ જેવા (તે સમાન વર્ણવાળા).

અહીં પાંચ ઉત્તમ પદાર્થો દ્વારા પરમાત્માના વર્ણને જણાવવામાં આવેલ છે તે આ પ્રમાણે–

(* વર શબ્દ પાંચે પદાર્થો સાથે જોડીને અર્થ કરવાનો છે)

○ कनक - શ્રેષ્ઠ સુવર્ણ. જેવા એટલે પીત વર્ણવાળા ભગવંત. જેમકે - ભગવંત ઋષભદેવ, અજિતનાથ વગેરે આ ચોવીસીના સોળ તીર્થંકર પરમાત્મા પીત વર્ણના-સુવર્ણ સમ વર્ણના છે.

○ शंख - શંખ, દરિયામાં ઉત્પન્ન થતા એક બેઇન્દ્રિય પ્રાણીનું કલેવર વિશેષ. તેના જેવો વર્ણ એટલે શ્વેત વર્ણવાળા ભગવંત જેમકે આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં ચંદ્રપ્રભસ્વામી અને સુવિધિનાથ બંને ભગવંત શ્વેત વર્ણના છે.

○ विद्रुम - એટલે પરવાળાં, એક પ્રકારે રત્ન વિશેષ. તેના જેવા વર્ણના અર્થાત્ રક્ત વર્ણવાળા ભગવંત. જેમકે આ ભરતક્ષેત્રની આ ચોવીસીમાં પદ્મપ્રભસ્વામી અને વાસુપૂજ્યસ્વામી ભગવંત રક્ત વર્ણની કાયાવાળા છે.

○ मरकत - એટલે નીલમ. એક રત્ન વિશેષ તેનો વર્ણ હરિત અર્થાત્ નીલો છે. તેવા વર્ણવાળા. જેમકે આ ભરતક્ષેત્રની આ ચોવીસીમાં ભગવંત મલ્લિનાથ અને ભગવંત પાર્શ્વનાથ એ બંને નીલવર્ણીય છે.

○ घन - એટલે મેઘ. તેના જેવા વર્ણવાળા અર્થાત્ શ્યામ વર્ણવાળા. જેમકે આ ભરતક્ષેત્રની આ ચોવીસીમાં ભગવંત મુનિસુવ્રત અને ભગવંત નેમિનાથ બંને શ્યામ વર્ણના છે.

○ सन्निभं - સદૃશ, ના જેવા, સરખા, તે વર્ણવાળા.

– અહીં પૂર્વનો वर શબ્દ અને પછીનો सन्निभं શબ્દ એ બંને कनक આદિ પાંચે પદો સાથે જોડવો. તેથી (૧) વરકનક સન્નિભં, (૨) વરશંખ સન્નિભં - એ પ્રમાણે પદો બનશે.

– વર્ણને જણાવતી આ સ્તુતિને ગુજરાતી સ્તુતિ કર્તાઓએ પણ પોતાની રચનામાં જણાવેલી જ છે. જેમકે–

(૧) "દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા,
દોય નીલા દોય શામળ કહ્યા, સોળ જિન કંચનવર્ણ લહ્યા."

(૨) "વિદ્રુમવરણા દોયજિણંદા૦... ઇત્યાદિ.

ફર્ક માત્ર એટલો કે થોયના જોડામાં કે અહીં ઉપર જણાવેલા આ ચોવીસીના ભગવંતોમાં ફક્ત ચોવીસ જિનને આશ્રીને અમે પાંચે વર્ણના ભગવંતોના દૃષ્ટાંત આપેલા છે. જ્યારે પ્રસ્તુત સૂત્ર-૪૬માં ઉત્કૃષ્ટા એવા ૧૭૦ જિનવરોને આશ્રીને સ્તુતિ થઈ છે, પરંતુ તેમાં પણ વર્ણ તો આ પાંચ જ છે.

● **विगत मोहं** - જેનો મોહ ચાલ્યો ગયો છે તેવા, મોહરહિત, નાશ પામેલો છે મોહ જેનો તે.

– જેમ ગાથાનો પૂર્વાર્દ્ધ "વરકનક...ઘનસન્નિભં" એ તીર્થંકર પરમાત્માનું વિશેષણ છે, તેમ આ "વિગતમોહ" પદ પણ તીર્થંકર પરમાત્માના વિશેષણરૂપ છે.

● **सप्ततिशतं** - એકસોને સિત્તેર, ૧૭૦.

– આ સંખ્યાવાચી પદ પણ તીર્થંકર પરમાત્મા માટે જ વપરાયેલ છે.

જિનેશ્વર-તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા સૂચવે છે.

– આ ભરતક્ષેત્રની આ ચોવીસીમાં જ્યારે અજિતનાથ ભગવંતનું શાસન વર્તતુ હતું ત્યારે સમગ્ર મનુષ્યક્ષેત્રમાં ૧૭૦ તીર્થંકરો હતા.

– ૧૭૦ જિનવરોની ગણના આ પ્રમાણે છે–

(૧) અઢીદ્વીપમાં પાંચ ભરતક્ષેત્રમાં પાંચ તીર્થંકર.

(૨) અઢીદ્વીપમાં પાંચ ઐરવત ક્ષેત્રમાં પાંચ તીર્થંકર.

(૩) અઢીદ્વીપમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬૦ તીર્થંકર-આ રીતે–

એક મહાવિદેહમાં કુલ ૩૨ વિજયો છે, પ્રત્યેક વિજયમાં એક-એક તીર્થંકર પરમાત્મા. આવા કુલ પાંચ મહાવિદેહ છે – (૧) જંબૂદ્વીપમાં એક, (૨) ધાતકીખંડમાં બે, (૩) પુષ્કરવરાર્ધમાં બે. આ પાંચે મહાવિદેહોમાં પ્રત્યેકમાં ૩૨ વિજયો છે. તેથી કુલ ૧૬૦ વિજય થાય છે.

એ રીતે ઉત્કૃષ્ટા-૧૭૦ તીર્થંકરો થાય છે. આનાથી વધારે સંખ્યામાં વિદ્યમાન તીર્થંકરો ક્યારેય હોઈ શકે નહીં.

● **जिनानां** - જિનોને, તીર્થંકરોને, જિનેશ્વરોને.

– 'जिन' શબ્દની વ્યાખ્યા અને વિવેચન સૂત્ર-૮ ''લોગસ્સ''માં જોવું. સૂત્ર-૧૧ ''જગચિંતામણિ'', સૂત્ર-૧૩ 'નમુત્થુણં'માં પણ 'જિન' પદનો ઉલ્લેખ છે જ. સૂત્ર-૧૨ 'જંકિંચિ'' ઇત્યાદિમાં પણ છે.

– ઉત્કૃષ્ટા ૧૭૦ જિનવરો વિચરતા હોવાનો પાઠ આ પૂર્વે સૂત્ર-૧૧ ''જગચિંતામણિ''માં પણ આવેલ છે જ. જુઓ ગાથા-૨માં ''ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ.''

● **सर्वामर-पूजितं** - સર્વે દેવોથી પૂજાયેલ.

'સર્વામર' પદમાં सर्व + अमर પદની સંધિ થયેલી છે.

○ अमर એટલે 'દેવ' ○ पूजित એટલે પૂજાયેલા

– આ પદ પણ જિનવરોનું વિશેષણ જ છે.

● **वंदे** - વંદુ છું, હું વંદન કરું છું.

○ **અન્વય પદ્ધતિએ ગાથાર્થ :-**

– वंदे - હું વંદન કરું છું.

– કોને વંદન કરું છું - એકસો સીત્તેર જિનવરોને.

– આ જિનવરો કેવા છે ? તેના વિશેષણો જણાવે છે–

(૧) પીત, શ્વેત, રક્ત, હરિત અને શ્યામ અર્થાત્ પીળા, સફેદ, લાલ, લીલા અને કાળા વર્ણના એવા.

(૨) જેમનો મોહ સંપૂર્ણ નષ્ટ થયો છે તેવા.

(૩) સર્વે દેવો વડે પૂજાયેલા છે તેવા.

■ **વિશેષ કથન :-**

– આ સૂત્ર-સ્તુતિ ફક્ત એક ગાથા પ્રમાણ છે.

– આ સ્તુતિની રચના 'ગાહા' છંદમાં થયેલી છે.

– આ સ્તુતિ નિત્ય સંધ્યાકાલીન પ્રતિક્રમણમાં સ્તવન બોલાયા પછી બોલવામાં આવે છે.

– આ સ્તુતિ ફક્ત પુરુષો (સાધુ અને શ્રાવકો)માં જ બોલાય છે. સાધ્વી અને શ્રાવિકાગણ બોલતા નથી.

૦ સૂત્ર સંબંધી કથન –

એકસો સીત્તેર જિનવંદનાની આ તો નાનકડી સ્તુતિ છે પણ ૧૭૦ તીર્થંકરોની ઉપાસના માટે - સ્મરણ કરવા માટે નવસ્મરણમાં સ્થાન પામેલ એવું 'તિજયપહુત્ત-સ્તોત્ર છે' જેને 'સત્તરિસય-સ્તોત્ર' પણ કહેવામાં આવે છે. જેની અગિયારમી ગાથા પ્રાકૃતમાં છે - તેનું સંસ્કૃત રૂપાંતર જ આ સ્તુતિ છે.

મૂળ પ્રાકૃત ગાથા આ પ્રમાણે છે–

(ૐ) વરકણય-સંખ-વિદ્દુમ
મરગય-ઘણ-સન્નિહં વિગયમોહં
સત્તરિસયં જિણાણં
સવ્વામર પૂઇઅં વંદે (સ્વાહા)

– અહીં ગાથાના પૂર્વાર્દ્ધમાં જિનેશ્વરોના દેહોના વર્ણને જણાવવા માટે જુદા જુદા પદાર્થોના નામ જણાવેલા છે. જેમકે–

(૧) પીતવર્ણ - સુવર્ણ જેવી પ્રભા દર્શાવે છે.
(૨) શ્વેત વર્ણ - શ્રેષ્ઠ શંખ જેવી શ્વેતતા દર્શાવે છે.
(૩) રક્ત વર્ણ - પરવાળા રત્ન જેવી પ્રભા દર્શાવે છે.
(૪) નીલ વર્ણ - નીલમ રત્ન જેવી પ્રભા દર્શાવે છે.
(૫) શ્યામ વર્ણ - ઘટાટોપ મેઘ જેવી પ્રભા દર્શાવે છે.

આ રીતે જિનેશ્વરોના પાંચ વર્ણો જણાવ્યા છે.

કોઈપણ પરમાત્માના દેહનો વર્ણ આ પાંચમાંથી એક પ્રકારનો જ હોય, અન્ય ન હોય.

સ્તુતિમાં પ્રયોજાયેલ 'વિગતમોહ' શબ્દ અર્થાન્તરથી વીતરાગપણાનો જ સૂચક છે. વીતરાગતા પ્રાપ્તિ પછી જ અરિહંતોને ભાવ અરિહંત સ્વરૂપ કહ્યા છે. તેથી વિગતમોહ દ્વારા તેમની ભાવ અરિહંતતાનું સૂચન કરાયેલ છે.

'સર્વે દેવો દ્વારા પૂજિત' એ વિશેષણ પરમાત્માના પૂજાતિશયને જણાવનારું છે. આ અતિશય વીતરાગતા પ્રાપ્તિ બાદ વિશેષરૂપે સ્ફૂટ થાય છે.

– વર્ણ કે રંગ અનુસાર નવપદજીમાં પણ યોજના જોવા મળે જ છે. તેમ અહીં પણ વર્ણ-રંગ મુજબ વિશિષ્ટ ધ્યાન પદ્ધતિ પ્રયોજાયેલ છે. વળી વિવિધ માંત્રિક ક્રિયામાં પણ તેનો ઉપયોગ જોવા મળે છે. જેમકે લક્ષ્મી ઉપાસનામાં પીળા વર્ણની મુખ્યતા છે, વશીકરણમાં લાલ રંગની મુખ્યતા છે ઇત્યાદિ.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્ર સંસ્કૃત ભાષામાં રચાયેલ છે.

– આ સૂત્ર પદ્યબદ્ધ અને 'ગાહા' છંદમાં છે.

– આ સૂત્રનું આધારસ્થાન 'તિજયપહુત્ત' સ્તોત્રની અગિયારમી ગાથા છે. કેમકે તે ગાથાનું જ પ્રાકૃતમાંથી સંસ્કૃત રૂપાંતર છે. પણ આવશ્યકાદિ કોઈ આગમમાં તેનું સ્થાન જોવા મળતું નથી.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૭

# લઘુશાંતિ-સ્તવ

■ **સૂત્ર-વિષય :-**

આ શાંતિ માટેનું સ્તોત્ર છે. તેથી શાંતિસ્તવ કહેવાય છે. પણ બૃહત્ અથવા મોટી શાંતિસ્તવ પણ ઉપલબ્ધ હોવાથી તેની અપેક્ષાએ આ શાંતિસ્તવ લઘુશાંતિસ્તવ કહ્યું છે કે જેમાં શાંતિનાથ ભગવંતને નમસ્કારપૂર્વક સ્તુતિ કરાઈ છે. વિશિષ્ટ પ્રકારે પાંચ ગાથામાં સ્તુતિ કર્યા પછી વિજયા કે જયાદેવીની સ્તુતિ કરી છે. તેમની વિશિષ્ટ સ્તવના કર્યા બાદ ઉપદ્રવતામાંથી રક્ષણ માટે પ્રાર્થના કરીને શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આદિ માટે પ્રાર્થના કરી છે. ત્યાર પછી આ સ્તવ મંત્રાદિથી ગુંથિત છે તેમ જણાવી આ સ્તવ ભણનારને નિશ્ચયથી શાંતિપદ પ્રાપ્ત થાય છે, તેમ જણાવેલું છે.

■ **સૂત્ર-મૂળ :-**

**શાંતિં શાંતિ-નિશાંતં, શાંતં શાંતા શિવં નમસ્કૃત્ય;**
**સ્તોતુઃ શાંતિ-નિમિત્તં, મંત્રપદૈઃ શાંતયે સ્તૌમિ ૧**
**ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્**
**શાંતિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્ ૨**
**સકલાતિશેષક મહા-સંપત્તિ સમન્વિતાય શસ્યાય;**
**ત્રૈલોક્ય-પૂજિતાય ચ, નમો નમઃ શાંતિ દેવાય ૩**
**સર્વામર-સુસમુહ-સ્વામિક-સંપૂજિતાય નિર્જિતાય;**
**ભુવન-જન-પાલનોદ્યત-તમાય સતતં નમસ્તસ્મૈ. ૪**
**સર્વ-દુરિતૌઘ-નાશન કરાય સર્વાશિવ-પ્રશમનાય;**
**દુષ્ટ ગ્રહ-ભૂત પિશાચ - શાકિનીનાં પ્રમથનાય ૫**
**યસ્યેતિ નામમંત્ર-પ્રધાન-વાક્યોપયોગ-કૃતતોષા;**
**વિજયા કુરુતે જનહિતમિતિ ચ નુતા નમત તં શાંતિમ્ ૬**
**ભવતુ નમસ્તે ભગવતિ ! વિજયે ! સુજયે ! પરાપરૈરજિતે;**
**અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ! ભવતિ ! ૭**
**સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્ર-કલ્યાણ-મંગલ-પ્રદદે;**
**સાધૂનાં ચ સદા શિવ-સુતુષ્ટિ પુષ્ટિ પદેઃ જીયાઃ ૮**
**ભવ્યાનાં કૃતસિદ્ધે ! નિર્વૃત્તિ-નિર્વાણ-જનનિ ! સત્ત્વાનામ્;**
**અભય-પ્રદાન-નિરતે ! નમોઽસ્તુ સ્વસ્તિ પ્રદે ! તુભ્યમ્ ૯**
**ભક્તાનાં જન્તૂનાં, શુભાવહે ! નિત્યમુદ્યતે ! દેવિ !**

સમ્યગ્દૃષ્ટિનાં, ધૃતિ-રતિ-મતિ-બુદ્ધિ-પ્રદાનાય ૧૦
જિનશાસન-નિરતાનાં, શાંતિનતાનાં ચ જગતિ જનતાનામ્;
શ્રી - સંપત્-કીર્તિ-યશો-વર્ધનિ ! જય દેવિ ! વિજયસ્વ. ૧૧
સલિલાનલ-વિષ-વિષધર-દુષ્ટગ્રહ-રાજ-રોગ-રણ-ભયતઃ;
રાક્ષસ-રિપુગણ-મારી-ચૌરેતિ-શ્વાપદાદિભ્યઃ ૧૨
અથ રક્ષ રક્ષ સુશિવં, કુરુ કુરુ શાંતિં ચ કુરુ કુરુ સદેતિ;
તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ૧૩
• ભગવતિ ! ગુણવતિ ! શિવ-શાંતિ
તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્;
ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ
યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા ૧૪
એવં યન્નામાક્ષર-પુરસ્સરં સંસ્તુતા જયાદેવી;
કુરુતે શાંતિં નમતાં, નમો નમઃ શાન્તયે તસ્મૈ. ૧૫
ઇતિ પૂર્વસૂરિ-દર્શિત-મંત્રપદ-વિદર્ભિતઃ સ્તવઃ શાંતેઃ;
સલિલાદિ-ભય-વિનાશી, શાંત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ૧૬
યશ્ચૈનં પઠતિ સદા, શ્રૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્;
સ હિ શાંતિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ. ૧૭
ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૧૮
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ૧૯

■ **સૂત્ર-અર્થ :-**

(૧) સર્વ ઉપદ્રવોને શાંત કરનારા, શાંતિના સ્થાનરૂપ, રાગ-દ્વેષ વિનાના, સ્તુતિ કરનારને શાંતિના કારણરૂપ એવા શાંતિનાથ પ્રભુને હું શાંતિને માટે મંત્રપદો વડે સ્તુતિ કરું છું.

(૨) ૐ એ પ્રમાણે નિશ્ચિત્ વચનવાળા, પૂજાને યોગ, યશસ્વી, રાગદ્વેષને જિતનારા, મુનિઓના સ્વામી એવા શાંતિનાથ ભગવંતને વારંવાર મારા નમસ્કાર થાઓ.

(૩) સંપૂર્ણ ચોત્રીશ અતિશય રૂપ મોટી સંપદા વડે યુક્ત, પ્રશંસવા યોગ્ય અને ત્રણ લોક વડે પૂજિત એવા શ્રી શાંતિનાથ ભગવંતને વારંવાર નમસ્કાર થાઓ.

(૪) સર્વ દેવતાઓનો જે મહાન્ સમૂહ, તેમના સ્વામી એવા ચોસઠ ઇન્દ્રો વડે પૂજાએલા, વળી દેવતાઓ વડે પણ નહીં જિતાએલા એવા તથા ત્રણ ભુવનના પ્રાણીઓના પાલનમાં ઉદ્યત એવા શાંતિનાથને હંમેશા નમસ્કાર થાઓ.

(૫) સર્વ પાપના સમૂહનો નાશ કરનારા, સર્વ ઉપદ્રવોને શાંત કરનારા, દુષ્ટ એવા ગ્રહ, ભૂત, પિશાચ તથા શાકિનીઓનું મથન કરનારા (એવા શાંતિનાથ

ભગવંતને મારા નમસ્કાર થાઓ)

(૬) જેના (જે શાંતિનાથ ભગવંતના) પૂર્વે કહેલા નામ રૂપી મંત્ર વડે (તથા) સર્વોત્કૃષ્ટ વચનના ઉપયોગથી સંતુષ્ટ થયેલી વિજયાદેવી લોકોનું હિત કરે છે. તથા (આગળ કહેવાશે) એ પ્રમાણે સ્તુતિ કરાયેલ છે. તે શાંતિનાથ ભગવંતને તમે નમસ્કાર કરો.

(૭) "હે ભગવતિ વિજયા અને સુજયા !, અન્ય દેવોથી ન જિતાએલી એવી હે અજિતા ! કોઈ સ્થાને પરાભવ ન પામેલી હે અપરાજિતા ! તમો પૃથ્વીને વિશે વિજય પામો." - આ પ્રમાણે સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને જય આપનારી હે દેવીઓ ! તમોને નમસ્કાર થાઓ.

(૮) ચતુર્વિધ એવા સર્વ સંઘને પણ સુખ, ઉપદ્રવરહિતપણું અને મંગલને દેનારી, સાધુઓને હંમેશાં નિરૂપદ્રવપણું તથા ચિત્તશાંતિ અને ધર્મની પુષ્ટિ કરનારી એવી (હે દેવી !) તમે જય પામો.

(૯) ભવ્ય પ્રાણીઓને સિદ્ધિ દેનારી, ચિત્તની સમાધિ તથા મોક્ષની જનનિ તથા પ્રાણીઓને નિર્ભયપણું આપવામાં તત્પર તેમજ કલ્યાણને આપનારી એવી (હે દેવી !) તમને નમસ્કાર થાઓ.

(૧૦) ભક્ત જીવોનું કલ્યાણ કરનારી, સમ્યગ્દૃષ્ટિ જીવોને ધીરજ, પ્રીતિ, મતિ અને બુદ્ધિ આપવા માટે હંમેશાં તત્પર એવી હે દેવી ! (તથા) (આ ગાથાનો સંબંધ ગાથા-૧૧ સાથે છે.)

(૧૧) જૈન શાસનમાં નિરત-પ્રીતિવાળી તથા શાંતિનાથ પ્રભુને નમસ્કાર કરનાર આ જગત્ના જનસમુદાયોની લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ અને યશને વધારનારી એવી હે જયદેવી ! તમે વિજય પામો.

(૧૨) + (૧૩) - જળ, અગ્નિ, ઝેર, સર્પ, દુષ્ટ એવા ગ્રહો - રાજા-રોગ અને યુદ્ધનો ભય, રાક્ષસ, શત્રુઓનો સમૂહ, મરકી, ચોર, ઇતિ (સાત પ્રકારે છે - અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, પોપટ, સ્વચક્રભય, પરચક્રભય) અને શિકારી પશુ વગેરેના ભયથી - (એ બધાંથી હે દેવિ !)...

હવે રક્ષણ કર, રક્ષણ કર, અતિશય નિરૂપદ્રવપણું કર, એ પ્રમાણે હંમેશા માટે શાંતિ કરો, સંતોષ કરો, પુષ્ટિ કરો અને હે દેવી ! તમે કલ્યાણ કરો.

(૧૪) હે ભગવતિ ગુણવતિ (દેવી !) તમે આ જગતના લોકોને કલ્યાણ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કુશળને વારંવાર કરો.

ૐ રૂપ અર્થાત્ જ્યોતિસ્વરૂપિણી હે દેવી ! હ્રૂઁ હ્રીઁ ઇત્યાદિ મંત્રાક્ષરોથી યુક્ત તમને વારંવાર નમસ્કાર થાઓ.

(૧૫) એવી રીતે જેમના નામાક્ષર મંત્રપૂર્વક સ્તુતિ કરાયેલી જયા દેવી, શ્રી શાંતિનાથને નમસ્કાર કરનારા જીવોને શાંતિ કરે છે, તે શાંતિનાથ પરમાત્માને વારંવાર નમસ્કાર થાઓ.

(૧૬) એ પ્રમાણે પૂર્વ આચાર્યોએ બતાવેલા મંત્રોના પદોથી ગર્ભિત એવું

શાંતિનાથ ભગવંતનું આ સ્તવન, ભક્તિ કરનારા મનુષ્યોના પાણી વગેરેના ભયને નાશ કરનાર તથા શાંતિ આદિને કરનારું છે.

(૧૭) જે (ભક્તજન) હંમેશા (વિધિપૂર્વક) આ સ્તવનને ભણે છે, વિધિપૂર્વક સાંભળે છે, વિધિપૂર્વક મનન કરે છે તેઓ તથા આ સ્તવના રચયિતા શ્રી માનદેવસૂરિ પણ શાંતિ પદને પામે.

(૧૮) શ્રી જિનેશ્વર પરમાત્માનું પૂજન કરવાથી ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

(૧૯) સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન જયવંતુ વર્તે છે.

■ **શબ્દજ્ઞાન :-**

**શાંતિં** - શાંતિનાથને
**નિશાંતં** - સ્થાનરૂપ
**શાંત** - શાંત થાય છે
**નમસ્કૃત્ય** - નમસ્કાર કરીને
**શાંતિ** - શાંતિના
**મંત્રપૈદઃ** - મંત્રોના પદ વડે
**સ્તૌમિ** - હું સ્તુતિ કરું છું
**ઓમિતિ** - ૐ એવું
**નમો નમો** - વારંવાર નમસ્કાર
**અર્હતે** - યોગ્ય
**શાંતિજિનાય** - શાંતિજિનને
**યશસ્વિને** - યશવાળાને
**દમિનાં** - મુનિઓના
**સકલ** - સંપૂર્ણ
**મહાસંપત્તિ** - મોટી સંપદા વડે
**શસ્યાય** - પ્રશંસવા યોગ્ય
**પૂજિતાય** - પૂજેલા
**શાંતિદેવાય** - શાંતિનાથને
**સર્વામર** - સર્વ દેવતાઓના
**સ્વામિક** - તેમના સ્વામી વડે
**નિર્જિતાય** - નહીં જિતાયેલા
**જન** - પ્રાણીઓનું
**ઉદ્યતતમાય** - ઘણા સાવધાન
**નમઃ** - નમસ્કાર થાઓ

**શાંતિં** - શાંતિના
**શાંતં** - રાગદ્વેષરહિત
**અશિવં** - ઉપદ્રવ
**સ્તોતુઃ** - સ્તુતિ કરનારની
**નિમિત્તં** - કારણરૂપ
**શાંતયે** - શાંતિને માટે

—

**નિશ્રિત વચસે** -નિશ્ચય વચનવાળા
**ભગવતે** - ભગવંતને
**પૂજામ્** - પૂજાને
**જયવતે** - જિતનારા
**સ્વામિને** - સ્વામિને

—

**અતિશેષક** - ચોત્રીશ અતિશય
**સમન્વિતાય** - સહિત
**ત્રૈલોક્ય** - ત્રણ લોક
**નમોનમઃ** - વારંવાર નમસ્કાર

—

**સુસમૂહ** - સમૂહ સહિત
**સંપૂજિતાય** - પૂજાએલા
**ભુવન** - ત્રણ ભુવનના
**પાલન** - પાલન કરવામાં
**સતતં** - હંમેશાં
**તસ્મૈ** - તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સર્વ** - સર્વ, સઘળાં
**નાશન** - નાશ
**સર્વાશિવ** - સર્વ ઉપદ્રવોને
**દુષ્ટ** - દુષ્ટ, ખરાબ
**ભૂતપિશાચ** - ભૂતપિશાચ
**પ્રમથનાય** - મથન કરનારા
**યસ્ય** - જે શાંતિનાથના
**નામમંત્ર** - નામ રૂપ મંત્ર
**વાક્ય** - જે વચન
**કૃતતોષા** - જેણે સંતોષ કર્યો છે એ
**કુરૂતે** - કરે છે
**ઇતિ ચ** - અને એ પ્રમાણે
**નમત** - નમસ્કાર કરો
**ભવતુ** - થાઓ
**ભગવતિ** - ભગવતિ, પૂજ્યા
**સુજયે** - સારા જયવાળી
**અજિતે** - નહીં જિતાયેલી
**જગત્યાં** - પૃથ્વીને વિશે
**ઇતિ** - એમ સ્તુતિ કરવાથી
**ભવતિ** - (થાઓ), હે ભવતિ !
**સર્વસ્ય** - સર્વ
**સંઘસ્ય** - સંઘને
**કલ્યાણ** - ઉપદ્રવ રહિતપણું
**પ્રદદે** - દેનારી
**સદા** - નિત્ય, હંમેશા
**સુતુષ્ટિ** - ચિત્તની શાંતિ
**પ્રદે** - આપનારી
**ભવ્યાનાં** - ભવ્ય પ્રાણીઓને
**નિર્વૃતિ** - ચિત્તની સમાધિ
**જનનિ** - ઉત્પન્ન કરનારી
**અભય** - નિર્ભયપણે
**નિરતે** - તત્પર
**સ્વસ્તિ** - કલ્યાણને
**તુભ્યં** - તમને
**ભક્તાનાં** - ભક્ત
**દુરિતૌઘ** - પાપના સમૂહનો
**કરાય** - કરનારા
**પ્રશમનાય** - શાંત કરનારા
**ગ્રહ** - ગ્રહ, ગ્રહોનો સમૂહ
**શાકિનીનાં** - શાકિનીઓને

---

**ઇતિ** - એ પ્રમાણે પૂર્વે કહેલ
**પ્રધાન** - તે વડે સર્વોત્તમ એવું
**ઉપયોગ** - તેના ઉપયોગથી
**વિજયા** - વિજયા દેવી
**જનહિતં** - લોકોનું હિત
**નુતા** - સ્તવન કરાયેલી
**તં શાંતિં** - તે શાંતિનાથને
**નમસ્તે** - તમોને નમસ્કાર
**વિજયે** - વિજયાદેવી
**પરાપરૈઃ** - બીજા દેવોથી
**અપરાજિતે** - પરાભવ ન પામેલી
**જયતિ** - જય પામે છે
**જયાવહે** - જય આપનારી

---

**અપિ ચ** - પણ અને
**ભદ્ર** - સુખ
**મંગલ** - મંગળને
**સાધૂનાં** - સાધુઓને
**શિવ** - નિરૂપદ્રવપણું
**પુષ્ટિ** - ધર્મને પુષ્ટ કરનારી
**જીયાઃ** - જયવંતી હો
**કૃતસિદ્ધે** - સિદ્ધિ દેનારી
**નિર્વાણ** - મોક્ષને
**સત્વાનાં** - ભવ્યજીવોને
**પ્રદાન** - આપવામાં
**નમોસ્તુ** - નમસ્કાર હો
**પ્રદે** - આપનારી

---

**જંતૂનાં** - જીવોના

**શુભાવહે** - કલ્યાણ કરનારી
**ઉદ્યતે** - તત્પર
**સમ્યગ્ દૃષ્ટિનાં** - સમકિત દૃષ્ટિના
**રતિ** - પ્રીતિ
**બુદ્ધિ** - બુદ્ધિ
**જિનશાસન** - જૈન શાસનમાં
**શાંતિ** - શાંતિનાથને
**જગતિ** - જગતના
**શ્રી** - લક્ષ્મી, ધન
**કીર્તિ** - કીર્તિ, ખ્યાતિ
**જયદેવિ** - હે જયદેવિ !
**સલિલ** - જળ, પાણી
**વિષ** - વિષ, ઝેર
**દુષ્ટ** - દુષ્ટ, નઠારા
**રાજ** - રાજા, (દુષ્ટ રાજા)
**રણ** - લડાઈ, યુદ્ધ
**રાક્ષસ** - રાક્ષસ
**મારી** - મરકી, મારી
**ઇતિ** - સાત પ્રકારની ઇતિ
**આદિભ્યઃ** - વગેરેથી
**અથ રક્ષ** - હવે રક્ષણ કર
**કુરુ કુરુ** - કરો કરો
**સદા ઇતિ** - હંમેશા - એ રીતે
**પુષ્ટિં** - પુષ્ટિને
**ચ** - અને, વળી
**ભગવતિ** - હે ભગવતિ !
**શિવશાંતિ** - કલ્યાણ શાંતિ
**સ્વસ્તિ** - કુશળ
**કુરુ કુરુ** - વારંવાર કરો
**ઓમિતિ** - જ્યોતિ સ્વરૂપિણી
**નિત્યં** - હંમેશાં
**દેવિ** - હે દેવિ !
**ધૃતિ** - ધીરજ
**મતિ** - મતિ
**પ્રદાનાય** - આપવાને
**નિરતાનાં** - તત્પર
**નતાનાં** - નમસ્કાર કરનાર
**જનતાનાં** - જનસમુદાયોને
**સંપત્** - સંપત્તિ, આબાદી
**યશોવર્દ્ધનિ** - યશ વધારનારી
**વિજયસ્વ** - તમે વિજય પામો
**અનલ** - અગ્નિ
**વિષધર** - સાપ
**ગ્રહ** - ગ્રહો, ગ્રહસમૂહ
**રોગ** - દુષ્ટ રોગ
**ભયતઃ** - ભયથી
**રિપુગણ** - શત્રુઓનો સમૂહ
**ચૌર** - ચોર
**શ્રાપદ** - શિકારી પ્રાણિ, પશુ

---

**સુશિવં** - અતિ નિરૂપદ્રવપણું
**શાંતિ ચ** - શાંતિ અને
**તુષ્ટિં** - સંતોષને
**સ્વસ્તિં** - કલ્યાણને
**ત્વં** - તમે (દેવી !)
**ગુણવતી** - હે ગુણવતિ !
**તુષ્ટિ પુષ્ટિ** - સંતોષ - પોષણ
**ઇહ** - આલોકમાં
**જનાનાં** - માણસોના
**નમો નમો** - વારંવાર નમસ્કાર

**હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા** - આ મંત્રાક્ષરો છે.

**એવં** - એ પ્રમાણે
**નામાક્ષર** - નામાક્ષરોના
**સંસ્તુતા** - સ્તુતિ કરાયેલી
**કુરૂતે** - કરે છે
**યત્** - જેમના
**પુરસ્સરં** - મંત્રપૂર્વક
**જયાદેવી** - જયાદેવી
**શાંતિં** - શાંતિનાથને

**નમતાં** - નમસ્કાર કરનાર
**શાંતયે** - શાંતિનાથને
**ઇતિ** - એ પ્રમાણે
**દર્શિત** - બતાવેલા
**વિદર્ભિતઃ** - ગર્ભિત એવું
**શાંતેઃ** - શાંતિનાથનું
**ભય** - ભયને, ડરને
**શાંત્યાદિ** - શાંતિ વગેરે
**ભક્તિમતાં** - ભક્તિ કરનારાને
**યઃ ચ** - જે વળી
**પઠતિ** - ભણે છે
**શ્રૃણોતિ** - સાંભળે છે
**વા** - અથવા
**સ હિ** - તે અવશ્ય
**યાયાત્** - પામે
**ઉપસર્ગાઃ** - ઉપસર્ગો
**છિદ્યંતે** - છેદાય છે
**મનઃ પ્રસન્નતાં** - મન પ્રસન્નતાને
**પૂજ્યમાને** - પૂજન કરતાં
**સર્વ મંગલ** - સર્વે મંગલોમાં
**સર્વ કલ્યાણ** - સર્વે કલ્યાણનું
**પ્રધાનં** - પ્રધાન, મુખ્ય
**નમો નમઃ** - વારંવાર નમસ્કાર
**તસ્મૈ** - (તેને), તે
**પૂર્વસૂરિ** - પૂર્વાચાર્યોને
**મંત્રપદ** - મંત્રોના પદથી
**સ્તવઃ** - સ્તવ, સ્તવન
**સલિલાદિ** - પાણી વગેરેના
**વિનાશી** - નાશ કરનાર
**કરઃ** - કરનારને

—

**એનં** - આ સ્તવનને
**સદા** - હંમેશા, નિત્ય
**ભાવયતિ** - મનન કરે છે
**યથાયોગં** - વિધિપૂર્વક
**શાંતિપદં** - શાંતિના સ્થાનને
**સૂરિઃ શ્રીમાનદેવઃ** - માનદેવસૂરિને
**ક્ષયં યાન્તિ** - નાશ પામે છે
**વિઘ્નવલ્લયઃ** - વિઘ્નરૂપ વેલડી
**એતિ** - પામે છે
**જિનેશ્વરે** - જિનેશ્વરનું
**માંગલ્યં** - મંગલરૂપ
**કારણં** - કારણરૂપ
**સર્વધર્માણાં** - સર્વ ધર્મોમાં
**જૈનં જયતિ શાસનમ્** - જૈન શાસન-જૈન પ્રવચન-જયવંતુ વર્તે છે

## ■ વિવેચન :-

શ્રી માનદેવસૂરિ રચિત આ (લઘુ) શાંતિસ્તવ છે. આ સ્તોત્રમાં શાંતિનાથ ભગવાન્‌ની સ્તુતિની મુખ્યતા છે. આ સ્તોત્રને ભણવાથી, સાંભળવાથી કે અભિમંત્રિત પાણી છાંટવાથી રોગ અને વિઘ્નો દૂર થાય છે અને શાંતિ ફેલાય છે.

આ સ્તવ ઉપર હર્ષકીર્તિસૂરિએ વિક્રમ સંવત ૧૬૨૮માં, વાચનાચાર્ય ગુણવિનયે વિક્રમસંવત ૧૬૫૮માં, સિદ્ધચંદ્ર ગણિએ વિક્રમ સંવત ૧૬૯૦ના ગાળામાં અને ધર્મપ્રમોદ ગણિએ પણ આ જ સમયગાળામાં ટીકા રચ્યા હોવાનો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત 'લઘુ શાંતિસ્તવ' ઉપર ષડાવશ્યક બાલાવબોધમાં, પ્રતિક્રમણ બાલાવબોધમાં, ભૈરવ પદ્માવતીકલ્પ અંતર્ગત્ પણ આ સ્તોત્રની ટીકા કે અવચૂરિ જોવા મળે જ છે. આ કે આવા સંદર્ભ ગ્રંથોને આધારે આ લઘુશાંતિસ્તવનું વિવેચન અહીં રજૂ કરેલ છે.

— સર્વ પ્રથમ **ગાથા-૧**ના **વિવેચનથી આરંભ કરીએ** તે પૂર્વે એક સામાન્ય

ભૂમિકા રજૂ કરીએ છીએ–

– આ સ્તવ અથવા સ્તવનને શાંતિનાથનું સ્તવ અથવા શાંતિ માટેનું સ્તવ કહેવાય છે. આ સ્તવની ગાથા-૧૬માં સ્તવના રચયિતા માનદેવસૂરિએ 'स्तवः शान्तेः' એ પદો લખ્યા છે. એ રીતે આ સ્તવને "શાંતિસ્તવ" નામે ઓળખાવેલ છે.

– વિક્રમ સંવત ૧૩૩૪માં શ્રી પ્રભાચંદ્રસૂરિ દ્વારા રચિત પ્રભાવક ચરિત્રમાં "શ્રી માનદેવસૂરિ પ્રબંધ"માં આ સ્તવને "શાન્તિ સ્તવન" તરીકે ઓળખાવતા લખ્યું છે કે–

"श्री शान्ति-स्तवनाभिख्यं० ઇત્યાદિ ગાથા-૭૩.

શ્રી "શાંતિસ્તવન" નામના ઉત્તમ સ્તવનને લઈને તું સ્વસ્થતાપૂર્વક તારા સ્થાને જા, તેથી તને ઉપદ્રવોની શાંતિ થશે."

તેની સામે માનદેવસૂરિના જ ગચ્છની - શાખામાં થઈ ગયેલા એક વિદ્વાન્ મુનિરાજશ્રી એ માનદેવસૂરિની સ્તુતિ કરતી વખતે આ સ્તવનને સ્પષ્ટ રીતે "શાંતિ સ્તવ" નામથી જ ઓળખાવેલ છે તે માટે રચેલ શ્લોકનો અનુવાદ આ પ્રમાણે છે–

"નાડૂલ" એટલે રાજસ્થાન-મારવાડમાં આવેલા નાડોલ નામક નગરમાં ચોમાસું કરનારા અને સુવિહિતોના ક્રમ માર્ગના દીપક જેવા - મંત્રશાસ્ત્રોમાં પારંગત એવા માનદેવ સૂરિએ - પ્રબળ ભયંકર મરકીના ભયને દૂર કરનારું "શાંતિ સ્તવ" શાકંભરી નામના નગરથી આવેલા સંઘની વિનંતીથી બનાવ્યું.

તપાગચ્છ નાયક એવા ગુણરત્નસૂરિએ વિક્રમ સંવત-૧૪૬૬માં રચેલા ક્રિયારત્નસમુચ્ચય નામના ગ્રંથના અંતે ગુરુપર્વક્રમ-વર્ણનાધિકારના શ્લોક-૧૨માં પણ આ સ્તવને "શાંતિસ્તવ" નામથી ઓળખાવેલ છે.

આ શ્લોકનો અનુવાદ કરતાં કહી શકાય કે–

"પદ્મા, જયા વગેરે દેવીઓથી નમન કરાયેલા, નડ્ડૂલપુરી અર્થાત્ રાજસ્થાન-મારવાડની ગોડવાડ પંચતીર્થિમાં આવતા નાડોલમાં રહેલા જે માનદેવસૂરિએ "શાંતિસ્તવ"થી શાકંભરી પુરમાં પ્રગટેલી મારી અર્થાત્ મરકીની વ્યાધિને હરી હતી એટલે કે દૂર કરી હતી.

તપાગચ્છાધિપતિ એવા મુનિસુંદર સૂરિએ વિક્રમસંવત- ૧૪૬૬ કે ૧૪૯૯માં રચેલી ગુર્વાવલીના શ્લોક ૩૦ થી ૩૪માં ગુરુ માનદેવસૂરિનું સંસ્મરણ કરેલું છે. તેમાં તેઓ જણાવે છે કે, તેમણે અર્થાત્ માનદેવસૂરિએ રચેલા આ શાંતિસ્તવથી મારી-મરકીની વ્યાધિને દૂર કરી હતી.

આ શ્લોકનું ભાષાંતર આ પ્રમાણે છે–

"ભગવંત મહાવીરની પટ્ટ-પરંપરામાં થયેલા એવા માનદેવસૂરિજી, જેઓએ વર્ષાવાસ રૂપે નાડોલપુરમાં ચોમાસુ રહેવા છતાં પણ શાકંભરી નામના નગરમાં ઉત્પન્ન થયેલી મારિ અર્થાત્ મરકીને, તે નગરથી આવેલા શ્રાદ્ધ ગણની પ્રાર્થનાથી રચેલા "શાંતિ-સ્તવથી" દૂર કરી હતી.

વિજયવિમલ ગણિવરે 'ગચ્છાચાર' નામક પ્રકિર્ણક-આગમની જે ટીકા

રચી, તેની પ્રશસ્તિ લખી તેમાં પણ આ સ્તવનો ઉલ્લેખ "શાંતિ સ્તવ" નામથી કરેલો છે.

તેમના રચેલા શ્લોકમાં કહેલા ભાવો આ પ્રમાણે છે–

"પ્રદ્યોતન નામવાળા આચાર્ય થયા. ત્યારપછી દેવતાઓ વડે પૂજિત એવા શ્રી માનદેવસૂરિશ્વર થયા કે જેમણે "શાંતસ્તવ" વડે મરકીને દૂર કરેલી હતી.

આ રીતે આ સૂત્ર "શાંતિ-સ્તવન" તો કહેવાય જ છે, પણ અનેક પૂજ્યશ્રીએ તેને "શાંતિ-સ્તવ" નામે પણ ઓળખાવેલ છે. તેના ટીકાકર્તાઓએ લઘુશાંતિ કે લઘુશાંતિ સ્તોત્ર નામે પણ ઓળખાવેલ છે.

પ્રતિક્રમણની ક્રિયામાં પક્ખિ ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં કે નવસ્મરણમાં કે સ્નાત્ર પૂજા, દેવવંદનાદિમાં બોલાતું એવું બૃહત્-શાંતિ નામે સ્તોત્ર આવે છે. તે સ્તોત્રની તુલના એ આ "શાંતિસ્તવ" નાનું હોવાથી તેને 'લઘુશાંતિ" નામે ઓળખાવામાં આવે છે.

○ ગાથા-૧નું વિવેચન :-

● **शांतिं शांति-निशांतम् -**

○ शांतिं - (સોળમાં તીર્થંકર) શ્રી શાંતિનાથ ભગવંતને.

शांतिं - એટલે શાંતિને, આ ભરતક્ષેત્રની આ ચોવીસીના સોળમાં તીર્થંકર એવા શ્રી શાંતિનાથ ભગવંતને.

– અભિધાન ચિંતામણિના દેવકાંડમાં તેની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, તેઓ શાંતિવાળા છે, શાંતિસ્વરૂપ છે અને શાંતિ કરવામાં સમર્થ છે, માટે તેમને 'શાંતિ' કહેવામાં આવે છે.

– 'શાંતિ (संति) શબ્દની વ્યુત્પત્તિ, શાંતિ નામાકરણનું કારણ આદિ વ્યાખ્યા સૂત્ર-૮ "લોગસ્સ" સૂત્રમાં જોવી.

○ शांति-निशान्तम् - શાંતિના સ્થાન રૂપ, શાંતિ-નિકેતનને, શાંત-સદનને, શાંતિદેવીના આશ્રય સ્થાનને.

– शांति - એટલે અહીં શાંતિનાથ ભગવંત અર્થ નથી, પણ સ્તોત્રકારે જુદા જ અર્થમાં આ શબ્દ પ્રયોગ કર્યો છે. અહીં "શાંતિ"નો અર્થ કામ ક્રોધાદિનો જય, વિષય વિકાર રહિત અવસ્થા કે ઉપદ્રવનું નિવારણ - એ પ્રમાણે સમજવો.

– निशांत - એટલે સદન, ગૃહ, સ્થાન, નિકેતન, ગૃહ કે આશ્રય.

– અભિધાન ચિંતામણિના ભૂમિકાંડમાં શ્લોક-૫૫ થી "શાંતિનિશાંત" શબ્દનો અર્થ શાંતિસદન, શાંતિનું ધામ આદિ કર્યો છે.

અથવા - 'શાંતિ' પદથી "શાંતિદેવી" એ પ્રમાણે અર્થને ગ્રહણ કરીએ તો "શાંતિદેવીનું આશ્રયસ્થાન" એવો અર્થ પણ સંગત છે.

– પ્રભાવક ચરિત્રમાં શ્રીમાનદેવસૂરિના પ્રબંધમાં શ્લોક-૬૬માં આ પ્રમાણે શ્રી પ્રભાચંદ્ર સૂરિ જણાવે છે કે–

આ શ્લોકનો અનુવાદ આ પ્રમાણે છે કે–

"શ્રી શાંતિનાથ ભગવંતના તીર્થની સેવા કરનારી શાંતિદેવી પોતાની બે મૂર્તિઓ બનાવીને અમારા - વિજયા અને જયાના-બહાને તેમને વંદન કરે છે."

– અર્થાત્ શાંતિદેવી તે શ્રી શાંતિનાથ ભગવંતની શાસનદેવી છે. "નિર્વાણકલિકા" ગ્રંથમાં ચોવીસ શાસન દેવીઓના વર્ણન પછી શાંતિદેવીનું વર્ણન કરતા તેમાં જણાવલે છે કે—

"શ્વેત વર્ણવાળી, કમલ પર બેઠેલી, ચાર ભુજાવાળી, વરદ મુદ્રા અને અક્ષમાલાયુક્ત જમણા હાથવાળી તથા કુંડિકા અને કમંડલયુક્ત ડાબા હાથવાળી એવી શાંતિદેવી.

– શાંતિદેવીનું આ વર્ણન શાંતિનાથ ભગવંતની શાસનદેવી નિર્વાણીને મહદ્અંશે મળતું આવે છે.

નિર્વાણકલિકાના અર્હદ્ આદિનાં વર્ણાદિ ક્રમ-વિધિમાં જણાવેલું છે કે, શ્વેત વર્ણવાળી, કમલ પર બેઠેલી, ચાર ભુજાવાળી, પુસ્તક અને કમલયુક્ત જમણા હાથવાળી, કમંડલુ અને કમલયુક્ત ડાબા હાથવાળી નિર્વાણી દેવી.

આ રીતે શાંતિદેવી અને નિર્વાણી દેવીનું સ્વરૂપ મહદ્ અંશે સામ્યતા ધરાવે છે. એ જોતાં એવું પણ કલ્પી શકાય કે શાંતિદેવી અને નિર્વાણીદેવી બંને એક જ છે.

આવી શાંતિદેવી (નિર્વાણીદેવી)ના આશ્રયસ્થાનરૂપ એવા શાંતિનાથ ભગવંતને અથવા (પહેલા અર્થ મુજબ) શાંતિના સ્થાનરૂપ એવા શાંતિનાથને - તે "શાંતિં શાંતિ નિશાંતં".

● **शांतं शांताशिवं नमस्कृत्य** - રાગદ્વેષરહિત, જેનામાં ઉપદ્રવો શાંત થયા છે એવા (શાંતિનાથને) નમસ્કાર કરીને–

○ શાંતં - રાગદ્વેષરહિત, શાંત રસથી યુક્ત, પ્રશમરસ નિમગ્ન, ત્રિગુણાતીત-એવા તેમને (શાંતિનાથને).

– આ શાંતિનાથ ભગવંતનું વિશેષણ છે.

– "શાંત" એટલે શાંતરસથી યુક્ત, પ્રશમરસમાં નિમગ્ન, સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણ ગુણોથી અતીત, રાગ-દ્વેષરહિત.

– શાંતરસ માટે કહેવાયું છે કે–

"જેમાં દુઃખ નથી, સુખ નથી, ચિંતા નથી, રાગ-દ્વેષ નથી કે કોઈ પણ પ્રકારની ઇચ્છા નથી, તેને શ્રેષ્ઠ મુનિઓએ શાંતરસ કહ્યો છે. બધા ભાવોમાં 'શમ' એ શ્રેષ્ઠ છે.

કોઈપણ જિનેશ્વર પરમાત્માની આકૃતિ-પ્રતિમા પ્રશમરસ નિમગ્ન હોય છે. તે માટે કહેવાયું છે કે-

"તારું દૃષ્ટિ-યુગલ પ્રશમરસમાં નિમગ્ન છે, મુખ-કમલ પ્રસન્ન છે, ખોળો સ્ત્રીના સંગથી રહિત છે. બંને હાથો પણ શસ્ત્રથી રહિત છે, તેથી જગત્માં ખરેખર તું જ વીતરાગ દેવ છે."

સત્ત્વ, રજસ્ અને તમસ્ - એ ત્રણ ગુણોથી 'અતીત' હોય એટલે 'પર' હોય તેના 'શાંત' કહેવામાં આવે છે.

રાગ-દ્વેષથી રહિત કે પરને પણ 'શાંત' કહેવાય છે.

○ शांताशिवम् - અશિવ રહિતને, પોતાના તથા બીજાના અશિવને શાંત કરનારને, જેનામાં ઉપદ્રવો શાંત થયા છે એવાને.

– આ પણ શાંતિનાથ ભગવંતનું વિશેષણ છે.

– શાંતા શિવ એટલે શાંત થયું છે અશિવ-ઉપદ્રવ જેના તે.

– શાંત એટલે અહીં નષ્ટ, નાશ પામેલું, દૂર થયેલું.

– अशिव એટલે શિવ નહીં તે, કર્મ ક્લેશ, ઉપદ્રવ.

– અભિધાન ચિંતામણિ પ્રથમ કાંડના શ્લોક-૮૬માં કહ્યું છે કે, "જેમાં શાશ્વત આનંદયુક્ત સ્થિતિ છે તે શિવ." આત્મા સ્વભાવથી આનંદમય છે, એટલે તે શિવ સ્વરૂપ છે અને કર્મનો ક્લેશ કે ઉપદ્રવો ઉપાધિ ઉભી કરે છે, એટલે તે અશિવ છે.

– આવા અશિવ જેમના કે જેનામાં શાંત થઈ ગયા છે તેને "શાંતાશિવ" કહેવામાં આવે છે.

○ नमस्कृत्य - નમસ્કાર કરીને, વંદન કરીને.

– આ પદ શાંતિનાથ ભગવંત સાથે સંબંધિત છે. પણ વંદન કે નમસ્કાર કરીને શું ? તે હવે પછીના પદમાં જણાવે છે.

● **स्तोतुः शांति निमित्तं** - સ્તુતિ કરનારની શાંતિના કારણરૂપ.

○ स्तोतुः સ્તુતિ કરનાર મનુષ્યની

– સિદ્ધિચંદ્રગણિકૃત્ - શાંતિસ્તવની ટીકામાં જણાવેલ છે કે, "જે સ્તુતિ કરે છે તે 'સ્તોતા' કહેવાય છે. તેની (શાંતિને માટે)

– ધર્મપ્રમોદ ગણિકૃત્ શાંતિસ્તવની ટીકામાં જણાવેલ છે કે, સ્તોતાની અર્થાત્ સ્તુતિ કરનાર મનુષ્યની.

○ शांति-निमित्तं - શાંતિના નિમિત્તને, શાંતિના હેતુને, શાંતિના સાધનને, શાંતિના કારણરૂપ.

– શાંતિ - શબ્દનો અર્થ અહીં - ભય તથા ઉપદ્રવનું શમન જાણવો.

– નિમિત્ત એટલે હેતુ, સાધન, કારણ.

– જેના વડે ભય તથા ઉપદ્રવનું શમન થાય છે તે 'શાંતિનિમિત્ત'

● **मन्त्रपदैः शांतये स्तौमि** - શાંતિના માટે મંત્રોના પદ વડે (શ્રી શાંતિનાથની) હું સ્તુતિ કરું છું.

○ मन्त्रपदैः - મંત્ર પદો વડે.

– મંત્ર એટલે વર્ણોની રચના વિશેષ. દેવાદિ સાધન કે મહાબીજ.

– પદ એટલે વર્ણોનો સમૂહ.

– મંત્રનું પદ કે મંત્રાત્મક પદને "મંત્રપદ" કહે છે.

૦ શાંતયે - શાંતિને માટે, ઉપસ્થિત ભયો અને ઉપદ્રવોના નિવારણ અર્થે, વ્યંતર કે શાકિનીએ કરેલા ક્રોધના સ્તંભન માટે.

— અહીં ક્રોધનું સ્તંભન મંત્રપદોથી કરવામાં આવે છે.

૦- સ્તૌમિ - વર્ણવું છું, સ્તુતિ કરું છું.

— ગુણવિનય કૃત્ શાંતિસ્તવની ટીકામાં જણાવે છે કે, સ્તૌમિ એટલે વર્ણન કરું છું.

**૦ અન્વય પદ્ધતિએ ગાથા-૧નો પરિચય :-**

લઘુશાંતિ સ્તવના ટીકાકાર પહેલી ગાથાને "મંગલાદિ"રૂપે પ્રયોજાયેલી હોવાનું જણાવે છે—

મંગલાદિ - શબ્દનો અર્થ મંગલ, અભિધેય, વિષયસંબંધ અને પ્રયોજન - - એ પ્રમાણે થાય છે.

આ મંગલ આદિ ચારે વસ્તુને સ્તવકર્ત્તાએ પહેલી ગાથામાં દર્શાવેલી છે. તે આ પ્રમાણે જાણવી—

(૧) શાંતિં, નમસ્કૃત્ય - એ બે પદો 'મંગલ-સૂચક' છે.

(૨) શાંતિ નિમિત્તં, સ્તૌમિ - આ બે પદો "શાંતિ-સ્તવ" એવા 'અભિધેય'ના સૂચક છે.

(૩) "મન્ત્રપદૈઃ" - આ પદ "મંત્રપદ પૂર્વકની સ્તુતિ" એવા વિષયનું સૂચન કરે છે.

(૪) સ્તોતુઃ, શાંતયે - આ બે પદો "શાંતિ કરવાના" પ્રયોજનને સૂચવે છે.

આ ગાથામાં ક્રિયાપદ છે. સ્તૌમિ-એટલે સ્તવું છું, વર્ણવું છું.

— વર્ણવું છું, પણ કોને ? શાંતિના કારણને - સાધનને.

— કેવી રીતે વર્ણવે છે ? મંત્રગર્ભિત પદો વડે.

— શા માટે વર્ણવે છે ? સ્તુતિ કરનારાઓની શાંતિને માટે.

— શું કરીને વર્ણવે છે ? શાંતિનાથને નમસ્કાર કરીને.

— શાંતિનાથ ભગવંતને નમસ્કાર શા માટે કરે છે ? કેમકે (૧) તેઓ શાંતિના સ્થાનરૂપ છે, (૨) શાંતરસથી યુક્ત છે, (૩) શાંત થયેલા અશિવ કે ઉપદ્રવવાળા છે.

— શાંતિનાથ ભગવંતના ઉક્ત ત્રણે વિશેષણો સાર્થક છે.

કારણ કે — (૧) તેમના કષાયો સર્વથા ક્ષીણ થયેલા હોવાથી તેઓ "શાંતિના સ્થાનરૂપ" કહેવાય છે અથવા તેઓ શાંતિદેવીના આશ્રયસ્થાનરૂપ હોવાથી "શાંતિના સ્થાનરૂપ" કહેવાય છે.

(૨) તેઓ શાંતરસથી યુક્ત અથવા પ્રશમરસમાં નિમગ્ન હોવાથી "શાંત" કહેવાય છે.

(૩) કર્મનો સર્વ ક્લેશ અથવા ઉપદ્રવોને સર્વથા ટાળેલો હોવાથી તેઓ "શાંતાશિવ" કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

○ *હવે આ સ્તવની* **બીજી** ગાથાનું *વિવેચન કરીએ છીએ–*

● **ओमिति निश्चितवचसे**- 'ॐ' એવા નિશ્ચિત અથવા વ્યવસ્થિત વચનવાળા.

○ ओम् - એટલે ૐકાર, આ વર્ણ પરમતત્ત્વની વિશિષ્ટ સંજ્ઞારૂપ છે, તે પ્રણવબીજ છે.

– ઓમ્ એક વર્ણરૂપે પરમ્ જ્યોતિ, પરમતત્ત્વ કે પરમાત્મ પદનો વાચક છે.

– જો ઓમ્ ના અક્ષરોને જુદા પાડીએ તો તે પંચપરમેષ્ઠિનો વાચક છે. "આર્ષવિદ્યાનુશાસન"ના પહેલા સમુદ્દેશના બેંતાલીશમાં શ્લોકમાં કહ્યું છે કે–

અરહંતોનો 'અ', અસરીરી (સિદ્ધ)નો 'અ', આયરિયનો 'આ', ઉવજ્ઝાયનો 'ઉ'તથા મુનિ (સાધુ)નો 'મ' એ પ્રમાણે બધાંનો પહેલો - પહેલો અક્ષર લઈ - અ + અ + આ + ઉ + મ્ = "ઓમ્" એ પ્રમાણે 'ૐ'કાર એ પંચપરમેષ્ઠીનો વાચક છે.

– જિનેશ્વરદેવને પણ 'ૐ'કાર રૂપ કહેલા છે. "મંત્રાધિરાજ સ્તોત્ર"માં જણાવે છે કે, 'ૐ'કાર એ પરમાત્માનો વાચક છે.

○ इति - એવા.

○ निश्चितवचसे - નિશ્ચય કે વ્યવસ્થિત વચનવાળા.

– ગુણરત્નકૃત્ શાંતિસ્તવ ટીકામાં જણાવે છે કે–

"નિશ્ચિત" એટલે સંશયના અભાવવાળું.

"વચઃ" એટલે વચન.

– જેમનું વચન નિશ્ચિત છે, તે "નિશ્ચિતવચા" કહેવાય.

– વળી વાણીના પાત્રીશ અતિશયોમાં સંશયોનો અસંભવ અર્થાત્ અસંદિગ્ધ વચન એ અગિયારમો અતિશય કહ્યો છે. તેથી "નિશ્ચિતવચાઃ" એ વિશેષણ અહીં વાણીના અતિશયરૂપે કહેલ છે.

– હર્ષકીર્તિસૂરિએ આ સ્તવ પરની વૃત્તિમાં - "ૐ એવું નિશ્ચિત છે નામ જેમનું તે." એ પ્રમાણે અર્થ કરેલો છે.

– અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના શ્લોક-૩૨માં કહ્યું છે તેના ભાવાર્થ મુજબ પણ - જિનેશ્વરદેવને નિયત અને અવિસંવાદી વચનવાળા કહ્યા છે.

● **नमो नमो भगवतेऽर्हते पूजाम्** - પૂજાને યોગ્ય એવા ભગવંતને વારંવાર નમસ્કાર થાઓ.

○ नमो नमः - નમસ્કાર હો - નમસ્કાર હો. વારંવાર નમસ્કાર હો.

– અહીં મંત્રપ્રયોગને લીધે 'નમો' પદ બે વખત મૂકાયેલ છે. તેથી પુનરુક્તિ દોષ થતો નથી. કહ્યું છે કે–

"સ્તુતિ કરતો કે નિંદા કરતો વક્તા હર્ષાદિના આવેગથી કે મનની વ્યાકુળતાથી જે પદ એક કરતા વધુ વખત બોલે તે પુનરુક્તિવાળું પદ દોષને યોગ્ય ગણાતું નથી.

o भगवते - ભગવાનને.

– "ભગ" એટલે જ્ઞાન કે પૂર્ણજ્ઞાન, તેનાથી યુક્ત તે ભગવાન.

– આ શબ્દની વિશેષ વ્યાખ્યા સૂત્ર-૧૩ "નમુત્થુણં"માં જુઓ.

o पूजाम् अर्हते - પૂજાને યોગ્ય, પરમ પૂજ્ય.

– પૂજન કરવું તે પૂજા. વિશિષ્ટ અર્થમાં દ્રવ્યથી - ચંદન, કેસર, બરાસ આદિથી પૂજવા તે. ભાવથી, સ્તુતિ, સ્તવન, સ્તવ આદિ ઉત્તમ વચનો વડે કરાયેલ પૂજન તે પૂજા.

– 'અર્હત્' એટલે યોગ્ય.

– જેઓ ઉત્તમ પ્રકારનાં દ્રવ્યો તથા ભાવ વડે પૂજા કરવાને યોગ્ય છે તેમને (તે શાંતિનાથને)

● **शांतिजिनाय जयवते** - રાગદ્વેષને જિતનાર એવા શાંતિનાથ જિનેશ્વરનો.

o शांतिजिनाय - શ્રી શાંતિનાથ જિનવરને.

o जयवते - જયવંતને, રાગદ્વેષને જિતનારને.

– જિત મેળવવી તે જય, તેનાથી યુક્ત તે જયવત્ - તેને.

– સકલાર્હત્ સ્તોત્રની ગાથા-૨૮માં શ્રી વિમલનાથ ભગવંતની સ્તુતિ કરતા કહ્યું છે કે, "જયતિ વિજિતાન્યતેજાઃ" તેમાં પણ 'વિજિત' શબ્દથી "વિશેષ પ્રકારે જિતનાર" એવા અર્થમાં જ તીર્થંકર ભગવંતને ઓળખાવેલ છે - એ રીતે શાંતિનાથ ભગવંત માટે પણ "જયવતે" એવું વિશેષણ યોગ્ય જ છે.

● **यशस्विने स्वामिने दमिनाम्** - યશવાળા અને મુનિઓના સ્વામિ (એવા શ્રી શાંતિનાથ)

o यशस्विने - યશસ્વીને, સર્વત્ર મહાન્ યશવાળાને.

– કીર્તિના વિસ્તારને 'યશ' કહેવાય છે. તેનાથી યુક્ત તે "યશસ્વી" - તેમને.

– તીર્થંકરોનું યશનામ કર્મ ઘણું જ મોટું હોય છે, તેથી તેઓ "યશસ્વી" કહેવાય છે.

– 'શાંતિસ્તવ'માં કહેવાયેલ વિશેષણ જેવા જ વિશેષણથી બપ્પભટ્ટ સૂરિએ રચેલ ચતુર્વિંશતિકાના એકવીસમાં શ્લોકમાં "પદ્મપ્રભસ્વામી"ની સ્તુતિ કરી છે. તેમણે ત્રીજા ચરણને અંતે ભગવંત માટે "यशस्ये" એવું વિશેષણ વાપરેલ છે.

o दमिनां स्वामिने - મુનિઓના સ્વામી, યોગીશ્વર - તેને

– 'દમિન્' શબ્દનો અર્થ છે 'મુનિ'. પણ વ્યુત્પત્તિ અર્થ વિચારીએ તો - 'દમ' શબ્દથી ઇન્દ્રિય દમન એવો અર્થ થાય છે. જે ઇન્દ્રિય દમન કરે તે મુનિ અથવા યોગી.

– 'સ્વામિ' શબ્દનો અર્થ - ધર્મપ્રમોદગણિ કૃત્ શાંતિસ્તવ ટીકામાં 'નાયક' કરેલો છે.

– એ રીતે યોગીઓના નાયક કે મુનિઓના સ્વામી એવા યોગીશ્વર કે મુનીન્દ્ર

(શાંતિનાથને અહીં નમસ્કાર કરાયો છે.)

– આવો 'યોગીશ્વર' વિશેષણરૂપ શબ્દપ્રયોગ ભગવંતને માટે માનતુંગ સૂરિએ પણ ભક્તામર સ્તોત્રની ગાથા-૨૪માં કર્યો છે - "યોગીશ્વરં વિદિત યોગમનેકમેકં"

**૦ બીજી ગાથાનો અર્થ અન્વય પદ્ધતિએ –**

– સર્વ પ્રથમ પદ છે - ૐ - તેનો અર્થ છે – "ૐ પૂર્વક અમે નામ મંત્રનો પ્રારંભ કરીએ છીએ.

– नमोनमः નમસ્કાર હો, નમસ્કાર હો.

– આ નમસ્કાર કોને કર્યો ? - શાંતિજિનને.

– આ શાંતિજિન કેવા છે ? તેના વિશેષણોને જણાવે છે–

(૧) નિશ્ચિત અથવા વ્યવસ્થિત વચનવાળા.

(૨) ભગ-વાન્, પૂર્ણ જ્ઞાની એવા મહાત્માને.

(૩) દ્રવ્ય અને ભાવથી પૂજાને યોગ્ય, પરમ પૂજ્ય

(૪) જયવંત, રાગ-દ્વેષને જિતનાર એવા.

(૫) યશસ્વી, સર્વત્ર મહાયશ પ્રાપ્ત કરનાર.

(૬) ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર (મુનિ)ના સ્વામી.

**૦ ખાસ નોંધ :-**

આ લઘુશાંતિ સ્તવની બીજીથી છટ્ઠી ગાથા પર્યન્તની સ્તવના નામમંત્રમય સ્તુતિથી યુક્ત છે. તેથી **ગાથા ૨ થી ૬**ને **શાંતિજિન-નામમંત્ર-સ્તુતિ** તરીકે ઓળખવામાં આવે છે.

**૦ હવે ત્રીજી ગાથાનું** વિવેચન કરીએ છીએ.

● **सकलातिशेषक-महासम्पत्ति-समन्विताय** - સંપૂર્ણ ચોત્રીશ અતિશયરૂપ-મોટી સંપદાએ કરીને સહિત અથવા ચોત્રીશ અતિશયરૂપ મહાઋદ્ધિવાળા-તેમને.

૦ सकल એટલે સંપૂર્ણ, સમગ્ર, સમસ્ત.

૦ अतिशेपक - એટલે અતિશયો, વિશેષ ઋદ્ધિ

૦ સકલાતિશેષક એટલે તીર્થંકરના ચોત્રીશ અતિશયો.

– આ ચોત્રીશ અતિશયો કયા કયા છે ? તેનું વર્ણન જાણવા માટે સૂત્ર-૧ 'નમસ્કારમંત્ર'નું વિવેચન જોવું.

૦ महा એટલે મહાન્, મોટી.

૦ संपत्ति એટલે સંપત્, ઋદ્ધિ, સમ્પતિ.

– વિશેષાવશ્યક ભાષ્યની ગાથા-૭૭૯, ૭૮૦માં સંપત્તિ અથવા ઋદ્ધિને સોળ પ્રકારે જણાવી છે - તે આ પ્રમાણે–

(૧) આમર્શૌષધિ, (૨) વિપ્રુડૌષધિ, (૩) શ્લેષ્મૌષધિ,
(૪) જલ્લૌષધિ, (૫) સંભિન્નશ્રોત, (૬) ઋજુમતિ,
(૭) સર્વૌષધિ, (૮) ચારણવિદ્યા (૯) આશીવિષ,

(૧૦) કેવલિ (૧૧) મનઃપર્યવજ્ઞાન (૧૨) પૂર્વધરપણું,
(૧૩) અરહંત (૧૪) ચક્રવર્તી (૧૫) બલદેવ
(૧૬) વાસુદેવ - એ પ્રમાણે-૧૬ ઋદ્ધિ જાણવી.

અહીં લબ્ધિ અને લબ્ધિધરના અભેદ ઉપચારથી લબ્ધિ સાથે લબ્ધિધરને પણ લબ્ધિમાં ગણાવેલા છે.

આ સોળ પ્રકારની ઋદ્ધિઓમાં અરિહંતની ઋદ્ધિ સર્વથી ઉત્તમ હોય છે, તેથી તેને 'મહાસંપત્તિ' કહેવાય છે.

સારાંશ એ કે જગત્‌ના મહાન્ લબ્ધિધર અને સામર્થ્યવાળા કોઈપણ કરતાં પણ અરિહંત પરમાત્માની ઋદ્ધિ અને સામર્થ્ય ચડિયાતુ અને વિશિષ્ટ સ્વરૂપનું હોય છે.

– આ વાતની પ્રતીતિ "રત્નાકરપંચવિંશતિકા"ના મૂળ સંસ્કૃત રચયિતા રત્નાકરસૂરિજીએ પણ પહેલી ગાથામાં કરાવેલ છે. તેઓએ ગાથાના ત્રીજા ચરણમાં ભગવંતને-"સર્વાતિશયપ્રધાન" શબ્દથી સ્તવીને તેમને "સર્વ અતિશય વડે પ્રધાન" કહીને ઓળખાવેલ છે.

● **शस्याय** - પ્રશસ્તને, શ્રેષ્ઠને, પ્રશંસવા યોગ્યને.

– હર્ષકીર્તિ રચિત શાંતિસ્તવ ટીકામાં 'શસ્યાય' પદની વ્યાખ્યા કરતા કહ્યું છે - શસ્ય એટલે પ્રશસ્ય કે શ્રેષ્ઠ.

શંસ્ ક્રિયાપદનો અર્થ છે - 'પ્રશંસા કરવી' તેના પરથી શબ્દ બન્યો શસ્ય એટલે પ્રશંસાની યોગ્ય.

– આ જ પદથી ભગવંતની સ્તુતિ બપ્પભટ્ટસૂરિજીએ પણ કરી છે. તેમણે સ્વરચિત ચતુર્વિંશતિકાની ગાથા-૨૧માં 'शस्ये' શબ્દનો પ્રયોગ આ ગાથાના અંતે કર્યો છે.

● **त्रैलोक्य-पूजिताय च** - વળી ત્રણ લોકના જીવોથી પૂજિત એવા અને ત્રૈલોક્યથી પૂજાયેલાને.

– ત્રણ લોક એટલે ત્રિલોક - ત્રૈલોક્ય - અથવા -

– ત્રિલોકમાં ઉત્પન્ન થયેલા તે ત્રૈલોક્ય - સુર, અસુર, મનુષ્ય.

– પૂજિત એટલે પૂજાયેલા, પૂજિત.

– મોટી શાંતિમાં પણ શિવાદેવી માતાએ ગાથા-૩માં પરમાત્માની સ્તુતિ કરતા "ત્રિલોકપૂજ્યા" એવું વિશેષણ વાપર્યુ જ છે. જે જિનેશ્વરદેવના "ત્રિલોક પૂજિત-પણાને" જણાવે છે.

– च - અને, વળી. આ અવ્યય 'સમાહાર'રૂપે છે.

● **नमोनमः शांतिदेवाय** - શાંતિનાથ ભગવંતને વારંવાર (મારા) નમસ્કાર થાઓ.

૦ नमोनमः વારંવાર નમસ્કાર થાઓ.

– આ પદનો પ્રયોગ ગાથા-૨માં પણ થયો છે, ત્યાં જોવું.

○ शांतिदेवाय - શાંતિનાથ ભગવંતને.

– "શાંતિ" એ સોળમાં તીર્થંકર છે. 'દેવ' એટલે ભગવંત.

**ગાથા-૩નો** અન્વય પદ્ધતિએ અર્થ–

નમોનમઃ એટલે વારંવાર નમસ્કાર થાઓ.

– પણ આ નમસ્કાર કોને કરવાનો છે ?

– શાંતિના દેવને અર્થાત્ શાંતિનાથ ભગવંતને.

– પણ આ શાંતિનાથ ભગવંત કેવા છે ?

(૧) ચોત્રીશ અતિશયરૂપ મહાઋદ્ધિવાળા.

(૨) પ્રશસ્ત-સ્તુતિ કરવા યોગ્ય.

(૩) સુર, અસુર, મનુષ્ય ત્રણે લોકથી પૂજાયેલા.

○ **હવે ગાથા-૪ અને ૫**નું વિવેચન સાથે રજૂ કરીએ છીએ.

– ગાથા-૪ અને ગાથા-૫ બંને પરસ્પર સંબંધવાળી હોવાથી તેની વ્યાખ્યા અને વિવેચન સંયુક્ત જણાવેલ છે.

● **सर्वामर-सुसमूह स्वामिक-संपूजिताय** - સર્વ દેવ-સમૂહના સ્વામીઓથી વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા.

○ सर्व - સર્વ, બધાં, સઘળા ○ अमर - અમર, દેવ

○ सुसमूह- એટલે સુંદર સમૂહ કે યૂથ.

– અહીં 'સુસમૂહ'નું 'સસમૂહ' એવું પાઠાંતર પણ મળે છે. તેનો અર્થ છે - પોત પોતાના સમૂહ સાથે - સ્વસમૂહ સહ.

– 'સર્વામરસુસમૂહ' એટલે સર્વ દેવતાઓનો મહાન્ સમૂહ.

○ स्वामिक એટલે સ્વામી, પ્રભુ, અધિપતિ.

– અહીં 'સ્વામિ' સાથે સ્વાર્થમાં 'ક' પ્રત્યય જોડાયો છે.

○ संपूजित - સમ્યક્ પ્રકારે-વિશિષ્ટ પ્રકારે પૂજાયેલ.

● **निजिताय** - કોઈથી પણ ન જિતાયેલા એવા.

– जि ક્રિયાપદનો અર્થ છે જીતવું.

– नि ઉપસર્ગ 'અભાવ'ના અર્થમાં છે. नि એટલે નહીં.

– निजित નું પાઠાંતર नजित પણ છે. બંને પદોનો અર્થ છે – 'નહીં જિતાયેલા' - કોઈથી ન જિતાયેલા.

– निजिताय નું निचिताय એવું પાઠાંતર પણ મળે છે.

● **भुवनजन पालनोद्यत-तमाय** - ત્રણ ભુવનના પ્રાણીઓનું પાલન કરવામાં ઘણાં સાવધાન કે ઉદ્યત વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં તત્પર - એવા (શાંતિનાથને)

○ भुवन - ત્રણ ભવન, વિશ્વ ○ जन - લોકો, પ્રાણી

○ पालन - પાલન, રક્ષણ (કરવામાં)

○ उद्यततम - અતિ ઉદ્યત, તત્પર, સાવધાન.

— ઉદ્યત એટલે પ્રયત્ન કરનાર, જેણે પ્રયત્ન કરેલો છે એવો.

— 'તમ' પ્રત્યય અહીં અતિશયના અર્થમાં વપરાયો છે.

● **सततं नमस्तस्मै** - તે - શાંતિનાથ ભગવંતને - હંમેશા નમસ્કાર થાઓ.

○ સતતં - એટલે સદા, હંમેશા, નિત્ય.

○ નમઃ - એટલે નમસ્કાર થાઓ - હો.

○ તસ્મૈ એટલે તેમને - તે શાંતિનાથ ભગવંતને.

● **सर्व-दुरितौघ-नाशनकराय** - સર્વ પાપના સમૂહનો નાશ કરનારા, સમગ્ર ભય-સમૂહના નાશ કરનારા - તેને.

○ सर्व - સર્વ, સકલ, સમગ્ર ○ दुरित - ભય, પાપ

○ ओघ - સમૂહ ○ नाशनकर - વિનાશ કરનાર

— આ જ પ્રકારના વિશેષણનો શાંતિનાથ ભગવંત માટે પ્રયોગ શ્રી મુનિસુંદરસૂરિજીએ "સંતિકરં-સ્તવ"માં બીજી ગાથામાં કર્યો છે—

"સવ્વાસિવ-દુરિઅ-હરણાણં" સર્વ અશિવ અને દૂરિતને હરનારા-તેને અર્થાત્ અહીં આ વિશેષણ સાર્થક જ છે.

● **सर्वाशिव-प्रशमनाय** - બધાં ઉપદ્રવોને શાંત કરનારા, સર્વ અશિવોનું શમન કરનારા - તેને.

○ સર્વ - બધા પ્રકારના, ○ અશિવ - ઉપદ્રવો, અશિવ

○ પ્રશમન - શમન કરનારા, શાંત કરનારા

— જે બધાં ઉપદ્રવોનું અત્યન્ત શમન કરનારા છે તેમને.

● **दुष्ट ग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय** - દુષ્ટ એવા ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીઓ મથન-અત્યંત નાશ કરનારાને.

○ दुष्टग्रह - ગોચર આદિમાં બગડેલા સૂર્ય આદિ અશુભ ગ્રહો.

○ भूत-पिशाच - દુષ્ટ એવા ભૂત અને પિશાચ. આ વ્યંતર જાતિના દેવ વિશેષ છે. તેઓ ભૂલ કરનારને છળવા માટે તત્પર હોય છે.

○ शाकिनी - દેવતા વિશેષ. મેલી વિદ્યા જાણનારી સ્ત્રીને પણ શાકિની-ડાકણ કહેવાય છે.

○ प्रमथन - મથન કરનાર, અત્યંય નાશ કરનાર.

— અહીં આખા વાક્યમાં 'ઉપદ્રવ' શબ્દ અધ્યાહાર છે. તેથી અહીં સમગ્ર વાક્યનો અર્થ આ પ્રમાણે થશે - દુષ્ટ એવા ગ્રહ, ભૂત, પિશાચ, શાકિનીઓના ઉપદ્રવોનો અત્યંત નાશ કરનારા.

આ વિશેષણ સાર્થક છે, "મંત્રાધિરાજ ચિંતામણિ"માં પાર્શ્વનાથ સ્તોત્રમાં પણ શ્રી જિનેશ્વર દેવને ભૂત-પિશાચ આદિના પ્રણાશક તરીકે ઓળખાવીને સ્તવના કરાયેલી છે.

— પાર્શ્વનાથ સ્તોત્રના તે શ્લોકમાં શબ્દો મૂક્યા છે—

"ભૂતપ્રેત પ્રણાશકમ્" તથા "પ્રેતપિશાચાદિન્ પ્રણાશયતિ"

**૦ ગાથા-૪ અને ૫નો અન્વયાર્થ :-**

– सततं नमः સદા નમસ્કાર થાઓ - હો.

– આ નમસ્કાર કોને કરવાનું કહ્યું છે ?

– તેમને, તે શાંતિનાથ પરમાત્માને.

– એ શાંતિનાથ ભગવંત કેવા છે ? વિશેષણો બતાવે છે–

(૧) સર્વ દેવસમૂહના ઇન્દ્રોથી સમ્યક્ પ્રકારે પૂજાયેલા.

(૨) કોઈથી ન જિતાયેલા એવા.

(૩) ત્રણે ભુવનના લોકોનું પાલન-રક્ષણ કરવા ઉદ્યત.

(૪) સમગ્ર ભય-પાપ સમૂહનો નાશ કરનારા.

(૫) બધાં અશિવ-ઉપદ્રવોનું શમન કરનારા.

(૬) દુષ્ટ એવા ગ્રહો, ભૂત, પિશાચ, શાકિનીઓ દ્વારા કરાયેલા ઉપદ્રવો-પીડાનો નાશ કરનારા.

**૦ હવે ગાથા-૬નું** વિવેચન કરવામાં આવે છે–

● **यस्येति नाम-मंत्र-प्रधान-वाक्योपयोग-कृततोषा** – જેમના - જે શાંતિનાથ ભગવંતના, આ પ્રકારના - પૂર્વે કહેલા નામરૂપી મંત્રવાળા વાક્યપ્રયોગથી સંતુષ્ટ કરાયેલી.

– નામમંત્રની પ્રધાનતાવાળો.

– ભગવંતના વિશિષ્ટ નામવાળા મંત્રને 'નામમંત્ર' કહે છે.

– વાક્યનો ઉપયોગ કે વાક્યનો પ્રયોગ તે 'વાક્યોપયોગ' તે અહીં વિધિસરના જપ કે અનુષ્ઠાન અર્થમાં સમજવો.

– 'કૃતતોષા' એટલે કરાયેલા તોષવાળી, તુષ્ટ કરાયેલી અર્થાત્ 'નામમંત્ર'વાળા વાક્યપ્રયોગોથી તુષ્ટ કરાયેલી.

– આ રીતે પૂર્વની ગાથાઓમાં "શ્રી શાંતિજિન-નામમંત્ર-સ્તુતિ"માં સોળ નામમંત્રો રહેલા છે તે આ પ્રમાણે છે–

(૧) ॐ निश्चितवचसे शांतिजिनाय नमो नमः

આ રીતે અહીં ૧ થી ૧૬ નામમંત્રોના આદ્યપદ નોંધીએ છીએ. જેમકે – "નિશ્ચિતવચસે" આદિ. આ દરેક પદની સાથે પૂર્વે ॐ અને પછી "શાંતિજિનાય નમો નમઃ" જોડતા જવાથી કુલ સોળ મંત્રો બનશે.

(૧) નિશ્ચિત વચસે (૨) ભગવતે
(૩) અર્હતે (૪) જયવતે
(૫) યશસ્વિને (૬) દમિનાં સ્વામિને
(૭) સકલાતિશેષ મહાસંપત્તિ સમન્વિતાય
(૮) શસ્યાય (૯) શાંતિદેવાય (૧૦) ત્રૈલોક્યપૂજિતાય
(૧૧) સર્વામરસુસમૂહ-સ્વામિ-સંપૂજિતાય
(૧૨) નિર્જિતાય (૧૩) ભુવનજનપાલનોદ્યતતમાય

(૧૪) સર્વદુરિતૌઘનાશનકરાય (૧૫) સર્વાશિવપ્રશમનાય
(૧૬) દુષ્ટગ્રહ-ભૂત-પિશાચ-શાકિની-પ્રમથનાય.

આ સર્વે પદોની પૂર્વે ૐ અને પછી 'શાંતિજિનાય નમોનમઃ' જોડો.

– આ સોળે મંત્રોનો-પ્રત્યેકનો યોગ્ય 'મુદ્રા' વડે, જાપ કરવાથી, તેના બીજમંત્રોની વિધિપૂર્વક 'ધારણા' કરવાથી, તેના 'અક્ષરોનો દેહમાં ન્યાસ' કરવાથી અને તેના 'વિનિયોગ' પ્રમાણે અર્થભાવના કરવાથી તુષ્ટ થયેલી વિજયા દેવી સકલ કામનાઓની સિદ્ધિ કરે છે.

– આ બાબતમાં પ્રબોધટીકા કર્તાએ બે સાક્ષીપાઠ આપેલા છે.

(૧) આનંદઘનજી રચિત 'નેમિનાથપ્રભુ'નું સ્તવન–

"મુદ્રા, બીજ-ધારણા, અક્ષર-ન્યાસ, અરથ-વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિવંચિજે, ક્રિયા અવંચક યોગે રે.

– મુદ્રા, મંત્રબીજની ધારણા, મંત્રાક્ષરોનો ન્યાસ અને તેના વિનિયોગ પ્રમાણે - મંત્રના હેતુ પ્રમાણે અર્થની ભાવનાપૂર્વક જે જિનેશ્વરનું ધ્યાન કરે છે, તે કદી ફળથી વંચિત થતો નથી, કારણ કે તે યોગ-સાધનમાં "ક્રિયા-અવંચક" છે.

(૨) હરિભદ્રસૂરિજી રચિત લલિત વિસ્તરા –

માર્ગાનુસારીપણાનું વર્ણન કરતા કહ્યું છે કે, યોગ પટનું દર્શન કરવું, તેની આકૃતિને ચિત્તમાં સ્થાપન કરવી, તેની ધારણા કરવી, તેના ધ્યાનમાં થતો મનનો વિક્ષેપ દૂર કરવો. આ રીતે યોગસિદ્ધિ માટે પ્રયત્ન કરવો.

○ શાંતિજિન નામમંત્ર-સ્તુતિની પહેલી ગાથા–

"ૐ ભગવતેઽર્હતે શાંતિજિનાય નમો નમઃ"

આ પ્રમાણે સોળ અક્ષરવાળો "ષોડશીમંત્ર" છુપાયેલો છે. આ મંત્ર અત્યંત પ્રભાવશાળી અને સર્વ પ્રકારની સિદ્ધિનો દાતા છે.

આ ષોડશાક્ષરી મંત્ર ઉચ્ચાર માત્રથી પાપનો નાશ કરનાર છે.

● **विजया कुरुते जनहितम्** - વિજયાદેવી લોકોનું હિત કરે છે.

○ વિજયા - વિજયા દેવી ○ કુરુતે - કરે છે

○ જનહિતમ્ - જનકલ્યાણ, લોકોનું હિત

– અહીં 'જનહિત' શબ્દનો અર્થ ઋદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ જાણવો.

● **इति च नुता नमत तं शांतिं** - એ પ્રમાણે સ્તુતિ કરાયેલી છે, તે શાંતિનાથને તમે નમસ્કાર કરો.

○ इति - એ પ્રમાણે પૂર્વે કહેલ, તેથી.

– 'ઇતિ' અવ્યય છે, તે હેતુના અર્થમાં છે.

○ च - જ, આ અવ્યય અહીં અવધારણાના અર્થમાં છે.

○ नुता - સ્તવાયેલી, હવે પછી જેની સ્તુતિ કરાશે તે.

○ नमत - નમો, નમસ્કાર કરો.

○ तं - તેને, અત્યાર સુધી જેનું વર્ણન કરાયેલું છે તેને.

૦ शांतिं - શ્રી શાંતિનાથ ભગવંતને.

**૦ ગાથા-૬ અન્વય પદ્ધતિએ અર્થ :-**

– नमत - હે લોકો ! તમે નમસ્કાર કરો. પણ કોને ?

– તે શાંતિનાથ ભગવંતને. (જેનું પૂર્વે વર્ણન કર્યુ છે)

– તે શાંતિનાથ ભગવાન્ કેવા છે ?

– જેમના નામમંત્રવાળા વાક્યના પ્રયોગ વડે તુષ્ટ કરાયેલી વિજયાદેવી રિદ્ધિ સિદ્ધિ આપી લોકોનું ભલું કરે છે.

– તેથી જ તે દેવી, હવે પછી સ્તવાયેલી છે.

૦ **શ્રી શાંતિજિન-નામમંત્ર** સ્તુતિને "પંચરત્ન સ્તુતિ" પણ કહી શકાય તેમ છે. કારણ એ સ્તુતિ રત્નસમાન સુંદર એવી પાંચ ગાથાઓ વડે બનેલી છે.

(૧) સ્તુતિની પહેલી ગાથામાં શ્રી શાંતિનાથ પરમાત્માને 'યોગીશ્વર' તરીકે વર્ણવ્યા છે. જે ૐકાર સ્વરૂપ છે, નિશ્ચિત વચનવાળા છે, અનંતજ્ઞાનથી યુક્ત છે, સર્વની પૂજાને યોગ્ય છે, સર્વ અપાયોના અપગમ કરવા વડે 'જયવાન્' છે. સર્વને શાંતિ પમાડવા યોગ્ય પ્રબળ યશ નામકર્મ ધારક છે.

પરમાત્માનું આ સ્વરૂપ અધ્યાત્મ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ ઇચ્છનારા માટે ધ્યાતવ્ય છે.

(૨) બીજી સ્તુતિમાં શાંતિનાથ પરમાત્માને ત્રૈલોક્યેશ્વર રૂપે વર્ણવ્યા છે, જે સકલ અતિશય રૂપી મહાસંપત્તિના સ્વામી છે અતિ પ્રશંસનીય છે.

– પરમાત્માનું આ સ્વરૂપ રિદ્ધિ સિદ્ધિ ઇચ્છનારે ધ્યાતવ્ય છે.

(૩) ત્રીજી સ્તુતિમાં શાંતિનાથ પરમાત્માને ભુવનેશ્વર રૂપે કહ્યા છે - જે સર્વે દેવોના ઇન્દ્રોથી પૂજિત છે, ન જિતાયેલા છે.

– પરમાત્માનું આ સ્વરૂપ વિદ્યા, મંત્ર, તંત્ર માટે ધ્યાતવ્ય છે.

(૪) ચોથી સ્તુતિમાં શાંતિનાથ પરમાત્માને રૂદ્ર રૂપે કહ્યા છે– જેઓ સર્વ ભય સમૂહોનો નાશ કરે છે, સર્વે ઉપદ્રવોનું શમન કરે છે; ભૂત, પિશાચ, શાકિનીના ઉપદ્રવોનું મથન કરે છે.

– પરમાત્માનું આ સ્વરૂપ ભય અને ઉપદ્રવ-નાશ માટે ધ્યાતવ્ય છે.

૦ **હવે નવ ગાથાઓમાં** વિજયા અને જયાદેવીની સ્તુતિ કરેલ છે. તેથી તેને "વિજયા-જયા નવરત્નમાલા" કહે છે.

૦ નવરત્નમાલાની પહેલી સ્તુતિ **ગાથા-૭માં** વર્ણવે છે.

● **भवतु नमस्ते भगवति** - હે ભગવતિ ! તમને નમસ્કાર થાઓ - નમસ્કાર હો.

૦ ભવતુ - થાઓ, હો
૦ નમઃ - નમસ્કાર
૦ તે - તમને
૦ ભગવતિ - હે ભગવતિ !

– भग એટલે ઐશ્વર્ય આદિ છ ગુણો (જુઓ સૂત્ર-૧૩)

– આ ગુણોથી યુક્ત હોય તેને 'ભગવતિ' કહેવાય છે.

– સામાન્યથી મહાદેવીની સ્તુતિ આ વિશેષણથી કરાય છે.

● **विजये सुजये परापरैरजिते** - હે વિજયા ! હે સુજયા ! હે અજિતા ! (પરાપર અને બીજાના રહસ્યો વડે) બીજાથી ન જિતાયેલી

○ વિજયે - હે વિજયા દેવી !

– હે દેવિ ! તું વિજયા છે, કેમકે અસહિષ્ણુનો પરાભવ કરે છે.

– સિદ્ધચંદ્રગણિ કૃત્ શાંતિસ્તવ ટીકામાં તેનો અર્થ કર્યો છે–

"અન્ય અસહિષ્ણુઓનો પરાભવ તે 'વિજય' તે જેને પ્રાપ્ત થયો છે એવી દેવી તે 'વિજયા'.

○ સુજયે - હે સુજયા દેવી !

– હે દેવી ! તું સુજયા છે કેમકે તું સુંદર રીતે જય પામે છે.

– ધર્મપ્રમોદગણિ કૃત્ શાંતિસ્તવ ટીકામાં કહ્યું છે કે–

"સુંદર છે જય જેનો તે સુજયા."

○ અજિતે - હે અજિતાદેવી !

– હે દેવી ! તું અજિતા છે કેમકે કોઈથી જીતાતી નથી.

– ધર્મપ્રમોદગણિ કૃત્ શાંતિ સ્તવ ટીકામાં કહ્યું છે કે–

"ન જિતાયેલી એવી તે અજિતા"

○ પરાપરૈઃ - પર-અપર અને બીજા રહસ્યો વડે. કોઈપણ વડે.

● **अपराजिते जगत्यां** - કોઈપણ સ્થાને પરાભવ ન પામેલી એવી હે અપરાજિતા ! પૃથ્વીને વિશે (વિજય પામો)

○ અપરાજિતે - હે અપરાજિતા દેવી !

– હે દેવી ! તું અપરાજિતા છે, કેમકે કોઈથી પરાજિત થતી નથી.

– ધર્મપ્રમોદગણિ શાંતિસ્તવની ટીકામાં જણાવે છે કે–

"કોઈની આગળ પરાજય નહીં પામેલી - હારી નહીં ગયેલી એવી દેવી તે અપરાજિતા દેવી.

– આ પદ પૂર્વના વિજયા, સુજયા, અજિતા સાથે સંબંધિત છે.

○ જગત્યાં - ભુવનમાં, લોકમાં, પૃથ્વીને વિશે.

● **जयतीति जयावहे भवति** - એ પ્રમાણે સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને જય આપનારી (દેવી, તમને નમસ્કાર થાઓ.)

○ જયતિ - જય પામે છે ○ ઇતિ - એ પ્રમાણે, તેથી

○ જયાવહે - હે જયાવહા દેવી !

– હે દેવી ! તું જયાવહા છે કેમકે જયને લાવનારી છે.

– ધર્મપ્રમોદગણિ કૃત્ શાંતિસ્તવ ટીકામાં જણાવે છે કે–

"જયને કરાવે છે, બીજાઓને સારી રીતે જય પમાડે છે, તેથી તું જયાવહા (દેવી) છે.

– આ પદ વિજયા, સુજયા, અજિતા, અપરાજિતા સાથે જોડવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૦ ભવતિ - હે ભવતિ ! સામાન્યથી 'થાઓ' અર્થ થાય છે. પણ અહીં 'ભવતિ' શબ્દ દેવીના સંબોધન રૂપ છે.

**૦ ગાથા-૭ થી ૧૫ની ભૂમિકા –**

આ નવ ગાથામાં વિજયા અને જયાદેવીની સ્તુતિ કરી છે. આ દેવીઓનું સ્તવનકર્તા માનદેવસૂરિને સાન્નિધ્ય હતું. તે માટે પ્રભાચંદ્રસૂરિએ પ્રભાવક ચરિત્રમાં કહ્યું છે કે–

"તે વખતે શ્રીમાનદેવસૂરિના બ્રહ્મચર્યના પ્રભાવથી જયા અને વિજયા દેવીઓ તેમને રોજ પ્રણામ કરતી હતી. આવો જ ઉલ્લેખ પટ્ટાવલીઓ તથા અન્ય ગ્રંથોમાં પણ મળે છે.

– આ શાંતિસ્તવમાં (જુઓ ગાથા-૬ અને ૭) પહેલો ઉલ્લેખ વિજયાનો આવે છે અને પછી જયાનો આવે છે. (જુઓ ગાથા-૭ ને ૧૫) તેથી નવરત્નમાલામાં પહેલા વિજયા અને પછી જયા એવું વિશેષણ યુક્ત નામ "વિજયા-જયા નવરત્નમાલા" રાખ્યું છે.

અન્ય મંત્ર કલ્પો જેમકે - સાગરચંદ્ર કૃત્ મંત્રાધિરાજના ત્રીજા અને ચોથા પટલમાં પહેલા વિજયા અને પછી જયા છે, ધર્મઘોષ સૂરિ કૃત્ ચિંતામણિકલ્પમાં પણ 'વિજયાદિ' જ કહ્યું છે, ભયહરસ્તોત્ર ટીકામાં પણ વિજયા પછી જયા કહ્યું છે.

**૦ ગાથા-૭ નો અન્વય પદ્ધતિએ અર્થ :-**

૦ नमः भवतु - નમસ્કાર થાઓ.

– પણ નમસ્કાર કોનો કર્યો. તે - તને.

– તને એટલે દેવીને. પણ દેવી કેવા છે ? વિશેષણો કહે છે.

(૧) હે ભગવતી ! તને, (૨) હે વિજયા ! તને

(૩) હે સુજયા ! તને, (૪) હે અપરાજિતા ! તને

(૫) હે જયાવહા ! તને, (૬) હે અજિતા ! તને

(૭) હે ભવતિ ! તને

– પણ આમને શા માટે નમસ્કાર કર્યો ?

– કારણ કે, "તારી શક્તિ જગતમાં પરાપર અને બીજાં રહસ્યો વડે જય પામે છે." દેવી મંત્ર વડે પ્રસન્ન થાય છે અને કાર્ય સિદ્ધિ કરે છે. (મંત્રથી પ્રગટ થતા રહસ્યથી ચૈતન્યશક્તિ જાગૃત થતા, તે ચૈતન્યશક્તિ કાર્યની સિદ્ધિ કરે છે.)

**૦ હવે** નવરત્નમાલાની બીજી સ્તુતિ **ગાથા-૮નું વર્ણન :-**

● **सर्वस्यापि च संघस्य** - ચતુર્વિધ એવા સર્વ સંઘને પણ.

૦ सर्व - સર્વ, સકલ ૦ संघ - ચતુર્વિધ સંઘ

૦ अपि च - અને વળી

● **भद्र-कल्याण-मंगल-प्रददे** - સુખ, ઉપદ્રવરહિતપણું અને મંગલને દેનારી, ભદ્ર, કલ્યાણ અને મંગલને આપનારી.

○ भद्र - ભદ્ર, સુખ
○ कल्याण - કલ્યાણ, આરોગ્ય
○ मंगल - મંગલ, આનંદ
○ प्रददे - આપનારી

– અહીં "ભદ્રને દેનારી" શબ્દથી દેવીને 'ભદ્રા' કહી છે.

– તથા "કલ્યાણને દેનારી" શબ્દથી દેવીને 'કલ્યાણી' કહી છે.

– અને 'મંગલને દેનારી" શબ્દથી દેવીને 'મંગલા' કહી છે.

● **साधूनां च सदा शिव** - વળી સાધુઓને હંમેશા નિરૂપદ્રવતા

○ साधूनां - સાધુઓને
च - તેમજ, વળી
○ सदा - નિરંતર, હંમેશા
शिव - નિરૂપદ્રવતા

– અહીં 'શિવ' પદથી અર્થ અધુરો જણાય છે - કેમકે 'શિવ' પદ પછી ગાથાના ચોથા ચરણમાં રહેલા પદો સાથે તેનો સંબંધ જોડવાનો છે.

● **सुतुष्टि-पुष्टि-प्रदे जीयाः** ચિત્તની શાંતિ અને ધર્મની વૃદ્ધિ કરનારી હે દેવી! તમે જય પામો.

○ સુતુષ્ટિ - સંતોષ, ચિત્તની શાંતિ
○ પુષ્ટિ - ધર્મની વૃદ્ધિ, ઉત્સાહ

– ગાથાના ત્રણ પદો સાથે લેવાના છે - શિવ, સુતુષ્ટિ, પુષ્ટિ.

– 'શિવ'ને દેનારી એ વિશેષણથી દેવીને 'શિવા' કહી છે.

– 'સુતુષ્ટિ'ને દેનારી પદથી દેવીને 'તુષ્ટિદા' કહી છે.

– 'પુષ્ટિને દેનારી' પદથી દેવીને 'પુષ્ટિદા' કહી છે.

આવા વિશેષણોનો પ્રયોગ મહાદેવીની સ્તુતિમાં અન્યત્ર પણ જોવા મળે છે. (જુઓ ભૈરવ પદ્માવતી કલ્પ - 'દેવીસ્તોત્ર')

– जीयाः તું જય પામ, તમે જયવંતા વર્તો.

– સિદ્ધચંદ્રગણિની શાંતિ સ્તવ ટીકામાં જણાવે છે કે, તું જિત એટલે જયવાળી થા. અહીં 'જીયાઃ' પદ આશીર્વાદ અર્થે હોવાથી અને ગાથાના આરંભે 'અપિ' અવ્યયનો પ્રયોગ થયેલો હોવાથી "અત્યંત જય પામ" એવો અર્થ પણ યોગ્ય છે.

**○ અન્વય પદ્ધતિએ ગાથા-૮નો અર્થ :-**

– जीयाः હે દેવી ! તું જય પામ !

– પણ આ દેવી કેવી છે ? તેના વિશેષણો જણાવે છે.

(૧) સકલશ્રી સંઘને ભદ્ર, કલ્યાણ અને મંગલને આપનારી.

(૨) સાધુઓને હંમેશા શિવ, સુતુષ્ટિ, પુષ્ટિને આપનારી.

– અહીં સાધુઓ માટે જે શિવ આદિ પદો લખ્યા તેનો અર્થ છે–

(૧) 'शिव' એટલે મોક્ષ સાધનાને અનુકૂળ નિરૂપદ્રવી વાતાવરણ.

(૨) 'तुष्टि' એટલે ચિત્તનો સંતોષ કે શાંતિ.

(૩) 'पुष्टि' એટલે ધર્માચરણમાં ઉત્સાહની વૃદ્ધિ.

આ ત્રણે પદોથી મોક્ષની સાધના સત્વરે થાય છે.

○ **હવે** નવરત્નમાલાની ત્રીજી સ્તુતિ - **ગાથા-૯નું વર્ણન–**

● **भव्यानां** - ભવ્ય પ્રાણીઓને, ભવ્ય ઉપાસકોને.

– ભવ્ય એટલે જે પરમપદની યોગ્યતાને ધારણ કરે તે.

– મંત્ર વિશારદો ઉત્તમ કોટિના ઉપાસકોને ભવ્ય કહે છે.

● **कृतसिद्धे** - સિદ્ધિ દેનારી, હે કૃતસિદ્ધા !, હે સિદ્ધિદાયિની !

– કરાયેલી છે સિદ્ધિ જેના વડે તે કૃતસિદ્ધિ, અર્થાત્ તારા ઉપાસકોને (કે ભવ્યજીવોને) તું સિદ્ધિ આપનારી છે.

● **निर्वृति-निर्वाण-जननि** - ચિત્તની શાંતિ અને ધર્મની વૃદ્ધિ કરનારી, શાંતિ અને પરમ પ્રમોદ આપવામાં કારણભૂત.

○ નિર્વૃતિ - ઉપસ્થિત ભયો તથા ઉપદ્રવોમાંથી મુક્તિ, ચિત્તની શાંતિ - તેની જનની તે 'નિવૃતિ-જનની.'

○ નિર્વાણ-પરમપ્રમોદ, મોક્ષ, મુક્તિ તેની જનની.

○ જનની - જન્મ આપનારી, ઉત્પન્ન કરનારી, કારણરૂપ.

– અહીં 'નિર્વૃતિજનનિ' શબ્દથી 'શાંતિદેવી'નું સૂચન છે.

– અને 'નિર્વાણજનની' પદથી 'નિર્વાણીદેવી'નું સૂચન છે.

● **सत्त्वानां** - સત્ત્વશાળી ઉપાસકોને, ભવ્યજીવોને.

– 'સત્ત્વ' શબ્દનો અર્થ શાસ્ત્રકારો 'પ્રાણી' કરે છે, પણ અહીં 'સત્ત્વ' શબ્દથી 'ઉપાસક' અથવા 'ભવ્યજીવ' અર્થ લેવો.

● **अभय-प्रदान-निरते** - નિર્ભયપણું આપવામાં તત્પર, અભયનું દાન કરવામાં સદા-રત.

– અહીં 'અભય-પ્રદાન-નિરતા' એ દેવીનું વિશેષણ છે. તેના વડે દેવીને 'અભયદા' પણ કહી છે. આવું વિશેષણ અન્ય મહાદેવીઓ માટે વપરાતું જોવા મળે છે.

● **नमोऽस्तु स्वस्ति प्रदे तुभ्यं** - કલ્યાણને આપનારી હે દેવી ! તમને નમસ્કાર થાઓ.

○ नमः - નમસ્કાર ○ अस्तु - હો, થાઓ

○ स्वस्तिप्रदे - ક્ષેમને અથવા કલ્યાણને આપનારી,

– ગુણવિનયકૃત્ શાંતિસ્તવ ટીકામાં તેનો અર્થ કરતા કહ્યું–

"સ્વસ્તિ એટલે ક્ષેમ. તેને દેનારી કે આપનારી દેવી તે"-

– સ્વસ્તિના અનેક અર્થો થાય છે. જેમકે આશીર્વાદ, ક્ષેમ, પુણ્ય વગેરે. 'સુ' ઉપસર્ગપૂર્વક 'અસ્' ક્રિયાપદને 'તિ' પ્રત્યય લાગવાથી 'સ્વસ્તિ' શબ્દ સિદ્ધ થાય છે.

'સુ' એટલે સારી રીતે, 'अस्' એટલે હોવું

– તેનો ભાવ એટલે સ્વસ્તિ-કલ્યાણ-ક્ષેમ.

– 'આદિ' શબ્દથી 'અવિનાશ' વગેરે અર્થોનું ગ્રહણ કરવું.

– અહીં 'સ્વસ્તિપ્રદા' વિશેષણથી દેવીને 'ક્ષેમંકરી' કહી છે.

**૦ અન્વયપદ્ધતિએ ગાથા-૯નો અર્થ :-**

૦ નમઃઅસ્તુ - નમસ્કાર થાઓ. પણ કોને નમસ્કાર ?

– 'તુભ્યં' એટલે તને-દેવીને.

– આ દેવી કેવી છે ? તેના વિશેષણો જણાવે છે–

(૧) ભવ્ય જીવો કે ઉપાસકોને સિદ્ધિ આપનારી.

(૨) નિર્વૃતિ અને નિર્વાણની જનની.

(૩) સત્ત્વશાળી ઉપાસકોને અભયદાન દેનારી.

(૪) ક્ષેમ અથવા કલ્યાણને આપનારી.

– ગાથા આઠમાં દેવીની વિભૂતિનો લાભ સકલસંઘને અને સાધુ સમુદાયને કેવી કેવી રીતે મળે છે તે દર્શાવ્યા પછી આ નવમી ગાથામાં તેની ઉપાસના કરનારના બે ભેદો પાડીને, તે બંનેને કયા કયા પ્રકારના લાભ દેવી આપે છે તે જણાવ્યું છે–

(૧) જેઓ 'ભવ્ય' છે તેમને સિદ્ધિ, શાંતિ, પરમ પ્રમોદ આપે છે.

(૨) જેઓ 'સત્ત્વશાળી' છે તેમને દેવી નિર્ભયતા, ક્ષેમ આપે છે.

– ત્રીજા પ્રકારના આરાધકોને શું આપે ? તે ગાથા-૧૦માં કહે છે.

૦ **હવે** નવરત્નમાલાની ચોથીસ્તુતિ - **ગાથા-૧૦ વર્ણવે છે–**

● **भक्तानां जंतूनां** - ભક્ત જીવોનું, સામાન્ય સેવકોનું.

૦ ભક્ત એટલે સેવક, ઉપાસક ૦ જંતૂ - સામાન્ય જીવો

– જે ઉપાસકો સામાન્ય કોટિના હોય તેને 'ભક્તજંતુ' કહે છે.

● **शुभावहे** - કલ્યાણ કરનારી, શુભ કરનારી.

– જે શુભને લાવે તે શુભાવહા ૦ 'શુભ' એટલે સાધન પ્રાપ્તિ

– 'શુભાવહા' વિશેષણ થકી દેવીને 'શુભંકરી' કહી છે.

● **नित्यमुद्यते देवि** - હંમેશા તત્પર એવી હે દેવી !

૦ 'ઉદ્યતા' એટલે ઉદ્યમવંત, સાવધાન, તત્પર

● **सम्यग् दृष्टिनां** - સમ્યગ્દૃષ્ટિવાળાઓને.

– જેમની દૃષ્ટિ સમ્યગ્ થયેલી છે તે, સમકિતવંત - તેમને

● **धृति-रति-मति-बुद्धि-प्रदानाय** - ધૃતિ-ધીરજ, રતિ-પ્રીતિ, મતિ અને બુદ્ધિ આપવાને માટે (નિરંતર તત્પર છે)

૦ ધૃતિ-ધીરજ, ચિત્તનું સ્વાસ્થ્ય, સ્થિરતા.

૦ રતિ-પ્રીતિ, હર્ષ ૦ મતિ-વિચાર શક્તિ

૦ બુદ્ધિ - સારાં-ખોટાંનો નિર્ણય કરવાની શક્તિ.

– આ બધાં વિશેષણ વડે દેવીને 'સરસ્વતી'રૂપે સંબોધી છે.

**૦ અન્વય પદ્ધતિએ ગાથા-૧૦નો અર્થ :-**

– ગાથા-૯ અને ગાથા-૧૦ બંને સાથે લેવાની છે. તેથી ગાથા-૯માં કહેવાયેલ "नमोऽस्तु तुभ्यं" અહીં પણ લેવાનું છે.

– 'નમઃ અસ્તુ' - એટલે નમસ્કાર થાઓ (ગાથા-૯ મુજબ)

– કોને નમસ્કાર ? હે દેવી ! તમને.

– પણ જેને નમસ્કાર કર્યો તે દેવી કેવા છે ? - વિશેષણ કહે છે.

(૧) સામાન્ય ઉપાસકોના કલ્યાણને કરનારી.

(૨) સમ્યગ્દૃષ્ટિવાળા જીવોને ધૃતિ, રતિ, મતિ, બુદ્ધિ આપવાને નિરંતર તત્પર અથવા ઉદ્યમવંત.

– જેઓ માત્ર ઓઘસંજ્ઞાથી-સામાન્યથી ઉપાસના કરે છે તેને "ભક્તજંતુ" કહેવાય છે. દેવી તેને સાધનની પ્રાપ્તિ કરી આપે છે.

– આ રીતે ગાથા-૮માં શ્રી સંઘને અને સાધુ સમુદાયને ત્યારપછી ગાથા-૯માં બે પ્રકારના ઉપાસકોને અને ગાથા-૧૦ના પૂર્વાર્દ્ધમાં ત્રીજા પ્રકારના ઉપાસકને દેવી કેવા કેવા લાભો પહોંચાડે છે, તે જણાવ્યા પછી ગાથા-૧૦ના ઉત્તરાર્દ્ધમાં સમ્યગ્દૃષ્ટિ જીવોને કેવો લાભ દેવી આપે છે, તેનું વર્ણન કરે છે–

– સમ્યગ્દૃષ્ટિ જીવો દેવીની ઉપાસના પરત્વે વિશેષ લક્ષ્યવંત હોતા નથી, તો પણ તેનું આરાધન કરવાથી દેવી તેમને ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપે છે, જે સમ્યગ્દૃષ્ટિ જીવોને સ્થિરતામાં ઉપયોગી છે.

○ **હવે** નવરત્નમાલાની પાંચમી સ્તુતિ **ગાથા-૧૧ વર્ણવે છે.**

● **जिनशासन-निरतानां**- જૈન શાસનમાં પ્રેમવાળા, જૈનધર્મમાં અનુરક્ત-તત્પર.

○ 'જિન' એટલે રાગાદિ દોષોને જીતનાર અરિહંત ભગવંત.

○ 'શાસન' એટલે આજ્ઞા, ઉપદેશ, પ્રવચન.

○ 'નિરત' એટલે આસક્ત, અનુરક્ત, ભક્ત.

● **शांति-नतानां च जगति जनतानां** - તથા શાંતિનાથ ભગવંતને નમસ્કાર કરનાર-નમનાર આ જગતમાં જનસમુદાયોની.

○ 'શાંતિ' એટલે સોળમાં તીર્થંકર શાંતિનાથ ભગવંત.

○ 'નત' એટલે નમેલા, નમસ્કાર કરેલા

○ 'જનતા' એટલે જનસમુદાય ○ જગતિ- જગતમાં.

● **श्री-सम्पत्-कीर्ति-यशो-वर्द्धनि** - લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ અને યશને વધારનારી (દેવી !)

○ 'શ્રી'એટલે શોભા, લક્ષ્મી.

○ 'સંપત્' સંપત્તિ, ઋદ્ધિનો વિસ્તાર.

○ 'કીર્તિ' કીર્તિ, શ્લાઘા, ખ્યાતિ

○ યશ' યશ, સર્વત્ર પ્રસિદ્ધિ ○ વર્દ્ધની - વધારનારી

– અહીં 'શ્રીવર્દ્ધની' વિશેષણથી દેવીને 'શ્રીદેવતા' કહી છે.

– 'સંપત્વર્દ્ધની' વિશેષણ વડે દેવીને 'રમા' કહી છે.

– 'કીર્તિવર્દ્ધની' વિશેષણ વડે દેવીને 'કીર્તિદા' કહી છે.

– 'યશોવર્દ્ધની' વિશેષણ વડે દેવીને 'યશોદા' કહી છે.

– આ વિશેષણો અન્યત્ર પણ મહાદેવીને અપાયેલા છે.

● **जय देवि ! विजयस्व** - હે દેવી ! તું જય પામ ! વિજય પામ ! તું જયવતી થા, વિજયવતી થા.

– હે દેવી ! 'તું જય પામ અને વિજય પામ' - આ વિશેષણો વડે જયા દેવી અને વિજયા દેવીનો નિર્દેશ કરાયો છે.

**૦ ગાથા-૧૧નો અર્થ અન્વય પદ્ધતિથી –**

जय विजयस्व - જય પામ !, વિજય પામ !

– આ જય વિજય ક્યાં પામે ? - જગતમાં, જગતને વિશે.

– કોણ જય-વિજય પામે ? - હે દેવી ! તું.

– જેનો જય-વિજય કહ્યો તે દેવી કેવા છે ? તે કહે છે.

(૧) જિનશાસન પ્રત્યે ભક્તિભાવવાળા.

(૨) શાંતિનાથ ભગવંતને ભાવપૂર્વક નમસ્કાર કરનાર સમુદાયને શ્રી, સંપત્તિ, કીર્તિ અને યશની વૃદ્ધિ કરનારી.

૦ 'શ્રી' પદથી શોભા, સૌંદર્ય ગ્રહણ કરવા.

૦ 'સંપત્' પદથી લક્ષ્મી, વિવિધ પ્રકારની સંપત્તિઓ જેવી કે ઘર, ખેતર, બાગબગીચા, ઢોરઢાંખર, નોકર ચાકર વગેરે.

૦ 'કીર્તિ' પદથી પ્રશંસા, વખાણ આદિ ગ્રહણ કરવા.

૦ 'યશ' પદથી મોટી પ્રસિદ્ધિ, ખ્યાતિ આદિ ગ્રહણ કરવા.

**૦ હવે ગાથા-૧૨ અને ૧૩**ને સંયુક્તપણે જણાવવા દ્વારા આ નવરત્નમાલાની સ્તુતિ છટ્ઠી અને સાતમીને વર્ણવે છે.

● **सलिलानल-विष-विषधर-दुष्टग्रह-राज-रोग-रण-भयतः** - જળ, અગ્નિ, ઝેર, સાપ, દુષ્ટ ગ્રહો, રાજા, રોગ અને લડાઈ એ આઠ પ્રકારના ભયથી.

૦ 'સલિલભય' - પાણીનો ભય, પાણીનાં પૂર, સમુદ્રી વાવાઝોડું.

૦ 'અનલભય' - અગ્નિનો ભય, દાવાનળ, ઉલ્કાપાત આદિ.

૦ 'વિષભય' - સ્થાવર-જંગમ બંને પ્રકારના ઝેરનો ભય.

૦ 'વિષધર ભય' - જુદી જુદી જાતના સાપોનો ભય.

૦ 'દુષ્ટગ્રહ ભય' - ગોચરાદિમાં રહેલા અશુભ ગ્રહોનો ભય.

૦ 'રાજા ભય' - રાજા કે રાજ્ય તરફથી થતો ભય.

૦ 'રોગભય' કોઢ, જ્વર, ભગંદર આદિ મહારોગોનો ભય.

૦ 'રણભય' - યુદ્ધ, લડાઈ, સંગ્રામાદિનો ભય.

● **राक्षस-रिपुगण-मारी-चौरेति-श्वापदादिभ्यः** રાક્ષસ, શત્રુસમૂહ, મરકી, ચોર, સાત પ્રકારની ઇતિ, શિકારી પશુઓ વગેરેના ઉપદ્રવોથી કે તેમના ભયથી.

૦ 'રાક્ષસ' રાક્ષસ - વ્યંતર જાતિ વિશેષનો ઉપદ્રવ કે ભય,

૦ 'રિપુગણ' શત્રુસમૂહ - સૈન્યનો ઉપદ્રવ કે ભય.

○ 'મારી' - મારી-મરકીના રોગનો ઉપદ્રવ કે ભય.

○ 'ચૌર' ચોર (લુંટારા, ધાડપાડુ)નો ઉપદ્રવ કે ભય.

○ 'ઈતિ' અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સ્વચક્ર, પરચક્ર, ઉંદર, તીડ, પોપટ આદિ સાત પ્રકારની ઇતિનો ઉપદ્રવ કે ભય.

○ 'શ્વાપદ' શિકારી પશુ-વાઘ, સિંહ, ચિત્તા, રીંછ વગેરે શ્વાપદનો ઉપદ્રવ કે ભય.

○ 'આદિ' વગેરે. અહીં 'આદિ' શબ્દથી ભૂત, પિશાચ, શાકિની ઇત્યાદિના ઉપદ્રવો સમજી લેવા.

(– આ બધાંથી હે દેવી મારું રક્ષણ કર... ઇત્યાદિ ભાવોને હવે ગાથા-૧૩ માં સૂત્રકાર જણાવે છે)

● **अथ** - એટલે હવે...

● **रक्षरक्ष** - રક્ષણ કર, રક્ષણ કર, વારંવાર રક્ષણ કર.

● **सुशिवं कुरु कुरु** - અતિશય નિરૂપદ્રવપણું કર.

● **शांतिं च कुरु कुरु** - અને શાંતિ કર - શાંતિ કર.

● **तुष्टिं कुरु कुरु** - તુષ્ટિકર - તુષ્ટિકર.

● **पुष्टिं कुरु कुरु** - પુષ્ટિકર - પુષ્ટિકર

● **स्वस्तिं च कुरु कुरु** - કલ્યાણકર - કલ્યાણકર

● **सदेति** - સદા - હંમેશા ઇતિ - એ પ્રમાણે, સમાપ્તિ

● **त्वं** - તમે (દેવીને આશ્રીને આ સંબોધન છે)

**○ હવે ગાથા-૧૨ અને ૧૩નો અન્વયાર્થ કહીએ છીએ–**

अथ - હવે - અહીં વર્ણન કરાયેલ ભય-ઉપદ્રવના અનુસંધાને આગળ જણાવે છે કે–

रक्ष रक्ष - રક્ષણ કર - રક્ષણ કર.

(અહીં કે હવે પછી પદની પુનરુક્તિ મંત્રાક્ષરને કારણે છે.)

– આ રક્ષણ ક્યારે કરે ? સદા, હંમેશને માટે

– આ રક્ષણ કોણ કરે ? તું અર્થાત્ હે દેવી ! તું.

– "દેવી આ રક્ષણ શેનાથી કરે" તેમ પ્રાર્થના કરી છે ?

(૧) જળના ભયથી (૨) અગ્નિના ભયથી
(૩) વિષના ભયથી (૪) વિષધરના ભયથી
(૫) દુષ્ટ ગ્રહોના ભયથી (૬) રાજાના ભયથી
(૭) રોગના ભયથી (૮) લડાઈના ભયથી

-૦- આ આઠ પ્રકારના ભયથી તથા બીજા ઉપદ્રવોથી –

(૧) રાક્ષસના ઉપદ્રવથી, (૨) શત્રુગણના ઉપદ્રવથી
(૩) મરકીના ઉપદ્રવથી, (૪) ચોરના ઉપદ્રવથી,
(૫) સાત પ્રકારની ઇતિથી, (૬) શિકારી પ્રાણીના ઉપદ્રવથી

આદિ શબ્દથી ભૂત-પિશાચ-શાકિની આદિના ઉપદ્રવોથી.

– આ રીતે ભય અને ઉપદ્રવોથી રક્ષણ કરવા ઉપરાંત દેવી પાસે બીજું શું શું કરવા માટેની પ્રાર્થના કરાઈ છે ?

(૧) નિરૂપદ્રવતા કર-કર, (૨) શાંતિકર-શાંતિકર
(૩) તુષ્ટિકર-તુષ્ટિકર (૪) પુષ્ટિકર-પુષ્ટિકર
(૫) કલ્યાણકર-કલ્યાણકર.

○ **હવે ગાથા-૧૪ થકી** નવરત્નમાલાની આઠમી સ્તુતિ કહે છે.

● **भगवति ! गुणवति !** હે ભગવતિ !, હે ગુણવતિ !

– દેવી માટેના આ બંને સંબોધન છે.

– 'ભગવતિ' ઐશ્વર્યાદિથી ગુણથી યુક્ત.

– 'ગુણવતિ' - સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણે ગુણોથી યુક્ત.

● **शिव-शांति-तुष्टि-पुष्टि-स्वस्ति-इह कुरु कुरु जनानां** -

– નિરૂપદ્રવતા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણ

– જગત્‌ના લોકોનું તું વારંવાર કર.

○ इह - અહીં, આ પ્રસંગે, આ જગત્‌ના, આ સ્થાને

○ जनानां - લોકોને (શું કરવું તે હવે બતાવે છે–)

– શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ એ પાંચ કૃત્યો કરવા માટે દેવીને પ્રાર્થના કરવામાં આવી છે - કહેવાય છે કે–

(૧) 'શિવકૃત્ય' વડે - તે અશુભ પ્રસંગ ઉપસ્થિત થવા દેતી નથી.
(૨) 'શાંતિકૃત્ય' વડે આવેલા ભય અને ઉપદ્રવોને નિવારે છે.
(૩) 'તુષ્ટિકૃત્ય' વડે - મનોરથો પૂરા કરી સંતોષ ઉપજાવે છે.
(૪) 'પુષ્ટિકૃત્ય' વડે - ચિત્તમાં ઉત્સાહ પ્રેરે છે.
(૫) 'સ્વસ્તિકૃત્ય' વડે - ક્ષેમ અને કલ્યાણ કરે છે.

● **ओमिति नमो नमो ह्राँ ह्रीँ ह्रू ह्रः यः क्षः ह्रीँ फट् फट् स्वाहा** - ॐ રૂપ - જ્યોતિ સ્વરૂપિણી હે દેવી ! હ્રાઁ હ્રીઁ મંત્રાક્ષરો વડે તમને વારંવાર નમસ્કાર થાઓ.

○ ओम् - ॐ આ મંત્રાક્ષર સર્વ મંત્રોનો સેતુ હોવાથી પ્રથમ બોલાય છે. આ બીજરૂપ મંત્રાક્ષર છે. તેનો જ્યોતિ અર્થ પણ છે.

○ इति - એવા સ્વરૂપવાળી. 'ઈતિ' વાક્ય સ્વરૂપ દર્શાવે છે.

○ "નમો નમો" સામાન્યથી તેનો અર્થ "વારંવાર નમસ્કાર થાઓ" એ પ્રમાણે છે. વિશેષથી આ પદ ૐની સાથે યોજાયેલ છે.તે મંત્રના જ એક ભાગરૂપ છે. તે મંત્રાધિષ્ઠાયક પ્રત્યે અંતરંગ ભક્તિ દર્શાવે છે. વિશેષતાને દર્શાવવા તે બે વખત સાથે મૂકેલ છે.

– હવે હ્રાઁ હ્રીઁ વગેરે જે દશ મંત્રાક્ષરો છે, તેમાંથી પહેલા સાત અક્ષરો શાંતિમંત્રના બીજરૂપ છે, બાકીના ત્રણ અક્ષરો વિઘ્નનાશ કરનારા મંત્રબીજ સ્વરૂપ છે.

– જો કે 'ફટ્ ફટ્' શબ્દનું પાઠાંતર 'ફૂટ્ ફૂટ્' પણ મળે છે.

૦ ૐ નમો નમો હ્રૂઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા એ ષોડશ અક્ષરી મંત્ર પણ કહેવાય છે. તે 'ષોડશી દેવીમંત્ર' છે.

– હ્રૂઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ વગેરે મંત્રાક્ષરોનો અર્થ મંત્રાધિરાજ દ્વિતીય પટલ મુજબ આ પ્રમાણે છે–

૦ હ્રૂઁ - આ મંત્રાક્ષર સર્વ સંપત્તિઓનું પ્રભવ સ્થાન છે. રૂપ, કીર્તિ, ધન, પુણ્ય, પ્રયત્ન, જય અને જ્ઞાનને આપનારો છે.

૦ હ્રીઁ - આ મંત્રાક્ષર અતિ દુઃખના દાવાનળને શમાવનારો, ઘોર ઉપસર્ગને દૂર કરનારો, વિશ્વમાં ઉપસ્થિત થતાં મહાસંકટોને હરણ કરનારો તથા સિદ્ધવિદ્યાનું મુખ્ય બીજ છે. જો કે અહીં આ મંત્રાક્ષર "અતિશય"ને આપનાર - એવા અર્થમાં યોજાયેલ છે.

૦ હ્રૂઁ - આ મંત્રાક્ષર વિજય તથા રક્ષણને આપનારો અને પૂજ્યતાને લાવનારો છે.

૦ હ્રઃ - આ મંત્રાક્ષર શત્રુઓના કૂટવ્યૂહોનો નાશ કરનારો છે.

૦ યઃ - આ મંત્રાક્ષર સર્વ અશિવોનું પ્રશમન કરનારો છે.

૦ ક્ષઃ - આ મંત્રાક્ષર ભૂત, પિશાચ, શાકિની તથા ગ્રહોની માઠી અસરને દૂર કરનારો છે. તથા દિગ્બંધનનું બીજ છે.

૦ હ્રીઁ - આ મંત્રાક્ષર સર્વ ભયોનો નાશ કરનારો છે. જે અહીં ત્રૈલોક્યાક્ષર રૂપે યોજાયેલો છે.

૦ ફટ્ ફટ્ - આ મંત્રાક્ષરો અસ્ત્રબીજ છે. જે અહીં "રક્ષણ કર" એવા અર્થમાં યોજાયેલ છે. તેના પાઠાંતર રૂપે 'ફૂટ્ ફૂટ્' બોલાય છે - જે તાડન અર્થમાં છે.

૦ સ્વાહા - આ મંત્રાક્ષરો શાંતિકર્મ માટેનું પલ્લવ છે.

– સર્વ પ્રકારની શાંતિ માટે આ આખો મંત્ર ગણવો જોઈએ.

**૦ અન્વયપદ્ધતિએ ગાથા-૧૪નો અર્થ :-**

कुरु कुरु - કર કર. શું કરવાનું કહે છે ?

– શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ.

– શિવ, શાંતિ આદિ ક્યાં કરવાનું કહે છે ?

"અહીં" - આ સ્થળે, આ કાળે, આ પ્રસંગે.

– શિવ, શાંતિ આદિ કોના કરવાનું કહે છે ?

'જનાનાં' - ભયત્રસ્ત કે દુઃખપીડિત લોકોના

– આ શિવ, શાંતિ આદિ કોણ કરે ?

ભગવતિ, ગુણવતિ-ત્રિગુણાત્મક દેવી ! તું કર.

– આ દેવી કેવી છે ? મંત્રસ્વરૂપિણી. કયો મંત્ર ?

ૐ નમો નમો હ્રૂઁ હ્રીઁ હ્રૂઁ હ્ર યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા.

૦ **હવે ગાથા-૧૫ થકી** નવરત્નમાલાની નવમી સ્તુતિ કહે છે–

● **एवं** - એ પ્રમાણે, પૂર્વે કહ્યા પ્રમાણે.

● **यन्नामाक्षर-पुरस्सरं** - જેમના નામાક્ષર મંત્રપૂર્વક, જેમના નામો અને મંત્રોની પુરશ્ચર્યાપૂર્વક.

○ 'યન્નામાક્ષર' - 'યત્' જેમના, 'નામ' વિવિધ નામો

'અક્ષર' - મંત્ર 'પુરોચ્ચાર' પુરશ્ચર્યા સહ

– સિદ્ધચંદ્રગણિકૃત્ શાંતિસ્તવ ટીકામાં આ પદોનો અર્થ કરતા કહ્યું છે કે, "જે શ્રી શાંતિનાથના નામમંત્રના પુરોચ્ચારણપૂર્વક.

અહીં 'પુરોચ્ચારણ' પદથી પુરશ્ચર્યા, પુરશ્ચરણ, પુરસ્ક્રિયા કે પુરસ્કરણની ક્રિયા સમજવી યોગ્ય છે. કારણ કે મંત્રની સિદ્ધિ માટે પૂર્વપ્રયોગરૂપ ક્રિયા આવશ્યક છે. કહ્યું છે કે–

"શુદ્ધ અન્તઃકરણવાળો મનુષ્ય ગુરુની આજ્ઞાપૂર્વક મંત્રની સમ્યક્ સિદ્ધિને માટે પુરસ્ક્રિયા કરે. જીવવિહિન દેહ જેમ કોઈ કાર્ય કરવાને સમર્થ નથી, તેમ પુરશ્ચરણરહિતનો મંત્ર ઇષ્ટફળ આપવાને માટે અસમર્થ છે."

પુરશ્ચરણ એટલે જપની નિશ્ચિત સંખ્યા અને જપ આરંભ કરતા પહેલા કરાતી પૂર્વક્રિયાઓ સમજવી.

● **संस्तुता जयादेवी** - સારી રીતે સ્તુતિ કરાયેલ જયાદેવી.

● **कुरुते शांतिं नमतां** - નમન કરનારાઓને શાંતિ કરે છે.

– મંત્રવિદ્ એમ કહે છે કે, અહીં 'નમન' શબ્દથી માત્ર નમવું અર્થ ન લેતા (૧) નમવું, (૨) ભક્તિ, (૩) પૂજા, (૪) અર્ચના એ ચારે ક્રિયાનો સમાવેશ જાણવો અર્થાત્ મંત્રના અધિષ્ઠાતા પરત્વે ભક્તિભાવ હોવો, તે અધિષ્ઠાતાની પૂજા અને અર્ચના કરવી તથા તેને દ્રવ્યથી અને ભાવથી નમસ્કાર કરવો - ત્યારે તે મંત્ર ફળદાયી બને છે.

● **नमो नमो शांतये तस्मै** - તે શાંતિનાથ પરમાત્માને નમસ્કાર હો, નમસ્કાર હો. (અહીં મંત્રાક્ષરને કારણે 'નમો' પદની દ્વિરુક્તિ છે અથવા વારંવાર નમસ્કાર કરવાનો ભાવ છે.)

**○ અન્વયપદ્ધતિએ ગાથા-૧૫નો અર્થ :-**

नमोनमः - નમસ્કાર થાઓ - નમસ્કાર થાઓ.

– પણ નમસ્કાર કોને કરવાનો ? તે શાંતિનાથને.

– શાંતિનાથ કેવા ? (કયા ?)

પૂર્વે કહ્યા મુજબ જે મંત્રના પુરશ્ચરણપૂર્વક સ્તવાયેલી જયાદેવી પૂજન કરનારાઓને શાંતિ કરે છે, તે શાંતિનાથને.

**○ આ રીતે અહીં સ્તુતિ ૭ થી ૧૫**માં "વિજયા-જયા નવરત્નમાલા" રૂપ નવ સ્તુતિઓ કહી. જેમાં સ્તુતિ ૭ થી ૧૩માં દેવીની સ્તુતિ છે, સ્તુતિ ૧૪માં 'અક્ષર-સ્તુતિ' છે અને સ્તુતિ-૧૫માં આમ્નાય જણાવ્યો છે. હવે **સ્તુતિ-૧૬ અને ૧૭** દ્વારા 'ફલશ્રુતિ'ને જણાવે છે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૦ સ્તુતિ ૧૬નું વિવેચન હવે કરીએ છીએ–**

● **इति** - એ પ્રમાણે, છેવટે, પ્રાંતે.

– અહીં 'ઇતિ' અવ્યય ઉપસંહારના અર્થમાં કહ્યો છે.

● **पूर्वसूरि-दर्शित-मंत्रपद-विदर्भितः** પૂર્વાચાર્યોએ બતાવેલ અને મંત્રના પદોથી ગર્ભિત (એવું...)

૦ 'પૂર્વસૂરિ' એટલે પૂર્વાચાર્યો, પૂર્વ થયેલા આચાર્યો. (તેનાથી)

૦ 'દર્શિત' - એટલે બતાવેલ, દર્શાવેલ, જણાવેલ.

૦ 'મંત્રપદ' - વિવિધ મંત્રપદો, મંત્રના વર્ણો કે શબ્દોથી.

૦ 'વિદર્ભિત' - ગર્ભિત, ગૂંથાયેલ, રચિત, ગુંથિત.

– આચાર્યોએ દર્શાવેલ એટલે ગુરુ આમ્નાય પૂર્વક પ્રકાશિત.

– સિદ્ધ ચંદ્રગણિ કૃત્ શાંતિ સ્તવની ટીકામાં કહ્યું છે કે–

"પૂર્વે જે આચાર્યો કે સૂરિવર્યો અને પંડિત જનો થઈ ગયા તેમણે આગમ શાસ્ત્રોથી પૂર્વમાં ઉપદેશાયેલ - કહેવાયેલ જે મંત્રપદો અર્થાત્ મંત્રાક્ષર બીજો, તેનાથી રચિત અથવા ગુંથેલ (આ સ્તવ છે)

૦ પ્રબોધટીકા કર્તાએ અહીં "શેષ પરિભાષા વિધાન" નામના આર્ષવિદ્યાનું-શાસનના ત્રીજા સમુદ્દેશમાં કાર્યસિદ્ધિ માટે મંત્રના અગિયાર પ્રયોગોનો ઉલ્લેખ કર્યો છે. તદનુસાર અમે અહીં મંત્રોના ગ્રથિત વગેરે અગિયાર ભેદોને તેમના જણાવ્યા પ્રમાણે નોંધીએ છીએ.

**(૧) ગ્રથિત :-** મંત્રના એક એક અક્ષરમાં સાધ્ય નામનો એક એક અક્ષરપ્રયોગ કરવામાં આવે તો તે વશ્ય અને આકર્ષણ કરનાર ગ્રથિત પ્રયોગ કહેવાય છે.

**(૨) સંપુટ :-** સંપૂર્ણ મંત્ર બોલ્યા પછી સાધ્ય-નામ બોલવાથી અને અંતે વિપરીત મંત્ર ભણવાથી સંપુટ પ્રયોગ થાય છે. જે શાંતિ પુષ્ટિ કરનાર તથા ત્રિલોકનું ઐશ્વર્ય આપનાર થાય છે.

**(૩) ગ્રસ્ત :-** આદિ અને અંતે અડધો-અડધો મંત્ર બોલી, મધ્યમાં સાધ્યનું નામ સંપૂર્ણ બોલવાથી ગ્રસ્ત પ્રયોગ થાય છે. તે દરેક અભિચાર કર્મ અને મારણમાં પણ યોજાય છે.

**(૪) સમસ્ત :-** પ્રથમ સાધ્યનામ અને પછી મંત્ર બોલવો, એ સમસ્ત પ્રયોગ કહેવાય છે, તેનાથી શત્રુનું ઉચ્ચાટન થાય છે.

**(૫) વિદર્ભિત :-** બબ્બે મંત્રાક્ષરો અને એક એક સાધ્યનો અક્ષર રાખવાથી વિદર્ભિત-પ્રયોગ થાય છે, જે દુષ્ટનાશક અને વશકારક છે.

**(૬) આક્રાંત :-** મંત્રાક્ષરોની વચ્ચે સાધ્યનામ રાખવાથી આક્રાંત પ્રયોગ થાય. જે તત્કાળ સર્વાર્થસિદ્ધિ આપે છે. આ પ્રયોગ સમુદાય અથવા વ્યક્તિ સ્થંભન, પ્રવેશ, વશીકરણ અને ઉચ્ચાટન વગેરે કર્મમાં ઉપયોગી છે.

**(૭) આદ્યંત :-** પહેલા એક વખત મંત્ર બોલી પછી મધ્યમાં સાધ્ય રાખી

અને છેલ્લે મંત્ર બોલવાથી આદ્યન્ત પ્રયોગ થાય છે. જે અન્યોન્ય પ્રેમમાં દ્વેષ કરાવે છે.

**(૮) ગર્ભસ્થ :-** પહેલા અને છેલ્લા બબ્બે વાર મંત્ર ભણી મધ્યમાં સાધ્ય રાખી પ્રયોગ કરવાથી ગર્ભસ્થપ્રયોગ થાય છે. જેથી મારણ, ઉચ્ચાટન, વશીકરણ સિદ્ધ થાય છે અને મનુષ્યોનાં શસ્ત્ર, અસ્ત્ર, વહાણ, સૈન્ય, બુદ્ધિ, ગર્ભ વગેરેની ગતિ અટકે છે.

**(૯) સર્વતો મુખ :-** પહેલા ત્રણ વખત મંત્ર બોલી વચમાં સાધ્ય રાખી અંતે પણ ત્રણ વખત મંત્ર બોલવાથી સર્વતોમુખ પ્રયોગ થાય છે. જેનાથી બધા ઉપદ્રવો કે વિઘ્નોની શાંતિ, અપમૃત્યુ નિવારણ, સર્વ સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

**(૧૦) યુક્તિ વિદર્ભિત :-** પહેલા મંત્ર પછી નામ પાછો મંત્ર એ પ્રમાણે ત્રણ વખત જપવાથી યુક્તિ વિદર્ભિત પ્રયોગ થાય છે. જેનાથી બધા વ્યાધિનો નાશ, ભૂત આદિ બાધાનો નાશ થાય છે.

**(૧૧) મંત્ર વિદર્ભિત :-** મંત્ર બોલી એક સાધ્યનો અક્ષર લેવાથી મંત્ર વિદર્ભિત પ્રયોગ થાય છે. તે સર્વ કાર્ય કરનાર, સર્વ ઐશ્વર્યનું ફળ આપનાર છે. (જેનો લઘુ શાંતિ સ્તવમાં ઉલ્લેખ છે.)

● **स्तवः शांतेः** શાંતિ સ્તવ, શાંતિનાથ ભગવંતનું આ સ્તવ. (જે પૂર્વાચાર્ય દર્શિત છે અને મંત્રપદથી ગુંથાયેલ છે તે)

● **सलिलादि-भय-विनाशी** - પાણી વગેરે આઠ ભયોનો વિનાશ કરનાર છે અર્થાત્ તે ભયોનો નાશ કરે છે.

– 'સલિલ આદિ' - આ જ સ્તવની ગાથા-૧૨માં જણાવ્યા મુજબના- સલિલ, અનલ, વિષ, વિષધર, દુષ્ટગ્રહ, રાજા, રોગ, રણ એ આઠ ભયોના સમૂહનો વિનાશ કરનાર.

● **शांत्यादिकरश्च भक्तिमतां** - ભક્તિ કરનારા મનુષ્યોને શાંતિ આદિને કરનાર.

○ भक्तिमत - ભક્તિ કરનાર, મંત્ર સાધક, ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરનારો એવો મંત્ર સાધક.

– આ મંત્ર સાધક કેવો હોય ? તેના લક્ષણ ભૈરવપદ્માવતીકલ્પના મંત્ર લક્ષણાધિકારમાં આ પ્રમાણે જણાવેલ છે–

(૧) શુચિ - બાહ્ય અને અભ્યંતર પવિત્રતા વાળો.
(૨) પ્રસન્ન - સૌમ્યચિત્તવાળો
(૩) ગુરુદેવભક્ત - ગુરુ અને દેવની યોગ્ય ભક્તિ કરનારો
(૪) દૃઢવ્રત - ગ્રહણ કરેલા વ્રતમાં અતિ દૃઢ
(૫) સત્યદયા સમેત - સત્ય - અહિંસાનો ધારક
(૬) દક્ષ-અતિ ચતુર (૭) પટુ - બુદ્ધિશાળી
(૮) બીજ પદાવધારી - બીજ અને પદનો ધારક

– આવો પુરુષ આ જગત્‌માં મંત્રસાધક થાય છે.

○ शांत्यादिकरः શાંતિ આદિને કરનાર.

– શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આદિ (ક્રિયાઓ) તેના સુખને આપનાર.

○ च - અને, આ અવ્યય છે.

**○ આ ગાથા-૧૬નો અર્થ અન્વય પદ્ધતિએ –**

○ इति - એ પ્રમાણે, અંતે ○ शांतेःस्तव - શાંતિ સ્તવ.

આ શાંતિ સ્તવ કેવું છે ? તે જણાવે છે.

(૧) પૂર્વના આચાર્યોએ ગુરુ આમ્નાયપૂર્વક પૂર્વમાંથી ઉદ્ધરીને પ્રકાશિત કરેલા મંત્રોથી ગર્ભિત છે.

(૨) ભક્તિ કરનારા મંત્રસાધકોના સલિલાદિ ભયનો વિનાશ કરનાર એવું છે.

(૩) ઉપદ્રવોનું નિવારણ કરવા દ્વારા શાંતિ આદિ કરનારું છે.

– અહીં अस्ति - છે, એ પદ અધ્યાહાર સમજવાનું છે.

**○ હવે ગાથા-૧૭માં** આ સ્તવનો લાભ અર્થાત્ ફળ અને આ સ્તવના કર્તાનું નામાભિધાન જણાવે છે–

● **यश्चैनं** - અને (વળી) જે (ભક્તજન) આ સ્તવને...

○ यः - જે, જે ભક્તજન (એવો મંત્ર સાધક)

○ च - અને, આ અવ્યય અહીં વિષયનું અનુસંધાન જણાવે છે.

○ एनं - આને, આ સ્તવ અથવા સ્તવનને.

● **पठति सदा** - હંમેશાં (વિધિપૂર્વક) ભણે છે - પાઠ કરે છે.

– આ સ્તવનનો નિત્ય પાઠ કરે છે કે ભણે છે.

● **श्रृणोति भावयति वा यथायोगं** - વિધિપૂર્વક સાંભળે છે અથવા મનન કરે છે.

○ શ્રૃણોતિ એટલે વિધિપૂર્વક બીજા પાસેથી સાંભળવું.

○ ભાવયતિ એટલે ભાવના કરે છે, મનન કરે છે.

○ वा - અથવા (ભણે, સાંભળે અથવા મનન કરે).

○ यथायोगं - યોગ પ્રમાણે, મંત્રયોગના નિયમ પ્રમાણે.

– મંત્રની સિદ્ધિ માટે 'ભાવ' એ ખાસ આલંબન છે. તેથી જ કહેવાયું છે કે, "ભાવ દ્વારા સર્વ પ્રકારના લાભો મળે છે, ભાવ દ્વારા દેવના દર્શન થાય છે અને ભાવથી પરમજ્ઞાન મળે છે માટે ભાવનું અવલંબન લઈને સાધના કરવી જોઈએ.

– ઘણાં પ્રકારના જાપ અને હોમ કરવામાં આવે, અનેક પ્રકારે કાયકલેશો કરવામાં આવે પણ જો "ભાવ" ન હોય તો દેવ, યંત્ર અને મંત્ર ફળ દેતા નથી.

● **स हि शांतिपदं यायात्** - તે જરૂરથી શાંતિપદને પામે.

○ શાંતિ - કલેશરહિત સ્થિતિ ○ પદ - સ્થાન

– જ્યાં કર્મરૂપ કલેશ લેશમાત્ર નથી તેવું સ્થાન - તે મોક્ષ.

● **सूरिः श्रीमानदेवश्च** તથા આ સ્તોત્રના રચયિતા શ્રી માનદેવસૂરિ પણ

(શાંતિપદને પામે.)

**○ ગાથા-૧૭નો અર્થ અન્વય પદ્ધતિએ–**

– यायात् - પામે છે શું પામે છે ? શાંતિપદને.

– શાંતિ પદ કેવી રીતે પામે છે ? નિશ્ચયથી (પામે છે)

– શાંતિ પદ કોણ પામે છે ? તે. તે એટલે કોણ ?

જે આ સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે અથવા જે તેને હંમેશા સાંભળે છે અથવા જે આ મંત્રયોગનું વિધિપૂર્વક મનન કરે છે કે તદનુસાર ભાવના કરે છે (તે શાંતિપાદને પામે છે)

બીજું કોણ શાંતિપદને પામે ?

શ્રી માનદેવસૂરિ - કે જે આ સ્તવના કર્તા છે.

**○ મૂળ રચના મુજબ** તથા અવચૂરિ અનુસાર લઘુ શાંતિ સ્તવ અહીં પુરું થાય છે. છતાં અંત્ય મંગલરૂપે બીજી બે ગાથા જોવા મળે છે. જેમાં "ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ" ગાથા લઘુ શાંતિની જેમ મોટી શાંતિને અંતે પણ ગોઠવાયેલી છે. જ્યારે બીજી "સર્વમંગલ" ગાથા 'જયવીયરાય' સૂત્રમાં અંતે પણ છે અને મોટી શાંતિને અંતે પણ છે. વળી ટીકામાં આ બે ગાથાની નોંધ નથી માટે પ્રક્ષેપ ગાથા હોવાનો સંભવ જણાય છે.

**○ ગાથા-૧૮નું વિવેચન :-**

● **उपसर्गाः क्षयं यान्ति** - બધાં ઉપસર્ગો નાશ પામે છે.

○ **उपसर्ग** એટલે આફત, વિઘ્ન, બીજા વડે કરાયેલા ઉપદ્રવ.

– આ શબ્દની વ્યાખ્યા-વિવેચન માટે જુઓ સૂત્ર-૧૭ 'ઉવસગ્ગહરં'.

○ क्षय - ક્ષય થવો, વિનાશ પામવો, ક્ષીણ થવું.

● **छिद्यंते विघ्नवल्लयः** - વિઘ્નરૂપ વેલડીઓ છેદાય છે.

– વિઘ્નને વેલડી સાથે સરખાવેલ છે. તેનું છેદાવું-કપાવું.

● **मनः प्रसन्नतामेति** - મન પ્રસન્નતાને પામે છે.

○ मनः - મન, ચિત્ત, અંતઃકરણ (પ્રસન્ન થાય છે)

● **पूज्यमाने जिनेश्वरे** - શ્રી જિનેશ્વરનું દેવનું પૂજન કરવાથી

**○ અન્વય પદ્ધતિએ ગાથાર્થ :-**

ક્ષય પામે છે, છેદાય છે અને પામે છે. એ ક્રિયાપદ છે. આ ત્રણે ક્રિયાપદો દ્વારા કઈ ક્રિયા થાય છે ? અને શું કરતા થાય છે ? એ બે પ્રશ્નોના ઉત્તરમાં ગાથાર્થ સમાયેલો છે.

શ્રી જિનેશ્વર પરમાત્મા અર્થાત્ વીતરાગ એવા અરિહંત દેવને પૂજવાથી - તેમનું વિધિસર પૂજન કરવાથી–

(૧) ઉપસર્ગો ક્ષય પામે છે (૨) વિઘ્નરૂપી વેલ છેદાય છે.

(3) મન પ્રસન્નતાને પામે છે

**○ ગાથા-૧૯** પૂર્વે સૂત્ર-૧૮ "જયવીયરાય"માં આવેલી જ છે. તેનું

વિવેચન પણ ત્યાં કરાયેલું છે, તેથી અહીં માત્ર અર્થ આપેલ છે.

○ **सर्व मंगल मांगल्य** - સર્વે મંગલોમાં માંગલિકરૂપ

○ **सर्व कल्याण कारणम्** - સર્વે કલ્યાણના કારણરૂપ

○ **प्रधानं सर्व धर्माणां** - સર્વે ધર્મોમાં પ્રધાન એવું.

○ **जैनं जयति शासनम्** - જૈનશાસન-જૈન પ્રવચન જયવંતુ વર્તે છે.

– વિવેચન માટે જુઓ સૂત્ર-૧૮ "જયવીયરાય" ગાથા-પ

■ **વિશેષ કથન :-**

લઘુશાંતિ સ્તવના અર્થો જણાવી, વિવેચન કર્યા પછી પણ જે વસ્તુ અનુક્ત જ રહી છે, તેવી કેટલીક વાતોને અહીં "વિશેષ કથન" સ્વરૂપે રજૂ કરવામાં આવે છે - જેમકે–

– આવા સ્તવની રચના ક્યારે થાય છે ? સ્તવ રચના ભૂમિકા, આ સ્તવની રચના માનદેવ સૂરિએ કેમ કરી, આ સ્તવનો ક્રિયામાં ઉપયોગ, આ સ્તવનું વિશિષ્ટ રહસ્ય આદિ વાતોને અહીં જણાવેલ છે–

○ અંતિમ (૧૭-મી) ગાથામાં 'શ્રીમાનદેવશ્ચ' શબ્દ દ્વારા આ પ્રભાવક સ્તોત્રના રચયિતા શ્રી માનદેવસૂરિજી છે તે સ્પષ્ટ છે. તેમણે ખાસ કારણ ઉપસ્થિત થયેલ હોવાથી આ સ્તવની રચના કરેલી હતી. આ રીતે બીજા મહર્ષિઓએ પણ શાસનકાર્યો માટે સ્તવ કે સ્તોત્રોની રચના કરેલી છે.

○ **ચમત્કારિક સ્તવરચનાના કારણો :-**

(૧) ઉપદ્રવ થાય, (૨) દુર્ભિક્ષ થાય, (૩) શત્રુ ચડી આવે,
(૪) રાજા દુષ્ટ બને, (૫) ભય આવી પડે, (૬) વ્યાધિ ઉદ્ભવે,
(૭) માર્ગનો રોધ થાય, (૮) કોઈ વિશિષ્ટ કાર્ય આવી પડે.

– આ અને આવા કારણો ઉત્પન્ન થાય ત્યારે મંત્ર આદિ શક્તિ ધરાવતા મહાત્માઓ મંત્ર આદિનો ઉપયોગ કરે છે તે દ્વારા શાસન કે સંઘરક્ષાનું કાર્ય કરે છે, તે રીતે દર્શનાચારના આઠમા "પ્રભાવના" નામના ભેદનું પાલન પણ કરે છે.

જેમકે - માનદેવસૂરિજી રચિત આ શાંતિસ્તવ, સિદ્ધસેન દિવાકરસૂરિજી રચિત કલ્યાણમંદિર સ્તોત્ર, માનતુંગસૂરિજી રચિત ભક્તામર સ્તોત્ર, ભદ્રબાહુસ્વામીજી રચિત ઉવસગ્ગહરં સ્તોત્ર, મહાત્મા નંદિષેણજી રચિત અજિત શાંતિ સ્તવ વગેરે વગેરે આવી સ્તોત્ર-સ્તવ રચનાના જીવંત દૃષ્ટાંતો છે.

○ **આવી સ્તવ રચનાની ભૂમિકા :-**

ચમત્કારનો અર્થ આશ્ચર્યકારી ઘટના, અસાધારણ બનાવ અથવા આપણી કલ્પના બહારની હકીકત એવો કરી શકાય છે. આવી ચમત્કાર ઘટના ભૂતકાળમાં બનતી હતી, વર્તમાનમાં પણ સંભવે છે, ભાવિમાં પણ બની શકે છે. પણ ત્રિકાળાબાધિત એવા વૈશ્વિક નિયમોથી વિરુદ્ધ જઈને કદી કોઈ ચમત્કાર સર્જાઈ ન શકે જેમકે ભવિજીવ કદી અભવી ન બની શકે કે જીવ કદી અજીવ ન બને.

આવા જે કોઈ ચમત્કારનું સર્જન થાય છે તેની પાછળ નિમિત્તરૂપ પરીબળ

યોગ, વિદ્યા અને મંત્રો વગેરે હોય છે.

— યોગ - જડીબુટ્ટી આદિના પ્રયોગો. જેમકે પગે વિશિષ્ટ દ્રવ્યના લેપ દ્વારા પાણી ઉપર ચાલતા તાપસનો પ્રસંગ કલ્પસૂત્ર સુબોધિકા વૃત્તિમાં નોંધાયેલ છે તે 'યોગ'થી ચમત્કાર છે.

— વિદ્યા - એટલે અનુષ્ઠાન સિદ્ધ એક પ્રકારની શક્તિ કે જેના અધિપતિ સ્થાને મુખ્યતાએ સ્ત્રી દેવતા હોય છે.

— મંત્ર - એટલે પાઠસિદ્ધ શક્તિ કે જેના અધિપતિ સ્થાને પુરુષ દેવની મુખ્યતા હોય છે.

— વગેરે - આગમ કથાનકમાં નોંધાયેલા શીલ-બ્રહ્મચર્યના પ્રભાવે, તપના પ્રભાવે, કાયોત્સર્ગના પ્રભાવે થયેલા ચમત્કારો.

અહીં આ સ્તવમાં મંત્રના પ્રભાવયુક્ત ચમત્કારની નોંધ છે.

**૦ માનદેવ સૂરિએ આ સ્તવની રચના કેમ કરી ?**

વીરનિર્વાણની સાતમી સદીના અંતભાગે ભારત વર્ષમાં બનેલો એક ચમત્કારિક પ્રસંગ છે. તે વખતે બૃહદ્‌ગચ્છમાં પ્રસિદ્ધ અને પ્રભાવક એવા બ્રહ્મચર્યનિષ્ઠ શ્રી માનદેવસૂરિજી નાડોલ નગરે ચાતુર્માસ બિરાજમાન હતા. તે વખતે શાકંભરી નગરીમાં કોઈ શાકિનીએ મરકી નામની મહામારીનો ઉપદ્રવ ફેલાવેલો. તેના લીધે માણસો ટપોટપ મરવા માંડ્યા, સકલ સંઘ પણ પીડા પામવા લાગ્યો. નગરી શ્મશાન જેવી ભયંકર લાગવા માંડી.

તે વખતે શાકંભરીમાં સુરક્ષિત રહેલા શ્રાવકોએ એકઠા થઈને વિચાર્યુ કે આ ઉપદ્રવમાંથી સર્વેને કઈ રીતે બચાવવા ? બધાંએ મળીને પ્રભાવક આચાર્ય માનદેવસૂરિ પાસે કોઈને મોકલવા તેમ ઠરાવ્યું. વીરદત્ત નામના એક શ્રાવકને વિજ્ઞપ્તિ પત્ર સાથે નાડોલ નગરે માનદેવસૂરિજી પાસે મોકલાયો.

તે વખતે માનદેવસૂરિએ ઉપદ્રવની વાત જાણી, કરુણાર્દ્ર એવા આચાર્યએ લોકોપકાર બુદ્ધિથી "શાંતિસ્તવ" નામક આ મંત્રયુક્ત અને ચમત્કારીક સ્તવની રચના કરીને સ્તોત્ર આપ્યું તે લઈને વીરદત્ત શાકંભરી નગરીએ પહોંચ્યો. આ શાંતિસ્તવના પાઠથી મહામારીનો ઉપદ્રવ શાંત થઈ ગયો.

ત્યારથી આ 'સ્તવ' સર્વ પ્રકારના ઉપદ્રવોના નિવારણ અર્થે સંઘમાં બોલાવા લાગ્યું. "સપ્તસ્મરણ"માં એક સ્મરણ રૂપે સ્થાન પામ્યું. *(હાલ નવસ્મરણ પ્રસિદ્ધ છે, તેમ પૂર્વે સપ્તસ્મરણો પ્રસિદ્ધ હતા)* હર્ષકીર્તિસૂરિએ સપ્તસ્મરણની ટીકા રચી છે, તેમાં આ 'શાંતિસ્તવ'ને ચોથા સ્મરણરૂપે નોંધ્યુ છે. સિદ્ધિચંદ્રગણિએ પણ સપ્તસ્મરણની ટીકા રચી છે, તેમાં આ 'શાંતિસ્તવ'ને છટ્ઠું સ્મરણ ગણાવેલું છે.

**૦ શાંતિસ્તવનો ક્રિયામાં ઉપયોગ :-**

વર્તમાનકાળે દૈવસિક પ્રતિક્રમણમાં પ્રતિદિન દુઃખક્ષય અને કર્મક્ષયના ચાર લોગસ્સના કાયોત્સર્ગ કર્યા બાદ આ "લઘુશાંતિ સ્તોત્ર" બોલવામાં આવે છે. (પક્ખિ, ચૌમાસી, સંવચ્છરી પ્રતિક્રમણમાં તેને સ્થાને "બૃહદ્‌શાંતિ" સ્તોત્ર

બોલાય છે. અન્ય સર્વે દિનોમાં 'લઘુશાંતિ' બોલાય છે.

આ વાતનો ઉલ્લેખ સિદ્ધચંદ્ર ગણિએ આ સ્તવની ટીકામાં પણ કર્યો છે - "પ્રત્યહં લઘુશાંતિઃ પ્રતિક્રમણપ્રાંતે પ્રોચ્યતે." પ્રતિદિન લઘુશાંતિ પ્રતિક્રમણના અંતે બોલાય છે. એવો સંપ્રદાય છે.

**૦ લઘુશાંતિ સ્તવનું વિશિષ્ટ રહસ્ય –**

આ સ્તવનો આરંભ 'શાંતિ' શબ્દથી કર્યો તે મંગલને માટે છે, આ શાંતિનાથ માટે વપરાયેલા (૧) શાંતિ નિશાંત, (૨) શાંત, (૩) શાંતા શિવ એ ત્રણે વિશેષણો ભગવંતના આંતરિક તેમજ બાહ્ય સ્વરૂપને સ્પષ્ટ કરે છે. ભગવંતનું અંતર શાંતિથી ભરેલું છે, તેમની બાહ્યમુદ્રા પ્રશમરસ-નિમગ્ન છે અને તેઓ અશિવને શાંત કરનારા હોવાથી શિવસ્વરૂપ છે. આવા શાંતિનાથ ભગવંતને નમસ્કાર કરીને આ સ્તવ કે સ્તોત્રનો પ્રારંભ કરે છે.

આ સ્તવ "મંત્રપદો વડે બનાવું છું" એમ કહીને કર્તા સ્પષ્ટ કરે છે કે, આ મંત્રગર્ભિત ચમત્કારિક તાંત્રિક કૃતિ છે. સ્તોત્રની બીજી ગાથાથી નામમંત્રની સ્તુતિનો પ્રારંભ થાય છે. ત્યાં શ્રી શાંતિનાથ ભગવંતની વિવિધ સોળ નામો (વિશેષણો) વડે સ્તુતિ કરવામાં આવી છે. જેવા કે, ભગવત, યશસ્વી, અર્હત્, યોગીશ્વર વગેરે વગેરે.

ત્યારપછી સાતમી ગાથાથી નવ ગાથા વડે નવરત્નમાલા રચેલી છે. જેમાં વિજયા અને જયા દેવીની સ્તુતિ કરાઈ છે. આ ગાથાઓમાં સ્તોત્ર રચયિતાએ દેવીને જુદા જુદા ચોવીસ નામોથી સંબોધિત કરેલ છે. જેમકે ભગવતી, ગુણવતી, વિજયા, સુજયા, અજિતા, અપરાજિતા, જયાવહા ઇત્યાદિ. આ દેવી પાસે લોકોને વિવિધ ભય અને ઉપદ્રવોથી રક્ષણ કરવા માટે કહેવાયું છે. જેમકે - જળ ભય, અગ્નિ ભય, વિષ ભય આદિ ભયો તથા રાક્ષસ ઉપદ્રવ, શત્રુસમૂહનો ઉપદ્રવ આદિ ઉપદ્રવો.

આ સ્તોત્રની ચૌદમી ગાથામાં આરાધનાનો મૂલમંત્ર પ્રગટ કર્યો છે. દેવી પાસે શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, સ્વસ્તિને કરે એવી પ્રાર્થના કરવામાં આવેલી છે. છેલ્લે સ્તોત્રની સોળમી અને સત્તરમી ગાથામાં આ સ્તોત્રનું ફળ દર્શાવાયુ છે.

**■ સૂત્ર-નોંધ :-**

– આ સ્તોત્ર-સ્તવ સંસ્કૃત ભાષામાં છે.

– આ સ્તોત્રની બધી જ ગાથા આર્યા છંદમાં છે.

– આ સ્તોત્ર ભગવંત મહાવીરની ઓગણીસમી પાટે થયેલા આચાર્ય પૂજ્ય માનદેવસૂરિએ વીરનિર્વાણની સાતમી સદીમાં રચેલું છે અર્થાત્ આગમ સૂત્રમાં આ રચના નથી.

– સ્તોત્રના ઉચ્ચારણમાં અને પદ્ય હોવાથી ગાવામાં ઘણી સાવધાની અને ઉપયોગની આવશ્યકતા છે.

——×——×——

સૂત્ર-૪૮

# ચઉક્કસાય-સૂત્ર

## પાર્શ્વનાથ-જિન-સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં ભગવંત પાર્શ્વનાથના ગુણોની સ્તુતિ રૂપ ચૈત્યવંદન છે. જેમાં ભગવંતના સુંદર વિશેષણો છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ચઉક્કસાય-પડિમલ્લુલૂરણુ, દુજ્જય-મયણ-બાણ-મુસુમૂરણુ;**
**સરસ પિયંગુ વન્નુ ગય ગામિઉ, જયઉ પાસુ ભુવણત્તય સામિઉ. ૧**
**જસુ તણુ કંતિ કડપ્પ સિણિદ્ધઉ, સોહઈ ફણિ મણિ કિરણાલિદ્ધઉ;**
**નં નવ જલહર તડિલ્લય લંછિઉ, સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ. ૨**

■ **સૂત્ર-અર્થ :-**

ચાર કષાયોરૂપી જે શત્રુ-યોદ્ધા તેનો નાશ કરનાર, દુઃખે કરી જિતાય એવા કામદેવનાં બાણોને ભાંગી નાંખનાર, નવી પ્રિયંગુલતા-રાયણના જેવા (નીલ) વર્ણવાળા, હાથીના જેવી ગતિવાળા અને ત્રણ ભુવનના સ્વામી એવા શ્રી પાર્શ્વનાથ ભગવંત જય પામો. ૧

જે પાર્શ્વનાથ ભગવંતના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ એટલે ચકચકિત ચીકાશવાળો છે અર્થાત્ જેઓના શરીરનું તેજો મંડલ મનોહર છે, જે નાગની ફેણ ઉપર રહેલા મણિરત્નના કિરણોથી યુક્ત છે, જે વિજળીની લતાના ચમકારાએ સહિત નવા મેઘ સમાન શોભે છે તે પાર્શ્વ જિનેશ્વર મનોવાંછિત ફળને આપો. ૨

■ **શબ્દજ્ઞાન :-**

**ચઉક્કસાય** - ચાર કષાયરૂપ
**પડિમલ્લ** - શત્રુ-યોદ્ધાને
**ઉલ્લુરણુ** - નાશ કરનાર
**દુજ્જય** - દુઃખે જીતાય તેવા
**મયણ** - મદન, કામદેવ
**બાણ** - બાણ, તીર
**મુસુમૂરણૂ** - ભાંગી નાખનાર
**સરસ** - રસયુક્ત, તાજી
**પિયંગુ** - પ્રિયંગુ, રાયણ કે તેવી કોઈ વનસ્પતિ વિશેષ
**વન્નુ** - રંગવાળા, વર્ણવાળા
**ગય** - હાથીના જેવી
**ગામિઉ** - ગતિવાળા
**જયઉ** - જય પામો
**પાસુ** - પાર્શ્વનાથ ભગવંત
**ભુવણત્તય** - ત્રણ ભુવનના
**સામિઉ** - સ્વામી, નાથ

**જસુ** - જેના (પાર્શ્વનાથના) **તણુ** - તનની, શરીરની
**કંતિકંડપ્પ** - કાંતિસમૂહ **સિણિદ્ધઉ** - સ્નિગ્ધ, મનોહર
**સોહઇ** - શોભે છે **ફણિ** - સર્પની ફેણના
**મણિ** - મણિરત્નના **કિરણાલિદ્ધિઉ** - કિરણ વડે યુક્ત
**નં** - નિશ્ચે **નવ** - નવો **જલહર** - મેઘ
**તડિત્** - વિજળી **લય** - લતા વડે **લંછિઉ** - સહિત
**સો જિણપાસુ** - તે પાર્શ્વજિન, તે ભગવંત પાર્શ્વનાથ
**પયચ્છઉ** - આપો **वंछिउ** - વાંછિત, ઇચ્છિત

■ **વિવેચન :-**

આ સૂત્ર તેના આદ્ય પદથી "ચઉક્કસાય" નામે ઓળખાય છે, તે શ્રી પાર્શ્વજિનની સ્તુતિ નિમિત્તે રચાયેલું હોવાથી તેને "પાર્શ્વનાથજિન-સ્તુતિ" નામે પણ ઓળખાય છે. 'સંવેગ ચૂડામણિ' નામક હસ્ત લિખિત પોથીમાં આ સૂત્રની થોડા ફેરફાર સાથે નોંધ છે. તેમાં છેલ્લી ગાથામાં આ સૂત્રનું પ્રાકૃત નામ "પાસનાહ-જિણ-થુઈ" કહ્યું છે.

અપભ્રંશ ભાષામાં રચાયેલા અને બે સૂત્ર (ગાથા) પ્રમાણવાળા આ સૂત્રનું શબ્દશઃ વિવેચન આ પ્રમાણે છે—

● **चउक्कसाय-पडिमल्लुल्लूरणु** - ચાર કષાયરૂપ જે શત્રુ-યોદ્ધા, તેનો નાશ કરનાર.

○ 'ચઉક્કસાય-ચાર કષાયો - ક્રોધ, માન, માયા, લોભ.

— આ પદની વ્યાખ્યા અને વિવેચન સૂત્ર-૨ "પંચિંદિય"માં જોવું. સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ" અને સૂત્ર-૩૫ "વંદિત્તુ-સૂત્ર"ની ગાથા-૪માં પણ "ચાર કષાયો"નું વિવેચન જોવું.

○ 'પડિમલ્લ" પ્રતિમલ્લ, પ્રતિકૂળ મલ્લ, સામે લડનારો એવો મલ્લ, શત્રુ કે યોદ્ધો. (ચાર કષાયને જ શત્રુ કહ્યા છે.)

○ "ઉલ્લુરણુ" આ અપભ્રંશ શબ્દ છે. પ્રાકૃતમાં 'ઉલ્લૂરણ' શબ્દ છે. સિદ્ધહેમ પ્રાકૃત વ્યાકરણમાં અધ્યાય-૮, પાદ-૪, સૂત્ર-૧૧૬માં કહ્યું છે કે, 'તુડ્' ક્રિયાપદનો અર્થ છે તોડવું, જેનો પ્રાકૃતમાં 'ઉલ્લૂરઈ" આદેશ થાય છે. 'તુડ્' પરથી શબ્દ બન્યો 'ત્રોટનઃ' એટલે તોડનાર જેને અહીં 'ઉલ્લૂરણ' પદથી જણાવેલ છે.

'ઉલ્લૂરણ' એટલે તોડનાર, નાશ કરનાર.

● **दुज्जय-मयणबाण-मुसुमूरणु** - દુઃખે કરીને જીતી શકાય એવા કામદેવનાં બાણોને ભાંગી નાંખનાર.

○ दुज्जय એટલે દુર્જય, જેનો જય દુઃખે કરીને થાય તે. ઘણી મુશ્કેલીએ જીતી શકાય તે.

○ મદનબાણ એટલે કામદેવના બાણ, કામદેવના ભાથામાંથી નીકળેલા તીર અર્થાત્ કામવાસનાના હુમલા કે હલ્લા.

– મદન એટલે જેના વડે ઉન્મત્ત થવાય તે. ઉન્મત્ત તો મનુષ્ય દારુ, કેફી પદાર્થ આદિ ઘણાંથી થઈ શકે છે, પણ અહીં કામવાસના વડે ઉન્મત્ત થવાની વાત ગ્રહણ કરાઈ છે, તેથી કામવાસનાને જ મદન કહેવામાં આવે છે.

– મદન એટલે મન્મથ-કામનો માર.

– બાણ એટલે બાણ, તીર. જેનાથી કામદેવની ચોંટ લાગે છે તે.

– આ રીતે મન પર થતો કામવાસનાના હુમલો - તે મદન બાણ.

○ मुसुमूर - ભાંગી નાખનાર, તોડી નાખનાર.

– સિદ્ધહેમ વ્યાકરણના અધ્યાય-૮ના પાદ-૪ના સૂત્ર-૧૦૬માં કહ્યું છે કે, "ભંજ્" ક્રિયાપદનો પ્રાકૃતમાં 'મુસુમૂર' આદેશ થાય છે જેનો અર્થ છે - ભાંગવું, તોડવું, તેના પરથી શબ્દ બન્યો "ભંજનઃ" એટલે ભાંગી નાખનાર, જેનું પ્રાકૃત રૂપાંતર છે 'મુસુમૂરણ'.

● **सरस-पियंगु-वन्नु** - રસયુક્ત રાયણના જેવા નીલ રંગવાળા, સરસ પ્રિયંગુ જેવા વર્ણયુક્ત.

○ सरस - રસયુક્ત, તાજી, નવી.

○ पियंगु - રાયણ કે તેવી કોઈ વનસ્પતિ-વિશેષ.

○ वन्न-(वण्ण) એટલે વર્ણ, રંગ.

– કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી રચિત "વીતરાગ-સ્તવ"માં પરમાત્માના અતિશયના વર્ણનને આશ્રીને એક શ્લોક છે. તેનો અર્થ-અનુવાદ - આ પ્રમાણે છે–

"હે પ્રભો ! પ્રિયંગુ, સ્ફટિક, સ્વર્ણ, પદ્મરાગ, અંજનના જેવી પ્રભાવાળી તમારી વગર ધોયેલી નિર્મળ કાયા કોને આશ્ચર્ય નથી પમાડતી ? (પદાર્થોના વર્ણાનુસાર પ્રિયંગુ એટલે નીલ).

– વિવરણકર્તા પ્રભાનંદજી અહીં 'પ્રિયંગુ' શબ્દનો અર્થ કરે છે - "ફલિનીલતા" શ્રી મલ્લિષેણે પણ આ જ અર્થ કર્યો છે.

– અવચૂરિ કર્તા શ્રી વિશાલરાજીએ 'પ્રિયંગુ' શબ્દનો અર્થ કર્યો છે નીલવર્ણવાળુ વૃક્ષ.

– આ રીતે 'પ્રિયંગુ' શબ્દથી નીલવર્ણીય વનસ્પતિ અર્થ થશે.

● **गय-गामिउ** - હાથીના જેવી ગતિવાળા.

– ગજની ચાલ જેવી ચાલ જેમની છે તે, ગજગામી.

● **जयउ पासु भुवणत्तय-सामिउ** - ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ ભગવંત જયવંતા વર્તો - જય પામો.

○ जयउ - જય પામો, જયવંતા વર્તો.

○ पासु આ અપભ્રંશ શબ્દ છે, પ્રાકૃતમાં તેને पास અને સંસ્કૃતમાં पार्श्व કહે છે. તે ત્રેવીશમાં તીર્થંકર પાર્શ્વનાથને સૂચવે છે.

○ भुवणत्तय - ત્રણ ભવન, ઉર્ધ્વ-અધો-તિર્છાલોક રૂપ.

○ सामिउ - અપભ્રંશ પદ છે. પ્રાકૃતમાં सामिअ અને સંસ્કૃતમાં 'સ્વામી' થાય છે. સ્વામી એટલે નાથ.

— આ રીતે ગાથા-૧ને જણાવી **હવે ગાથા-૨ને** વર્ણવે છે—

● **जसु तणु-कंति-कडप्प सिणिद्धउ** - જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે, જેના શરીરનું તેજોમંડલ મનોહર છે.

○ 'જસુ' જેના, જે પાર્શ્વનાથ ભગવંતના

○ 'તણુ' તનુની, શરીરની, દેહની.

○ 'કંતિ' કાંતિનો, તેજનો, આભાનો.

○ 'કડપ્પ' કલાપ, સમૂહ, મંડળ

○ 'સિણિદ્ધઉ' - સ્નિગ્ધ, કોમળ, મનોહર.

● **सोहइ फणिमणि किरणालिद्धउ** - સાપની ફેણ ઉપર રહેલા મણિરત્નના કિરણોથી યુક્ત એવો શોભે છે.

○ 'ફણિ-મણિ' નાગની જે ફેણ હોય તેના ઉપર રહેલો એવો મણિ

○ 'આલિદ્ધઉ' - આશ્લિષ્ટ, સંબંધિત, યુક્ત.

● **नं** - એટલે નનુ, ખરેખર, જાણે કે - આ ઉત્પ્રેક્ષા અલંકાર છે.

● **नव जलहर** - નવો-નૂતન-નવીન, મેઘ-વરસાદ

● **तडिल्लय-लंछिउ** - તડિત્-લતા-વિજળીની લતાના ચમકારોએ કરીને, લાંછિત-યુક્ત, સહિત (એવા)

● **सो जिणु पासु** - (તેવા) તે પાર્શ્વજિન, પાર્શ્વનાથ ભગવંત.

○ जिणु એટલે 'જિન' વ્યાખ્યા માટે સૂત્ર-૧૨ અને ૧૩ જોવું.

○ 'पासु' એટલે પાર્શ્વનાથ-વ્યાખ્યા માટે સૂત્ર-૮ 'લોગસ્સ' જોવું અને અન્ય વિશેષતા માટે સૂત્ર-૧૭ 'ઉવસગ્ગહરં' જોવું.

● **पयच्छउ वंछिउ** - વાંછિત, ઇચ્છિતને આપો, પૂર્ણ કરો.

— આ સમગ્ર સૂત્ર પાર્શ્વનાથ ભગવંતની સ્તુતિ રૂપે છે. તેમાં પાર્શ્વનાથ ભગવંતના સ્વરૂપને વિશિષ્ટ ઉપમાથી રજૂ કરેલ છે.

— અન્વય પદ્ધતિએ આ સૂત્રની અર્થ વિચારણા આ પ્રમાણે છે—

○ 'પયચ્છઉ વંછિઉ' અમારા મનોરથોને પૂર્ણ કરો - વાંછિતને આપો.

— કોને ઉદ્દેશીને આ પ્રાર્થના કરાઈ છે ? ભગવંત પાર્શ્વનાથને.

— જે વાંછિતને પૂર્ણ કરે છે - તે પાર્શ્વનાથ કેવા છે ? - તે જણાવે છે.

(૧) ચાર કષાયોરૂપી શત્રુ-યોદ્ધાનો નાશ કરનાર (છે)

(૨) મુશ્કેલીથી જિતાય તેવા કામદેવના બાણોને ભાંગી નાખનાર છે.

(૩) પ્રિયંગુલતા જેવા નીલ વર્ણના છે.

(૪) હાથીના જેવી ગતિવાળા છે.

(૫) ત્રણ ભુવન-ઉર્ધ્વ, અધો, તિર્ચ્છાલોકના નાથ છે.

(૬) તેમનાં શરીરનું તેજો મંડલ મનોહર છે.

(૭) તેઓ નાગના મણિના કિરણોથી યુક્ત એવા શોભે છે.

(૮) જે વીજળીથી યુક્ત નવા મેઘ હોય તેવા શોભી રહ્યા છે.

– **આ રીતે જે પાર્શ્વનાથ ભગવંત**ને માટે 'જય પામો' અને 'અમારા મનોવાંછિતને પૂર્ણ કરો' એમ કહેવાયું તે પાર્શ્વનાથનું વર્ણન ત્રણ વિભાગોમાં કરાયુ છે તેમ કહી શકાય.

(૧) પાર્શ્વનાથ ભગવંતના દેહને આશ્રીને - જેમકે–

તેઓ વર્ણથી નીલવર્ણના છે, ચાલવામાં હાથી જેવી ગતિવાળા છે, શરીરની કાંતિનો સમૂહ મનોહર છે, તેમના મસ્તક પર નાગની ફણા છે તેમાં રહેલા મણિથી શોભી રહ્યા છે, ઇત્યાદિ.

(૨) પાર્શ્વનાથ ભગવંતના વિશિષ્ટ ગુણને આશ્રીને - જેમકે

તેઓએ કષાયોનો નાશ કર્યો છે અને કામને અર્થાત્ ઇન્દ્રિયોના વિષયોને સંપૂર્ણપણે જીતી લીધા છે.

(૩) પાર્શ્વનાથ ભગવંતના અતિશયને આશ્રીને - જેમકે

તેઓ ત્રણ ભુવનના નાથ-સ્વામી છે.

■ **વિશેષ કથન :-**

આ 'ચઉક્કસાય' સૂત્રનો ઉપયોગ દૈનિક ક્રિયામાં ક્યાં થાય છે ? તેનો વિચાર શ્રાવક અને શ્રમણને આશ્રીને કરવો ઘટે.

(૧) શ્રાવક-શ્રાવિકા માટે - તેઓને નિત્ય સંધ્યાકાલીન પ્રતિક્રમણ કરતી વખતે સામાયિક પારે ત્યારે ચૈત્યવંદનરૂપે ઇરિયાવહી કર્યા પછી બોલવામાં થતો હોય છે.

(૨) જો તે શ્રાવક-શ્રાવિકાએ રાત્રિ પૌષધ કર્યો હોય તો સાંજે તેમને પ્રતિક્રમણ કર્યા પછી સામાયિક પારવાની હોતી નથી. તેવા શ્રાવકોને આ સૂત્રનો ઉપયોગ શ્રમણ-શ્રમણી માફક 'સંથારાપોરિસિમાં' આવે છે.

(૩) શ્રમણ અને શ્રમણીઓને રાત્રે પ્રથમ પ્રહરના અંતે સંથારા પોરિસિ ભણાવે ત્યારે ઇરિયાવહી કર્યા બાદ ચૈત્યવંદન અર્થે આ સૂત્ર બોલવામાં આવે છે. *(પૌષધવ્રતધારીઓને પણ આ પ્રમાણે જ હોય છે.)*

**૦ આ સૂત્રને ચૈત્યવંદન રૂપે બોલવાનું કેમ કહ્યું ?**

– આ સૂત્રનો ઉપયોગ છેલ્લા એટલે કે સાતમા ચૈત્યવંદન રૂપે થતો હોવાથી તેને 'ચૈત્યવંદન રૂપ' કહ્યું છે.

– સાત ચૈત્યવંદનો રોજ કરવાના હોય છે.

– આ વિષયમાં પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે, (જુઓ ચૈત્યવંદન દ્વારની ગાથા-૮૯, ૯૦, ૯૧) સાધુઓ અહોરાત્રિમાં સાત વખત ચૈત્યવંદન કરે અને શ્રાવકો સાતવાર, પાંચવાર કે ત્રણવાર ચૈત્યવંદન કરે.

(૧) રાત્રિ પ્રતિક્રમણના આરંભે (૨) રાત્રિ પ્રતિક્રમણમાં 'વિશાલ લોચન' સૂત્ર બોલે તે રૂપ, (૩) દેરાસરજીમાં કરાતુ, (૪) ભોજન કાળે - પચ્ચક્ખાણ

પારતી વેળાએ, (૫) ભોજન વાપર્યા પછી, (૬) સાંજના પ્રતિક્રમણના આરંભે, બીજા મતે નમોસ્તુ વર્ધમાનાય રૂપ અને (૭) સંથારા પોરિસિ ભણાવતી વખતે - એમ સાત ચૈત્યવંદનો સાધુ-સાધ્વી મહારાજોએ રોજ કરવાના હોય છે.

જ્યારે શ્રાવકો માટે ત્રણ ભેદ કહ્યા - સાત, પાંચ, ત્રણ.

(૧) જે શ્રાવકો ઉભયકાળ પ્રતિક્રમણ કરે તેમને સાત ચૈત્યવંદન

(૨) જે શ્રાવકો પ્રતિક્રમણ ન કરે તેને પાંચ ચૈત્યવંદન અને

(૩) જઘન્યથી શ્રાવકોએ ત્રણ સંધ્યા સમયે એક એક ચૈત્યવંદન કરવું.

૦ **મહાનિશીથ** સૂત્રની સાક્ષી આપીને પણ આ જ પ્રમાણે સાત વખત ચૈત્યવંદનની વિધિ સાધુઓ માટે અને શ્રાવકને પણ સાત-પાંચ કે ત્રણ ચૈત્યવંદનનું વિધાન જોવા મળે છે. જો કે શ્રાવક માટે જરા જુદી નોંધ પણ જોવા મળે છે. શ્રાવકોને સાત ચૈત્યવંદનમાં

(૧) સૂતી વેળાએ અને જાગતી વેળાએ - બે,

(૨) ઉભયકાળના આવશ્યક-પ્રતિક્રમણમાં બે

(૩) ત્રિકાળ પૂજા કરતી વખતે ત્રણ ચૈત્યવંદન.

— સાધુ ભગવંત અને રાત્રિ પૌષધવ્રતધારી શ્રાવકોને તો સંથારાપોરિસિ વખતે સાતમું ચૈત્યવંદન રૂપે 'ચઉક્કસાય' આદિ વિધિ મુજબ કરવાના આવે જ છે. પણ શ્રાવકો સૂતી વખતે સાતમું ચૈત્યવંદન ભૂલી ન જાય તે માટે વર્તમાનકાળે દૈવસિક પ્રતિક્રમણના અંતે સામાયિક પારતી વખતે જ ગોઠવી દેવાયુ છે.

**૦ ચઉક્કસાય સૂત્ર રહસ્ય :-**

— આ સૂત્રમાં પાર્શ્વનાથ પરમાત્માની વિવિધ રીતે સ્તુતિ કરાઈ છે. જેમકે - સર્વ પ્રથમ તેમને 'કષાયવિજેતા' કહ્યા. કેમકે કષાયના વિજય પછી જ વીતરાગતા પ્રાપ્તિનો સંભવ છે. આત્માને મલ્લ ગણીએ તો કષયો પ્રતિમલ્લ છે. તેથી જેમ વાસુદેવ પ્રતિવાસુદેવને હરાવે - હણે પછી જ ત્રણ ખંડનું રાજ્ય ભોગવે છે, તેમ પરમાત્મા પણ કષાયરૂપી પ્રતિમલ્લને હરાવી-હણીને જ ત્રણ ભુવનના અધિપતિ થાય છે. વળી કષાયની સાથે-સાથે નોકષાયો ઉપર પણ વિજય મેળવવો જરૂરી છે. આ નવ નોકષાયમાં ત્રણ વેદનો પણ સમાવેશ થાય છે. તેથી વેદ અર્થાત્ કામ-વાસના પર વિજય મેળવતા ભગવંતને માટે "મદન-બાણભંજક" વિશેષણ વપરાયું છે.

આ બંને વિશેષણો દ્વારા મોહનીય કર્મને સર્વથા જીતવાની કે ક્ષય કરવાની વાતનો ઉલ્લેખ થયો છે. મોહનીયના ક્ષય પછી જ (સાથે સાથે) જ્ઞાનાવરણીય; દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થાય છે, વીતરાગતા પ્રાપ્તિ થાય છે, આ વસ્તુનું સુતા પહેલા સ્મરણ કરવું જોઈએ. જેથી કરીને મોક્ષનું લક્ષ્ય જળવાઈ રહે છે. ત્યાર પછી પરમાત્માના દેહનું કિંચિત્ વર્ણન કરીને તેમનો 'જય થાય' તેવી ભાવના કરાઈ છે. તેના દ્વારા મૂળ તો 'અરિહંતપણા'નો જય થવાની ઇચ્છા વ્યક્ત થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી ગાથામાં શ્રી પાર્શ્વનાથ ભગવંત મનોવાંછિત ફળની સિદ્ધિ કરે - એવી જે હાર્દિક અભિલાષા વ્યક્ત કરાઈ તેમાં ભક્તિભાવની તો મુખ્યતા છે જ. તદુપરાંત આ ગાથામાં ભગવાનના બાહ્ય સ્વરૂપ દેહની ચિંતવના દ્વારા રૂપસ્થ ધ્યાનની વિચારણા પણ અંતર્ભૂત થયેલી છે.

**૦ આ સૂત્ર વિશે બીજો પાઠ :-**

પ્રબોધ ટીકા કર્તાએ આ સૂત્રનો એક પાંચ ગાથાવાળો પાઠ પણ નોંધ્યો છે. જેની પહેલી ગાથા તો પ્રસ્તુત સૂત્રની પહેલી ગાથાને જ મળતી આવે છે. બીજી ગાથામાં અન્ય વિશેષણો છે, ત્રીજી ગાથામાં પ્રસ્તુત સૂત્રની બીજી ગાથાને મળતો આવતો જ પાઠ છે. ચોથી ગાથામાં અન્ય વિશેષણો છે, પાંચમી ગાથામાં સૂત્ર પઠનનું ફળ અને કર્તાનું નામ જણાવે છે. તેમાં કહ્યું છે કે–

"જેઓ આ સ્તુતિનું મન, વચન, કાયાથી ત્રિકાળ ધ્યાન કરે છે તેઓ ઘણી જ સંપત્તિને પ્રાપ્ત કરે છે."

– ભક્તિપૂર્વક ભદ્રબાહુ સ્વામીએ આ સ્તુતિની રચના કરી છે. (જો કે ભદ્રબાહુ સ્વામીની રચના હોવાનું પ્રમાણ બીજા કોઈએ આપ્યું હોવાનું અમારી જાણમાં નથી, પણ આ રચના પ્રાચીન હોય તેમ ચોક્કસ જણાય છે.)

આ સ્તુતિને અંતે એક મંત્ર આપેલ છે, જે કંઈક આવો કહી શકાય–

"નમો જિણપાસ વિસહરં ધરણિંદ પદ્માવતી વંદિયં ચરણં;
સુહ શુદ્ધિ બુદ્ધિ સંપઈ કુરુ કુરુ શ્રી પાસજિણ-કૂડં સ્વાહા."

**■ સૂત્ર-નોંધ :-**

– આ સૂત્રની ભાષા અપભ્રંશ (પ્રાકૃત) છે.

– આવશ્યકાદિ આગમોમાં તેનું કોઈ આધાર સ્થાન મળતું નથી. અન્ય કોઈ આધાર સ્થાન અમારી જાણમાં નથી.

– આ બંને ગાથાના છંદ માટે પહેલી ગાથા - "પાદકુલક" અને બીજી ગાથા "અડિલ્લય" હોવાની એક નોંધ જોવામાં આવેલી છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૪૯

# ભરહેસર-સજ્ઝાય

■ સૂત્ર-વિષય :-

આ સજ્ઝાય-સૂત્રમાં પ્રાતઃસ્મરણીય એવા ઉત્તમ ૫૩ મહાપુરુષો અને ૪૭ મહાસતીઓના નામોની ગણના કરાયેલી છે.

■ સૂત્ર-મૂળ :-

ભરહેસર બાહુબલી, અભયકુમારો અ ઢંઢણકુમારો;
સિરિઓ અણિઆઉત્તો, અઇમુત્તો નાગદત્તો અ. ૧
મેઅજ્જ થૂલભદ્દો, વયરરિસી નંદિસેણ સિંહગિરી;
કયવન્નો અ સુકોસલ, પુંડરિઓ કેસિ કરકંડુ ૨
હલ્લ વિહલ્લ સુદંસણ, સાલ મહાસાલ સાલિભદ્દો અ;
ભદ્દો દસણ્ણભદ્દો, પસન્નચંદો અ જસભદ્દો અ. ૩
જંબૂપ્પહુ વંકચૂલો, ગયસુકુમાલો અવંતિસુકુમાલો;
ધન્નો ઇલાઈપુત્તો, ચિલાઈપુત્તો અ બાહુમુણી. ૪
અજ્જગિરિ અજ્જરક્ખિઅ, અજ્જસુહત્થી ઉદાયગો મણગો;
કાલયસૂરિ સંબો, પજ્જુન્નો મૂલદેવો અ. ૫
પભવો વિણ્હુકુમારો, અદ્દકુમારો દઢપ્પહારી અ;
સિજ્જંસ કૂરગડૂ અ, સિજ્જંભવ મેહકુમારો અ. ૬
એમાઈ મહાસત્તા, દિંતુ સુહં ગુણ-ગણેહિં સંજુત્તા;
જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલિજ્જંતિ. ૭
સુલસા ચંદનબાલા, મણોરમા મયણરેહા દમયંતી;
નમયાસુંદરી સીયા, નંદા ભદ્દા સુભદ્દા ય ૮
રાઈમઈ રિસિદત્તા, પઉમાવઈ અંજણા સિરીદેવી;
જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઈ, પભાવઈ ચિલ્લણાદેવી. ૯
બંભી સુંદરી રુપ્પિણી, રેવઈ કુંતિ સિવા જયંતી અ;
દેવઈ દોવઈ ધારણી, કલાવઈ પુપ્ફચૂલા ય ૧૦
પઉમાવઈ અ ગોરી, ગંધારી લક્ખમણા સુસીમા ય
જંબૂવઈ સચ્ચભામા, રુપ્પિણી કણ્હટ્ઠ મહિસીઓ. ૧૧
જક્ખા ય જક્ખદિન્ના, ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના અ
સેણા વેણા રેણા, ભઈણીઓ થૂલભદ્દસ્સ ૧૨
ઇચ્ચાઈ મહાસઈઓ, જયંતિ અકલંક-સીલ-કલિઆઓ;

અજ્જ વિ વજ્જઈ જાસિં, જસ-પડહો તિહુઅણે સયલે. ૧૩

■ **સૂત્ર-અર્થ :-**

(૧) ભરતેશ્વર, બાહુબલી, અભયકુમાર, ઢંઢણકુમાર, શ્રીયક, અર્ણિકાપુત્ર, અતિમુક્ત અને નાગદત્ત...

(૨) મેતાર્ય, સ્થૂલભદ્ર, વજ્રઋષિ, નંદિષેણ, સિંહગિરિ, કૃતપુણ્ય, સુકોસલ, પુંડરીક, કેશી અને કરકંડૂ...

(૩) હલ્લ, વિહલ્લ, સુદર્શન, શાલ, મહાશાલ, શાલિભદ્ર, ભદ્ર-ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ્ર, યશોભદ્ર...

(૪) જંબૂપ્રભ-જંબૂસ્વામી, વંકચૂલ, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, ધન્ય, ઇલાચીપુત્ર, ચિલાતીપુત્ર, બાહુમુનિ...

(૫) આર્યગિરિ-આર્ય મહાગિરિ, આર્યરક્ષિત, આર્યસુહસ્તી, ઉદાયન, મનક, કાલક-કાલકાચાર્ય, શાંબ, પ્રદ્યુમ્ન અને મૂલદેવ...

(૬) પ્રભવ-પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દઢપ્રહારી, શ્રેયાંસ, કૂરગડુ, શય્યંભવ (સ્વામી) અને મેઘકુમાર...

(૭) આ (ત્રેપન) મહાપુરુષો આદિ (બીજા પણ મહાપુરુષો) અનેક ગુણોથી યુક્ત છે. જેઓનાં નામ લેવાથી પાપના બંધનો (પ્રબંધો) નાશ પામે છે, તે સુખને આપો.

*(આ પ્રમાણે મહાપુરુષોના નામ સ્મરણ બાદ હવે મહાસતીના નામો સૂત્રકાર શ્રી જણાવે છે. તે આ પ્રમાણે–)*

(૮) સુલસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી, નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રા અને સુભદ્રા...

(૯) રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજના, શ્રીદેવી, જ્યેષ્ઠા, સુજ્યેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચેલ્લણાદેવી...

(૧૦) બ્રાહ્મી, સુંદરી, રુક્મિણી, રેવતી, કુંતી, શિવા, જયંતી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી અને પુષ્પચૂલા...

(૧૧) કૃષ્ણ (વાસુદેવ)ની આઠ પટ્ટરાણીઓ એવી - પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, સત્યભામા અને રૂકિમણી...

(૧૨) સ્થૂલભદ્રની સાત બહેનો એવી - યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા...

(૧૩) આ (સડતાલીશ) અને આવા બીજા નિષ્કલંક શીલને ધારણ કરનારા મહાસતીઓ જય પામે છે. જેમનો 'યશપટહ' આજે પણ સમગ્ર ત્રણ ભુવનમાં વાગે છે.

■ **શબ્દજ્ઞાન :-**

**ભરહેસર** - ભરત ચક્રવર્તી
**બાહુબલી** - બાહુબલી
**અભયકુમારો** - અભયકુમાર
**ઢંઢણકુમારો** - ઢંઢણકુમાર

**સિરિઓ** - શ્રીયક
**અઈમુત્તો** - અતિમુક્તકુમાર
**મેઅજ્જ** - મેતાર્યમુનિ
**વયરરિસી** - વજ્રસ્વામી
**સિંહગિરી** - સિંહગિરિ
**સુકોસલ** - સુકોશલ મુનિ
**કેસિ** - કેશીકુમાર
**હલ્લ** - હલ્લકુમાર
**સુદંસણ** - સુદર્શનશેઠ
**મહાસાલ** - મહાશાલમુનિ
**ભદ્દો** - ભદ્રબાહુ સ્વામી
**પસન્નચંદો** - પ્રસન્નચંદ્ર રાજર્ષિ
**જંબુપહુ** - જંબૂસ્વામી
**ગયસુકુમાલો** - ગજસુકુમાલ
**ધન્નો** - ધન્યકુમાર
**ચિલાઈપુત્તો** - ચિલાતિપુત્ર
**અજ્જગિરિ** - આર્ય મહાગિરિ
**અજ્જસુહત્થિ** - આર્ય સુહસ્તિ
**મણગો** - મનક મુનિ
**સંબો** - શાંબકુમાર
**મૂલદેવો** - મૂલદેવ રાજા
**પભવો** - પ્રભવસ્વામી
**અદ્દકુમારો** - આર્દ્રકુમાર
**સિજ્જંસ** - શ્રેયાંસકુમાર
**એમાઈ** - ઇત્યાદિ બીજા પણ
**દિંતુ** - આપો

**અણિઆઉત્તો** - અર્ણિકા પુત્ર આચાર્ય
**નાગદત્તો અ** - અને નાગદત્ત
**થૂલભદ્દો** - સ્થૂલભદ્રસ્વામી
**નંદિસેણ** - નંદિષેણમુનિ
**કયવન્નો અ** - કૃતપુણ્ય અને
**પુંડરિઓ** - પુંડરિક મુનિ
**કરકંડૂ** - કરકંડૂ મુનિ
**વિહલ્લ** - વિહલ્લકુમાર
**સાલ** - શાલમુનિ
**સાલિભદ્દો અ** - અને શાલિભદ્ર
**દસણ્ણભદ્દો** - દશાર્ણભદ્ર
**જસભદ્દો** - યશોભદ્રસૂરિ
**વંકચૂલો** - વંકચૂલકુમાર
**અવંતિસુકુમાલો** - અવંતિ સુકુમાલ
**ઇલાઈપુત્તો** - ઇલાચિપુત્ર
**અ બાહુમુણી** - અને બાહુમુનિ
**અજ્જરક્ખિઅ** - આર્યરક્ષિત
**ઉદાયગો** - ઉદાયન રાજર્ષિ
**કાલયસૂરિ** - કાલકાચાર્ય
**પજ્જુન્નો** - પ્રદ્યુમ્નકુમાર
**અ** - અને
**વિણ્હુકુમારો** - વિષ્ણુકુમાર
**દઢપ્પહારી અ** - અને દઢપ્રહારી
**કૂરગડુ અ** - અને કુરગડૂ
**મહાસત્તા** - મહાસત્ત્વશાળીઓ
**સુહં** - સુખને

**ગુણ ગણેહિં સંજુત્તા** - જ્ઞાનાદિ ગુણોના સમૂહે કરીને યુક્ત

**જેસિં** - જે મહાપુરુષોના
**પાવપ્પબંધા** - પાપના પ્રબંધો
**સુલસા** - સુલસા શ્રાવિકા
**મણોરમા** - મનોરમા
**દમયંતી** - દમયંતી
**સીયા** - સીતા-સતી
**ભદ્દા** - ભદ્રા શેઠાણી
**રાઇમઈ** - રાજિમતિ

**નામગ્ગહણે** - નામ લેવાથી
**વિલિજ્જંતિ** - નાશ પામે છે
**ચંદનબાલા** - ચંદનબાળા આર્યા
**મયણરેહા** - મદનરેખા
**નમયાસુંદરી** - નર્મદાસુંદરી
**નંદા** - નંદા (સુનંદા)
**સુભદ્દા** - સુભદ્રા સતી
**રિસિદત્તા** - ઋષિદત્તા

**પઉમાવઈ** - પદ્માવતી
**સિરિદેવી** - શ્રી દેવી
**સુજિટ્ઠ** - સુજ્યેષ્ઠા
**પભાવઈ** - પ્રભાવતી
**અંજણા** - અંજના સુંદરી
**જિટ્ઠ** - જ્યેષ્ઠા
**મિગાવઇ** - મૃગાવતી
**ચિલ્લણાદેવી** - ચેલ્લણા રાણી

(* જ્યેષ્ઠાથી ચેલ્લણા સુધીની પાંચે ચેડારાજાની પુત્રીઓ જાણવી)

**બંભી** - બ્રાહ્મી
**સુંદરી** - સુંદરી
**રુપ્પિણી** - રૂકિમણી
**રેવઈ** - રેવતી શ્રાવિકા
**કુંતિ** - કુંતિ-પાંડવ માતા
**સિવા** - શિવા-ચેડારાજાની પુત્રી
**જયંતી** - જયંતિ શ્રાવિકા
**દેવઇ** - દેવકી-કૃષ્ણની માતા
**દોવઇ** - દ્રૌપદી-પાંડવ પત્ની
**ધારણી** - ધારિણી-ચેડા રાજાની પુત્રી
**કલાવઈ** - કલાવતી સતી
**પુપ્ફચૂલા** - પુષ્પચૂલા આર્યા
**પઉમાવઈ** - પદ્માવતી
**અ ગોરી** - અને ગૌરી
**ગંધારી** - ગાંધારી
**લક્ખમણા** - લક્ષ્મણા
**સુસીમા ય** - અને સુશીમા
**જંબૂવઈ** - જાંબુવતી
**સચ્ચભામા** - સત્યભામા
**રુપ્પિણી** - રૂકિમણી
**કણ્હટ્ઠમહિસીઓ** - પદ્માવતી આદિ આઠે કૃષ્ણની પટ્ટરાણીઓ છે
**જક્ખા** - યક્ષા સાધ્વી
**જક્ખદિન્ના** - યક્ષદત્તા સાધ્વી
**ભૂઆ** - ભૂતા સાધ્વી
**તહ ચેવ** - તથા - અને
**ભૂઅદિન્ના** - ભૂતદત્તા સાધ્વી
**સેણા** - સેના સાધ્વી
**વેણા** - વેણા સાધ્વી
**રેણા** - રેણા સાધ્વી
**ભઇણીઓ થૂલભદ્દસ્સ** - યક્ષા આદિ સાતે સ્થૂલભદ્રના બહેનો છે
**ઇચ્ચાઇ** - ઇત્યાદિ, વગેરે
**મહાસઈઓ** - મહાસતીઓ
**જયંતિ** - જયવંતી વર્તે
**અકલંક** - કલંકરહિત
**સીલ કલિઆઓ** - શીલગુણ વડે કરીને યુક્ત-સહિત (એવા)
**અજ્જવિ** - અદ્યાપિ, આજ પણ
**વજ્જઈ** - વાગે છે
**જાસિં** - જેમનો, જે સતીઓનો
**જસપડહો** - જસનો ડંકો
**તિહુઅણે** - ત્રણે ભુવનમાં
**સયલે** - સકલ, સઘળા

### ■ વિવેચન :-

આ સૂત્રને ભરહેસર સજ્ઝાય અથવા ભરહેરસર બાહુબલી સજ્ઝાય નામે ઓળખવામાં આવે છે. તે આ સૂત્રના આદ્ય પદ કે પદોથી ઓળખાય છે. જેમાં ભરહેસર અર્થાત્ ભરચક્રવર્તી - આદિના નામોનું સ્મરણ આ સજ્ઝાયમાં કરવામાં આવેલ છે.

'સજ્ઝાય' શબ્દનો અર્થ સ્વાધ્યાય છે. સ્વ એટલે આત્મા. અધ્યાય એટલે અધ્યયન. આત્માનું હિત થાય તેવું અધ્યયન.

શાસ્ત્રીય વ્યાખ્યા મુજબ તો વાચના, પૃચ્છના આદિ પાંચ પ્રકારનો જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાધ્યાય (એક અભ્યંતર તપ) તે સજઝાય કહેવાય. પણ જૈન પરિભાષામાં સજ્ઝાય શબ્દ પરંપરાથી વિશિષ્ટ પદ્યરચના સ્વરૂપે પણ સ્વીકૃત છે. હિતકારક અને મનન કરવા યોગ્ય કોઈ પણ ભાવનાશીલ પદ્યકૃતિ - જેમાં મહાપુરુષ-મહાસતીના ગુણનું વર્ણન પણ આવે, આત્મહિત બોધ પણ આવે, પ્રસંગ કે પર્વ આશ્રિત કૃતિઓ પણ આવે.

અહીં ભરહેસર સજ્ઝાય એ પ્રાતઃસ્મરણીય એવા ત્રેપન આદિ અનેક મહાપુરુષો અને સડતાલીશ આદિ અનેક મહાસતીઓના નામોના સ્મરણ રૂપે રચાયેલ સજ્ઝાય છે.

અહીં આ નામો મુજબના પાત્રોનો **સામાન્ય પરિચય** રજૂ કરેલ છે. જો કે આ સજ્ઝાય પર **''ભરતેશ્વર બાહુબલિ-વૃત્તિ''** નામથી એક ટીકા શુભશીલગણિજીએ રચી છે. જેમાં ભરત, બાહુબલિ આદિ કથા વિસ્તારથી અપાયેલી છે. અનેક ગ્રંથોમાં પણ આ પાત્રોના કોઈને કોઈ કથાનકો જોવા મળે છે. તો વળી કોઈ-કોઈ પાત્રની કથાના તો સ્વતંત્ર ગ્રંથો પણ રચાયા છે. જેમકે અભયકુમાર ચરિત્ર, શાલિભદ્રનો રાસ, જંબૂકુમાર ચરિત્ર વગેરે - વગેરે - વગેરે.

અહીં તો આ પાત્રોનો **સંક્ષેપ પરિચય જ** માત્ર આપેલ છે - આ પરિચય આપતી વખતે *એક સ્પષ્ટીકરણ જરૂરી છે.*

(૧) મુખ્ય આધાર રૂપે અમે ''ભરહેસર બાહુબલિ-વૃત્તિ'' રાખી છે.

(૨) શક્યતઃ પાત્રો સાથે આગમ પંચાંગીનો સંદર્ભ નોંધ્યો છે.

(૩) જુદા જુદા ગ્રંથોમાં કથાઓમાં ઘણાં પરિવર્તનો જોવા મળે છે. તેથી આ જ 'કથાલેખન' સાચું અને તે સિવાયનું 'કથાલેખન' ખોટું તેવા ભ્રમમાં પડવું નહીં. કેમકે ગ્રંથોમાં ઘણું કથાંતર જોવા મળે છે.

**(૧) ભરત –**

ભગવંત ઋષભદેવના પ્રથમ પુત્ર, આ અવસર્પિણીના ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી એવા ભરત થયા. પૂર્વભવે તેઓ બાહુ નામે મુનિ હતા. સાધુઓની વૈયાવચ્ચના પ્રભાવે જબરજસ્ત ભોગકર્મ બાંધ્યુ અને અનુત્તરવિમાનનો દેવ ભવ પુરો કરી આ ભવે ચક્રવર્તીપણું પામ્યા. કોઈ વખતે આરીસાભુવનમાં પોતાના અલંકૃત શરીરને જોતા હતા, તે વખતે એક આંગળીને વીંટી રહિત જોઈને આંગળી શોભારહિત જાણી. બધાં અલંકારો ઉતાર્યા ત્યારે સમગ્ર શરીરને શોભારહિત જાણ્યું. 'અનિત્ય ભાવના' નામક વૈરાગ્ય ભાવનાની ધારાએ ચડ્યા. સર્વે પદાર્થોની અનિત્યતા ચિંતવતા શુક્લધ્યાન મગ્ન બન્યા. કેવળજ્ઞાન-કેવળદર્શન પામી ગયા. ઇન્દ્રમહારાજાએ આવીને નમ્રતાથી કહ્યું કે, આપ ભાવલિંગને પામી ગયા છો, હવે દ્રવ્યલિંગને ધારણ કરો, અમે આપનો નિષ્ક્રમણ મહોત્સવ કરીએ. ત્યારપછી ભાવચારિત્રી એવા ભરત રાજર્ષિએ દ્રવ્યથી મસ્તકનો લોચ કર્યો. દેવતાએ આપેલ મુનિવેશ ધારણ કર્યો. રજોહરણ-પાત્રાદિ ગ્રહણ કર્યા. પછી કિંચિત્ ન્યૂન એક લાખ વર્ષ કેવલી પર્યાય પાળીને છેલ્લે એક માસનું અનશન કરીને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

*(✱ ભરત ચક્રવર્તીની વિસ્તૃત કથા આગમોમાં મુખ્યત્વે-(૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સૂત્ર ૫૫ થી ૧૨૬માં અને (૨) આવશ્યક ચૂર્ણિમાં છે.)*

**(૨) બાહુબલી :-**

ભરત ચક્રવર્તીના નાનાભાઈ અને ભગવંત ઋષભ તથા સુનંદાના પુત્ર એવા 'બાહુબલી' થયા. પૂર્વના ભવે 'સુબાહુ' નામક મુનિ રૂપે ઘણા સાધુની વિશ્રામણા દ્વારા તેમને ઘણું જ બાહુબળ પ્રાપ્ત થયેલું હતું. ભગવંતે તેમને તક્ષશિલાનું રાજ્ય આપેલ હતું. ભરતે જ્યારે છ ખંડની સાધના કરી અને ચક્ર આયુધશાળા પ્રવેશતુ ન હતું ત્યારે બધાં ભાઈઓને આજ્ઞા કરી કે ભરતનું શરણું સ્વીકારે. બાકીના ભાઈઓએ દીક્ષા લીધી, પણ બાહુબલીએ ભરતની આજ્ઞા ન સ્વીકારી. તેથી ભરત અને બાહુબલી વચ્ચે યુદ્ધ થયું. બાર વર્ષ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. પછી ફક્ત બંને ભાઈઓએ લડવાનું નક્કી કર્યું, તેમાં દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, બાહુયુદ્ધ અને દંડયુદ્ધ કર્યું. આ ચારે યુદ્ધમાં ભરત હારી ગયો. છેવટે મુષ્ટિયુદ્ધ આવ્યું. જો બાહુબલીની મુટ્ઠી ભરતના મસ્તકે પડી હોત તો ભરતના પ્રાણ નીકળી જાત. પરંતુ તે વખતે જ બાહુબલીની વિચારધારા બદલાણી. રાજ્યને માટે ભાઈની હત્યા કરવાનું તેને ઉચિત ન લાગ્યું. તેથી ઉગામેલી મૂઠીને પાછી વાળવાને બદલે પોતાના મસ્તક અને દાઢી-મૂછના વાળ એક જ હાથે ખેંચી કાઢ્યા. પછી ભગવંત ઋષભદેવ પાસે જવા તૈયાર થયા. પણ તેજ વખતે તેમને માન કસાયનો ઉદય થયો. તેને થયું કે જો હું ભગવંત પાસે જઈશ, તો મારાથી અઠાણુ નાના ભાઈઓ કે જેઓ કેવળજ્ઞાન પામેલ છે, તેઓને વંદન કરવું પડશે. હું મારાથી નાના ભાઈઓને વંદન કેમ કરું ? તેના કરતા કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી જ ત્યાં જઈશ. એમ માન કસાય યુક્ત એવા બાહુબલી કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા. એક વર્ષપર્યન્ત તેઓ ઉગ્ર તપ, અનશન, કાયકલેશ, સંલીનતા આદિ સહિત કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા. પણ માન કસાયના કારણે તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ. ભગવંત ઋષભદેવે યોગ્ય અવસર થયો જાણી પોતાની પુત્રી અને બાહુબલીની બહેનો એવા સાધ્વી બ્રાહ્મી અને સુંદરીને બાહુબલીને બોધ પમાડવા મોકલ્યા. બહેન સાધ્વીએ જઈને તેમને જણાવ્યું કે, ભગવંતે કહ્યું છે કે, હાથી પર ચડીને કેવળજ્ઞાન ન થાય. બાહુબલીના મન પર આ વાક્યથી ચોંટ પહોંચી, તુરંત જ ભગવંતનું વચન સમજાઈ ગયું. અભિમાન રૂપી હાથી પરથી ઉતરીને વિશુદ્ધ ભાવોને સ્પર્શ્યા. પગ ઉપાડતા તુરંત જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, પછી કેવલિની પર્ષદામાં જઈને રહ્યા. ચોર્યાશી લાખનું સર્વાયુ પાળીને મોક્ષે ગયા.

*(✱ આવશ્યક ચૂર્ણિ, કલ્પસૂત્ર અને આવશ્યક વૃત્તિમાં બાહુબલીની કથા વિસ્તારથી મળે છે.)*

**(૩) અભયકુમાર :-**

બુદ્ધિનિધાન તરીકે પ્રસિદ્ધિ પામેલા એવા અને રાજા શ્રેણિકના તથા માતા સુનંદાના પુત્ર એ અભયકુમાર. બાલ્યાવસ્થાથી જ તેઓએ પોતાની બુદ્ધિ પ્રતિભાનું દર્શન કરાવેલું. તેમના બુદ્ધિના ચમત્કારથી પ્રભાવિત થયેલા રાજા શ્રેણિકે તેમને

૫૦૦ મંત્રીઓના મુખ્યમંત્રી બનાવેલા. તેઓ ઔત્પાતિકી આદિ બુદ્ધિના ધણી હતા. કુવામાંથી વીંટી કાઢવાનો પ્રસંગ હોય, લઘુમાતા ધારિણી દેવીના અકાલે મેઘનો દોહદ પૂર્ણ કરવાનો હોય, રોહિણેય ચોરને પકડવાનો હોય, ચેલ્લણા માતાની માંસ ભક્ષણ ઇચ્છા હોય, ચંડપ્રદ્યોતને પકડવાનો હોય કે કઠિયારા મુનિની પ્રતિષ્ઠા સ્થાપિત કરવાની હોય, આવા અનેક પ્રસંગોમાં તેમના મેધાવીપણાની પ્રચંડ શક્તિનું દર્શન થયેલું. પણ તેણે પોતાની બુદ્ધિને સમ્યક્ શ્રદ્ધા સાથે જોડીને જ્યારે ભગવંત મહાવીરને પ્રશ્ન કર્યો કે, "અંતિમ રાજર્ષિ કોણ". ભગવંતે કહ્યું કે, ઉદાયન અંતિમ રાજર્ષિ થઈ ગયા, હવે કોઈ રાજા પ્રવ્રજિત થશે નહીં. તે વખતે જ અભયકુમારે ચારિત્ર ગ્રહણનો નિર્ણય કર્યો. આખરે ભગવંત મહાવીર પાસે દીક્ષા લઈ, ઉત્કૃષ્ટ તપ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા. ત્યાંથી બીજે જ ભવે મોક્ષે જશે.

*(* અભયકુમાર વિશે આગમોમાં મુખ્યતાએ સૂયગડાંગ નિર્યુક્તિ અને તેની ચૂર્ણિ અને વૃત્તિમાં, આવશ્યક નિર્યુક્તિ અને તેની ચૂર્ણિ તથા વૃત્તિમાં, નાયાધમ્મકહા આદિ આગમોમાં કથાનક મળે છે.)*

**(૪) ઢંઢણકુમાર :-**

શ્રીકૃષ્ણ વાસુદેવની એક રાણી ઢંઢણા હતી. તેનો પુત્ર તે ઢંઢણકુમાર, તેમણે ભગવંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી. પૂર્વભવે જ્યારે તે 'કૃષ્ણપારાશર' નામે ખેડુત હતો ત્યારે ક્ષુધાતુર ખેડૂતો તથા ૫૦૦ બળદોને ભોજનમાં અંતરાય કરતો હતો. તે અંતરાયકર્મ ઢંઢણ મુનિને ઉદયમાં આવવાથી શુદ્ધ ભિક્ષા પ્રાપ્ત થતી ન હતી. તેથી તેમણે ભગવંત પાસે અભિગ્રહ ગ્રહણ કર્યો કે, "સ્વલબ્ધિથી ભિક્ષા મળે તો જ ગ્રહણ કરવી. કોઈ વખતે તેઓ ભિક્ષાર્થે દ્વારિકાનગરીમાં ફરતા હતા. તે વખતે શ્રીકૃષ્ણે રથમાંથી ઉતરી ભક્તિપૂર્વક તેમણે ઢંઢણમુનિને વંદન કર્યું. તે જોઈને કોઈ શ્રેષ્ઠીએ તેમને ઉત્તમ મુનિ માની સ્વાદિષ્ટ લાડવા વહોરાવ્યા. ભગવંત પાસે જઈને ગૌચરી બતાવી, ત્યારે ભગવંતના વચને તેમણે જાણ્યું કે, આ આહાર કૃષ્ણ વાસુદેવ નિમિત્તે મળેલ છે, પણ સ્વલબ્ધિથી મળેલ નથી. ત્યારે તે લાડવા કુંભારશાળામાં પરઠવવા ચાલ્યા. પરઠવતી વખતે ઉત્તમ ભાવના ભાવતા કેવળજ્ઞાન પામ્યા.

*(* આ કથા ઉત્તરાધ્યયન નિર્યુક્તિ-૧૧૪ અને તેની ચૂર્ણિ તથા વૃત્તિમાં વિસ્તારથી આપેલી છે.)*

**(૫) શ્રીયક :-**

શકટાલ નામે એક મંત્રીના પુત્ર અને સ્થૂલભદ્રના ભાઈ તે શ્રીયક. શકટાલ મંત્રીના અપમૃત્યુ બાદ સ્થૂલભદ્રએ દીક્ષા ગ્રહણ કરી લીધી, તેથી શ્રીયક રાજમંત્રી બન્યા. તેની યક્ષા, યક્ષદત્તા આદિ સાતે બહેનોએ પણ દીક્ષા લીધી હતી. શ્રીયકે પણ અંતે વૈરાગ્યવાસિત થઈને દીક્ષા લીધી હતી. પર્યુષણ પર્વદિનમાં યક્ષા આદિ સાધ્વીઓની પ્રેરણાથી પોરિસિ આદિ પ્રત્યાખ્યાનમાં ક્રમશઃ આગળ વધતા ઉપવાસનું તપ કરતાં - તે જ દિને કાળધર્મ પામ્યા. દેવલોકે દેવ થયા.

*(❋ આ કથા આગમમાં સ્થૂલભદ્ર કથા અંતર્ગત્ નોંધાયેલી છે)*

**(૬) અર્ણિકાપુત્ર આચાર્ય :-**

દેવદત્ત નામના વણિક્ અને અર્ણિકાના પુત્ર હતા. તેમનું નામ 'સંધીરણ' પાડેલ, પણ લોકોમાં તે અર્ણિકાપુત્ર નામથી પ્રસિદ્ધ થયેલા. આ અર્ણિકાપુત્રે જયસિંહ આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરેલી. કાળક્રમે તેઓ આચાર્યપદને પામ્યા. રાણી પુષ્પચૂલાએ તેમની પાસે દીક્ષા અંગીકાર કરેલી. કોઈ વખતે દુષ્કાળ પડવાથી આચાર્ય ભગવંતે મુનિઓને અન્યત્ર વિહાર કરવા આજ્ઞા કરી. પોતે જંઘાબળથી ક્ષીણ થયા હોવાથી ત્યાંજ સ્થિરવાસ રહ્યા. રાણી પુષ્પચૂલાને પણ દીક્ષા વખતે રાજા પુષ્પચૂલે શરત કરેલી કે તેણીએ આ રાજ્ય છોડી અન્યત્ર વિહાર ન કરવો. તેથી આર્યા પુષ્પચૂલા પણ તે જ સ્થાને રહ્યા.

અર્ણિકાપુત્ર આચાર્યની નિર્દોષ ગૌચરી-પાણીથી પુષ્પચૂલા આર્યા વૈયાવચ્ચ કરતા હતા. અપ્રતિપાતિ એવા વૈયાવચ્ચના પ્રભાવે આર્યા પુષ્પચૂલા કેવળજ્ઞાન પામ્યા. જ્યારે અર્ણિકાપુત્ર આચાર્યને ખ્યાલ આવ્યો ત્યારે તેઓએ પુષ્પચૂલા સાધ્વીની ક્ષમાયાચના કરી પૂછ્યું કે, મારો મોક્ષ ક્યારે થશે ? ત્યારે કેવલી સાધ્વીએ જણાવ્યું કે, ગંગા નદી પાર ઉતરતાં તમારો મોક્ષ થશે. કેટલાક કાળ બાદ જ્યારે તેઓ અન્ય લોકોની સાથે હોડીમાં બેસીને ગંગાનદી પાર કરતા હતા, ત્યારે ઉપદ્રવ થતાં લોકોએ તેમને નદીમાં ફેંકી દીધા. તે વખતે પૂર્વભવની સ્ત્રી જે મૃત્યુ પામીને વ્યંતરી થઈ હતી. તેણીએ તેમને પાણીમાં જ શૂળીએ ચડાવી દીધા. તે વખતે શૂળીની વેદના સમભાવે સહન કરી, પોતાના રૂધિર પડવાથી અપ્કાયના જીવોની વિરાધના થશે તેવા કારુણ્યભાવ સાથે શુભધ્યાનમાં લીન બનેલા તેઓ કેવલ જ્ઞાન પામ્યા. અંતકૃત્ કેવલી થઈને મોક્ષે ગયા.

*(❋ આગમમાં આ કથા આવશ્યક નિર્યુક્તિ-૯૪૯, ૧૧૮૨, ૧૧૮૩ની ચૂર્ણિ તથા વૃત્તિમાં અને નિશીથ ભાષ્ય-૧૫૫૭ની ચૂર્ણિમાં છે.)*

**(૭) અતિમુક્ત મુનિ –**

*(અતિમુક્ત નામે બે શ્રમણ થયા છે. તેમાં અહીં ભગવંત મહાવીરના શાસનમાં થયેલા અતિમુક્ત મુનિની કથા લીધી છે.)*

પેઢાલપુર નગરના રાજા વિજય અને રાણી શ્રીમતીના પુત્ર તે અતિમુક્ત કુમાર. તેમણે બાલ્યાવયમાં જ ગૌતમસ્વામીથી પ્રભાવિત થઈને, માતા-પિતા સાથે અતિ માર્મિક સંવાદ કરીને, તેમની અનુમતિ પ્રાપ્ત કરી દીક્ષા લીધી હતી. કોઈ વખતે સ્થવિરમુનિ સાથે સ્થંડીલભૂમિ ગયેલા. પૂર્વે વરસાદ થયો હોવાથી કોઈ સ્થાને ખાબોચીયું પાણીથી ભરાયેલું હતું. ત્યાં અન્ય બાળકોને પાણીમાં હોડી તરાવતા જોઈને અતિમુક્તમુનિ પણ પાતરાને હોડીરૂપે પાણીમાં તરાવવા લાગ્યા. સ્થવિરોએ આ વાત ભગવંત મહાવીરને જણાવી. ભગવંતે સ્વભાવથી ભદ્ર અને વિનિત એવો મારો આ શિષ્ય આ જ ભવે મોક્ષે જનાર છે. તેથી કહેલું કે તમે તેની આશાતના-અવહેલના ન કરશો.

જ્યારે તેઓ ઇરિયાવહી પ્રતિક્રમતા હતા ત્યારે કોઈ વખતે "દગમટ્ટી" એવો શબ્દ અર્થ સહિત ચિંતવતા પોતે પૃથ્વીકાય અને અપ્કાયની કરેલ વિરાધના યાદ આવી. જીવોને ખમાવતા પશ્ચાત્તાપ થયો, ભાવ વિશુદ્ધિથી કેવળજ્ઞાન પામ્યા. ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાય પાળી અંતે વિપુલપર્વતે મોક્ષે ગયા.

*(* આ કથા વિસ્તારથી ભગવતી સૂત્ર-૨૨૮ અને અંતગડદશાંગ સૂત્ર-૨૫ અને ૩૯માં આપેલી છે.)*

**(૮) નાગદત્ત :-**

*(* આગમ સૂત્ર મુજબ ચાર નાગદત્ત થયાનું અમારી જાણમાં છે. તેમાંના ત્રણ નાગદત્તે દીક્ષા અંગીકાર કરેલી હતી. તેમાંથી બે મોક્ષે ગયાનો ઉલ્લેખ પણ મળે છે. ગ્રંથોમાં આ સિવાય પણ એક નાગદત્તનો ઉલ્લેખ મળે છે.)*

વારાણસી નગરીમાં યજ્ઞદત્ત નામે શ્રેષ્ઠી હતા. તેને ધનશ્રી નામે પત્નીથી થયેલ પુત્રનું નાગદત્ત નામ રાખેલ હતું. તેના લગ્ન નાગવસુ નામક કન્યા સાથે થયેલા હતા. કોઈ વખતે રાજા ઘોડો દોડાવતો હતો ત્યારે તેના કાનમાંથી કુંડલ પડી ગયું. નાગદત્ત તે રસ્તેથી નીકળ્યો, પણ તેને અદત્ત ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા હતી, તેથી તેણે કુંડલ સામે દૃષ્ટિ પણ ન કરી, ઉપાશ્રયે જઈ કાયોત્સર્ગમાં રહ્યો. પછી નગરનો કોટવાળ નીકળ્યો. તેણે કુંડલ જોયું. નાગદત્તની પત્નીને પામવા માટે તેણે કુંડલ લઈને નાગદત્ત પાસે મૂકી દીધું. પછી રાજા પાસે જઈને કોટવાળે નાગદત્તને ચોર ઠરાવ્યો. રાજાએ તેને શૂળીએ ચડાવ્યો. પણ સત્યના પ્રભાવથી શૂળીનું સિંહાસન થઈ ગયું. શાસન દેવીએ પ્રગટ થઈને નાગદત્તની પ્રશંસા કરી. અંતે નાગદત્તે દીક્ષા લીધી. સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષે ગયા.

**(૯) મેતાર્યમુનિ :-**

મેતાર્યમુનિએ પૂર્વભવમાં મુનિની દુગંછા કરેલી, તે કર્મના કારણે તેઓ ચાંડાલને ત્યાં જન્મ્યા હતા. પણ તેનો ઉછેર રાજગૃહીના એક શ્રેષ્ઠીને ત્યાં થયો હતો. તેના આઠ કન્યા સાથે વિવાહ થયા પછી લગ્ન માટે જતો હતો. ત્યારે પૂર્વના મિત્રદેવે તેને પ્રતિબોધ કરવા તેનું ચાંડાલપણું ખુલ્લુ પાડી દીધું. પછી તે મિત્રદેવની દૈવી સહાયથી મેતાર્ય શ્રેણિક રાજાની કન્યાને પણ પરણ્યો. બાર વર્ષ સુધી લગ્ન જીવન ગાળી અટ્ઠાવીસ વર્ષે દીક્ષા લીધી. કોઈ વખતે માસક્ષમણને પારણે ભિક્ષાર્થે નીકળ્યા. કોઈ સોનીને ઘરે 'ધર્મલાભ' આપ્યો. તે સોની શ્રેણિક મહારાજાની આજ્ઞાનુસાર સોનાના જવલા ઘડતો હતો. તે જવલા ત્યાંજ રહેવા દઈને ઘરમાં અંદર ગયો. લાડવા લઈને બહાર આવ્યો. તેટલામાં ક્રૌંચ પક્ષી તે જવલા ચણી ગયું. જવલા ન દેખાવાથી સોની મુનિ પર વહેમાયો. મુનિને જવલા વિશે પૂછ્યું. મેતાર્યમુનિએ વિચાર્યુ કે, હું પક્ષીનું નામ આપીશ તો સોની તેને મારી નાંખશે. તેથી તેઓ મૌન રહ્યા. સોનીએ તેમને શિક્ષા કરવા માટે તેમના મસ્તક પર લીલા ચામડાંની વાધરી કસકસાવીને બાંધી દીધી અને તડકે ઉભા રાખ્યા. વાધરી સંકોચાતા મેતાર્યમુનિને અસહ્ય પીડા થવા લાગી, તે વેદનાથી મુનિના ચક્ષુ બહાર

આવી ગયા. તો પણ તે વેદનાને સમભાવે સહન કરી, ક્રૌંચ પક્ષીની જીવદયા ચિંતવી. શુક્લધ્યાનની ધારાએ તેઓ અંતકૃત્ કેવળી થઈ મોક્ષે ગયા.

*(✱ આ કથા આગમમાં આવશ્યક સૂત્રની નિર્યુક્તિ-૮૬૫ થી ૮૭૦ની ચૂર્ણિ અને વૃત્તિમાં વિસ્તારથી આપી છે. મરણસમાધિમાં પણ છે.)*

**(૧૦) સ્થૂલભદ્ર :-**

નંદરાજાના મંત્રી શકટાલના પુત્ર હતા. તેને યક્ષા, યક્ષદત્તા આદિ સાત બહેનો હતી અને શ્રીયક નામે ભાઈ હતો. બાર વર્ષથી તેઓ કોસા નામે ગણિકાને ત્યાં જ મોહવશ રહેલા હતા. જ્યારે શકટાલ મંત્રીનું રાજ ખટપટને કારણે મૃત્યુ થયું, ત્યારે રાજાએ સ્થૂલભદ્રને મંત્રીમુદ્રા ગ્રહણ કરવા કહ્યું, સંસારની અસારતા વિચારી તેણે દીક્ષા અંગીકાર કરી સંભૂતિવિજયના શિષ્ય બન્યા. વિશિષ્ટ અભિગ્રહ સહ કોશાને ત્યાંજ ચાતુર્માસ કર્યું. કોસાને પ્રતિબોધ કરી - શ્રાવિકા બનાવી પાછા ફર્યા ત્યારે ગુરુ મહારાજે તેમને દુષ્કર-દુષ્કરકારક કહ્યા. તેઓ શ્રી ભદ્રબાહુસ્વામી પાસે ભણવા રહ્યા. દશપૂર્વનું જ્ઞાન મૂળથી અને અર્થથી પ્રાપ્ત કર્યું, પછી તેમની ભૂલને કારણે બાકીના ચાર પૂર્વોનું જ્ઞાન માત્ર સૂત્રથી પ્રાપ્ત થયું, છેલ્લા ચૌદ પૂર્વી થયા. અંતે તેઓ કાળધર્મ પામીને દેવલોકે ગયા. તેઓ બ્રહ્મચર્યની મિશાલ સમાન હતા.

*(આ કથા આગમોમાં આવશ્યક નિર્યુક્તિ-૯૪૪, ૯૫૦, ૧૨૮૩. ૧૨૮૪ની વૃત્તિમાં છે, ઉત્તરાધ્યયન નિર્યુક્તિ-૧૦૦ થી ૧૦૫, ૧૨૨ની વૃત્તિમાં છે. બૃહત્કલ્પ અને નિશીથભાષ્ય આદિમાં પણ છે.)*

**(૧૧) વજ્રસ્વામી :-**

વજ્રસ્વામી પૂર્વભવમાં તિર્યક્જૃંભક દેવ હતા. અષ્ટાપદતીર્થે ગૌતમસ્વામી દ્વારા પ્રતિબોધ પામ્યા હતા. ત્યાંથી ચ્યવીને તુંબવન ગામમાં ધનગિરિ અને સુનંદાના પુત્રરૂપે જન્મ્યા હતા. તેના જન્મ પહેલાં જ પિતા ધનગિરિએ સિંહગિરિ પાસે દીક્ષા લીધેલી. જન્મતાં જ તેણે દીક્ષાના ભાવથી રડવાનું શરૂ કરેલ. જ્યારે ધનગિરિ ફરી તે ગામમાં વિહાર કરતા પધાર્યા ત્યારે બાળકના સતત રૂદનથી કંટાળેલી માતાએ તે બાળકને પિતામુનિ ધનગિરિને વહોરાવી દીધા. વજ્ર જેવો ભાર હોવાથી બાળકનું નામ વજ્રકુમાર રખાયું, જ્યારે વજ્રકુમાર ત્રણ વર્ષનો થયો ત્યારે તેની માતાએ સાધુમહારાજ પાસે પોતાના પુત્રને પાછો સોંપવા માંગણી કરી, ઝઘડો રાજ દરબારે પહોંચ્યો. રાજાએ બાળકની ઇચ્છાનુસાર ન્યાય આપ્યો. તે વખતે વજ્રકુમારે સુનંદાના આપેલા કોઈપણ પ્રલોભનોમાં ન પડીને માત્ર રજોહરણ-ઓઘો સ્વીકાર્યો.

સજ્જાતર શ્રાવિકાને ત્યાં ઉછરી રહેલા વજ્રએ સાધ્વીજીઓના મુખપાઠને શ્રવણ કરતા કરતા પદાનુસારિણી લબ્ધિથી અગિયાર અંગોને ધારી લીધા. એ રીતે તેઓ અગિયાર અંગશાસ્ત્રરૂપ આગમોના જ્ઞાતા બાલ્યવયમાં જ બની ગયા. તેમની વાસ્તવિક દીક્ષા પણ પછી થઈ. તેમના સંયમથી પ્રભાવિત થયેલા મિત્રદેવોએ વજ્રમુનિને આકાશગામિની અને વૈક્રિયલબ્ધિ પણ આપી. ત્યારપછી અનેક

શાસનપ્રભાવના પણ કરી. ભગવંત મહાવીરના તેરમાં પટ્ટધર એવા આ વજ્રસ્વામી છેલ્લે દુકાળ પડ્યો ત્યારે ૫૦૦ શિષ્યો સાથે અનશન કરીને દેવલોકે ગયા.

*(* આગમોમાં આવશ્યક નિર્યુક્તિ, ચૂર્ણિ, વૃત્તિ, નિશીથ ભાષ્યચૂર્ણિ, મરણ સમાધિ મહાનિશીથ સૂત્ર, દશવૈકાલિક વૃત્તિ, ઉત્તરાધ્યયન વૃત્તિ આદિમાં આ કથા નોંધાયેલી છે.)*

**(૧૨) નંદિષેણ મુનિ :-**

*(* અમારા આગમ કથાનુયોગમાં ચાર નંદિષેણની કથા નોંધાઈ છે. તેમાંના એક 'નંદિષેણ' મોક્ષે ગયા છે - તેની કથાનો સંક્ષેપ અત્રે રજૂ કરેલ છે.)*

નંદિષેણે દીક્ષા ગ્રહણ કરી. ત્યારે દેવ વાણી થયેલી કે હજું તારે ભોગાવલી કર્મ બાકી છે. તો પણ ભવના ભયથી કાંપતા તેણે દીક્ષા અંગીકાર કરી. પોતાના ભોગકર્મોને ક્ષીણ કરવા માટે ઉગ્રતમ તપશ્ચર્યાઓ કરી, ત્યારપછી પર્વત પરથી પડીને આપઘાતનો પ્રયાસ કર્યો, ઝેર ખાઈ જોયું. એ રીતે આત્મ હત્યાના પ્રયાસો પણ નિષ્ફળ ગયા. તે વખતે પણ આકાશવાણી થઈ કે, હે નંદિષેણ ! તારું અકાળે મૃત્યુ થવાનું નથી, આ તારો છેલ્લો ભવ છે, તું ચરમશરીરી છો. નિકાચિત ભોગફળ ભોગવ્યા વિના તારે છુટકો નથી. તેની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે તેને ઘણી લબ્ધિઓ ઉત્પન્ન થયેલી.

કોઈ વખતે તે વેશ્યાને ઘેર ગૌચરી ફરતા ફરતા જઈ ચડ્યા. તેણે 'ધર્મલાભ' કહ્યો. વેશ્યા બોલી, હું ધર્મલાભને શું કરું, મારે તો ધન-લાભની આવશ્યકતા છે. તે સાંભળીને મુનિએ એક તરણું ખેંચ્યુ, તેમની લબ્ધિના પ્રભાવે સાડાબાર કરોડ સુવર્ણની વૃષ્ટિ થઈ. તે જોઈને વેશ્યા તેને વળગી પડી. મુનિએ પણ ભોગફળના કારણે સ્ખલના પામીને તે વાત સ્વીકારી લીધી. પછી ગુરુ પાસે ગયા. ગુરુના ચરણમાં વેશને સમર્પિત કરી વિશિષ્ટ અભિગ્રહ ગ્રહણ કર્યો કે વેશ્યાને ત્યાં આવતા પુરુષોમાંથી મારે રોજ દશ-દશને પ્રતિબોધ કરવા. તેમ ન થાય ત્યાં સુધી મારે સંડાસ, પેશાબ, આહાર, પાણી અને વેશ્યાનો સંગ ન કરવો.

આવા ઘોર અભિગ્રહપૂર્વક વેશ્યાની સાથે રહ્યા. રોજ દશ પુરુષોને ઉપદેશ આપી, ધર્મ પમાડી ભગવંત પાસે મોકલવા લાગ્યા. એમ કરતા એક-બે માસ નહીં, પણ પુરા બાર વર્ષો પસાર થઈ ગયા. પણ આખરે એક દિવસ એવો આવ્યો કે નવ પુરુષો પ્રતિબોધ પામ્યા પછી દસમો સોની આવ્યો તે કેમે કરીને બોધ પામતો ન હતો. વેશ્યાએ ત્યારે મજાક કરી કે "દસમાં તમે" આ વાક્ય સાંભળતા જ તેની મોહનિદ્રા તુટી ગઈ. પુનઃ દીક્ષા ગ્રહણ કરી. તે જ ભવે કર્મો ખપાવી મોક્ષે ગયા.

*(* આગમોમાં મહાનિશીથ સૂત્ર-૮૩૭ થી ૮૪૪ અને ગચ્છાચાર પયન્ના સૂત્ર-૮૫ની વૃત્તિમાં આ કથા વિસ્તારથી આપેલી છે.)*

**(૧૩) સિંહગિરિ :-**

સિંહગિરિ આચાર્ય ભગવંત મહાવીરની બારમી પાટે બિરાજમાન પ્રભાવશાળી આચાર્ય હતા. તેઓ આર્યદિન્નસૂરિના શિષ્ય હતા. સિંહગિરિસૂરિને

પણ ચાર શિષ્યો થયા – (૧) આર્ય સમિત, (૨) આર્ય ધનગિરિ, (૩) આર્ય વજ્રસ્વામી અને (૪) અર્હદત્ત. તેઓએ પોતાની પાટે વજ્રસ્વામીને સ્થાપ્યા. પોતે ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. કાળધર્મ પામીને દેવલોકે ગયા.

*(* આગમોમાં આવશ્યક નિર્યુક્તિ-ચૂર્ણિ વૃત્તિ, ઉત્તરાધ્યયનવૃત્તિ, ગચ્છાચાર પયન્ના આદિમાં તેમની કથાના ઉલ્લેખો મળે છે.)*

**(૧૪) કૃતપુણ્ય :-**

શ્રીપુર નગરમાં એક ગોવાલણ રહેતી હતી. તેને એક પુત્ર હતો. નગરમાં ઉત્સવ નિમિત્તે રંધાયેલી ખીર જોઈને તે બાળકે પણ માતા પાસે ખીર માટે જીદ કરી. ગરીબ ગોવાલણના ઘરમાં ખીર બનાવવાની સામગ્રી જ ન હતી. રડતી ગોવાલણને સખીઓએ અનુકંપાથી સામગ્રી આપી. બાળકે પહેલી વખત ખીર જોઈ. પણ તે જ વખતે માસક્ષમણના પારણે આહારાર્થે પધારેલા સાધુને જોઈને તે બાળકે ખીરના ત્રણ ભાગ કર્યા. ત્રણ ટુકડે બધી ખીર વહોરાવી દીધી. તે સાધુદાનના પ્રભાવે રાજગૃહી નગરીના ધનેશ્વર શેઠને ત્યાં પુત્રરૂપે અવતર્યા કૃતપુણ્ય નામ પડ્યું, સુખદુઃખના ત્રણ તબક્કા પસાર થયા. ત્રણે પ્રસંગે પુનઃ સંપત્તિવાન બન્યા. છેલ્લે શ્રેણિક રાજાનું અડધુરાજ્ય પામ્યા અને તેમની પુત્રી મનોરમા સાથે કૃતપુણ્યના લગ્ન પણ થયા. પણ પછી ભગવંત મહાવીર પાસે પોતાનો પૂર્વભવ સાંભળીને દીક્ષા ગ્રહણ કરી, કાળ કરીને સ્વર્ગે ગયા. આ પ્રમાણે દાનના નિમિત્તથી પણ સામાયિકની પ્રાપ્તિ થાય છે.

*(* આ કથા આવશ્યક નિર્યુક્તિ-૮૪૬, ૮૪૭ની ચૂર્ણિ અને વૃત્તિમાં વિસ્તારથી અપાયેલી છે.)*

**(૧૫) સુકોશલ મુનિ :-**

ધર્મધ્યાનમાં બતાવેલી અપૂર્વદૃઢતા માટેનું આ પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. તેઓ સાકેતપુરના રાજા કીર્તિધરના પુત્ર હતા. તેમની માતાનું નામ સહદેવી હતું. કીર્તિધર રાજાએ દીક્ષા લીધી. પુત્ર કેમે કરીને દીક્ષા ન લે તે માટે સહદેવી માતાએ સુકોશલને કીર્તિધર રાજર્ષિથી દૂર રાખવા ઘણાં પ્રયત્નો કર્યા, પણ સુકોશલકુમારે અંતે દીક્ષા લીધી. માતા સહદેવી પતિ અને પુત્રના વિયોગથી આર્ત્તધ્યાન કરતા મૃત્યુ પામી વાઘણરૂપે જન્મ્યા. કોઈ વખતે સુકોશલમુનિ પિતામુનિ સાથે ચિત્રકૂટ પર્વત પરથી ઉતરતા હતા. પૂર્વભવની માતા એવી વાઘણે હુમલો કર્યો. કાયોત્સર્ગમાં સ્થિર રહીને પ્રત્યાખ્યાનમાં ઉપયોગવંત બન્યા. વાઘણે આખું શરીર ફાડી ખાધું. વાઘણથી ખવાતાં છતાં ધર્મધ્યાનથી ચલિત ન થયા. શુક્લધ્યાનમાં આગળ વધતા સુકોશલ મુનિ અંતકૃત્ કેવલી બની મોક્ષે ગયા.

*(* આગમોમાં ભત્તપરિજ્ઞા, સંસ્તારક અને મરણ સમાધિમાં આ દૃષ્ટાંત જોવા મળે છે.)*

**(૧૬) પુંડરીક :-**

*(પુંડરીક નામથી બે કથાનકો આગમોમાં છે. એક પુંડરીક આરાધક છે અને*

*બીજો પુંડરીક વિરાધક છે. અહીં આરાધક પુંડરીકની કથાનો સંક્ષેપ રજૂ કરીએ છીએ. જે આગમમાં નાયાધમ્મકહા સૂત્ર-૨૧૩ થી ૨૧૮માં ઘણાં જ વિસ્તારથી રજૂ થયેલ છે. મરણસમાધિ તથા આવશ્યકચૂર્ણિમાં પણ આ કથા છે.)*

પુંડરીકિણી રાજધાનીમાં મહાપદ્મ રાજા હતો. તેને પદ્માવતી નામે રાણી હતી અને પુંડરીક તથા કંડરીક નામે બે પુત્રો હતા. મહાપદ્મ રાજાએ સ્થવિર મુનિ પાસે દીક્ષા લીધી. પુંડરીક રાજા બન્યો, કંડરીક યુવરાજ બન્યા. ઘણાં સમય બાદ ફરી સ્થવિર મુનિઓ તે નગરીમાં પધાર્યા ત્યારે તેમની દેશના સાંભળીને પુંડરીકે શ્રાવકધર્મ અંગીકાર કર્યો, કંડરીક દીક્ષા ગ્રહણ કરવા માટે તૈયાર થયો. પુંડરીક રાજાએ તેને ઘણી યુક્તિ-પ્રયુક્તિપૂર્વક દીક્ષા ન લેવા સમજાવ્યું, પણ વૈરાગ્ય વાસિત કંડરીકે જ્યારે તેમના બધાં કથનના પ્રત્યુત્તર આપ્યા, ત્યારે પુંડરીક રાજાએ તેને દીક્ષા માટે અનુમતિ આપી. કંડરીક મુનિએ ઘણાં વર્ષ દીક્ષાનું પાલન કર્યું, તેમનું શરીર તપશ્ચર્યાદિથી ગ્લાન થયું. દાહજ્વર ઉત્પન્ન થયો, વિચરતા પોતાની નગરીમાં આવ્યા. પુંડરીકે તેની ઘણી જ વૈયાવચ્ચ કરી, પણ રોગમુક્ત કંડરીકમુનિના પરિણામો ક્ષીણ થયા, રાજ્યની લાલસા થઈ, પુંડરીક રાજાએ તેને રાજ્ય સોંપ્યુ, પોતે મુનિવેશ ધારણ કરી ત્યાંથી નીકળી ગયા. સ્થવીર ભગવંત પાસે વિધિવત્ ચતુર્યામ ધર્મ અંગીકાર કર્યો. છટ્ઠના પારણે ગ્રહણ કરેલ શીત-રૂક્ષ આહાર પરિણત ન થતા પ્રગાઢ વેદના થઈ, અનશન કરી, તે જ રાત્રિએ કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

*(✱ આ કથા ઘણાં જ વિસ્તારથી નાયાધમ્મકહા આગમના સૂત્ર-૨૧૩ થી ૨૧૮ માં છે. તદુપરાંત આવ.નિ. ૭૬૪ની વૃત્તિ, ચૂર્ણિમાં, આચારાંગ સૂત્ર-૭૩ની વૃત્તિ ચૂર્ણિ આદિમાં આપેલી છે.)*

**(૧૭) કેશી સ્વામી :-**

કેશીકુમાર શ્રમણ ભગવંત પાર્શ્વનાથના સંતાનીય શિષ્ય હતા. તેમની કથા બે પ્રસંગોથી જૈન જગત્માં સવિશેષ પ્રસિદ્ધ બની છે. (૧) નાસ્તિક એવા પ્રદેશી રાજાને તેમણે પ્રતિબોધ કરીને શ્રાવક બનાવેલો હતો. (૨) ગૌતમસ્વામી સાથે વિશદ્ ધર્મસંવાદ દ્વારા સત્ય સમજી, સ્વીકારીને પાંચ મહાવ્રતોનો સ્વીકાર કર્યો હતો. બંને પ્રસંગોથી તેમની વિદ્વતા અને નમ્રતાનો પરીચય મળે છે. (ગ્રંથોમાં તેમનો ઉલ્લેખ ગણધરરૂપે થયેલો છે.)

*(✱ આગમોમાં આ બંને પ્રસંગો વિસ્તારથી છે. રાયપ્પસેણીય સૂત્ર-૫૩ અને ઉત્તરાધ્યયન સૂત્ર-૮૪૭ થી ૯૩૫માં જોવું)*

**(૧૮) કરકંડૂ-પ્રત્યેકબુદ્ધ રાજર્ષિ :-**

ચંપાનગરીમાં દધિવાહન રાજા હતા. તેને પદ્માવતી નામે રાણી હતા કે જે ચેડારાજાની પુત્રી હતી. ગર્ભના પ્રભાવે રાણીને રાજાનો વેશ ધારણ કરી, પટ્ટહસ્તિ પર બેસી ઉદ્યાનમાં વિચરવાનો દોહદ થયો. રાજા દધિવાહને તેનો દોહદ પૂર્ણ કરવા તૈયારી કરી, હાથી પર બેસી નીકળ્યા ત્યારે ઉન્મત્ત થયેલો હાથી દોડ્યો પરિણામે

રાજા-રાણી છુટા પડી ગયા. અટવીમાં એકલી પડી રાણી જેમ તેમ દંતપુર પહોંચ્યા. સાધ્વીજી પાસે પોતાની બધી વીતક જણાવી, માત્ર ગર્ભવતી છે તે ન કહ્યું, પછી દીક્ષા લીધી. પણ ગર્ભકાળ થયો ત્યારે મહત્તરા સાધ્વીને સત્ય હકીકત જણાવી. કોઈ શય્યાતરને ત્યાં પુત્રનો જન્મ આપ્યો. આ પુત્ર તે કરકંડુ.

જો કે પુત્રનું નામ અવકીર્ણક પાડેલ. પણ તેને ઘણી જ ખંજવાળ આવતી હોવાથી બાળકો કર વડે તેને ખંજવાળતા હતા. તેથી તેનું નામ કરકંડૂ પડી ગયું. પુન્યપ્રભાવે કરકંડૂ મોટો થઈને રાજા બન્યો. કોઈ વખતે દધિવાહન રાજા સાથે તેની લડાઈ થઈ. તે જાણીને સાધ્વી પદ્માવતીએ આવીને તે લડાઈનો અંત આણ્યો. પછી દધિવાહને તેને ચંપાનગરીનું પણ રાજ્ય સોંપી દઈ દીક્ષા લીધી. કરકંડૂ રાજા ન્યાયપૂર્વક બંને રાજ્ય ચલાવતો હતો. પણ કોઈ વખતે વૃદ્ધ વૃષભને જોઈને રાજા અનિત્ય ભાવના ચિંતવતા જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. સ્વયં પંચમુષ્ટી લોચ કરી પ્રત્યેકબુદ્ધ થયા. શુદ્ધ ચારિત્રપાલન કરી મોક્ષે ગયા.

*(* આગમોમાં ઉત્તરાધ્યયન સૂત્રમાં નિર્યુક્તિ, વૃત્તિ, ચૂર્ણિમાં આ કથા વિસ્તારથી છે, તે ઉપરાંત આવશ્યક ચૂર્ણિ અને ભાષ્યમાં પણ છે.)*

**(૧૯, ૨૦) હલ્લ અને વિહલ્લ :-** રાજગૃહી નગરીના રાજા શ્રેણિકની એક રાણી ચેલ્લણા હતી. તેણીને કોણિકથી નાના હલ્લ અને વિહલ્લ નામે બીજા પણ બે પુત્રો હતા. શ્રેણિક રાજાએ તેમને સેચનક હાથી અને નવલખો હાર આપેલા હતા. કોણિકની રાણી પદ્માવતીના દુરાગ્રહથી જ્યારે કોણિકે આ બંને વસ્તુઓ પાછી માગી, ત્યારે હલ્લ અને વિહલ્લ ત્યાંથી નીકળીને ચેડારાજા પાસે ચાલ્યા ગયા. તે પાછા મેળવવા કોણિકે યુદ્ધ કર્યું. યુદ્ધ દરમિયાન કોણિકની યુક્તિને કારણે સેચનક હાથી ખાઈમાં પડીને મરણ પામ્યો. તેથી હલ્લ અને વિહલ્લને વૈરાગ્ય ઉત્પન્ન થતા બંનેએ ભગવંત મહાવીર પાસે દીક્ષા લીધી. કાળધર્મ પામીને જયંત નામના અનુત્તર વિમાને દેવ થયા, ત્યાંથી મહાવિદેહે મોક્ષમાં જશે.

*(* આગમમાં આ કથા અનુત્તરોવવાઈય સૂત્ર-૧, ૨માં તથા ભગવતી સૂત્ર-૩૭૨-વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૪ની વૃત્તિ-ચૂર્ણિમાં આ કથા આવે છે. વિહલ્લ નામથી ભદ્રા માતાના પુત્રની પણ કથા આવે છે.)*

**(૨૧) સુદર્શન શેઠ :-**

*(સુદર્શન નામથી દશ પાત્રો અમારા 'आगम नाम कोसो' માં નોંધ્યા છે. જેમાં શ્રાવકરૂપે અને શ્રમણરૂપે નોંધાયેલા 'સુદર્શન' પણ એકથી વધુ છે. તે બધામાંથી અહીં માત્ર શીલવ્રત-પૌષધવ્રતધારી સુદર્શનની કથાનો સંક્ષેપ નોંધેલ છે. આ કથા આગમોમાં આવશ્યક નિર્યુક્તિ-૧૫૫૦ની ચૂર્ણિ અને વૃત્તિમાં છે. આચારાંગ મૂળ ૨૨૮ની ચૂર્ણિ અને વૃત્તિમાં છે.)*

ચંપાનગરીમાં ઋષભદાસ નામે શ્રેષ્ઠી હતો, તેને અર્હદ્દાસી નામે પત્ની હતી. તેમનો નોકર "સુભગ" હતો. તેણે કોઈ મુનિ પાસેથી "નમો અરિહંતાણં" પદ સાંભળીને યાદ રાખેલ. શ્રેષ્ઠીએ તેને આખો નવકાર શીખવેલો. કોઈ વખતે તેનું

અકસ્માત મૃત્યુ થયું. નમસ્કારમંત્ર પ્રભાવે તે સુભગ એ જ શ્રેષ્ઠીને ત્યાં પુત્રરુપે જન્મ્યો. તેનું સુદર્શન નામ રાખ્યું. યુવાન "સુદર્શન" શ્રેષ્ઠીપુત્ર વ્રતધારી શ્રાવક બન્યો. તે અષ્ટમી, ચતુર્દશીએ પૌષધોપવાસ કરતો હતો. તેની પત્ની પણ ધર્મપરાયણા શ્રાવિકા હતી. નગરની રાણી અભયા સુદર્શનથી ઘણી મોહિત થયેલ. તેણીએ સુદર્શનને ભોગ માટે ઘણી જ પ્રાર્થના કરેલી. પણ સ્વદારા સંતોષ વ્રતધારી તે અભયારાણી પ્રત્યે આકર્ષિત ન થયો.

કોઈ વખતે પૌષધપ્રતિમા અંગીકાર કરી કાયોત્સર્ગ ધ્યાને સ્થિર અને કાયાના મમત્વના ત્યાગી સુદર્શનને અભયારાણીએ દાસી દ્વારા મહેલમાં ઉપાડી લાવી ભોગ માટે ઘણી પ્રાર્થના કરી, પણ સુદર્શન જ્યારે ચલિત ન થયો, ત્યારે દ્વેષથી કોલાહલ મચાવ્યો. રાજાએ તેના વધ માટેની આજ્ઞા આપી. પણ શીલના પ્રભાવથી શૂળીનું સિંહાસન થઈ ગયું. તેનું આ અચિંત્ય માહાત્મ્ય જાણી રાજાએ તેનો ઘણો જ સત્કાર કર્યો.

(આગમ સિવાયના ગ્રંથોમાં જણાવે છે કે પછી સુદર્શને દીક્ષા લીધી.)

**(૨૨-૨૩) શાલ અને મહાશાલ :-**

શાલ અને મહાશાલ બંને ભાઈઓ હતા. યશોમતિ તેમની બહેન હતી અને ગાગલી નામે ભાણેજ હતો. બંને ભાઈઓએ ભગવંતની દેશના સાંભળી, વૈરાગ્યવાસિત થઈ ભાણેજ ગાગલીને રાજ્ય સોંપી દીક્ષા લીધી. બંને ભાઈઓ અગિયાર અંગશાસ્ત્રો ભણ્યા. જ્યારે ગૌતમસ્વામી સાથે તેઓ ભગવંતની અનુમતિથી પૃષ્ઠીચંપા ગયા ત્યારે બેન, બનેવી, ભાણેજ ત્રણેને દીક્ષા આપી. પાછા ફરતા શુભ અધ્યવસાયથી શાલ-મહાશાલ બંને મુનિ કેવળજ્ઞાન પામ્યા. અનુક્રમે મોક્ષે ગયા.

*(આગમોમાં આ કથા આવશ્યક નિર્યુક્તિ-૭૬૪ની ચૂર્ણિ-વૃત્તિમાં છે, તેમજ ઉત્તરાધ્યયન નિર્યુક્તિ-૨૮૪ અને વૃત્તિમાં પણ છે.)*

**(૨૪) શાલિભદ્ર :-**

જૈનશાસનમાં આ અતિપ્રસિદ્ધ બનેલી કથા છે. પૂર્વભવમાં મુનિને આપેલા ખીરના દાનના પ્રભાવે રાજગૃહીના અત્યંત ધનિક શ્રેષ્ઠી ગોભદ્ર અને શેઠાણી ભદ્રાના પુત્રરૂપે જન્મ્યો. તેનું શાલિભદ્ર નામ રાખ્યું. યુવા વયે તેની સાથે ઉચ્ચ, કુલીન, રૂપવતી, શ્રીમંત એવી બત્રીશ કન્યાના લગ્ન કરવામાં આવ્યા. ગોભદ્રશેઠના સ્વર્ગગમન બાદ ગોભદ્રદેવ રોજેરોજ પોતાના પુત્ર તથા તેની બત્રીશ પત્ની માટે વસ્ત્ર-આભુષણ આદિની નવ્વાણું પેટીઓ મોકલતા હતા. કોઈ વખતે રત્નકંબલનું નિમિત્ત બનતા રાજા શ્રેણિક ભદ્રાશેઠાણીને ત્યાં દિવ્ય ઋદ્ધિ જોવા આવ્યા. ત્યારે શાલીભદ્રને ખબર પડી કે તેના માથે સ્વામી એવો રાજા છે. એમ જાણી વૈરાગ્ય ઉત્પન્ન થતાં ભગવંત મહાવીર પાસે દીક્ષા લીધી, ઉગ્ર તપ કરતા વિચરણ કરવા લાગ્યા. માસક્ષમણના પારણે સગી માતાએ ન ઓળખ્યા અને પૂર્વભવની માતાએ પારણું કરાવ્યું. ત્યારે સંસારની અસારતાની ભાવના વધારે સ્પર્શી જતા અનશન

કર્યું, કાળધર્મ પામી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા.

*(આ કથા આગમોમાં આચારાંગ સૂત્ર-૧૪૪ની વૃત્તિ અને ચૂર્ણિમાં, આવશ્યક ચૂર્ણિમાં તથા ઠાણાંગ સૂત્ર-૯૭૪ની વૃત્તિ, બૃહત્કલ્પ ભાષ્ય-૪૨૧૯, ૪૨૨૩, મરણ સમાધિ ૪૪૫ થી ૪૪૮ આદિ આગમોમાં છે.)*

**(૨૫) ભદ્રબાહુ સ્વામી :-**

જૈન શાસનમાં અત્યંત પ્રસિદ્ધ અને ગૌરવપ્રદ એવા આ ભદ્રબાહુસ્વામી, આર્ય યશોભદ્રના શિષ્ય હતા. સૂત્ર અને અર્થથી પણ ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. તેમણે આવશ્યક આદિ દશ સૂત્રોની નિર્યુક્તિ રચેલી છે, દશાશ્રુત સ્કંધ-બૃહત્કલ્પ-વ્યવહાર એ ત્રણ આગમ સૂત્રોના રચયિતા છે. વર્તમાનમાં વંચાતુ કલ્પસૂત્ર એ તેમની જ રચના છે. જ્યોતિષ્ વિદ્યાના પ્રકાંડ જ્ઞાની હતા. ઉવસગ્ગહરં સ્તોત્ર રચના થકી તેમની મંત્રશક્તિનો પરીચય મળે છે. સ્થૂલભદ્ર એ પૂર્વોનું જ્ઞાન તેમની પાસેથી પ્રાપ્ત કરેલું.

*(નિશીથ ભાષ્ય ચૂર્ણિ આદિ અનેક આગમોમાં તેમનો ઉલ્લેખ છે.)*

**(૨૬) દશાર્ણભદ્ર રાજર્ષિ :-**

દશાર્ણપુરનો દશાર્ણભદ્ર નામે રાજા હતો. તેણે કોઈ પુરુષને વિપુલ આજીવિકા આપીને ભગવંત મહાવીરના વિચરણ સમાચાર જણાવવા નિયુક્ત કરેલ. તે ભગવંતના રોજેરોજના વિહારાદિનું નિવેદન કરતો હતો. એક વખત ભગવંત મહાવીરના દશાર્ણપુરનગરે આગમનના સમાચાર મળ્યા. દશાર્ણભદ્રએ વિચાર્યુ કે હું ભગવંતનું એવું સામૈયુ કરું કે આજ પર્યન્ત કોઈએ ભગવંતનું આવું ઋદ્ધિ અને ઠાઠ-માઠપૂર્વક સામૈયુ કરેલ ન હોય. તેણે અભૂતપૂર્વ ઋદ્ધિથી ભગવંતનું સામૈયુ કર્યું, પણ તે વખતે તેના મનમાં અભિમાન થયું કે, મેં કર્યો એવો પ્રવેશ મહોત્સવ આજ પર્યન્ત કોઈએ કર્યો નહીં હોય. ઇન્દ્રને તે વખતે જ વિચાર આવ્યો કે રાજાએ પ્રવેશ મહોત્સવ તો સારો કર્યો, પણ આ અભિમાન તેને બાધક બને છે. ઇન્દ્રએ તેનું માન ઉતારવા જે સમૃદ્ધિ વિકુર્વી તેની તોલે દશાર્ણભદ્રની ઋદ્ધિ તો તૃણમાત્ર ગણાય. તેનાથી દશાર્ણભદ્ર રાજાનું માન ખંડન થયું. ત્યારે તેણે અંતરની ઋદ્ધિ વિકુર્વી, સંયમ અંગીકાર કર્યો.

*(આ કથા આવશ્યકનિર્યુક્તિ-૮૪૬, ૮૪૭ની ચૂર્ણિ અને વૃત્તિમાં છે. ઉત્તરાધ્યયન સૂત્ર-૬૦૩ની વૃત્તિ અને મહાનિશીથ સૂત્ર-૫૨૨માં પણ છે.)*

**(૨૭) પ્રસન્નચંદ્ર રાજર્ષિ :-**

સોમચંદ્ર રાજા અને ધારિણી રાણીના પુત્ર પ્રસન્નચંદ્ર હતા. તેઓએ પ્રસન્નચંદ્રને રાજગાદી સોંપી અને રાજા-રાણીએ તાપસધર્મ સ્વીકાર્યો. ત્યારપછી નિમિત્ત મળતા પ્રસન્નચંદ્રે પણ દીક્ષા લીધી. પોતાના બાળકુંવરને રાજગાદી સોંપી. તેઓ કોઈ વખતે રાજગૃહી નગરીમાં કાયોત્સર્ગ કરી રહ્યા હતા. તે વખતે તેના કાને એવી વાત પડી કે, શત્રુઓએ નગરને ઘેરો ઘાલ્યો છે. બાળક રાજાને મારીને રાજ્ય લઈ લેશે. પોતાના બાળપુત્રનો મોહ ઉત્પન્ન થતાં ત્યાં કાયોત્સર્ગમાં ઉભા ઉભા જ

મનથી લડવાનું શરૂ કર્યું. તે વખતે રૌદ્ર પરિણામથી સાતમી નરકે જાય તેવા કર્મો સંચિત થવા લાગ્યા. થોડી વારે વિચારધારા બદલાઈ પુનઃ સાધુપણામાં સ્થિર થયા. શુક્લધ્યાનથી સર્વ કર્મક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા.

*(આ કથા આગમમાં આવશ્યક નિર્યુક્તિ-૧૧૫૧ની ચૂર્ણિ અને વૃત્તિમાં ઘણાં વિસ્તારથી છે, નિશીથભાષ્ય ૫૪૨૪ની ચૂર્ણિ, સ્થાનાંગ સૂત્ર-૬૧ ની વૃત્તિ અને આચારાંગ ચૂર્ણિમાં પણ છે.)*

**(૨૮) યશોભદ્રસૂરિ :-**

આચાર્ય શય્યંભવસૂરિના શિષ્ય અને ભદ્રબાહુ સ્વામીના ગુરુ એવા આચાર્ય યશોભદ્રસૂરિ થયા તેમને આર્ય સંભૂતિ વિજય જેવા બીજા પણ એક પ્રભાવક શિષ્ય થયા હતા.

*(દશવૈકાલિક નિર્યુક્તિ-૩૭૨ તથા નંદીસૂત્ર-૨૪માં તેમનો ઉલ્લેખ છે.)*

**(૨૯) જંબૂસ્વામી :-**

રાજગૃહ નગરના ઋષભદત્ત શેઠ અને ધારિણીના પુત્ર એવા આ જંબુકુમારે સુધર્માસ્વામીની દેશનાથી પ્રતિબોધ પામી શીલવ્રત અને સમ્યક્ત્વ અંગીકાર કરેલા માતા-પિતાએ દૃઢ આગ્રહ કરી આઠ રૂપવંતી અને સંપત્તિવાન્ કન્યાઓ સાથે તેમના વિવાહ કરાવ્યા. રાત્રિએ શયનગૃહમાં આઠે સ્ત્રીઓએ પોતાની વિલાસયુક્ત વાણીથી જંબુકુમારને મોહિત કરવા પ્રયત્ન કર્યા, પણ જંબુકુમારે તેમને વૈરાગ્યનો બોધ આપી બધી સ્ત્રીઓને વૈરાગ્ય માર્ગે વાળી. ચોરી કરવા આવેલ ૫૦૦ ચોરો સહિત પ્રભવ ચોર પણ બોધ પામ્યો. માતા-પિતા સહિત બધી કન્યા, જંબુકુમાર અને ૫૦૦ ચોરોએ દીક્ષા લીધી. સુધર્માસ્વામીની પાટે આવ્યા. જંબુસ્વામી છેલ્લા કેવલી આ ભરતક્ષેત્રમાં થયા, પછી મોક્ષ માર્ગ બંધ થયો.

*(ઘણાં આગમોમાં તેમજ કલ્પસૂત્ર વૃત્તિમાં આ કથા છે.)*

**(૩૦) વંકચૂલ-રાજકુમાર :-**

વિરાટ દેશનો એક રાજકુમાર હતો. તેને નાનપણથી જુગાર, ચોરી વગેરે મહાવ્યસનો લાગુ પડ્યાં. રાજાએ તેને દેશવટો આપી દીધો. તે પોતાની પત્ની તથા બહેન સાથે જંગલમાં રહેવા ચાલ્યો ગયો. ત્યાં તે પલ્લીનો સ્વામી બન્યો. તેની પલ્લીમાં કોઈ સાધુ ભગવંતોએ સ્થિતિવશ ચાતુર્માસ કર્યું. ત્યારે ચાતુર્માસ પૂર્ણ થયા પછી આચાર્યશ્રીએ તેને ચાર નિયમો આપ્યા – (૧) અજાણ્યા ફળ ખાવા નહીં, (૨) પ્રહાર કરતાં પહેલાં સાત ડગલાં પાછા ખસવું, (૩) રાજાની પટ્ટરાણી સાથે સાંસારિક ભોગ ન ભોગવવા અને (૪) કાગડાનું માંસ ખાવું નહીં. વંકચૂલે દૃઢતાપૂર્વક આ નિયમોનું પાલન કર્યું. મરીને તે બારમો દેવલોકે ગયો.

*(અમારી જાણ મુજબ આગમમાં આ કથા મળી નથી.)*

**(૩૧) ગજસુકુમાલ :-**

ગજસુકુમાલ નામે બે શ્રમણ આગમોમાં નોંધાયા છે. તેમાંના એક ગજસુકુમાલ તે કૃષ્ણ વાસુદેવના નાના ભાઈ અને દેવકીના આઠમાં પુત્ર.

બાલ્યવયમાં વૈરાગ્યવંત થયા. કૃષ્ણ વાસુદેવે જ્યારે સોમિલ બ્રાહ્મણની કન્યા સોમા સાથે વિવાહ કરવાનું નક્કી કર્યું, ત્યારે ગજસુકુમાલે તો ભગવંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા ગ્રહણ કરી. ભગવંતની અનુજ્ઞા પામી તે જ સંધ્યાએ શ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહી ગયા. તે વખતે ત્યાંથી સોમિલ બ્રાહ્મણ પસાર થયો. મુનિવેશધારી ગજસુકુમાલને જોઈને તેને સખત દ્વેષ થયો. પોતાની પુત્રીનો ભવ બગાડવા બદલ ગજસુકુમાલને યોગ્ય શિક્ષા કરવાનું વિચાર્યું. શ્મશાનની ભીની માટીની પાળ ગજસુકુમાલના મસ્તકે બાંધી, તેમાં ધગધગતા અંગારા ભર્યા. ગજસુકુમાલનું મસ્તક સળગવા-ફાટવા લાગ્યું. તેમણે આ પ્રગાઢ, કર્કશ વેદના સમભાવે સહન કરી. દૃઢ ભાવથી શુભધ્યાનમાં રહી અંતકૃત્ કેવલી થઈ મોક્ષે ગયા.

*(આ કથા આગમમાં આવશ્યકનિર્યુક્તિ-૭૨૪ની વૃત્તિ અને ચૂર્ણિ ઠાણાંગ, અંતગડદસા, બૃહત્કલ્પભાષ્ય, વ્યવહારભાષ્ય, મરણસમાધિ અને આચારાંગવૃત્તિમાં જોવા મળે છે.)*

**(૩૨) અવંતિસુકુમાલ :-**

ભદ્ર શ્રેષ્ઠી અને ભદ્રા માતાના પુત્રનું નામ અવંતિસુકુમાલ હતું. તેઓ ઉજ્જૈનીના રહીશ હતા. યુવા વયે તેમને બત્રીશ રૂપવતી શ્રેષ્ઠી કન્યા સાથે લગ્ન કરાયા હતા. કોઈ વખતે આર્યસુહસ્તિસૂરિ તેમને ત્યાં વસતિની યાચના કરી રહેલા. રાત્રિના પહેલા પ્રહરે 'નલિનીગુલ્મ' અધ્યયન કરતા હતા. પત્નીઓ સાથે શયનગૃહમાં રહેલા અવંતિસુકુમાલે આ અધ્યયનને સાંભળતા જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેના શ્રવણથી નલિનીગુલ્મ વિમાનેથી પોતે આવ્યા હોવાનું સ્મરણ થયું. દીક્ષાની ઇચ્છા થઈ, માતા અને પત્નીની અનુમતિ ન મળતા સ્વયં પંચમુષ્ટિક લોચ કરી દીક્ષિત થયા. ગુરુમહારાજે વેશ સમર્પિત કર્યો. શ્મશાન ભૂમિમાં કાયોત્સર્ગે રહ્યા. ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. શિયાલણી અને તેના બચ્ચાએ અવંતિસુકુમાલ ત્રણ પ્રહર સુધી ખાધા કર્યા. તે વખતે મેરુની જેમ નિશ્ચલ રહી તે વેદના સહન કરી પુનઃ નલિનીગુલ્મ વિમાને દેવ થયા.

*(આ કથા આગામોમાં આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૩ની વૃત્તિ-ચૂર્ણિમાં છે, તેમજ આચારાંગ, ભક્તપરિજ્ઞા, સંસ્તારક, મરણસમાધિ, નિશીથ ભાષ્ય-ચૂર્ણિ, વ્યવહારભાષ્ય, જિનકલ્પભાષ્યમાં પણ છે.)*

**(૩૩) ધન્યકુમાર :-**

(ધન્ય નામે અણગારની કથા પ્રસિદ્ધ છે. તે સિવાય પણ પાંચેક બીજા ધન્યની કથા આગમોમાં મળે છે. તેમાંથી અહીં શાલીભદ્રના બનેવી એવા ધન્યકુમારની કથાનો અતિ સંક્ષેપ ચિતાર રજૂ કરાયો છે.

મહર્દ્ધિક તપસ્વી એવા ધન્યમુનિએ શાલીભદ્ર સાથે વૈભારગિરિ સમીપે બે શિલાઓને સંથારા રૂપ ગણી પાદપોપગમન નામક અનશન સ્વીકાર્યું. પોતાની કાયાને સર્વથા વોસિરાવી એક માસ આરાધના કરી અનુત્તર વિમાને દેવ થયા.

*(આ કથા ઠાણાંગસૂત્ર-૮૯૮ની વૃત્તિ અને મરણસમાધિમાં છે.)*

(૩૪) ઇલાચી પુત્ર :-

ઇલાવર્ધનના ઇભ્ય શ્રેષ્ઠીના પુત્ર હતા. આ ઇલાચીકુમાર યુવા વયે પૂર્વભવની પત્ની કે જે આ ભવે નટપુત્રીરૂપે જન્મેલી, તે નટડીના મોહમાં પડ્યા. તેને પરણવા માટે નટની શરત મુજબ ઇલાચી નટ બન્યો. નટની કળાની અદ્ભુત સાધના કરી. રાજાને રીઝવી ધન પ્રાપ્ત કરવા અને તે ધનથી નટડી પરણવા માટે બેન્નાતટ નગરે ગયા. ત્યાં વાંસ અને દોરડા પર ચડી અદ્ભુત નૃત્યકળા દેખાડવા લાગ્યો. નટડીમાં મોહિત થયેલો રાજા રીઝયો નહીં. તેવામાં દૂર કોઈ મુનિને જોયા. એક રૂપવતી સ્ત્રી તેમને સુંદર મોદકની ભિક્ષા ગ્રહણ કરવા વિનવતી હતી. મુનિ ન તો ઊંચી નજર કરતા હતા - ન તો મોદક પ્રતિ લક્ષ્યવાળા હતા. તે જોઈને તેમને વૈરાગ્ય ભાવ થયો. ત્યાંજ શુક્લધ્યાનની ધારાએ ચડી ઇલાચી કેવળજ્ઞાન પામ્યા. નટકન્યા, રાણી, રાજા પણ કેવળજ્ઞાન પામ્યા. સૌ મોક્ષે ગયા.

*(આ કથા આગમમાં આવશ્યક નિર્યુક્તિ-૮૪૬, ૮૬૫, ૮૭૮ તથા તેની વૃત્તિ અને ચૂર્ણિમાં છે, તેમજ સૂયગડાંગ, મરણ સમાધિમાં પણ છે.)*

(૩૫) ચિલાતી પુત્ર :-

ચિલાતપિત્ર પૂર્વભવે બ્રાહ્મણ હતો, દીક્ષા લીધી, જાતિપણાના મદથી સાધુપણા તરફ દુગંછાભાવ રહ્યો. પરિવારજનોને પ્રતિબોધ કરી દીક્ષા આપી. પણ તેની પત્ની શ્રીમતીએ સજ્જડ સ્નેહાનુરાગથી યજ્ઞદત્તને દીક્ષા છોડાવવા કાર્મણ કર્યું, પણ તે દોષથી યજ્ઞદત્ત મૃત્યુ પામ્યો. બંને દેવલોકે ગયા. ત્યાંથી યજ્ઞદત્ત ચ્યવીને ચિલાતિદાસીનો પુત્ર થયો. શ્રીમતી ધન્ય સાર્થવાહના પાંચ પુત્ર પછી પુત્રીરૂપે જન્મી. તેનું સુષમા નામ રખાયું.

ચિલાતિપુત્રના દુષ્કૃત્ય જાણી તેને કાઢી મૂકાયો. જંગલમાં ચોરોનો સરદાર બન્યો. કોઈ વખતે ધન્યશેઠને ત્યાં ધાડ પાડી. ચિલાતિપુત્રે સુષમાને ઉપાડી તેના સાથી ચોરોએ બીજી માલમતા લુંટી. કોલાહલ થતાં ધન્યશેઠ તેના પુત્રો અને રાજના સિપાહી બધાં પાછળ પડ્યા. છેલ્લે ચિલાતી પાસે કોઈ રસ્તો ન બચતા તેણે સુષમાનું મસ્તક કાપીને ધડને ફેંકી દીધું. પછી

(૧) નાયાધમ્મકહા મુજબ તે ભુખ-તરસથી પીડાઈ મૃત્યુ પામ્યો.

(૨) આવશ્યક નિર્યુક્તિ-૮૭૧ થી ૮૭૬ મુજબ મુનિને જોયા. મુનિએ તેને ઉપશમ-વિવેક-સંવર ત્રણ પદો આપ્યો. ચિલાતી કાયોત્સર્ગે સ્થિર રહ્યો. કીડીઓએ તેનું શરીર ચાલણી જેવું કરી દીધું. અઢી દિવસ આ દુઃસહ્ય વેદનાને સહન કરી, મૃત્યુ પામી દેવલોકે ગયા.

(૩૬) યુગબાહુ મુનિ :-

પાટલીપુત્ર નગરના વિક્રમબાહુ નામે રાજા હતો. તેને મદનરેખા નામે રાણી હતી. મોટી વયે તેમને યુગબાહુ નામે પુત્ર થયો. તેણે અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરેલી. અનંગસુંદરી સાથે તેના વિવાહ થયા. પછી જ્ઞાનપંચમીનું વિધિસર આરાધન કરી દીક્ષા લીધી, ઉગ્ર તપ કર્યો, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

*(* આગમમાં આ કથા જોવા મળેલ નથી.)*

**(૩૭) આર્યમહાગિરિ :-**

આર્ય સ્થૂલભદ્રના શિષ્ય હતા. તેમને પણ સ્થવિર ઉત્તર, સ્થવિર બલિસ્સહ વગેરે આઠ શિષ્યો થયા. જિનકલ્પનો વિચ્છેદ થયો હોવા છતાં આર્ય મહાગિરિએ જિનકલ્પની તુલના કરી હતી. ગચ્છથી અપ્રતિબદ્ધ થઈ વિચરતા હતા. છેલ્લે તેમણે ભક્ત પ્રત્યાખ્યાન કરેલું. કાળધર્મ પામીને દેવલોકે ગયા હતા.

*(સ્થાનાંગ, નિશીથભાષ્ય અને ચૂર્ણિ, બૃહત્કલ્પ ભાષ્ય અને વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ, ઉત્તરાધ્યયન આદિ આગમોમાં ઉલ્લેખ છે.)*

**(૩૮) આર્યસુહસ્તિ :-**

આર્ય સ્થૂલભદ્રના શિષ્ય હતા. આર્ય મહાગિરિએ ગચ્છનો ભાર તેમને સોંપેલ હતો. આ આર્યસુહસ્તિસૂરિને રોહણ, ભદ્રયશ આદિ બાર શિષ્યો થયેલા. આર્ય સુહસ્તિની કથા જે કારણે જૈનશાસનમાં ખૂબ પ્રસિદ્ધિ પામી તેવી કેટલીક ઘટના આ પ્રમાણે છે – (૧) વસુભૂતિ શ્રેષ્ઠીને સપરિવાર શ્રાવકધર્મમાં સ્થાપવા, (૨) અવંતિ સુકુમાલની દીક્ષા અને કાળધર્મ, (૩) કોઈ દ્રમકની દીક્ષા (૪) સંપતિ રાજાને શ્રાવકવ્રતનું દાન (૫) આર્ય મહાગિરિએ માંડલી વ્યવહાર બંધ કરતા કરેલી ક્ષમાયાચના. છેલ્લે અનેક જીવોને પ્રતિબોધ કરી સુહસ્તિ સૂરિ સ્વર્ગે ગયા.

*(આગમોમાં ઠાણાંગ-વૃત્તિ, નિશીથ ભાષ્ય ચૂર્ણિ, બૃહત્કલ્પ ભાષ્ય વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ, નંદીસૂત્ર આદિમાં આ કથા વિસ્તારથી છે.)*

**(૩૯) આર્ય રક્ષિતસૂરિ :-**

આર્યરક્ષિત બ્રાહ્મણ હતા. સોમદેવ અને રૂદ્રસોમાના પુત્ર હતા. તે ચાર વેદ અને ચૌદવિદ્યાનો પારગામી થઈ, નગર પાછો ફરતો હતો ત્યારે રાજાએ ભવ્ય સ્વાગત કર્યું. જૈનધર્મી માતા ખુશ ન થઈ. તેણીએ કહ્યું, 'દૃષ્ટિવાદ' ભણીને આવે તો હું ખુશ થઈશ. તોસલિપુત્ર આચાર્ય પાસે જઈ દીક્ષા લીધી. તેમની પાસે જેટલો દૃષ્ટિવાદ હતો તે ભણી લીધો. પછી વજ્રસ્વામી પાસે નવપૂર્વનો અભ્યાસ કર્યો. માતા, પિતા, ભાઈ આદિ પરિવારને બોધ પમાડી દીક્ષા આપી. પોતે શ્રુતજ્ઞાનને દ્રવ્ય, ગણિત, ચરણકરણ, ધર્મકથા ચાર અનુયોગમાં વિભાજિત કર્યું. ઇત્યાદિ. તેમની કથા ઘણી વિસ્તારથી છે.

*(આ કથા આવશ્યક નિર્યુક્તિ ૭૭૫ થી ૭૭૭ની ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિમાં ઘણાં વિસ્તારથી છે. નિશીથ ભાષ્ય, વ્યવહારભાષ્ય, ઉત્તરાધ્યયન, આચારાંગ ચૂર્ણિ, સૂયગડાંગ ચૂર્ણિ, ઠાણાંગ આદિ આગમોમાં પણ છે.)*

**(૪૦) ઉદાયન રાજર્ષિ :-**

વીતીભય નગરના રાજા હતા. તેમણે નિમિત્ત પ્રાપ્ત થતા દીક્ષા ગ્રહણ કરી. તેઓ અંતિમ રાજર્ષિ થયા. તેમને પોતાના નગરમાં જ રાજ ખટપટથી ગૌચરીમાં દહીં સાથે ઝેર અપાયું હતું. પણ અંત સમયે સમભાવે તે વેદના સહન કરી, અનશન કર્યું. કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

*(* અહીં કથાનો અતિશય સંક્ષેપ રજૂ કર્યો છે. કેમકે ભગવતીજી સૂત્ર-૫૮૭, ૫૮૮માં આ કથા વિસ્તારથી છે, તે જુદી રીતે છે. આવશ્યક નિર્યુક્તિ-૭૭૫, ૭૭૬, ૧૨૮૪, ૧૨૮૫ની ચૂર્ણિ અને વૃત્તિમાં છે તેનું નિરૂપણ પણ જુદી રીતે થયેલ છે.)*

**(૪૧) મનક મુનિ :-**

શય્યંભવ સૂરિના સંસારી પુત્ર હતા. તેણે શય્યંભવ સૂરિ પાસે જ દીક્ષા લીધી. તેનું આયુષ્ય ઘણું અલ્પ જાણી, તેના કલ્યાણને માટે અને તે જીવ કંઈક પામીને જાય તેવી ભાવનાથી આચાર્ય ભગવંતે પૂર્વોમાંથી ઉદ્ધરણ કરીને દશવૈકાલિક સૂત્ર બનાવ્યું. મુનિ છ માસ ચારિત્ર પાળી સ્વર્ગે ગયા.

*(મહાનિશીથ સૂત્ર અને દસવૈકાલિક નિર્યુક્તિમાં આ કથા છે.)*

**(૪૨) કાલકાચાર્ય :-**

*(* આગમ કથાનુયોગમાં ચાર કાલકાચાર્યની કથા નોંધાઈ છે. તેમાંથી અહીં સરસ્વતી સાધ્વીના ભાઈ એવા કાલકાચાર્યનો કથા સંક્ષેપ રજૂ કરેલ છે. આગમમાં આ કથા નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ ભાષ્યોમાં છે.)*

મગધના રાજા વજ્રસિંહના પુત્ર કાલકે અને બહેન સરસ્વતીએ દીક્ષા ગ્રહણ કરી, કાળક્રમે તેઓ આચાર્ય થયા. ઉજ્જૈની પધાર્યા ત્યારે તેના બહેન સાધ્વી સરસ્વતીના સ્વરૂપવાન્પણાથી આકર્ષિત થઈને ત્યાંનો ગર્દભિલ્લ નામક રાજા તેને ઉપાડી ગયેલ હતો. જ્યારે રાજા સમજાવટથી માન્યો નહીં ત્યારે ૯૬ શકરાજાને બોધ પમાડી ગર્દભિલ્લ પર આચાર્ય કાલકે ચડાઈ કરી, ગર્દભિલ્લને મારી નાંખ્યો અને સરસ્વતી સાધ્વીને છોડાવ્યા.

**(૪૩-૪૪) શાંબ અને પદ્યુમ્નકુમાર :-**

શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમાર બંનેની કથા તો ઘણી વિસ્તારથી આપેલ છે. અહીં તેનો અત્યંત સંક્ષેપ રજૂ કર્યો છે. કૃષ્ણ વાસુદેવની અનેક રાણીઓમાં એક રૂકિમણી હતી, પ્રદ્યુમ્ન તેનો પુત્ર હતો. એક જાંબુવતી હતી, શાંબ તેનો પુત્ર હતો. બંને પુત્રો વીર અને પરાક્રમી હતા. તે બંનેના અનેક તોફાન-ક્રીડાના વર્ણન આવે છે. પણ છેવટે તે બંનેએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી, શત્રુંજય પર્વતે મોક્ષે ગયા.

*(મુખ્યત્વે આ બંનેની કથા અંતકૃત્ કેવલિ રૂપે અંતગડદસામાં તો છે જ. તે ઉપરાંત ઠાણાંગ, નાયાધમ્મકહા, આવશ્યક આદિ અનેક આગમોમાં છે.)*

**(૪૫) મૂળદેવ :-**

ઉજ્જૈનીમાં રાજકૂળમાં જન્મેલો, રાજલક્ષણોથી સંપૂર્ણ મૂલદેવ નામે એક દ્યૂતકાર હતો. દેવદત્તા સાથે સાચા સ્નેહથી વિષયસુખ ભોગવતો હતો. અચલ સાર્થવાહે તે ગણિકા ભાડે રાખતા, મૂલદેવે અપમાનીત થઈને નગર છોડવું પડ્યું. પણ ત્રણ દિવસનો ભૂખ્યો હોવા છતાં મુનિને દાન કરવાથી, દાનના પ્રભાવે રાજા થયો. તેની ઔત્પતિકી બુદ્ધિ આદિ વિશેષ ગુણોની વાત પણ તેની વિસ્તૃત કથામાં

આવે છે.

*(* નિશીથ-વ્યવહાર અને બૃહત્કલ્પના ભાષ્યમાં, આવશ્યક વૃત્તિ, ચૂર્ણિમાં, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને નંદીસૂત્રમાં પણ આ કથા મળે છે.)*

**(૪૬) પ્રભવસ્વામી :-**

જંબૂકુમાર તેની નવપરિણીત આઠ પત્નીને પ્રતિબોધ કરતા હતા. ત્યારે ચોરી કરવા આવેલ પ્રભવચોર પણ પ્રતિબોધ પામેલો. તેણે ૫૦૦ ચોર સહિત દીક્ષા લીધી. તેઓ જંબૂસ્વામીની પાટે આવ્યા. પોતાની પાટે તેમણે શય્યંભવ સ્વામીની સ્થાપના કરેલી હતી.

*(આગમોમાં નિશીથભાષ્ય, દશવૈકાલિક વૃત્તિ-ચૂર્ણિ, નંદી આદિમાં છે)*

**(૪૭) વિષ્ણુકુમાર :-**

*(કાલકાચાર્યની જેમ જૈનાચાર્ય પણ હિંસા કરે, તેનું આ દૃષ્ટાંત છે. આગમોમાં આચારાંગ ચૂર્ણિ, બૃહત્કલ્પ તથા વ્યવહાર ભાષ્યમાં આ કથા છે.)*

પદ્મોત્તર રાજાના પુત્ર એવા વિષ્ણુકુમારે મુનિસુવ્રત આચાર્ય પાસે દીક્ષા લીધી. તપ પ્રભાવે અપૂર્વ લબ્ધિધર થયા. કોઈ વખતે નમુચિ નામક પ્રધાને દ્વેષબુદ્ધિથી જૈન સાધુને રાજની હદ છોડી દેવા હુકમ કર્યો. ચક્રવર્તી રાજાની હદ તો છ ખંડમાં હોય, સાધુઓ જાય ક્યાં ? તેઓએ વિષ્ણુમુનિને બોલાવ્યા. તેમણે ફક્ત ત્રણ પગલા પૃથ્વી માંગી. પોતાનું શરીર યોજન પ્રમાણ વિકુર્વી નમુચિના ગળે પગ મૂકી મારી નાંખ્યો.

**(૪૮) આર્દ્રકુમાર :-**

અનાર્ય દેશના આર્દ્રક દેશનો રાજકુમાર આર્દ્રકુમાર હતો. અભયકુમારે તેને ધર્મબોધ પમાડવા જિનપ્રતિમા મોકલેલી. તે નિમિત્તે તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. આર્ય દેશમાં આવ્યા. સ્વયં બોધ પામી દીક્ષા લીધી. કેટલાક વર્ષના ચારિત્ર બાદ પૂર્વભવે બાંધેલ ભોગાવલી કર્મ ઉદયમાં આવતા સંસારવાસ સ્વીકાર્યો. બાર વર્ષ સંસારમાં રહી પુનઃ દીક્ષા લીધી. હસ્તિતાપસ, અન્યધર્મી, ગોશાલક આદિ સાથે ઘણી ધર્મ ચર્ચા કરી. અનેક જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષે ગયા. (તેઓ પ્રત્યેકબુદ્ધ પણ કહેવાય છે.)

*(સૂયગડાંગ મૂળ-નિર્યુક્તિ-વૃત્તિ-ચૂર્ણિમાં તેમની કથા વિસ્તારથી છે.)*

**(૪૯) દૃઢપ્રહારી :-**

દૃઢપ્રહારી ચોરનો સરદાર હતો. કોઈ વખતે કોઈ ગામમાં ધાડ પાળી ત્યારે એક બ્રાહ્મણ, ગાય, સગર્ભા સ્ત્રી અને તેના ગર્ભસ્થ બાળકની તેણે હત્યા કરી, પછી તેનું હૃદય દ્રવી જતાં વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અભિગ્રહ કર્યો કે મને જ્યાં સુધી મારું પાપ યાદ કરાવે ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહેવું. લોકો દ્વારા ઘણી જ તર્જના-તાડના કરાઈ, તે સમભાવે સહન કરી, ઘોરાકાર કાયક્લેશ સહન કર્યો. કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

*(* આગમમાં આ કથા આવશ્યક નિર્યુક્તિ ૯૫૨ની વૃત્તિ, ચૂર્ણિમાં છે.)*

**(૫૦) શ્રેયાંસકુમાર :-**

બાહુબલિના પૌત્ર શ્રેયાંસકુમારે પૂર્વભવે પાળેલ ચારિત્રની જાતિસ્મરણ જ્ઞાનથી સ્મૃતિ થતા ભગવંત ઋષભદેવને અક્ષયતૃતિયાના દિને વર્ષીતપનું પારણું નિર્દોષ અને પ્રાસુક ઇક્ષુરસથી કરાવેલ. (જો કે તે કોના પુત્ર હતા તે વિશે આગમોમાં ત્રણ મતો છે.) તેમનો અને ભગવંત ઋષભદેવનો આઠ-આઠ ભવોનો દીર્ઘ સંબંધ હતો.

**(૫૧) કૂરગડુ મુનિ :-**

ધનદત શ્રેષ્ઠીના આ પુત્રે ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લીધેલી. પૂર્વના ભવના તિર્યંચપણાને લીધે તેમને ક્ષુધાવેદનીયનો ઘણો જ ઉદય વર્તતો હતો. પણ ક્ષમાનો અદ્‌ભુત ગુણ હતો. પ્રાતઃકાળ થતાં જ ગૌચરી નીકળતા એક ઘડો ભરી ભાત વહોરી લાવતા. પરિણામે તે 'કૂરગડૂ' નામે પ્રસિદ્ધ થયા હતા. કોઈ વખતે ગૌચરી માટે બેઠા હતા. માસક્ષમણના તપસ્વી સાધુએ તેમના પાત્રમાં બળખો ફેંક્યો. કૂરગડૂમુનિ ક્ષમાભાવ ધારણ કરીને રહ્યા. ક્ષમાભાવથી તેમને કેવળજ્ઞાન થયું.

**(૫૨) શય્યંભવ સૂરિ :-**

દશવૈકાલિક આગમના રચયિતા, મનકમુનિના પિતા અને પ્રભવસ્વામીના શિષ્ય તથા પટ્ટધર એવા શય્યંભવસ્વામી થયા. જેમની પાટે યશોભદ્રસૂરિ આવ્યા. પૂર્વાવસ્થાના કર્મકાંડી બ્રાહ્મણ હતા. દીક્ષા લઈને ચૌદપૂર્વધર બન્યા. કાળધર્મ પામીને સ્વર્ગે ગયા. મહાનિશીથસૂત્રમાં પણ તેમની પ્રશસ્તી થયેલી છે.

*(આગમોમાં ઠાણાંગ વૃત્તિ, નિશીથભાષ્ય ચૂર્ણિ, મહાનિશીથ, આવશ્યક, પિંડનિર્યુક્તિ, દશવૈકાલિક વૃત્તિ આદિ અનેકમાં શય્યંભવસૂરિનો ઉલ્લેખ છે.)*

**(૫૩) મેઘકુમાર :- (નાયાધમ્મકહામાં આ કથા છે.)**

જૈનશાસનમાં આ અતિ પ્રસિદ્ધ પાત્ર છે. શ્રેણિક રાજાની એક રાણી ધારિણીના પુત્ર મેઘે ભગવંત મહાવીરની વાણીથી વૈરાગ્ય વાસિત થઈને દીક્ષા લેવાનો મનોરથ કર્યો. માતા ધારિણી સાથે અનુમતિ માટે ઘણો જ દીર્ઘ સંવાદ થયો, અંતે નિરૂત્તર બનેલા માતા-પિતાએ અનુમતિ આપતા મેઘકુમારે દીક્ષા લીધી. પરંતુ દીક્ષાની પહેલી જ રાત્રે સ્વાધ્યાય, વિચાર આદિ ભૂમિએ જતા-આવતા તેમના પગની ધૂળથી મેઘમુનિનો સંથારો ભરાઈ ગયો. રાત્રે ઊંઘ ન આવતા, તેમણે દીક્ષા છોડવા વિચાર્યું. સવારે "ધર્મસારથી" એવા ભગવંત મહાવીરે તેને પૂર્વભવને જણાવીને પ્રતિબોધ કર્યા. મેઘમુનિએ ઘોર અભિગ્રહ ધારણ કરી. નિરતિચાર ચારિત્ર પાલન કર્યું. તે સ્વર્ગે ગયા. ત્યાંથી મહાવિદેહે જઈ મોક્ષે જશે.

૦ **આ રીતે મહાસત્ત્વશાળી ત્રેપન મહાત્માનો** સામાન્ય પરિચય આપ્યો છે. આ અને આવા સર્વે મહાત્માઓ અમોને સુખ આપો.

હવે **મહાસતીઓનો પાત્ર પરીચય આપીએ છીએ–**

**(૧) સુલસાશ્રાવિકા :-**

સુલસા નામથી બે શ્રાવિકાની કથા છે. તેમાં અહીં અંબડ પ્રતિબોધક

સુલસાનો પરિચય આપેલ છે. *(ઘણાં આગમોમાં તેનો ઉલ્લેખ છે.)*

રાજા શ્રેણિકના રથિક નાગસારથીની પત્નીનું નામ સુલસા હતું. દેવ સહાયથી સુલસાને એક સાથે બત્રીશ પુત્રો થયેલા. શ્રેણિક રાજાના અંગરક્ષક એવા આ બત્રીશ પુત્રો એક સાથે મૃત્યુ પામ્યા. ત્યારે પરમ શ્રાવિકા એવી સુલસાએ લેશ માત્ર શોક ન કર્યો. અંબડ પરિવ્રાજકે તેના સમ્યક્ત્વની કસોટી કરેલી. તેણીની ધર્મશ્રદ્ધાથી અંબડ ઘણો જ પ્રભાવિત થયેલો. આ સુલસાનો જીવ આવતી ચોવીશીમાં "નિર્મમ" નામે તીર્થંકર થશે.

**(૨) ચંદનબાળા :-**

ભગવંત મહાવીરના ૩૬,૦૦૦ શ્રમણીઓમાં મુખ્ય શ્રમણી એવા ચંદના થયા. જે ચંદનબાળા નામે પ્રસિદ્ધ છે. તે દધિવાહન રાજા અને ધારિણીની પુત્રી હતી. મૂળ નામ વસુમતી હતું. જ્યારે માતા-પુત્રી શત્રુ સૈનિકના હાથમાં પકડાયા, ત્યારે ધારિણીના મૃત્યુ બાદ વસુમતિને પુત્રીવત્ ધનાવહ શેઠે પાલન કર્યું, તેનું ચંદના નામ રાખ્યું ધનાવહ શેઠની પત્ની મૂળા શેઠાણીએ ચંદનાને જ્યારે મૂંડન કરાવી, બેડી પહેરાવી, અન્ન-જળ આપ્યા વગર એક ઘરમાં પુરી દીધેલી. ત્રણ દિવસે ભગવંત મહાવીર વહોરવા પધાર્યા. ધનાવહ શેઠે આપેલા અડદના બાકુડા વહોરાવી દઈ ભગવંતને પારણું કરાવ્યું. પંચ દિવ્યો પ્રગટ થયા. મસ્તકે કેશ આવી ગયા, બેડીઓ તુટી ગઈ. છેલ્લે ભગવંત પાસે દીક્ષા લીધી. મૃગાવતી શ્રમણીની ક્ષમાપના કરતા કેવળી થયા અને મોક્ષે ગયા.

*(* આગમોમાં ભગવતીજી, અંતગડદસા, આવશ્યક નિર્યુક્તિ-૫૨૧ની વૃત્તિ, ચૂર્ણિ, દશવૈકાલિક ચૂર્ણિ આદિમાં આ કથા વિસ્તારથી છે.)*

**(૩) મનોરમા :-**

સુદર્શન શ્રેષ્ઠીપુત્ર જેની કથા મહાત્માઓમાં એકવીશમાં ક્રમે છે. તેમની પત્નીનું મનોરમા હતું (આગમોમાં મિત્રવતી નામ છે) ગ્રંથોમાં કથા એ પ્રમાણે છે કે, 'મનોરમા'એ કરેલ કાયોત્સર્ગના પ્રભાવે સુદર્શન શેઠને શૂળીનું સિંહાસન થઈ ગયેલું. તેણી પતિવ્રતા મહાસતી હતી.

**(૪) મદનરેખા :-**

મદનરેખા યુગબાહુની અતિ સ્વરૂપવાન અને સુશીલ પત્ની હતી. મણિરથ રાજા તેના નાનાભાઈની આ પત્નીમાં મોહિત થયા. તેને પ્રાપ્ત કરવા મણિરથે યુગબાહુની હત્યા કરાવી. ગર્ભવતી મદનરેખા ભાગી નીકળી. પુત્રને જન્મ આપ્યો. 'નમિ' એવું નામ રાખ્યું. પછી મદનરેખાએ દીક્ષા લીધી. પોતાના બંને પુત્રો વચ્ચેનું યુદ્ધ નિવાર્યું.

*(આ કથા આગમોમાં પ્રત્યેકબુદ્ધ નમિરાજર્ષિની કથામાં છે.)*

**(૫) દમયંતી :-**

આગમ કથાનુયોગમાં આ કથા જોવા મળતી નથી, તો પણ મહાસતી રૂપે દમયંતીની કથા અતિ પ્રસિદ્ધ છે. તેણી વિદર્ભ નરેશ ભીમરાજાની પુત્રી હતી. તેના

લગ્ન નળરાજા સાથે થયેલા. જીવનના ઝંઝાવાતોમાં પણ તેણીની શ્રદ્ધા અડોલ રહેલી અને પતિવ્રતને દૃઢતાથી પાળેલ.

**(૬) નર્મદાસુંદરી :-**

સહદેવની પુત્રી નર્મદાસુંદરી હતી. મહેશ્વરદત્ત સાથે તેણીના લગ્ન થયેલા. શીલની રક્ષા માટે તેણે અનેક સંઘર્ષ વેઠ્યા હતા. શીલવતી સ્ત્રીમાં અગ્રેસર એવી આ નર્મદાસુંદરીની કથા જો કે આગમકથાનુયોગમાં મળતી નથી, પણ ગ્રંથરચનાકારો કહે છે કે, તેણીએ છેલ્લે દીક્ષા લીધી હતી.

**(૭) સીતા :-**

મહાસતી સીતાનું કથાનક અતિ પ્રસિદ્ધ છે. વિદેહરાજ જનકની પુત્રી અને બલદેવ રામચંદ્રજીના પત્ની હતા. *(આગમોમાં બલદેવ રામ કે જેનું નારાયણ નામ છે. તેની કથામાં તેમજ નિશીથ ભાષ્ય ચૂર્ણિમાં આ કથા છે.)*

**(૮) નંદા :-**

શ્રેણિક રાજાની એક રાણીનું નામ નંદા હતું. તેણી સુનંદા નામે પણ પ્રસિદ્ધ હતી. અભયકુમાર તેમનો પુત્ર હતો. પતિના વિયોગમાં તેણી પોતાના શીલ અને ધર્મપરાયણમાં અડગ રહેલ મહાસતી હતા. આ નંદારાણીએ ભગવંત મહાવીર પાસે દીક્ષા લીધી હતી. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. વીશ વર્ષ શ્રમણીપર્યાય પાળી, અંતકૃત્ કેવલિ થઈને સિદ્ધ થયા.

*(આગમોમાં આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૪ની વૃત્તિ અને ચૂર્ણિમાં તથા નાયાધમ્મકહા, અંતગડદસા આદિમાં તેની કથા છે.)*

**(૯) ભદ્રા :-**

આગમનામકોશમાં બત્રીશ "ભદ્રા"ઓનો ઉલ્લેખ છે. તેમાં અહીં શાલીભદ્રના માતા એવા જૈનધર્મના પરમ અનુરાગિણીનો ઉલ્લેખ છે.

શ્રેણિક રાજાના ભદ્રા નામે એક રાણી પણ હતા, જેણે નંદા રાણીની જેમ દીક્ષા લીધેલી. અંતકૃત્ કેવલિ થઈ મોક્ષે ગયા.

**(૧૦) સુભદ્રા શ્રાવિકા :-**

વસંતપુરના જિનદત્ત શ્રેષ્ઠીની પુત્રી સુભદ્રા હતી. તેના લગ્ન બૌદ્ધધર્મી સાસરીયામાં થયેલો. તેઓ સુભદ્રાને અનેક પ્રકારે કષ્ટો આપતા હતા. તેણી શ્રાવિકાધર્મથી લેશમાત્ર ચલિત ન થઈ. કોઈ વખતે મુનિની આંખનું તણખલું જીભ વડે દૂર કરતાં તેણીના શીલ પરત્વે આળ આવેલું. તેણીએ પોતાનું અને મુનિ પરનું કલંક દૂર કરવા શાસનદેવીની આરાધના કરેલી. શાસનદેવીની કૃપાથી તેણીનું કલંક દૂર થયેલ. શીલવંતી એવી આ શ્રાવિકા મહાસતીરૂપે પ્રસિદ્ધ છે.

*(ઠાણાંગવૃત્તિ, બૃહત્કલ્પભાષ્ય વૃત્તિ, વ્યવહારભાષ્ય વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ-૧૫૫૦ની વૃત્તિ, ચૂર્ણિમાં, દશવૈકાલિક ચૂર્ણિમાં આ કથા છે.)*

**(૧૧) રાજિમતી :-**

ભગવંત અરિષ્ટનેમિ સાથે પૂર્વના આઠ ભવોની પ્રીત હતી. જ્યારે અરિષ્ટનેમિકુમાર તેણીને પરણ્યા વિના પાછા ફર્યા ત્યારે આ મહાસતીએ લગ્ન ન કરવા નિર્ણય કરી, ભગવંતની પાસે દીક્ષા લીધી. રથનેમિમુનિ જ્યારે આર્યા રાજીમતીમાં મોહાયા ત્યારે રાજીમતીએ તેમને સ્થિર કર્યા. આ મહાસતી અંતે કૈવલ્ય પ્રાપ્તિ કરી મોક્ષે ગયા.

*(* આગમોમાં દશવૈકાલિક ચૂર્ણિમાં, ઉત્તરાધ્યયન સૂત્ર-૮૦૨ થી ૮૪૫ની વૃત્તિ, નિર્યુક્તિ-૪૫૧ અને તેની ચૂર્ણિમાં આ કથા છે.)*

**(૧૨) ઋષિદત્તા :-**

હરિષેણ તાપસને એક પુત્રી હતી. તેનું નામ ઋષિદત્તા હતું. તેણી કનકરથ રાજાને પરણેલી. કર્મોદયથી આ મહાસતીને અનેક કસોટીમાંથી પસાર થવું પડ્યું. બધી કસોટીમાં તેણી પાર ઉતરી ગયા. અંતે સંયમ અંગીકાર કરી મોક્ષે ગયા.

**(૧૩) પદ્માવતી :-**

આગમ નામકોસોમાં તેર અલગ-અલગ પદ્માવતીનો ઉલ્લેખ છે. તેમાંના એક એવા પદ્માવતીનો પરિચય અહીં રજૂ કરેલ છે. તે દધિવાહન રાજાની પત્ની (રાણી) તથા. 'કરકંડુ' પ્રત્યેકબુદ્ધના તે માતા હતા, તેણી ચેડારાજાની પુત્રી હતી. તે મહાસતીએ છેલ્લે દીક્ષા લીધેલી.

*(* આ કથા નિશીથભાષ્ય, બૃહત્‌કલ્પભાષ્ય, આવશ્યક ચૂર્ણિ અને ઉત્તરાધ્યયન નિર્યુક્તિ-૨૭૫ની વૃત્તિમાં વિસ્તારથી છે.)*

**(૧૪) અંજનાસુંદરી :-**

પવનંજયના પત્ની અને હનુમાનની માતા એવા આ અંજનાસુંદરી મહાસતી હતા. લગ્ન બાદ પતિનો ઘણાં વર્ષો સુધી વિયોગ રહ્યો. કોઈ વખત પતિને તેની યાદ આવતા ગુપ્તમિલન થયું. પણ તેના પરિણામે અંજના ગર્ભવતી બની. તેના પર કલંક આવ્યું. વનમાં જઈને હનુમાનને જન્મ આપ્યો. પણ પોતાના શીલવ્રતમાં હંમેશા નિશ્ચલ રહ્યા. છેલ્લે દીક્ષા લઈ મોક્ષે ગયા.

**(૧૫) શ્રીદેવી :-**

શ્રીદેવી એ શ્રીધરરાજાની પરમ શીલવતી પત્ની હતા. એક પછી એક એમ બે વિદ્યાધરોએ હરણ કરી, તેણીને શીલથી ચલિત કરવા માટે ઘણાં પ્રયત્નો કર્યા હતા. પણ શ્રીદેવી નિશ્ચલ રહ્યા. પછીથી ચારિત્ર લઈને સ્વર્ગે ગયા. ત્યાંથી મોક્ષે જશે.

*૦ હવે ૧૬ થી ૨૦માં પાંચ મહાસતીનો પરીચય છે. આ પાંચે મહાસતીઓ ચેડારાજાની પુત્રીઓ હતી. તે આ પ્રમાણે–*

**(૧૬) જ્યેષ્ઠા :-**

ભગવંત મહાવીરના મોટા ભાઈ નંદિવર્ધન રાજાના પત્ની આ જ્યેષ્ઠા મહાસતી હતા. તેણીએ શ્રાવકના વ્રતોનું અતિ દૃઢતાથી પાલન કરેલું હતું. શક્રેન્દ્રએ પણ તેણીના શીલની સ્તુતિ કરેલી હતી.

(૧૭) સુજ્યેષ્ઠા :-

શ્રેણિક રાજા અને સુજ્યેષ્ઠા પરસ્પર આકર્ષિત થયેલા. શ્રેણિકે તેણીની સંમતિથી તેણીને ભગાડી જવાની યોજના બનાવેલી, પણ ભૂલથી તેણીની બહેન ચેલ્લણાને લઈ ચાલ્યો ગયો. વૈરાગ્ય પામી સુજ્યેષ્ઠાએ ભગવંત મહાવીર પાસે દીક્ષા લીધી. પેઢાલ વિદ્યાધરે પોતાની વિદ્યા આપવા યોગ્ય પુત્રને માટે મહાશીલવંતી બ્રહ્મચારિણી જ્યેષ્ઠા શ્રમણીમાં ગુપ્તરૂપે ગર્ભબીજ સ્થાપેલું. જેનાથી સત્યકી વિદ્યાધર પુત્ર થયો. વિવિધ તપશ્ચરણ કરી સુજ્યેષ્ઠા કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

*(* ઠાણાંગ-૮૭૧ વૃત્તિ અને આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૪ વૃત્તિમાં આ કથા છે.)*

(૧૮) મૃગાવતી :-

કૌશાંબીના શતાનીક રાજાને પરણેલ મૃગાવતીની કોઈ ચિત્રકારે માત્ર પગનો અંગૂઠો જોઈને પૂર્ણ છબી આલેખી, તે જોઈને શતાનીકે તેને અપમાનીત કરી કાઢી મૂક્યો. ચિત્રકારે ચંડપ્રદ્યોત રાજાને મૃગાવતીની સુંદરતા રજૂ કરતી પ્રતિકૃતિ દેખાડતા મોહાંધ રાજાએ કૌશાંબી પર ચડાઈ કરી. તેમના મોટા સૈન્યને જોઈને જ શતાનીક મૃત્યુ પામ્યો. મૃગાવતીએ યુક્તિથી ચંડપ્રદ્યોતને દૂર રાખ્યો. દીક્ષા લેવાની ભાવના થઈ. ભગવંત મહાવીર પધાર્યા. મૃગાવતીએ પોતાના પુત્ર ઉદયનને ચંડપ્રદ્યોતને સોંપી દીક્ષા માટે અનુમતિ માંગી. પછી આર્યા ચંદનબાળાના શિષ્યારૂપે દીક્ષા લીધી. કોઈ વખતે સૂર્ય-ચંદ્ર ભગવંતના વંદનાર્થે આવેલા. તેમાં સંધ્યાકાળનો ખ્યાલ ન રહેતા મૃગાવતીને ઉપાશ્રયે પાછા ફરતા મોડું થયું. આર્યા ચંદનબાળાએ ઠપકો આપ્યો. ત્યારે ક્ષમાયાચના કરતા મૃગાવતીજીને શુદ્ધ ભાવે કેવળજ્ઞાન થયું. કેવળી મૃગાવતીજીની ક્ષમાયાચના કરતા ચંદનબાળા પણ કેવળજ્ઞાન પામ્યા.

*(* આગમોમાં આ કથા વિસ્તારથી છે. જુઓ ભગવતી સૂત્ર-૪૬૨, અંતગડદસા, આવશ્યક નિર્યુક્તિ-૫૨૧ની વૃત્તિ, ચૂર્ણિ, દશવૈકાલિક ચૂર્ણિ આદિ)*

(૧૯) પ્રભાવતી :-

પ્રભાવતીના લગ્ન સિંધુ-સૌવીરના રાજા ઉદાયન સાથે થયેલા. અરિહંત પરમાત્મા પ્રત્યે અનન્ય શ્રદ્ધાવાન્ એવી આ રાણી ત્રિકાળપૂજા કરતા, કોઈ વખતે શ્રાવકધર્મની દૃઢ અનુપાલના કરવા છતાં તેનાથી અહિંસા વ્રતનું ખંડન થઈ ગયું. દીક્ષા લીધી, ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. મૃત્યુ પામી દેવલોકે દેવ થયા. ઉદાયન રાજાને પ્રતિબોધ કરી સંયમ માર્ગે વાળ્યો.

*(ભગવતીજી સૂત્ર-૫૮૭, આવશ્યક નિર્યુક્તિ-૭૭૫ની વૃત્તિ-ચૂર્ણિ, નિશીથ ભાષ્ય-૩૧૮૩ની વૃત્તિ, ઉત્તરાધ્યયન નિર્યુક્તિ આદિમાં આ કથા છે.)*

(૨૦) ચેલ્લણા :-

શ્રેણિક રાજા સાથે ભાગીને લગ્ન કરનાર ચેલ્લણા પણ ચેડારાજાની પુત્રી હતા. ભગવંત મહાવીરના પરમ શ્રાવિકા હતા. કોણિક, હલ્લ, વિહલ્લ એ તેના ત્રણ પુત્રોનો ઉલ્લેખ પણ આવે છે. શીલવાન્પણાને લીધે તેણીની ગણના મહાસતી

શ્રાવિકામાં થાય છે. કોઈ વખતે અલંકારાદિથી વિભૂષિત થઈ ભગવંત મહાવીરના વંદનાર્થે રાજા શ્રેણિક સાથે ગયેલા ચેલ્લણા રાણી કેટલાક સાધુ-સાધ્વીને નિયાણુ બાંધવામાં નિમિત્ત બનેલા.

*(આગમોમાં ભગવતીજી, અનુત્તરોપપાતિકદશા, નિરયાવલિકા, આવશ્યક વૃત્તિ, ચૂર્ણિ, દશાશ્રુતસ્કંધમાં આ કથા મળે છે.)*

**(૨૧) બ્રાહ્મી :-**

ભગવંત ઋષભદેવ અને સુમંગલાની પુત્રી અને ભરત ચક્રવર્તીની સગી બહેન હતી. આ બ્રાહ્મીને ભગવંતે લિપિ શીખવાડેલ. તેણી પ્રથમ સાધ્વી બન્યા બાહુબલીને પ્રતિબોધ માટે પણ ગયેલા હતા. કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. (ભગવંત ઋષભની કથામાં તેણીનું ઘણું વર્ણન છે.)

*(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ભગવતી, નિશીથભાષ્ય, વ્યવહાર ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિની વૃત્તિ અને ચૂર્ણિ આદિ આગમોમાં તેની કથા છે.)*

**(૨૨) સુંદરી :-**

ભગવંત ઋષભદેવ અને સુનંદાની પુત્રી અને બાહુબલીની સગી બહેન સુંદરી હતી. તેણીને દીક્ષા લેવી હતી, પણ ભરત ચક્રવર્તી તેણીને 'સ્ત્રીરત્ન'રૂપે સ્થાપવા માંગતા હતા, તેથી દીક્ષા માટે અનુમતિ ન આપતા સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ આયંબિલનો તપ કર્યો હતો. તેના તપ અને ભાવ સામે ઝૂકી જતાં ભરતે દીક્ષાની અનુમતિ આપી સુંદરીને ભગવંતે ગણિતનું જ્ઞાન આપેલ. સુંદરી સાધ્વી પણ બાહુબલીને પ્રતિબોધ કરવા બ્રાહ્મી સાથે ગયેલા હતા.

*(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, નિશીથભાષ્ય, બૃહત્કલ્પ ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ-૧૯૬, ૩૪૪, ૩૪૮ તેના ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિમાં આ કથા વિસ્તારથી છે.)*

**(૨૩) રુક્મિણી :-**

આ એક મહાસતીની કથા છે. કૃષ્ણ વાસુદેવના પટ્ટરાણી રુક્મિણી સિવાયના આ રુક્મિણી છે. (ભરહેસર બાહુબલિ-વૃત્તિમાં વધારે કંઈ માહિતી આપેલ નથી. આગમોમાં બીજા રુક્મિણી અમને મળેલ નથી.)

**(૨૪) રેવતી શ્રાવિકા :-**

ભગવંત મહાવીરના સર્વે શ્રાવિકાઓમાં સુલસાની જેમ રેવતીનું નામ પણ પ્રસિદ્ધ છે. ભગવંતને ગોશાળા દ્વારા જ્યારે ઉપસર્ગ થયો ત્યારે સીંહ અણગાર રેવતી શ્રાવિકાને ત્યાંથી જ નિર્દોષ અને એષણીય કોળાપાક વહોરી લાવેલ. આ રેવતી શ્રાવિકા આગામી ચોવીસીમાં 'સમાધિ' નામના સત્તરમાં તીર્થંકર થશે.

*(આગમમાં - ઠાણાંગ-૮૭૦ની વૃત્તિ, ભગવતી-૬૫૫માં આ કથા છે.)*

**(૨૫) કુંતી :-**

રાજા પાંડુની પત્ની, પાંચ પાંડવોની માતા એવા મહાસતી કુંતી કૃષ્ણ વાસુદેવના ફોઈ પણ હતા. પાંડવોની સુપ્રસિદ્ધ કથામાં કુંતીનું કથાનક જોવા મળે છે.)

*(આગમોમાં ઠાણાંગ-૯૮૨ની વૃત્તિ, નાયાધમ્મકહા-૧૭૪ થી ૧૭૬, અંતગડદસા આદિમાં કુંતીની કથા મળે છે.)*

**(૨૬) શિવા :-**

ચેડા મહારાજાને સાત પુત્રીઓ હતી, તેમાંની એક પુત્રી શિવા હતી. આ શિલવંતી મહાસતીના લગ્ન રાજા ચંડપ્રદ્યોત સાથે થયેલા. સત્યકી વિદ્યાધરના ઉપસર્ગ વખતે પણ શિવાદેવી શીયલમાં નિશ્ચલ રહેલા. ઉજ્જૈનીમાં પ્રગટેલ અગ્નિ પણ શિવાદેવીના હાથે પાણી છાંટતા શાંત થઈ ગયો હતો. છેલ્લે શિવાદેવીએ દીક્ષા લીધી. કેવળ પામી મોક્ષે ગયા.

*(આગમોમાં આવશ્યક નિર્યુક્તિ-૧૩૦૩, ૮૭ની વૃત્તિ અને ચૂર્ણિમાં આ કથા વિસ્તારથી આપેલી છે.)*

**(૨૭) જયંતી :-**

સહસ્રાનિક રાજાની પુત્રી, શતાનિક રાજાની બહેન, મૃગાવતી રાણીની નણંદ તથા શ્રમણ ભગવંત મહાવીરના શ્રમણોના પ્રથમ શય્યાતર એવા જયંતિ શ્રાવિકા હતા. જીવાજીવાદિ તત્ત્વોની જ્ઞાતા હતી. ભગવંતને તેણીએ વિવિધ પ્રશ્નો પૂછી પોતાની તત્ત્વજિજ્ઞાસા સંતોષેલી હતી. છેલ્લે ભગવંત મહાવીરના શાસનમાં દીક્ષા લઈ મોક્ષે ગયા.

*(ભગવતી સૂત્ર-૫૩૪ થી ૫૩૬, બૃહત્કલ્પભાષ્ય-૩૩૮૬માં આ કથા છે.)*

**(૨૮) દેવકી શ્રાવિકા :-**

વસુદેવની અનેક પત્નીઓમાં એક એવી 'દેવકી' હતા. તેણી કૃષ્ણ વાસુદેવ અને ગજસુકુમાલ આદિ આઠ પુત્રોની માતા હતા. પણ તેના પહેલા છ પુત્રોનો ઉછેર સુલસાને ત્યાં થયેલો હતો. દ્વારકા બળી ગઈ ત્યારે કૃષ્ણ અને બલદેવ સાથે રથમાં જતા એવા દેવકીના માથે નગરનો દરવાજો પડતા દટાઈને મૃત્યુ થયેલું. સમ્યક્ત્વ મૂળ બારવ્રતધારી આ શ્રાવિકા મરીને દેવલોકે ગયા. તેણી આવતી ચોવીસીમાં મુનિસુવ્રત નામે તીર્થંકર થશે.

*(આગમોમાં આ કથા સમવાય-વૃત્તિ, અંતગડદસા, નિશીથ ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ-૭૨૪ની વૃત્તિ, ચૂર્ણિ, ઉત્તરાધ્યયનમાં આવે છે.)*

**(૨૯) દ્રૌપદી :-**

દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની હતા. તેના પૂર્વભવોમાં નાગશ્રીના ભવમાં ધર્મરુચિ અણગારને કડવા તુંબડાનું શાક વહોરાવેલું તે કથા અતિપ્રસિદ્ધ છે. નાગશ્રીના ભવે મૃત્યુ પામી નારકી, તિર્યંચ, નારકી આદિ અનેક ભવોમાં ભ્રમણ કરી સુકુમાલિકાના ભવે દીક્ષા લઈ, દેવલોકે જઈને દ્રુપદ રાજાની પુત્રી થઈ, સ્વયંવરમાં પાંચ પાંડવોને વરી. નારદે કરેલા કપટથી પદ્મનાભ રાજાએ તેણીનું અપહરણ કર્યું ત્યારે પણ દ્રૌપદીએ પોતાના શીલની રક્ષા કરી હતી. પછી કૃષ્ણ વાસુદેવ તેણીને છોડાવી લાવેલા, છેલ્લે તેણીએ દીક્ષા લીધી અને પાંચમાં દેવલોકે ગયા. ત્યાંથી મહાવિદેહે જન્મ લઈ મોક્ષે જશે.

*(આ કથા નાયાધમ્મકહા-૧૬૭ થી ૧૮૩માં અતિ વિસ્તારથી છે. તેમજ ભગવતીજી, જીતકલ્પભાષ્યમાં પણ તેની કથા છે.)*

**(૩૦) ધારિણી :-**

ચેડા રાજાની સાત પુત્રીમાંની એક પુત્રી ધારિણી હતી. દધિવાહન રાજા સાથે તેણીના વિવાહ થયેલા. ચંદનબાળાની માતા હતા. જ્યારે રાજ્યથી દૂર જવાનું થયું ત્યારે શતાનીક રાજાના સુભટે તેણીને પકડી લીધેલી. પોતાના શીલની રક્ષા કરવા જીભ કચરીને પ્રાણ ત્યાગ કર્યો.

*(આગમોમાં ૨૯ ધારિણીઓ અમે જોઈ છે. તેમાંના એક ધારિણીના કથાનો આ સંક્ષેપ રજૂ કર્યો છે. ચંદનબાળાની કથામાં તેનો ઉલ્લેખ છે.)*

**(૩૧) કલાવતી :-**

આગમેતર ગ્રંથોમાં આવતી આ પ્રસિદ્ધ કથા છે. કલાવતી શંખરાજાની શીલવતી પત્ની હતી. કોઈ વખતે તેણીના ભાઈએ મોકલેલા કંકણને કારણે ગેરસમજ થવાથી, પતિએ કંકણ સહિત કાંડા કાપી નંખાવેલા, પણ શીલના પ્રભાવે ફરી કલાવતીના હાથ હતા તેવા થઈ ગયેલા. જંગલમાં જ પુત્રને જન્મ આપવો પડેલ. ઘણા વર્ષે પતિને પસ્તાવો થતા પુનર્મિલન થયું. છેવટે દીક્ષા લઈ કલાવતી સતી સ્વર્ગે ગયા.

**(૩૨) પુષ્પચૂલા :-**

પુષ્પચૂલા નામે બે શ્રમણી કથા આગમ કથાનુયોગમાં નોંધાયેલી છે. તેમાંના વૈયાવચ્ચી પુષ્પચૂલાનો અહીં પરીચય આપેલ છે. પુષ્પચૂલરાજાની બહેન અને પત્ની પુષ્પચૂલાએ દીક્ષા લીધી. અર્ણિકાપુત્ર આચાર્યની નિર્મળ વૈયાવચ્ચના પ્રભાવે તેણીને કેવલજ્ઞાન થયું અને મોક્ષે ગયેલા.

*(આગમમાં આ કથા ઠાણાંગ વૃત્તિ, બૃહત્કલ્પ ભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ-૧૧૯૪ની વૃત્તિ અને ચૂર્ણિ તથા નંદી વૃત્તિમાં છે.)*

**(૩૩ થી ૪૦) પદ્માવતી આદિ આઠ :-**

કૃષ્ણ વાસુદેવની આઠ પટ્ટરાણીરૂપે ભરહેસર સજ્ઝાયની ગાથા-૧૧માં સ્પષ્ટ ઉલ્લેખ કરાયેલ આ આઠ મહાસતીઓના નામ (૧) પદ્માવતી, (૨) ગૌરી, (૩) ગાંધારી, (૪) લક્ષ્મણા, (૫) સુશીમા, (૬) જાંબૂવતી, (૭) સત્યભામા અને (૮) રુકિમણી છે. (અંતગડ દસામાં આ કથા વિસ્તારથી અપાયેલી છે.) આઠે પટ્ટરાણીઓએ દીક્ષા લીધી. વીશ વર્ષ શ્રમણ પર્યાય પાળી અંતકૃત્ કેવલી થઈ આઠે શ્રમણી મોક્ષે ગયા.

**(૪૧ થી ૪૭) યક્ષા આદિ સાત :-**

શકટાલ મંત્રીની પુત્રી અને ભરહેસર સજ્ઝાયની ગાથા-૧૨માં જ જણાવ્યા મુજબ આ સાતે સ્થૂલભદ્રસ્વામીની બહેનો હતી. તેમના નામો (૧) યક્ષા, (૨) યક્ષ દિન્ના, (૩) ભૂતા, (૪) ભૂતદિન્ના, (૫) સેણા, (૬) વેણા અને (૭) રેણા હતા. સાતે બહેનો મેધાવી અને તીવ્રતમ સ્મરણશક્તિવાળા હતા. સાતે બહેનો એ દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગીકાર કરેલી. સ્થૂલભદ્ર સ્વામીને એક વખત વંદનાર્થે ગયેલા તે વિશિષ્ટ પ્રસંગ પણ નોંધાયેલો છે. તેમણે પોતાના બીજા ભાઈ શ્રીયકને પણ વૈરાગ્ય માર્ગે વાળેલ.

*(આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૪ની ચૂર્ણિ, વૃત્તિમાં આ કથા છે.)*

૦ આ અને આવા અન્ય પણ મહાસતીઓનો યશ-પટહ આજે પણ ત્રણે ભુવનમાં વિખ્યાત છે.

## ■ વિશેષ કથન :-

આ સજ્ઝાયમાં ૫૩ મહાસત્ત્વવાન્ અને ૪૭ મહાસતીઓના નામ છે. અહીં વિવેચનમાં તો તેનો પરીચય માત્ર છે. આગમશાસ્ત્રોમાં તથા અન્ય ગ્રંથોમાં આ કથાનકોનો ઘણો જ વિસ્તાર થયેલો જોવા મળે છે. શુભશીલગણિએ વિક્રમ સંવત ૧૫૦૯માં સંસ્કૃતમાં "ભરહેસર બાહુબલિવૃત્તિ" રચી જરૂર છે, પણ તેમાં કેટલાંક પાત્રોનો વિસ્તાર છે અને કેટલાંકનો સામાન્ય ઉલ્લેખ જ જોવા મળે છે. સામે પક્ષે આ સજ્ઝાયના કેટલાંક પાત્રોના ચરિત્ર કે રાસની સ્વતંત્ર રચના પણ કોઈ-કોઈ દ્વારા થયેલી છે - જેમાંના કેટલાંકનો ઉલ્લેખ આરંભે કર્યો પણ છે.

– આ સજ્ઝાયનો ક્રિયામાં ઉપયોગ માત્ર રાત્રિ પ્રતિક્રમણમાં થતો જોવા મળે છે. જગચિંતામણિ ચૈત્યવંદન બાદ તે બોલાય છે.

– આ સજ્ઝાયની પદ્ય રચના "ગાહા" છંદમાં થયેલી છે.

– અહીં પાત્રના નામને આધારે જે પરીચયો રજૂ થયા છે, તેમાં શુભશીલ ગણિ રચિત વૃત્તિનો આધાર લેવાયો છે, પણ જે નામના પાત્રો છે, તે પાત્રો આ જ છે અને અન્ય નથી જ, તેવું કોઈ વિધાન કરવું કે માનવું યોગ્ય નથી. કેમકે તેમાંના કેટલાંક નામો એવા છે જે નામથી આગમોમાં અને પછીના ગ્રંથોમાં એક કરતા વધુ વ્યક્તિની અલગ અલગ કથા જોવા મળે છે. જેમકે - અતિમુક્ત મુનિ ભગવંત મહાવીરમાં થયા છે, તેમ બીજા અતિમુક્ત મુનિ ભગવંત અરિષ્ટનેમિના કાળમાં પણ થયા છે. એ જ રીતે 'નાગદત્ત' નામે પાંચેક અલગ-અલગ કથા મળે છે. 'નંદિષેણ' નામે પણ ત્રણ-ચાર અલગ અલગ કથા જોવા મળે છે. 'સુદર્શન' નામે પણ બીજી કથાઓ છે. આ સૂત્રનો ઉદ્દેશ આવા પવિત્ર નામો દ્વારા તેમનું સ્મરણ કરવાનો, ગુણોની અનુમોદના કરવાનો, આવા ગુણો પ્રાપ્ત થાય તેવી શુભ ભાવના ભાવવાનો છે.

## ■ સૂત્ર-નોંધ :-

– આ સૂત્ર આવશ્યકસૂત્રાદિ કોઈ આગમમાં નથી. આ સૂત્રના આધાર સ્થાન વિશે વિશેષ કોઈ માહિતી અમને મળેલ નથી.

– વૃત્તિને આધારે આ સૂત્ર ૫૫૦ વર્ષ કરતા વધુ પ્રાચીન છે, તેમ ચોક્કસ કહી શકાય, પણ કેટલું પ્રાચીન છે, તે ખ્યાલ નથી.

– આ સૂત્રની ભાષા પ્રાકૃત છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૫૦

# 'મન્નહ જિણાણં' સજ્ઝાય

## સડ્ઢ-નિચ્ચકિચ્ચ-સજ્ઝાઓ

■ **સૂત્ર-વિષય :-**

આ સજ્ઝાયમાં શ્રાવકોને કરવા યોગ્ય છત્રીશ કર્તવ્યોનો નામ નિર્દેશ છે. શ્રાવકોએ સદ્‌ગુરુના ઉપદેશપૂર્વક આ કર્તવ્યો કરવામાં યથાશક્તિ ઉદ્યમવંત રહેવું જોઈએ તેવું સૂચન છે.

■ **સૂત્ર-મૂળ :-**

**મન્નહ જિણાણમાણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં;**
**છવ્વિહ-આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઈ પઈ દિવસં.** ૧
**પવ્વેસુ પોસહવયં, દાણં શીલં તવો અ ભાવો અ**
**સજ્ઝાય - નમુક્કારો, પરોવયારો અ જયણા અ.** ૨
**જિણ-પૂઆ જિણ-થુણણં, ગુરુ-થુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં;**
**વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય** ૩
**ઉવસમ-વિવેગ-સંવર, ભાસા-સમિઈ છજ્જીવ-કરુણા ય;**
**ધમ્મિઅજણ-સંસગ્ગો, કરણ-દમો ચરણ-પરિણામો** ૪
**સંઘોવરિ બહુમાણો, પુત્થય-લિહણં પભાવણા તિત્થે**
**સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરૂવએસેણં.** ૫

■ **સૂત્ર-અર્થ :-**

**(૧)** - (હે ભવ્ય જીવો !) તમે - (૧) જિનેશ્વરની આજ્ઞાને માનો, (૨) મિથ્યાત્વને ત્યાગો, (૩) સમ્યક્ત્વને ધારણ કરો, (૪ થી ૯) પ્રતિદિન (૪-સામાયિક, ૫-ચતુર્વિંશતિ સ્તવ, ૬-વંદન, ૭-પ્રતિક્રમણ, ૮-કાયોત્સર્ગ, ૯-પ્રત્યાખ્યાન એ) છ આવશ્યકમાં ઉદ્યમવંત રહો.

**(૨)** - (૧૦) પર્વ દિવસોમાં પૌષધવ્રત કરો, (૧૧) દાન આપો, (૧૨) શીલ પાળો, (૧૩) તપ કરો, (૧૪) ભાવના ભાવો, (૧૫) સ્વાધ્યાય કરો, (૧૬) નમસ્કાર મંત્ર જપો, (૧૭) પરોપકાર - પરાયણ બનો, (૧૮) જયણા પાળો - જીવ રક્ષા કરો.

**(૩)** - (૧૯) રોજ જિનેશ્વરની પૂજા કરો, (૨૦) જિનેશ્વરની સ્તુતિ કરો, (૨૧) ગુરુની નિત્ય સ્તુતિ કરો, (૨૨) સાધર્મિકનું વાત્સલ્ય કરો. (૨૩) વ્યવહાર શુદ્ધિ જાળવો, (૨૪) રથયાત્રા કાઢો, (૨૫) તીર્થ યાત્રાઓ કરો.

(૪) - (૨૬) ઉપશમભાવ રાખો, (૨૭) હેયોપાદેયનો વિવેક રાખો, (૨૮) સંવરભાવ ધારણ કરો, (૨૯) ભાષા સમિતિ પાળો, (૩૦) છ કાયના જીવો પ્રતિ કરૂણા રાખો, (૩૧) ધર્મીજનોનો સંસર્ગ રાખો, (૩૨) ઇન્દ્રિયોનું દમન કરો, (૩૩) ચારિત્રના પરિણામ રાખો.

(૫) - (૩૪) સંઘ પરત્વે બહુમાન રાખો, (૩૫) ધાર્મિક પુસ્તકો લખાવો અને (૩૬) તીર્થની પ્રભાવના કરો.

શ્રાવકના આ છત્રીશ કર્તવ્યો છે, જે સદ્‌ગુરુના ઉપદેશથી નિત્ય જાણવા યોગ્ય છે.

■ **શબ્દજ્ઞાન :-**

**મન્નહ** - માનો
**જિણાણં** - જિનેશ્વરોની
**આણં** - આજ્ઞાને
**મિચ્છં** - મિથ્યાત્વને
**પરિહરહ** - ત્યાગ કરો
**ધરહ** - ધારણ કરો
**સમ્મત્તં** - સમ્યક્ત્વને
**છવ્વીહ** - છ પ્રકારના
**આવસ્સયંમિ** - આવશ્યકોમાં
**ઉજ્જુત્તો** - ઉદ્યમવંત
**હોઈ** - થાઓ
**પઇદિવસં** - નિત્ય, હંમેશા
**પવ્વેસુ** - પર્વ દિવસોમાં
**પોસહવયં** - પૌષધ વ્રત કરો
**દાણં** - દાન આપો
**સીલં** - શીલ પાળો
**તવો** - તપ કરો
**અ** - અને, વળી
**ભાવો** - ભાવના ભાવો
**સજ્ઝાય** - સ્વાધ્યાય કરો
**નમુક્કારો** - નવકાર ગણો
**પરોવયારો** - પરોપકાર કરો
**અ** - અને, વળી
**જયણા** - યતના, જીવરક્ષા
**જિણપૂઆ** -જિન-પૂજા કરો
**જિણથુણણં** - જિનસ્તુતિ કરો
**ગુરુથુઅ** - ગુરુસ્તુતિ કરો
**સાહમ્મિઆણ** - સાધર્મિકોનું
**વચ્છલ્લં** - વાત્સલ્ય કરો
**વવહારસ્સ ય** - અને વ્યવહારની
**સુદ્ધી** - શુદ્ધિ રાખો
**રહજત્તા** - રથયાત્રા કાઢો
**તિત્થજત્તા** - તીર્થયાત્રા કરો
**ય** - અને
**ઉવસમ** - ઉપશમ ભાવ
**વિવેક** - હેયોપાદેય જ્ઞાન
**સંવર** - સંવરણ કરવું તે
**ભાસા સમિઈ** - ભાષા સમિતિ
**છ જીવ** - છ કાયના જીવોની
**કરુણા** - કરુણા, દયા
**ધમ્મિઅજણ** - ધાર્મિક લોકોનો
**સંસગ્ગો** - સંસર્ગ, સોબત
**કરણ-દમો** - ઇન્દ્રિય દમન
**ચરણ પરિણામો** - ચારિત્ર ભાવના
**સંઘોવરિ** - સંઘની ઉપર
**બહુમાણો** - બહુમાન રાખો
**પુત્થયલિહણં** - પુસ્તક લખાવો
**પભાવણા** - પ્રભાવના કરો
**તિત્થે** - તીર્થની, શાસનની
**સડ્ઢાણ** - શ્રાવકોના
**કિચ્ચમેવં** - આ કર્તવ્યો છે
**નિચ્ચં** - નિત્ય, હંમેશાં

**સુગુરુ** - સદ્ગુરુના **ઉવએસેણં** - ઉપદેશ વડે

■ **વિવેચન :-**

સૂત્રના આદ્ય-પદોને આધારે આ સૂત્ર "મન્નહજિણાણં" નામે પ્રસિદ્ધ છે. તેમાં શ્રાવકના નિત્યકૃત્યોનો નિર્દેશ હોવાથી તેને "સટ્ટ નિચ્ચ કિચ્ચ સજ્ઝાઓ" (શ્રાવક નિત્યકૃત્ય સજ્ઝાય) પણ કહે છે. ભરહેસર૦ની જેમ અહીં પણ સજ્ઝાય શબ્દ જોડાયેલો છે. કેમકે તે સૂત્રમાં નામ સ્મરણ છે જ્યારે અહીં કર્તવ્ય સ્મરણ છે.

આ સૂત્ર - સજ્ઝાય ઉપર અહીં તો સામાન્ય વિવેચન જ રજૂ કરેલ છે, જેને કદાચ છત્રીશ કર્તવ્યોનો સંક્ષિપ્ત પરીચય જ કહી શકાય. **અતિ વિસ્તારથી આ છત્રીશ કર્તવ્ય વિવેચન જાણવા માટે** મુનિ દીપરત્નસાગરનો લખેલ **"અભિનવ ઉપદેશ પ્રાસાદ"** ગ્રંથ ભાગ - ૧ થી ૩ જોવા.

● **૧. मन्नह जिणाणमाणं** - જિનેશ્વરની આજ્ઞા માનો.

૦ मन्नह - માનો. અહીં मन् એ ક્રિયાપદ છે. તેના પરથી 'મન્નહ' શબ્દ બન્યો છે, જેનો અર્થ છે "તમે માનો."

– 'મન્નહ'નું 'મન્હ' એવું પાઠાંતર પણ મળે છે. કોઈ અહીં 'મન્નઈ' હોવું જોઈએ. તેમ ભલામણ કરે છે, પણ આવા પ્રયોગ અપભ્રંશમાં અને જૂની ગુજરાતીમાં જોવા મળે છે.

૦ जिणाणं - જિનેશ્વરોની, જિનવરોની.

– 'જિન' શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧૨ જંકિંચિ, સૂત્ર-૧૩ 'નમુત્થુણં'માં 'જિણાણં' પદથી જિન શબ્દનું વિવેચન જોવું.

૦ आणं - આજ્ઞાને, આગમને.

– आ એટલે સમસ્તપણે - અનંત ધર્મોની વિશિષ્ટતાપૂર્વક.

– ज्ञा એટલે જણાય છે, જીવાદિ પદાર્થો વડે તે આજ્ઞા.

– 'આજ્ઞા' એટલે આગમ એવો અર્થ પણ ગ્રાહ્ય જ છે.

– "જિણાણં આણં" એવો પાઠ પણ જિણાણમાણંના સ્થાને નોંધાયેલ છે.

– 'ભક્ત પરિજ્ઞા' આગમમાં વીર ભદ્રાચાર્યજી છટ્ઠા શ્લોકમાં જણાવે છે કે, "જિનેન્દ્રોની આજ્ઞાનું આરાધન શાશ્વતા સુખનું સાધન છે. તે આજ્ઞાના પાલન માટે વિશુદ્ધ બુદ્ધિવાળાએ ઉદ્યમ કરવો જોઈએ.

– હેમચંદ્રાચાર્યજીએ વીતરાગ સ્તોત્ર-૧૯માં પ્રકાશમાં "આજ્ઞા" શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું છે કે–

હે ભગવન્ ! સદાકાળને માટે તારી આજ્ઞા એ જ છે કે આશ્રવો સર્વથા છોડવા લાયક છે અને સંવર હંમેશા આદરવા લાયક છે.

● **(૨) मिच्छं परिहरह :-** મિથ્યાત્વને ત્યાગો.

૦ मिच्छं - મિથ્યાત્વને.

– 'મિથ્યા' એટલે ખોટું, त्व એ ભાવસૂચક પ્રત્યય છે.

– જેમાં ખોટાપણું કે અસત્ય હોય તે મિથ્યાત્વ કહેવાય.

– મિથ્યાત્વ એટલે અનાદિના ભ્રમણને લીધે ચિત્તભૂમિ પર છવાઈ ગયેલી ખોટી ધારણાઓ.

– યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, દેવના ગુણો નથી, તેમાં દેવપણાની કલ્પના કરવી, ગુરુના ગુણો ન હોય તેમાં ગુરુપણાની ભાવના કરવી અને અધર્મપણાને વિશે ધર્મપણાની બુદ્ધિ હોવી તે સત્યથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે.

– સુદેવ, સુગુરુ, સુધર્મને કુદેવ, કુગુરુ કે કુધર્મ માનવા અથવા કુદેવ, કુગુરુ, કુધર્મને સુદેવ, સુગુરુ, સુધર્મ માનવા અથવા બંનેમાં કોઈ જ ફેર નથી તેમ માનવું અથવા દેવ-ગુરુ-ધર્મનું અસ્તિત્વ જ ન સ્વીકારવું તે મિથ્યાત્વ છે.

० परिहरह એટલે છોડો, ત્યાગ કરો.

– મિથ્યાત્વનો ત્યાગ કરો એ શ્રાવકનું બીજું કર્તવ્ય કહ્યું, કેમ કે, "મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન કોઈ ઝેર નથી, મિથ્યાત્વ સમાન કોઈ રોગ નથી, મિથ્યાત્વ સમાન કોઈ અંધકાર નથી."

– મિથ્યાત્વની વૃદ્ધિ કે પુષ્ટિથી જીવ પરલોકમાં બોધિ દુર્લભ બને.

– જે મૂઢ આત્મા બીજા જીવોને મિથ્યાત્વ પમાડવામાં નિમિત્ત બને છે, તે આત્મા તે જ નિમિત્ત થકી જિનકથિત બોધિને પામતો નથી. જેમ ભગવંત મહાવીરના જીવે મરીચીના ભવમાં ત્રિદંડીપણામાં ધર્મ કહ્યો તો પંદરમાં ભવ સુધી જ્યારે-જ્યારે મનુષ્ય થયા ત્યારે ત્રિદંડીપણું પામ્યા પણ જૈનધર્મ પામ્યા નહીં.

– મિથ્યાત્વના લૌકિક અને લોકોત્તર એવા બે ભેદ છે. તેમજ આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક એવા પણ ભેદ જોવા મળે છે.

– નિશ્ચયથી તો અનંતાનુબંધી કષાય અને દર્શનમોહનીયનો ઉદય હોવો તે મિથ્યાત્વ જ છે.

● (૩) **धरह सम्मत्तं** - સમ્યક્ત્વને ધારણ કરો.

– સમ્યક્ત્વનો સામાન્ય અર્થ છે - શ્રદ્ધા, શુદ્ધ શ્રદ્ધા.

– તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યકત્વ કે સમ્યગ્ દર્શન કહે છે. આ તત્ત્વો બે પ્રકારે છે – (૧) દેવ, ગુરુ, ધર્મરૂપ ત્રણ તત્ત્વ, (૨) જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ એ નવતત્ત્વ.

આ તત્ત્વો પર નિસર્ગથી એટલે કે સ્વાભાવિક અથવા તો કોઈના ઉપદેશપૂર્વક શુદ્ધ શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન છે.

– હેમચંદ્રાચાર્યજીએ ફરમાવ્યું છે કે, દેવને વિશે જે દેવપણાની બુદ્ધિ, ગુરુને વિશે જે ગુરુપણાની બુદ્ધિ, ધર્મને વિશે ધર્મપણાની બુદ્ધિ એ જ સમ્યક્ત્વ કહેવાય છે.

– યથાર્થરૂપથી પદાર્થોના નિશ્ચય કરવાની જે રૂચિ તે સમ્યગ્દર્શન આવી દશ પ્રકારની રૂચિ સમ્યકત્વ સંબંધે જણાવાયેલ છે. તે આ રીતે–

(૧) નિસર્ગરુચિ, (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજરુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ, (૯) સંક્ષેપરુચિ અને (૧૦) ધર્મરુચિ.

આવશ્યક સૂત્રના છટ્ઠા અધ્યયનમાં જણાવે છે કે, વિશુદ્ધ સમ્યક્ત્વ મોહનીય પુંજના વેદવાથી - ઉપશમ કે ક્ષયથી પ્રગટ થયેલો અને શમ, સંવેગ વગેરે લિંગોથી ઓળખાતો આત્માનો શુભ પરિણામ તે સમ્યક્ત્વ.

નિશ્ચયથી સમ્યક્ત્વ તો ત્યારે જ કહેવાય જ્યારે 'અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ અને સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય એ ત્રણ દર્શનમોહની પ્રકૃત્તિ મળીને કુલ સાત કર્મ પ્રકૃત્તિનો ક્ષય કે ક્ષયોપશમ થયેલો હોય. શ્રેણિક મહારાજાના આવા સમ્યક્ત્વની ખુદ ઇન્દ્રએ પણ દેવલોકમાં પ્રશંસા કરેલી હતી.

સમ્યક્ત્વના ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, વેદક, સાસ્વાદન એવા પાંચ ભેદ મળે છે, કારક, રોચક અને દીપક એવા ત્રણ ભેદ પણ મળે છે.

સમ્યક્ત્વની ભાવના અથવા સમ્યકત્વના છ સ્થાનો જણાવતા પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે, (૧) આત્માનું અસ્તિત્વ છે, (૨) આત્મા નિત્ય છે, (૩) આત્મા કર્મબંધનો કર્તા છે, (૪) આત્મા જ તે કર્મોનો ભોક્તા છે, (૫) આત્મા કર્મોથી મુક્ત પણ થાય છે, (૬) મુક્તિ-મોક્ષનો ઉપાય પણ છે.

સમ્યક્ત્વ જ વ્રતોનો પાયો છે, ક્ષપક કે ઉપશમ શ્રેણી માંડતા પહેલા પણ જરૂરી ગુણઠાણું સમ્યક્ત્વ જ છે. જ્ઞાન-ચારિત્ર-તપ પણ સમ્યક્ત્વ યુક્ત હોય તો જ કલ્યાણકારી છે. મોક્ષ મહેલમાં પ્રવેશવાનું કોઈ મુખ્ય દ્વાર હોય તો તે પણ સમ્યક્ત્વ જ છે. માટે સમ્યક્ત્વ ધારણ કરો.

● **छव्विह आवस्सयंमि उज्जुत्तो होइ पइदिवसं** - છ આવશ્યકને વિશે પ્રતિદિન ઉદ્યમવંત થાઓ.

– અહીં શાબ્દિક પાઠભેદ પહેલા જણાવી દઈએ - "આવસ્સયંમિ"ને બદલે "આવસ્સયમ્મિ" પાઠ પણ છે, "ઉજ્જુત્તો"ને બદલે "ઉજ્જુત્તા" પાઠ પણ છે. "હોઇ"ને બદલે "હોહ" પાઠ પણ છે.

○ 'छव्विह आवस्सयंमि' ષડ્‌વિધ આવશ્યકોમાં.

– આ છ એ આવશ્યક પ્રત્યેક એક અલગ કર્તવ્યરૂપ છે. તેથી શ્રાવકોનું ચોથાથી નવમું કર્તવ્ય આ પ્રમાણે થશે - (૪) સામાયિક, (૫) ચતુર્વિંશતિ સ્તવ, (૬) વંદન, (૭) પ્રતિક્રમણ, (૮) કાયોત્સર્ગ, (૯) પ્રત્યાખ્યાન.

આ છ એ આવશ્યકો સાથે ગાથાનું ચોથું ચરણ જોડવું - તે તે આવશ્યકમાં પ્રતિદિન - હંમેશાં ઉદ્યમવંત થવું.

**(૪) सामायिक :-**

– આર્ત્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત્ત સુધી સમભાવમાં રહેવું તે સામાયિક વ્રત છે.

– સામાયિક વિશે વિશેષ વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૯ "કરેમિભંતે" અને સૂત્ર-૧૦ "સામાઇયવયજુત્તો" જોવું.

(૫) **चतुर्विंशतिस्तव** - ચોવીશે જિનની સ્તુતિ કરવી તે.

– વિશેષ જાણકારી માટે સૂત્ર-૮ "લોગસ્સ" જુઓ.

(૬) **वंदन** - નમવું, અભિવાદન કરવું, પંચાંગ પ્રણિપાત કરવો તે.

– વિશેષ જાણકારી માટે સૂત્ર-૩ "ખમાસમણ" અને સૂત્ર-૨૯ "વાંદણા સૂત્ર" જોવું.

(૭) **प्रतिक्रमण** :-

– પ્રમાદને લીધે સ્વસ્થાનથી પરસ્થાનમાં ગયેલા આત્માની ફરી તે જ મૂળ સ્થાને જવાની ક્રિયા કરે તે પ્રતિક્રમણ કહેવાય.

– પાપકર્મોની નિંદા, ગર્હા અને આલોચના કરીને નિઃશલ્ય થયેલા એવા યતિનું મોક્ષફળ આપનાર શુભ યોગોને વિશે પુનઃ પુનઃ પ્રવૃત્ત થવું તે જ પ્રતિક્રમણ જાણવું.

– પ્રતિક્રમણ વિશે વિશેષ વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૫ "ઇરિયાવહી, સૂત્ર-૨૬ "દેવસિઅ પડિક્કમણે ઠાઉં" સૂત્ર-૩૫ "ઇચ્છામિ પડિક્કમિઉં", સૂત્ર-૩૫ "શ્રાદ્ધપ્રતિક્રમણ" વંદિત્તુ સૂત્ર જોવા.

(૮) **कायोत्सर्ग** :- કાયાનો ઉત્સર્ગ-મમત્વ ત્યાગ કરવો તે.

– શરીરની ક્રિયાઓ અને શરીરના મમત્વનો ત્યાગ કરવો - તે કાયોત્સર્ગ.

– સ્થાન, મૌન, ધ્યાનપૂર્વક મલિન અધ્યવસાયોનું વિસર્જન કરવું તે.

– કાયોત્સર્ગનું વિવેચન સૂત્ર-૬ "તસ્સઉત્તરી"માં જોવું. સૂત્ર-૭ "અન્નત્થ" તથા સૂત્ર-૧૯ "અરિહંત ચેઇયાણં" પણ જોવું.

(૯) **प्रत्याख्यान** - પાપથી અટકવાની પ્રવૃત્તિ કે વિરમવું તે.

– અમુક મર્યાદામાં અવિરતિથી પ્રતિકૂળ કથન કરવુ તે.

– પ્રત્યાખ્યાન એટલે પરિત્યાગ કરવાની પ્રતિજ્ઞા કે નિયમ જે નિવૃત્તિ, વ્રત કે વિરમણ તરીકે ઓળખાય છે.

– પ્રત્યાખ્યાનના મૂલગુણ અને ઉત્તરગુણ એવા બે ભેદ કહ્યા છે અને દ્રવ્ય તથા ભાવથી પ્રત્યાખ્યાન એવા પણ બે ભેદ છે. વળી અનાગત, અતિક્રાંત આદિ પ્રત્યાખ્યાનના દશ ભેદો પણ છે.

૦ આ સામાયિક આદિ છ આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત રહેવું કેમકે (૧) સામાયિક વડે ચારિત્રની વિશુદ્ધિ થાય છે, (૨) ચતુર્વિંશતિ વડે દર્શનાચારની વિશુદ્ધિ થાય છે, (૩) વંદન વડે જ્ઞાનાદિ ગુણોની વિશુદ્ધિ થાય છે, (૪) પ્રતિક્રમણ વડે મૂલગુણ-ઉત્તરગુણની વિશુદ્ધિ થાય છે, (૫) કાયોત્સર્ગ વડે ચારિત્રના અતિચારોની શુદ્ધિ થાય છે અને (૬) પ્રત્યાખ્યાન વડે તપના અતિચારોની શુદ્ધિ થાય છે. તત્ત્વાર્થસૂત્રના અધ્યાય-૬ સૂત્ર-૨૩ના ભાષ્યમાં ઉમાસ્વાતિજી કહે છે કે, "સામાયિકાદિ છ આવશ્યકનું યથાવિહિત યોગ્ય કાલે ભાવથી આસેવન" તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવે છે.

● (૧૦) **पव्वेसु पोसहवयं** - પર્વદિવસોમાં પૌષધવ્રત કરો.

– ધર્મના સંચય કરવામાં હેતુભૂત બનીને ધર્મને પૂરણ કરે તે પર્વ.

– સામાન્યથી આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ પર્વદિન ગણાય છે. છ અટ્ઠાઈઓ પણ પર્વ દિવસ જાણવા. પર્વોના લૌકિક અને લોકોત્તર એવા બે ભેદો પણ કહ્યા છે.

– પર્વોમાં, પર્વ દિવસોમાં અવશ્ય પૌષધ કરવો જોઈએ.

– પૌષધ સંબંધી વિશેષ વ્યાખ્યા અને વિવેચન હવે પછીના સૂત્ર-પર અને સૂત્ર-પ૩ પૌષધ પ્રતિજ્ઞા અને પૌષધપારણમાં જોવા.

● (૧૧) **दाणं** - દાન આપો. સુપાત્રે દાન કરવું.

– તત્ત્વાર્થાધિગમ સૂત્ર-અધ્યાય-૮, સૂત્ર-૩૩માં કહે છે કે, અનુગ્રહ બુદ્ધિથી પોતાની વસ્તુ બીજાને આપવી તે 'દાન' કહેવાય છે.

– દાન પાંચ પ્રકારે કહ્યું છે – (૧) સુપાત્રદાન, (૨) અભયદાન, (૩) અનુકંપાદાન, (૪) ઔચિત્ય દાન અને (૫) કીર્તિદાન.

જેમ અલ્પ એવું વડનું બીજ પૃથ્વીમાં નાખવાથી પાણીના યોગે બહુ વધે છે, તેમ દાન કરવાથી પુણ્યરૂપી વૃક્ષ પણ અત્યંત વધે છે માટે હે ભવ્યજીવો ! સુપાત્રમાં દાન આપો.

● (૧૨) **शील** - શીલ પાળો, સદાચાર પાળો.

– શીલનો એક અર્થ ચારિત્ર એટલે પાંચે વ્રત ગ્રહણ કરવા છે.

– શીલનો બીજો અર્થ બ્રહ્મચર્ય પાલન પણ છે.

– સામન્ય અર્થમાં શીલ એટલે સદાચાર, મર્યાદા આદિ છે.

– ધર્મરત્ન પ્રકરણમાં શીલવાન શ્રાવક કોને કહેવાય તે જણાવવા શ્રીમાન્ શાંતિસૂરિજી મહારાજા છ લક્ષણો બતાવે છે.

(૧) જે શ્રાવક આયતન (જિનમંદિર આદિ) સેવે.
(૨) વિના પ્રયોજને બીજાના ઘરમાં જવાનું ટાળે.
(૩) હંમેશા અનુદ્ભટ - સાદો અને સુઘડ વેશ પહેરે.
(૪) વિકારોત્પાક વચનો કદાપી બોલે નહીં.
(૫) બાલક્રીડાનો પરિહાર અર્થાત્ ત્યાગ કરે.
(૬) મધુર નીતિ વડે - મીઠાશથી કાર્યને સાધે.

● (૧૩) **तप** - તપનું પાલન કરો, તપ આરાધો.

– તપની એક વ્યાખ્યા છે "ઇચ્છાઓને રોકવી તે તપ."

– જેના વડે રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર તેમજ અશુભ કર્મો તપાવાય તે તપ કહેવાય છે.

– તપ, તપાચાર અને તપના બાહ્ય અને અભ્યંતર મળીને બાર ભેદો છે - તે સર્વેનું વિવેચન જાણવા જુઓ સૂત્ર-૨૮ "નાણંમિ૰"

– જે કોઈ તપની આરાધના કરે તે તપ કેવા હોવો જોઈએ ?

"નિર્દોષ, નિયાણા રહિત, માત્ર નિર્જરાના જ કારણભૂત એવું તપ સારી બુદ્ધિ વડે અને ચિત્તના ઉત્સાહપૂર્વક કરવું."

● **(૧૪) भाव** :- ભાવ, ભાવના ભાવવી તે.

– ભાવ એટલે મનના શુભાશુભ પરિણામ.

– ભાવના પાંચ મુખ્ય ભેદો લોકપ્રકાશ ગ્રંથમાં કહ્યા છે. તે આ પ્રમાણે – (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક (૪) ઔદયિક અને (૫) પારિણામિક. *(જેના પર ભાવલોક પ્રકાશ નામે આખો ગ્રંથ છે.)*

– ભાવને જ બંધ અને મોક્ષનું કારણ કહેલ છે.

**'ભાવ' શબ્દથી "ભાવના"** એવો અર્થ લઈએ તો - ભાવનાના બાર ભેદો છે - (૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિત્વ, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોકસ્વરૂપ, (૧૧) બોધિ દુર્લભ અને (૧૨) ધર્મસ્વાખ્યાત - આ ભાવના ભાવવી જોઈએ.

બીજી રીતે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ - એ ચાર ભાવના પણ કહી છે.

● **(૧૫) सज्झाय** - સ્વાધ્યાય કરવો.

– આત્માને હિતકર એવા શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન તે સ્વાધ્યાય કહેવાય છે.

– જિનેશ્વર દેવોએ કહેલ દ્વાદશાંગી - આગમને જ પંડિત પુરુષોએ સ્વાધ્યાય કહેલો છે. સમ્યક્ પ્રકારે આ શ્રુતનો અભ્યાસ તે સ્વાધ્યાય.

– સ્વાધ્યાયના પાંચ ભેદ છે - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા - *જેની વિસ્તૃત વ્યાખ્યા સૂત્ર-૨૮ "નાણંમિ૦"માં જુઓ.*

● **(૧૬) नमुक्कारो** - નવકારમંત્રનો જાપ કરો, નવકાર ગણો.

– સૂત્ર-૧ "નવકારમંત્ર"માં વ્યાખ્યા તથા વિવેચન જોવું.

– દ્રવ્યથી નવપદરૂપ નવકારમંત્રની ગણના કે જાપ કરવો અને ભાવથી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર કરવો.

– ઉપદેશ તરંગીણી ગ્રંથ મુજબ – "ભોજન, શયન, જાગવું, પ્રવેશ, ભય કે કષ્ટના સમયે (અને સર્વકાળે પણ) પાંચ નવકારનું સ્મરણ કરવું.

– ૮, ૦૮, ૦૮, ૮૦૮ નવકાર ગણનાર ત્રીજે ભવે મોક્ષ પામે છે.

– સુતા અને ઉઠતા સાત (કે આઠ) નવકાર ગણવાનું પણ વિધાન છે.

– નવકાર મંત્ર આઠે કર્મોરૂપી ગાંઠને ભેદી નાંખે છે, સંસારમાં પડેલા આત્માને શરણરૂપ છે, અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે, શિવપંથ મોક્ષનો પરમ હેતુ છે. માટે નવકાર મંત્ર ગણવો જોઈએ.

● **(૧૭) परोवयारो** - પરોપકાર કરવો, પરોપકાર પરાયણ બનો.

– પરોપકાર એટલે પારકા પ્રત્યે ઉપકાર, બીજાનું ભલું કરવું.

– 'પરોપકાર' શબ્દનો પર્યાય 'પરાર્થકરણ' અને 'પરપ્રયોજનકારિતા' એ

પ્રમાણે કહેલો છે. 'પરાર્થકરણ' શબ્દથી વિશેષ વ્યાખ્યા માટે સૂત્ર-૧૮ ''જયવીયરાય'' જોવું.

– પરોપકાર બે પ્રકારે થાય છે. લૌકિક અને લોકોત્તર અથવા તો વ્યવહારિક અને પારમાર્થિક અથવા દ્રવ્યથી અને ભાવથી.

● (૧૮) **जयणा** - યતના, કાળજી, જીવરક્ષા માટે સાવધાની.

– 'જયણા' શબ્દનું સંસ્કૃત રૂપાંતર यतना છે. यत् એટલે યત્ન કરવો, પ્રયાસ કરવો. તેના પરથી શબ્દ બન્યો યતના. તેનો અર્થ છે જીવરક્ષા કે અહિંસા પાલન માટે સતત કાળજી કે સાવધાની.

– દશવૈકાલિક સૂત્રમાં પણ કહ્યું છે કે, ''જયણાપૂર્વક ચાલે, જયણાપૂર્વક ઉભો રહે, જયણાપૂર્વક બેસે, જયણાપૂર્વક સુએ, જયણાપૂર્વક ખાય અને જયણાપૂર્વક બોલે તે પાપકર્મને બાંધતો નથી.

શ્રાવકને માત્ર ''સવાવસા'' દયા કહેલી છે, તેથી તેને જીવરક્ષા માટે સાવધાની રૂપ - જયણા પાલનની વિશેષ આવશ્યકતા રહે છે. આ ''સવા વસા'' દયાનું સ્વરૂપ સૂત્ર-૩૫ ''વંદિત્તુ સૂત્ર''માં જોવું.

● (૧૯) **जिणपूजा** :- જિનેશ્વર ભગવંતની પૂજા કરવી.

– જિનેશ્વરની પૂજા ત્રણ પ્રકારે કહેલી છે. (૧) અંગપૂજા, (૨) અગ્રપૂજા અને (૩) ભાવપૂજા. આ ત્રણ પૂજા દ્રવ્ય પૂજા અને ભાવ પૂજા એવા બે ભેદથી પણ ઓળખાવાય છે. વિસ્તારથી આ દ્રવ્ય પૂજા અષ્ટ પ્રકારી કે સત્તર ભેદી પૂજા રૂપે પણ વર્ણવાયેલ છે.

સંબોધ પ્રકરણ દેવાધિદેવ કાંડ-૧૯૬મી ગાથામાં કહ્યું છે કે, ''જો પૂજા સંપૂર્ણ વિધિથી ન જ થઈ શકે તો પણ પ્રભુને અક્ષત, દીપ વગેરે ભેટણું કરવારૂપ સામાન્ય પૂજા તો દરરોજ કરવી જોઈએ.

પૂજા પંચાશકમાં ઉત્સર્ગથી પૂજાનો કાળ ત્રણ સંધ્યારૂપ કહ્યો છે. સવારે, મધ્યાહ્ને અને સંધ્યા પૂર્વે. પ્રાતઃકાલે વાસચૂર્ણ વડે, મધ્યાહ્ને અષ્ટપ્રકારી અને સંધ્યાકાળે ધૂપ-દીપ (આરતી)રૂપ પૂજા કરવી.

જિનેશ્વર પરમાત્માની સદા ત્રિકાળ પૂજા કરનાર જીવ ત્રીજે, સાતમે અથવા આઠમે ભવે સિદ્ધિપદને પામે છે.

● (૨૦) **जिणथुणणं** - જિનેશ્વરની સ્તુતિ કરવી.

– 'जिण' જિન શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧૨, સૂત્ર-૧૩માં અપાયેલી છે.

– थुणण - સ્તવન કે સ્તવ. જેના પાંચ ભેદ ચૈત્યવંદન ભાષ્યમાં કહ્યા છે. શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ અને સામાન્યથી પ્રભુના ગુણકિર્તનરૂપ સ્તુતિઓ બોલવી, સ્તવનો ગાવા ઇત્યાદિ થકી પણ જિનેશ્વરની સ્તવના થાય છે - આ સ્તુતિ-સ્તવનો ગંભીર આશયવાળા, મધુર શબ્દોવાળા અને વિશાળ ભાવાર્થથી યુક્ત હોવા જોઈએ. આ સ્તવનાથી જ્ઞાન, દર્શન, ચારિત્ર બોધિનો લાભ થાય છે.

● (૨૧) गुरुथुअ :- ગુરુની સ્તુતિ કરવી.

○ गुरु - શબ્દની વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય" સૂત્ર-૧૧ "જગચિંતામણિ"માં "જગગુરુ" શબ્દથી, સૂત્ર-૧૮ "જયવીયરાય" અથવા તો સૂત્ર-૧ના ત્રીજા, ચોથા, પાંચમાં પદથી જાણવી.

○ થુઅ એટલે સ્તુતિ કે ગુણગાન કરવું તે.

– ગુરુ સ્તુતિથી કુગતિનું નિવારણ થાય અને બોધિનો લાભ થાય છે.

● (૨૨) साहम्मिआण वच्छल्लं - સાધર્મિકનું વાત્સલ્ય કરવું.

○ साहम्मिअ - સાધર્મિક - સમાન ધર્મને પાળે તે સાધર્મિક.

○ वच्छल्ल - વાત્સલ્ય, સ્નેહ, હાર્દિક પ્રેમ, આદરભાવ.

– સાધર્મિકનું વાત્સલ્ય દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે કરવું જોઈએ. દ્રવ્ય વાત્સલ્યમાં તેને અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિ આપવા અને ભાવ વાત્સલ્ય તે સાધર્મિકને ધર્મ માર્ગે ચડાવવો, માર્ગમાં હોય તો સ્થિર કરવો, સ્થિર હોય તો આગળ વધારવો તે.

– સાધર્મિક વાત્સલ્ય (પ્રવચન ભક્તિ)થી તીર્થંકર નામકર્મ પણ બંધાય છે. ભગવંત સંભવનાથે પૂર્વના ભવે સાધર્મિક ભક્તિ વડે જ તીર્થંકર નામકર્મ બાંધેલું હતું.

● (૨૩) ववहारस्स य सुद्धी - વ્યવહારમાં શુદ્ધિ રાખવી તે.

– સર્વજ્ઞ ભગવંતે ધર્મનું મૂળ વ્યવહાર શુદ્ધિને કહ્યું છે, શુદ્ધ વ્યવહાર કરીને જ અર્થની શુદ્ધિ થાય છે.

– લેવડ-દેવડમાં પ્રામાણિકપણું રાખવું તે વ્યવહારશુદ્ધિ કહેવાય. વ્યાપારમાં વ્યવહાર શુદ્ધિ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે રાખવાનું "શ્રાદ્ધગુણ વિવરણ"માં કહેલું છે.

● (૨૪) रहजत्ता - રથયાત્રા કાઢવી, રથયાત્રા કરવી.

– જેમાં રથની મુખ્યતા છે તેવી યાત્રા અથવા રથમાં પરમાત્માને બિરાજમાન કરી ઋદ્ધિપૂર્વક નીકળતી યાત્રા તે રથયાત્રા.

– સારી રીતે શણગારેલા ઉત્તમ રથમાં શ્રી જિનપ્રતિમાજીને પધરાવીને મહોત્સવપૂર્વક સ્નાત્ર પૂજાદિ ભક્તિ સત્કાર કરતાં સમસ્ત નગરમાં ફેરવીને તેની પૂજા કરવી-કરાવવી વગેરે 'રથયાત્રા' કહેવાય.

● (૨૫) तित्थजत्ता :- તીર્થયાત્રા, તીર્થની યાત્રા કરવી.

○ तित्थ - તીર્થ. સૂત્ર-૮ "લોગસ્સ", સૂત્ર-૧૨ "જંકિંચિ" અને સૂત્ર-૧૩ "નમુત્થુણં"માં આ શબ્દની વ્યાખ્યા કરાયેલી છે.

– નિશ્ચયનયથી જ્ઞાનાદિ ગુણ યુક્ત આત્મા જ તીર્થ છે.

– તીર્થંકર પરમાત્માના જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ કલ્યાણકભૂમિ તેમજ વિહાર ભૂમિઓ પણ ઘણાં ભવ્યજીવોને શુભભાવને ઉત્પન્ન કરનારી હોવાથી તીર્થ કહેવાય છે.

– સાધુ મહાત્મા એટલે કે આચાર્યાદિ મુનિવરો પણ જંગમ તીર્થ ગણાય છે. (તીર્થના સ્થાવર અને જંગમ બે ભેદ છે.)

આવા તીર્થોમાં જવું, તેની સ્પર્શના કરવી તે તીર્થયાત્રા.

– તીર્થ યાત્રા વિધિપૂર્વક કરવા માટે છ આવશ્યક વસ્તુઓ કહી– (૧) આવશ્યકકારી, (૨) પાદચારી, (૩) સચિત્ત પરિહારી, (૪) વરશીલધારી, (૫) ભૂમિસંથારી, (૬) એકલઆહારી.

– આવી તીર્થયાત્રા અવશ્ય કરવી કેમકે - તીર્થયાત્રાએ જતાં સંઘના પગની રજ લાગવાથી મનુષ્યો કર્મરૂપી રજથી મુક્ત થાય છે, તીર્થમાં પરિભ્રમણ કરવાથી પ્રાણીને સંસારમાં ભ્રમણ કરવું પડતું નથી, તીર્થમાં દ્રવ્યનો વ્યય કરવાથી સંપત્તિ સ્થિર થાય છે.

● (૨૬) **उवसम** - ઉપશમ ભાવ રાખવો.

– અપરાધી પ્રત્યે મનમાં પણ પ્રતિકૂળ ચિંતવના ન કરવી તે ઉપશમ કહેવાય - એમ યશોવિજયજી મહારાજા જણાવે છે.

– ઉપશમ એટલે કષાયોની ઉપશાંતિ એટલે ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયોનું અત્યંત શમી જવું તે ઉપશમ.

– ઉપશમથી કષાયો પાતળા પડતા સમ્યગ્દર્શન પામી શકાય છે.

● (૨૭) **विवेक** :- વિવેક રાખવો.

– વિવેક એટલે હેય-ઉપાદેયનું જ્ઞાન ત્યાગ કરવા લાયક અને ગ્રહણ કરવા લાયક પદાર્થોની પરીક્ષા તે વિવેક.

– વિવેક એટલે સત્યાસત્યની પરીક્ષા કે કર્તવ્યાકર્તવ્યની સમજણ. સામાન્ય ભાષામાં કહીએ તો સદ્બુદ્ધિ.

– વિવેકના બે ભેદ કહ્યા છે – (૧) લૌકિક કે દ્રવ્ય વિવેક, (૨) લોકોત્તર કે ભાવ વિવેક. આ ભાવ વિવેક પણ બાહ્ય અને અભ્યંતર બે ભેદથી કહેવાયેલ છે.

– વિવેક એટલે તત્ત્વાતત્ત્વ કે શુભાશુભનું જ્ઞાન.

– વિવેકથી તત્ત્વબુદ્ધિ આવતા સમ્યગ્જ્ઞાન પામી શકાય છે.

● (૨૮) **संवर** :- સંવર ભાવ રાખવો.

– સંવર એટલે નવો કર્મો આવતા અટકાવવા તે.

–નવતત્ત્વમાં સંવરને ૫૭ ભેદે ઓળખાવેલ છે. જેમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરીષહ, દશ યતિધર્મ, બાર ભાવના, પાંચ ચારિત્રનો સમાવેશ થાય છે.

– સંવર એટલે બાહ્ય-અભ્યંતર સર્વે પરિગ્રહનો ત્યાગ.

– સંવર બે ભેદે છે – (૧) દ્રવ્યસંવર - કર્મપુદ્ગલોને આવતા અટકાવવા, (૨) ભાવસંવર - સંસારના કારણરૂપ ક્રિયાનો ત્યાગ.

– સંવર વડે સમ્યક્ ચારિત્રનો લાભ પામી શકાય છે.

● (૨૯) **भासा समिई** - બોલવામાં ઉપયોગ રાખવો.

– આ પૂર્વે સૂત્ર-૨ "પંચિંદિય"માં ભાષા સમિતિ વર્ણવેલ છે.

– જે સર્વ જીવોને હિતકારી અને દોષરહિત હોય તેમજ મિત (અલ્પ) વચન હોય (તેવું વચન પણ) ધર્મને માટે બોલવું તે ભાષા સમિતિ કહેવાય છે.

– તત્વજ્ઞ પુરુષો સાવદ્યનો ત્યાગ કરી જે નિર્દોષ વચન બોલે છે, તેને જિનાજ્ઞામાં વર્તનાર પુરુષોએ 'ભાષાસમિતિ' કહી છે.

– ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા અને વિકથા આ આઠ સ્થાનોને વર્જીને અસાવદ્ય એવા કાર્યમાં યથાયોગ્ય કાળે ભાષા બોલવી તેને ભાષાસમિતિ કહે છે.

● (૩૦) **छज्जीवकरुणा** - છ કાયના જીવો પ્રત્યે કરુણા રાખો.

○ छज्जीव એટલે ષડ્જીવ - છ પ્રકારના જીવો – (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય, (૫) વનસ્પતિકાય, (૬) ત્રસકાય.

○ करुणा - કરુણા એટલે દયાભાવ.

– સંક્ષેપમાં કહીએ તો જગત્‌ના સર્વે જીવો પરત્વે હૃદયમાં કરુણા કે દયા ભાવ હોવો તેને "છ જીવ કરુણા" કહેવાય છે.

– ગૃહસ્થ આશ્રમમાં રહેલો મનુષ્ય સર્વથા હિંસાનો ત્યાગ તો કરી શકતો નથી, તેથી હૃયમાં શક્ય તેટલો કરુણાભાવ રાખી પોતાની પ્રવૃત્તિ કરે, જેથી અહિંસાના પરિણામો ટકી રહે.

● (૩૧) **धम्मिअजणसंसग्गो** - ધર્મીજનોની સંગત કરવી.

– 'ધર્મીજન' એટલે ધર્મપરાયણ, ધર્મનિષ્ઠ કે ધાર્મિક લોકો.

– ઉપદેશ કલ્પવલ્લીમાં કહે છે કે, "જિનેશ્વર દેવોએ કહેલો ધર્મ જાણતા હોય, શુદ્ધ ધર્મ ઉપદેશક હોય, પરોપકાર ક્રિયામાં તત્પર હોય અને ધર્મક્રિયામાં રત હોય તેવા જનને ધર્મીજન જાણવા.

– 'સંસર્ગ' એટલે સહવાસ, સોબત, સંગત.

– હરિભદ્રસૂરિજીએ ધર્મીજનને માટે પાંચ લક્ષણો કહ્યા છે– (૧) ઔદાર્ય, (૨) દાક્ષિણ્યતા, (૩) પાપજુગુપ્સા, (૪) નિર્મલબોધ, (૫) પ્રાયઃ કરીને જનપ્રિયત્વ - આ પાંચે લક્ષણવાળો 'ધર્મી' જાણવો. આવા ધર્મી લોકોનો સહવાસ કે સોબત કરવા જોઈએ.

● (૩૨) **करण-दमो** - ઇન્દ્રિયોનું દમન કરો.

"કરણ" એટલે પાંચે ઇન્દ્રિયો "દમ" એટલે દમન કરવું.

○ પાંચે ઇન્દ્રિયના સંવરણ વિશે - સૂત્ર-૨ "પંચિંદિય" જોવું.

– શ્રાદ્ધગુણ વિવરણમાં કહે છે કે, "ઇન્દ્રિયોનું સ્વતંત્રપણું એ આપત્તિનો માર્ગ છે અને ઇન્દ્રિયોનો જય કરવો એ સંપત્તિનો માર્ગ છે. માટે જે ઇષ્ટ હોય તે માર્ગે ગમન કર.

– સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇન્દ્રિયોના સર્વે વિષયોમાં રાગ કે દ્વેષ ન કરવો, આસક્તિ ન કરવી અને તે-તે વિષયો પર કાબુ મેળવવો તેને

"કરણદમો" કહે છે.

– ખરેખર ઇન્દ્રિયોની પ્રવૃત્તિ સર્વથા ન હોવી તે ઇન્દ્રિય જય નથી, પણ રાગદ્વેષનો ત્યાગ કરી ઇન્દ્રિયોની પ્રવૃત્તિ કરવી તેને ઇન્દ્રિય જય અર્થાત્ "કરણદમો" કહેવામાં આવે છે.

● (૩૩) **चरणपरिणामो** - ચારિત્રના પરિણામ રાખવા તે.

○ चरण - એટલે અહીં 'ચારિત્ર' (સંયમ કે દીક્ષા) અર્થ જ લેવો.

○ परिणामो - પરિણામ, ભાવના, મનોરથ, ઇચ્છા.

– શ્રાવકને એક ભાવના સતત વર્તતી હોવી જોઈએ કે, હે પ્રભો ! મને ચારિત્ર ક્યારે ઉદયમાં આવે. "સંયમ કબ હી મીલે ?"

– દેશવિરતિને ધારણ કે ગ્રહણ કરતો જીવ પણ એવું વિચારે કે "સર્વવિરતિ" ગ્રહણ નથી કરી શકતો તે મારા પાપનો ઉદય છે, માટે 'ચારિત્ર ક્યારે મળે ?' એવી ભાવનાથી હું દેશવિરતિ ધર્મ પાળુ છું.

– ચારિત્રના પરિણામો માટે શાસ્ત્રમાં સુંદરી, વજ્રસ્વામી, પુંડરીક રાજા, કૃષ્ણ વાસુદેવ, અભયકુમાર, આર્દ્રકુમાર, અતિમુક્ત, મેઘકુમાર, જંબૂકુમાર, દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનો પૂર્વભવનો હરિણેગમેષી દેવનો જીવ ઇત્યાદિ અનેક દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

● (૩૪) **संघोवरिबहुमाणो** :- સંઘની ઉપર બહુમાન રાખવું.

– 'સંઘ' એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ ધર્મસંઘ. તે તીર્થરૂપ છે અને ધર્મનો મુખ્ય આધાર છે.

– આવા સંઘ પર બહુમાન ભાવ હોવો તે.

– સંઘનો પાયો છે - જિનેશ્વરની આજ્ઞાનું પાલન. માત્ર સમૂહ કે સંગઠનને ક્યાંય સંઘ કહેવાતો નથી. જિનાજ્ઞાવર્તી એવા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો સમૂહ કે શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ તેમનું દ્રવ્યથી અને ભાવથી બહુમાન કરવું જોઈએ.

● (૩૫) **पुत्थयलिहणं** - પુસ્તકો લખાવવા.

શ્રાવકોએ ન્યાયોપાર્જિત દ્રવ્ય વડે ધર્મસંબંધી પુસ્તકો લખાવવા. ઉપલક્ષણથી તે સંઘરવા અને સુરક્ષિત રાખવાં.

"જે મનુષ્યો જિનેશ્વર પરમાત્માના વચનો અર્થાત્ આગમોને લખાવે છે, તેઓ દુર્ગતિને પામતા નથી. તેમજ જન્માંતરમાં મૂંગાપણું, જડસ્વભાવ, અંધત્વ કે બુદ્ધિહીનતાને પામતા નથી."

પુસ્તક લખાવવા એટલે શું ? પુસ્તકનો અર્થ અહીં આગમો કે શાસ્ત્રો એવો થાય છે. આવા શાસ્ત્રો લખાવવા અથવા પૂજ્ય ગુરુમહારાજના ઉપદેશપૂર્વક આવા શ્રુત ઉદ્ધારના કાર્યો થતા હોય તો યોગ્ય પ્રમાણમાં દ્રવ્યનો વ્યય કરી, તે શ્રુતભક્તિમાં લાભ લેવો.

– પુસ્તક લખાવવા રૂપ કર્તવ્યપાલનમાં પેથડ શાહ, કુમારપાળ રાજા કે

પછી પ્રેરકરૂપે દેવદ્ધિગણિ ક્ષમાશ્રમણ કે હેમચંદ્રાચાર્યજી મહારાજ આદિ અનેક દૃષ્ટાંતો જૈનશાસનમાં નોંધાયેલા છે.

● (૩૬) **पभावणातित्थे** - તીર્થ-શાસનની પ્રભાવના કરવી.

"તીર્થ" શબ્દ શ્રાવકના ૨૫ માં કર્તવ્ય 'તીર્થયાત્રા'માં આવેલો છે.

'પ્રભાવના' શબ્દ સૂત્ર-૨૮ ગાથા-૩ના વિવેચનમાં જોવો.

– લોકોના હૃદય પર તીર્થ-શાસનનો પ્રભાવ પડે, તેઓ તેના આચરણની પ્રવૃત્તિવાળા થાય તેવા જે કંઈ કાર્યો કરવા તે સર્વેને તીર્થની પ્રભાવના કહેવામાં આવે છે.

– સામાન્ય 'તીર્થ' શબ્દથી સ્થાવર-જંગમ તીર્થ લેવાય છે, પણ અહીં તીર્થનો અર્થ 'શાસન' એવો સમજવાને છે.

– પ્રભાવના - જેમાં 'ભાવના' શ્રેષ્ઠતમ કે પ્રકૃષ્ટતમ બને તે રીતે શાસનના કાર્યો કરવા. તે રૂપ શાસન પ્રભાવના તે તીર્થ પ્રભાવના.

– નિશીથ આદિ સૂત્રમાં શાસનના આઠ પ્રભાવકો કહ્યા છે. જેમકે –

(૧) અતિશય ઋદ્ધિવાન્, (૨) ધર્મકથી, (૩) વાદી, (૪) આચાર્ય, (૫) તપસ્વી, (૬) નૈમિતિક, (૭) વિદ્યાવાન્, (૮) રાજસમૂહસંમત.

○ **सड्ढाण किच्चमेएं निच्चं सुगुरूवएसेणं** - અહીં શ્રાવકના છત્રીશ કર્તવ્યો કહ્યા છે. તે સદ્ગુરુના ઉપદેશથી નિત્ય જાણવાં યોગ્ય છે.

○ सड्ढाण - શ્રાવકોના ○ किच्चं - ૩૬ કર્તવ્યો

○ एयं - આ, અહીં કહેલા ○ निच्चं - હંમેશાં, રોજ

○ सुगुरु - સદગુરુ ○ उवएसेणं - ઉપદેશ વડે

– આ કૃત્યો જાણવા અને જાણીને શ્રાવકોએ આદરવા જોઈએ.

■ **વિશેષ કથન :-**

પાંચ ગાથામાં વર્ણવાયેલ એવી આ સજ્ઝાયમાં શ્રાવકના છત્રીશ કર્તવ્યોનું વર્ણન છે. જેમ 'શ્રાદ્ધદિનકૃત્ય' ગ્રંથમાં શ્રાવકના દૈનિક કર્તવ્યોનું વર્ણન છે, 'શ્રાદ્ધગુણ વિવરણ'માં શ્રાવકના ગુણોનું વર્ણન છે, 'શ્રાદ્ધવિધિ'માં શ્રાવકના દિન, રાત્રિ, પર્વ, વાર્ષિક આદિ કર્તવ્યોનું વર્ણન છે તેમ અહીં શ્રાવકના ૩૬ કર્તવ્યો કહ્યા છે. આ કર્તવ્યોનું વારંવાર સ્મરણ કે આવૃત્તિ કરવાની હોય તેને સજ્ઝાય પણ કહેવામાં આવે છે.

– આવશ્યક ક્રિયામાં આ સજ્ઝાયનું સ્થાન–

(૧) પ્રતિક્રમણમાં - પક્ખિ, ચૌમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણના પૂર્વેના દિવસે (સામાન્યથી લોકો જેને તેરસ અને ભાદરવાસુદ ત્રીજથી ઓળખતા હોય છે) મંગલિક પ્રતિક્રમણ કરતી વેળાએ શ્રાવકોએ સજ્ઝાયને સ્થાને આ "મન્નહજિણાણં" સજ્ઝાય બોલવાની હોય છે.

(૨) પચ્ચક્ખાણ પારવામાં - શ્રાવકો જ્યારે કોઈ વિશિષ્ટ તપ કરતા હોય ત્યારે "પચ્ચક્ખાણ પારવાની" વિધિ કરવાની હોય છે. આ વિધિમાં પણ

સજ્ઝાય કરવાની આવે છે, તેમાં આ 'સજ્ઝાય' જ બોલાય છે.

(૩) પૌષધ વ્રતધારીઓને–

(૧) પ્રતિલેખનમાં - બપોરના પડિલેહણ વખતે પણ વિધિમાં સજ્ઝાય બોલવાની આવે છે. તેમાં શ્રાવકો આ જ સજ્ઝાય બોલે છે.

(૨) પ્રાતઃકાળે - પૌષધ વ્રતધારીઓએ સવારે પડિલેહણ અને દેવવંદન કર્યા પછી સજ્ઝાય કરવાની હોય છે. આ સજ્ઝાયમાં "મન્નહજિણાણં" સજ્ઝાય જ બોલવાની હોય છે.

– આ સજ્ઝાયમાં શ્રાવકના જ ૩૬ કર્તવ્યોની વાત હોવાથી માત્ર શ્રાવક-શ્રાવિકાઓએ જ બોલવાની હોય છે. સાધુ-સાધ્વીએ આ સજ્ઝાય બોલવાની હોતી નથી.

– આ સજ્ઝાય સૂત્ર પર વિવેચના

બે વિવેચન ગ્રંથો આ સજ્ઝાય પરત્વે પ્રસિદ્ધ થયા છે–

(૧) વિક્રમ સંવત-૧૫૫૫માં ધર્મહંસવાચકના શિષ્ય ઇન્દ્રહંસે આ છત્રીશ કર્તવ્યોનું વિવેચન અને કથાઓ સહિત "ઉપદેશ કલ્પવલ્લી" નામે એક સંસ્કૃત વૃત્તિ રચેલી. તેનો ગુજરાતી અનુવાદ પણ થયો છે.

(૨) વિક્રમ સંવત-૧૬૫૨માં તપાગચ્છીય વિજયસેન સૂરિના શિષ્ય શ્રી વિનયકુશલે પણ એક વૃત્તિ રચેલી છે.

– મુનિદીપરત્ન સાગરે સંવત ૨૦૪૫માં શ્રાવકના ૩૬ કર્તવ્યો આશ્રીને "અભિનવ ઉપદેશ પ્રાસાદ" નામથી ૧૦૮ વ્યાખ્યાનોની શ્રેણિરૂપ વિશાળ ગ્રંથની રચના કરી છે, જે ત્રણ ભાગોમાં આશરે ૧૧૦૦ પાનાઓમાં પ્રસિદ્ધ થયેલ છે.

– સૂચન :-

આ સજ્ઝાયમાં ૩૬ કર્તવ્યોના માત્ર નામો છે. નામોનું સ્મરણ કરવું માત્ર એ અપૂર્ણ ક્રિયા છે. આ કર્તવ્યોનો અર્થ જાણવો, કર્તવ્યના આચરણ માટેનો વિધિ પણ જાણવો અને તદનુસાર કર્તવ્યોના પરિપાલન માટે ઉદ્યમવંત થવું એ જ આ સજ્ઝાયનો નિષ્કર્ષ છે.

## ■ સૂત્ર-નોંધ :-

– આ સૂત્ર-સજ્ઝાયની રચના પદ્યમાં થયેલી છે. તે પાંચે ગાથા "ગાહા" નામક છંદમાં રચાયેલી છે.

– આવશ્યક સૂત્ર આદિ આગમમાં આ સૂત્ર ક્યાંય જોવા મળતું નથી, પ્રબોધટીકા કર્તા નોંધે છે કે શ્રી ધર્મઘોષસૂરિજીના શિષ્ય આચાર્ય મહેન્દ્રસૂરિજીએ "વિચારસત્તરી" પ્રકરણ રચેલ છે, તેના અગિયારમાં દ્વારને આધારે આ સૂત્ર રચાયું જણાય છે. વિક્રમની તેરમી સદીમાં આ સૂત્ર રચાયાનો સંભવ છે.

– 'વિચારસત્તરી' તથા 'વિચારસપ્તતિકા' બંનેમાં ચોથી અને પાંચમી ગાથામાં પાઠો જુદા જુદા છે.

——×——×——

સૂત્ર-૫૧

# સકલ-તીર્થ-વંદના

■ **સૂત્ર-વિષય :-**

આ તીર્થવંદના સૂત્ર છે. તેમાં ત્રણ લોકમાં રહેલા શાશ્વતા-અશાશ્વતા ચૈત્યો (જિનાલયો) તથા તેમાં રહેલી પ્રતિમાઓ (જિનબિંબો)ની સંખ્યા દર્શાવી જિનચૈત્યો તથા જિનબિંબોને વંદના કરાયેલ છે. તદુપરાંત સાધુ વંદના કરી છે.

■ **સૂત્ર-મૂળ :-**

**સકલ તીર્થ વંદુ કર જોડ, જિનવર-નામે મંગલ કોડ;**
**પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર-ચૈત્ય નમું નિશદિશ. ૧**
**બીજે લાખ અટ્ઠાવીશ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં;**
**ચોથે સ્વર્ગે અડ લખ ધાર, પાંચમે વંદુ લાખ જ ચાર. ૨**
**છટ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીશ સહસપ્રાસાદ;**
**આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદું શત ચાર. ૩**
**અગ્યાર-બારમે ત્રણસેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણસેં અઢાર;**
**પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી. ૪**
**સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર-ભવન તણો અધિકાર;**
**લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઊંચા બહોંતેર ધાર. ૫**
**એકસો એંશી બિંબ પ્રમાણ, સભા સહિત એક ચૈત્યે જાણ;**
**સો ક્રોડ બાવન ક્રોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ. ૬**
**સાતસેં ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાળ;**
**સાત કોડને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ. ૭**
**એકશો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ;**
**તેરસેં ક્રોડ નેવ્યાશી ક્રોડ, સાઠ લાખ વંદું કર જોડ. ૮**
**બત્રીશેં ને ઓગણ સાઠ, તિર્છાલોકમાં ચૈત્યનો પાઠ;**
**ત્રણ લાખ એકાણું હજાર, ત્રણસેં વીશ તે બિંબ જુહાર. ૯**
**વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ;**
**ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્દ્ધમાન નામે ગુણ સેણ. ૧૦**
**સંમેત શિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ;**
**વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર. ૧૧**
**શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર;**

**અંતરિક્ખ વરકાણો પાસ, જીરાઉલો ને થંભણ પાસ. ૧૨**
**ગામ નગર પુર પાટણ જેહ, જિનવર-ચૈત્ય નમું ગુણ-ગેહ;**
**વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશ-દિશ. ૧૩**
**અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ સીલાંગના ધાર;**
**પંચ મહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર. ૧૪**
**બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણ-મણિ-માલ;**
**નિત નિત ઉઠી કીર્તિ કરું, જીવ કહે ભવ-સાયર તરું. ૧૫**

## ■ સૂત્ર-અર્થ :- (સૂત્ર-સાર રૂપે)

(૧) બધાં તીર્થોને હું બે હાથ જોડીને વંદના કરું છું. કેમકે જિનવર-પરમાત્માના નામથી કરોડો મંગલ પ્રવર્તે છે.

હું નિશદિન (રાત-દિવસ, હંમેશાં) જિનવર-પરમાત્માના ચૈત્યોને નમસ્કાર કરું છું - (તે આ પ્રમાણે–)

પહેલા સ્વર્ગે રહેલાં બત્રીશ લાખ જિનભવનને હું વંદના કરું છું.

(૨) બીજા સ્વર્ગમાં રહેલા અટ્ઠાવીસ લાખ જિનભવનને હું વંદના કરું છું, ત્રીજા સ્વર્ગમાં રહેલા બાર લાખ જિનભવનને હું વંદના કરું છું, ચોથા સ્વર્ગમાં રહેલા આઠ લાખ જિનભવનને હું વંદના કરું છું, પાંચમાં સ્વર્ગમાં રહેલા ચાર લાખ જિનભવનને હું વંદના કરું છું.

(૩) છટ્ઠા સ્વર્ગમાં રહેલા પચાશ હજાર જિનભવનને હું વંદના કરું છું. સાતમા સ્વર્ગમાં રહેલા ચાલીશ હજાર જિનભવનને હું વંદના કરું છું. આઠમા સ્વર્ગમાં રહેલા છ હજાર જિનભવનને હું વંદના કરું છું. નવમા-દશમાં સ્વર્ગમાં રહેલા ચારસો જિનભવનને હું વંદના કરું છું.

(૪) અગિયારમા-બારમાં સ્વર્ગમાં રહેલા ત્રણસો જિનભવનને હું વંદના કરું છું.

નવ ગ્રૈવેયકમાં રહેલા ત્રણસો અઢાર જિનભવનને હું વંદના કરું છું. પાંચ અનુત્તરમાં રહેલાં પાંચ જિનભવનને હું વંદના કરું છું.

(૪-૫) આ રીતે ઉર્ધ્વલોક-દેવલોકમાં ચોર્યાશી લાખ, સત્તાણુ હજાર અને ત્રેવીશ (૮૪,૯૭,૦૨૩) જિન ભવનોનો અધિકાર શાસ્ત્રમાં કહેલો છે. તે સર્વે જિનભવનોને હું વંદના કરું છું.

આ જિનભવનો સો યોજન લાંબા છે, પચાશ યોજન ઊંચા છે અને બહોંતેર યોજના પહોળા છે. તેમ શાસ્ત્રોમાં કહ્યું છે.

(૬-૭) આ દરેક જિનભવનમાં સભા સહિત ૧૮૦ જિનપ્રતિમાજી છે.

– આ રીતે (૮૪,૯૬,૭૦૦ ચૈત્યો × ૧૮૦ પ્રતિમા અને ૩૨૩ ચૈત્યો × ૧૨૦ પ્રતિમા = ) એક અબજ, બાવન કરોડ, ચોરાણું લાખ, ચુંમાલીશ હજાર સાતસો સાઈઠ (૧,૫૨,૯૪,૪૪,૭૬૦) વિશાળ અરિહંત-જિન પ્રતિમાઓ છે. (૮૪,૯૬,૭૦૦ × ૧૮૦ = ૧,૫૨,૯૪,૦૬,૦૦૦ અને ૩૨૩ × ૧૨૦ =

૩૮,૭૬૦ - બંને મળીને ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ જિન પ્રતિમા.) તે સર્વેને સંભારીને હું પ્રણામ કરું છું - નમસ્કાર કરું છું.

(૭-૮) ભવનપતિના આવાસોમાં સાત કરોડ અને બોંતેર લાખ (૭,૭૨,૦૦,૦૦૦) જિનાલયો શાસ્ત્રમાં કહેલા છે. આ પ્રત્યેક ચૈત્યમાં એકસો અને એંશી (૧૮૦) જિનપ્રતિમાજી છે. તેથી બધાં મળીને (૭,૭૨,૦૦,૦૦૦ × ૧૮૦ = ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦) તેર અબજ, નેવ્યાશી કરોડ અને સાઈઠ લાખ જિન પ્રતિમાઓ છે. આ સર્વે જિનપ્રતિમાજીને હું બે હાથ જોડીને વંદના કરું છું.

(૯) તિર્છાલોકમાં ત્રણ હજાર બસો ને ઓગણસાઠ (૩૨૫૯) શાશ્વતા ચૈત્યો હોવાનો પણ પાઠ મળે છે. આ શાશ્વત ચૈત્યોમાં (૩૧૯૯ ચૈત્યો, પ્રત્યેક ૧૨૦ જિન પ્રતિમાવાળા અને ૬૦ ચૈત્યો, પ્રત્યેક-૧૨૪ જિન પ્રતિમાવાળા છે. તેથી ૩૧૯૯ × ૧૨૦ = ૩,૮૩,૮૮૦ અને ૬૦ × ૧૨૪ = ૭૪૪૦ મળીને) ત્રણ લાખ, એકાણું હજાર, ત્રણસો વીશ (૩,૯૧,૩૨૦) જિન પ્રતિમાઓ છે, તેને હું વંદના કરું છું.

(૧૦) વ્યંતર અને જ્યોતિષી દેવોના નિવાસમાં રહેલા (અસંખ્યાત) જિનપ્રતિમાઓને પણ હું વંદના કરું છું.

– ગુણોની શ્રેણિથી ભરેલા એવા ચાર શાશ્વત જિનબિંબોના નામ છે–

(૧) ઋષભ, (૨) ચંદ્રાનન, (૩) વારિષેણ, (૪) વર્દ્ધમાન.

(૧૧) સંમેત શિખર ઉપર વીશ તીર્થંકરોની પ્રતિમાઓ છે તેને વંદુ છું.

– અષ્ટાપદ તીર્થ ઉપર ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ છે તેને વંદુ છું.

– વિમલાચલ એટલે શત્રુંજય, ગઢ ગિરનાર એટલે રૈવતગિરિ અને આબુ એ ત્રણે તીર્થો ઉપર રહેલ ભવ્ય જિનપ્રતિમાઓને હું વંદના કરું છું.

(૧૨) શંખેશ્વર તીર્થે રહેલ ભગવંત પાર્શ્વનાથ આદિ જિનબિંબોને વંદુ છું.

– કેશરિયાજી તીર્થે રહેલ ભગવંત ઋષભદેવ આદિ જિનબિંબોને વંદુ છું.

– તારંગા તીર્થે રહેલ ભગવંત અજિતનાથને હું જુહારુ છું - વંદુ છું.

– અંતરીક્ષ તીર્થે પાર્શ્વનાથ, વરકાણા તીર્થે પાર્શ્વનાથ, જીરાવલા તીર્થે પાર્શ્વનાથ, સ્તંભન તીર્થે પાર્શ્વનાથ સ્વામી રહેલા છે. તે સર્વેને હું વંદના કરું છું.

(૧૩) આ બધાં તીર્થો ઉપરાંત જુદા જુદા ગામોમાં, નગરોમાં, પુરોમાં અને પાટણોમાં ગુણના ગૃહરૂપ જે-જે જિનવરના ચૈત્યો છે, ઉપલક્ષણથી ત્યાં જે-જે જિન પ્રતિમાજીઓ રહેલા છે, તે સર્વેની હું વંદના કરું છું.

– વળી વિહરમાન એવા વીસે જિનેશ્વરોને હું વંદના કરું છું.

– આજ સુધીમાં થઈ ગયેલા અનંતા સિદ્ધોને રોજ નમસ્કાર કરું છું.

(૧૪-૧૫) અઢીદ્વીપમાં રહેલા – (૧) અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનારા, (૨) પાંચ મહાવ્રતના પાલનકર્તા, (૩) પાંચ સમિતિથી યુક્ત, (૪) પાંચ

આચારને પોતે પાલન કરનાર અને બીજા પાસે પાલન કરાવનારા અને (૫) બાહ્ય અને અભ્યંતર તપમાં ઉદ્યમવંત એવા જે અણગાર (સાધુઓ) છે, તેવા ગુણોરૂપી રત્નની માળાને ધારણ કરનારા સર્વે મુનિઓને હું વંદના કરું છું.

– જીવ (આ સૂત્રના કર્તા એવા શ્રી જીવવિજયજી મહારાજ) કહે છે કે, નિત્ય પ્રાતઃ કાળમાં ઉઠીને આ બધાનું કીર્તન કરતાં-કરતાં હું ભવરૂપી સમુદ્રને તરું - (એવી ભાવના ભાવું છું - પ્રાર્થના કરું છું.)

■ **શબ્દજ્ઞાન :-**

આ સૂત્ર ગુજરાતી ભાષામાં રચાયેલું છે, તેથી શબ્દાર્થ આપેલ નથી.

■ **વિવેચન :-**

જીવવિજયજી મહારાજે અઢારમી સદીના અંતે અથવા ઓગણીસમી સદીના આરંભે આ સૂત્રની રચના કરેલી છે. તેમાં રહેલી ગાથાઓનું **વિષય મુજબ વિભાગીકરણ** કરવું હોય તો આ રીતે કરી શકાય છે–

(૧) ઉર્ધ્વલોકના શાશ્વત ચૈત્યોની સંખ્યા–

ગાથા ૧ થી ૪ અને ૫ ના પૂર્વાર્ધમાં ઉર્ધ્વલોકની ચૈત્યસંખ્યા કહી છે.

(૨) ગાથા-૫ના ઉત્તરાર્ધમાં ઉર્ધ્વલોકના જિનાલયનું માપ કહ્યું છે.

(૩) ઉર્ધ્વલોકની જિનબિંબ સંખ્યા–

ગાથા-૬ અને ૭ના પૂર્વાર્ધમાં ઉર્ધ્વલોકની જિનબિંબ સંખ્યા કહી છે.

(૪) અધોલોકમાં ભવનપતિમાં જિન ચૈત્ય અને જિન બિંબ સંખ્યા :-

ગાથા-૭નો ઉત્તરાર્ધ અને ગાથા-૮માં અધોલોકમાં રહેલા ભવનપતિના આવાસોમાં સ્થિત જિનાલય તથા તેમાં રહેલ જિનપ્રતિમાની સંખ્યા કહે છે.

(૫) તીર્છાલોકમાં શાશ્વત ચૈત્યો અને શાશ્વત પ્રતિમાની સંખ્યા–

ગાથા-૯માં તીર્છાલોકમાં રહેલા શાશ્વત જિનાલયો અને તે જિનાલયોમાં રહેલ શાશ્વત પ્રતિમાજીની સંખ્યાનો નિર્દેશ છે. *(જો કે આ સંખ્યા વિશે અને ચૈત્યો વિશે આગમોમાં વર્તમાનકાળે ઉલ્લેખ પામેલી સંખ્યા ઘણી ઓછી છે, લઘુક્ષેત્રસમાસમાં આ મતભેદનો નિર્દેશ પણ શ્રી રત્નશેખરસૂરિજીએ કરેલો છે - તે માત્ર જાણ ખાતર. બીજું અહીં 'શાશ્વત' શબ્દનો નિર્દેશ પણ સકારણ છે, કેમકે મનુષ્યલોકમાં અશાશ્વત, જિનાલયો અને જિનપ્રતિમાઓ પણ અનેક છે, વળી તે વધ-ઘટ પણ પામે છે, તેથી તેની ગણના કરવી શક્ય નથી.)*

(૬) ગાથા-૧૦ના પૂર્વાર્ધમાં વ્યંતર, જ્યોતિષીમાં રહેલા શાશ્વતા જિનની વંદના કરી છે. *(ગ્રંથોમાં, દેવેન્દ્રસૂરિ રચિત "શાશ્વત ચૈત્યસ્તવ"માં અને ગુજરાતી પદ્યરચનાઓમાં વ્યંતર અને જ્યોતિષીમાં અસંખ્યાત જિનમંદિર અને જિનબિંબ કહેલા છે. વળી અહીં પણ 'શાશ્વત' શબ્દ સાર્થક છે. કેમકે જેમ 'શંખેશ્વર પાર્શ્વનાથ'ની પ્રતિમાજી અધોલોકમાંથી પ્રાપ્ત થયાની કથા આવે છે, તેમ અન્ય પણ અશાશ્વત પ્રતિમા સંભવે છે, કે જેનો અહીં સમાવેશ કરાયેલ નથી.)*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) ગાથા-૧૦ના ઉત્તરાર્ધમાં શાશ્વત જિનનો નામોલ્લેખ બતાવે છે.

(૮) ગાથા-૧૧, ૧૨માં મનુષ્યલોકમાં રહેલાં કેટલાક તીર્થો અને ત્યાં રહેલ અરિહંત પરમાત્માની નામથી કે સંખ્યાથી વંદના કરાયેલ છે.

(૯) ગાથા-૧૩ના પૂર્વાર્ધમાં મનુષ્યલોકમાં રહેલા કોઈ પણ ગામ, નગર, પાટણ આદિ સ્થળોમાં રહેલા જિનચૈત્યો (પ્રતિમાજી)ને વંદના કરી છે.

(૧૦) ગાથા-૧૩ના ઉત્તરાર્ધમાં વિહરમાન જિન અને સિદ્ધ ભગવંતો વાંદ્યા છે.

(૧૧) ગાથા-૧૪ અને ગાથા-૧૫ના પૂર્વાર્ધમાં સાધુ ભગવંતનું સ્વરૂપ જણાવીને અઢીદ્વીપમાં રહેલા સર્વે સાધુઓને વંદના કરી છે.

(૧૨) ગાથા-૧૫ના ઉત્તરાર્ધમાં "સકલતીર્થ"ના રચયિતાનું નામ અને ભવસમુદ્રને પાર પામવાની પ્રાર્થના કરાયેલ છે.

**૦ આ વિભાગીકરણને સંક્ષેપમાં રજૂ કરીએ તો** – આ તીર્થવંદના સૂત્ર થકી–

(૧) ઉર્ધ્વલોક, અધોલોક, તિર્છાલોકમાં રહેલા શાશ્વત જિનાલયો અને શાશ્વત જિનપ્રતિમાઓની સંખ્યા જણાવી, સર્વેને વંદના કરવામાં આવી છે.

(૨) મનુષ્યલોકમાં રહેલા કેટલાંક તીર્થો અને સર્વે અશાશ્વત જિનાલયો તથા તેમાં રહેલી જિનપ્રતિમાજીને વંદના કરવામાં આવી છે.

(૩) વીહરમાન વીસે તીર્થંકર પરમાત્માને વંદના કરાઈ છે.

(૪) અઢીદ્વીપમાં રહેલા સર્વે સાધુઓને વંદના કરાઈ છે.

**૦ સકલતીર્થ વંદના સાથે સંબંધ ધરાવતા સૂત્રો :-**

(૧) સૂત્ર-૧૧ "જગચિંતામણિ"ના ગાથા-૩માં મનુષ્યલોકના અશાશ્વતા તીર્થો તથા સર્વે તીર્થંકરોની વંદના છે, ત્રણે લોકના શાશ્વત ચૈત્યો અને શાશ્વત પ્રતિમાની સંખ્યાની ગણના આ સૂત્રની ગાથા-૪ અને ૫ માં જણાવેલી છે.

(૨) સૂત્ર-૧૨ "જંકિંચિ"માં ત્રણે લોકના જિનબિંબોને વંદના કરી છે.

(૩) સૂત્ર-૧૪ "જાવંતિ"માં ત્રણે લોકના જિનચૈત્યો (પ્રતિમા)ની વંદના છે.

(૪) સૂત્ર-૧૫ "જાવંત"માં પંદર કર્મભૂમિઓના સાધુની વંદના છે.

(૫) જાવંતિ અને જાવંતનો ઉલ્લેખ સૂત્ર-૩૫ "વંદિત્તુ"ની ૪૩ અને ૪૪મી ગાથા સ્વરૂપે પણ થયો છે - ત્યાં પણ ચૈત્ય અને સાધુ વંદના છે.

(૬) સૂત્ર-૪૫ "અડ્ઢાઇજ્જેસુ"માં સાધુ ભગવંતના ગુણ વર્ણન સહિત તેમને વંદના કરી છે. જે આ "તીર્થવંદના" સૂત્રની ગાથા-૧૪ જેવી જ છે.

**એ રીતે આ બધાં સૂત્રોનું વિવેચન પણ** આ સૂત્ર સાથે સરખાવવું.

## -: દેવલોક સ્થિત શાશ્વત ચૈત્યો અને પ્રતિમાજીઓ :-

| દેવલોકનો ક્રમ નામ<br>ક્રમ નામ | જિનાલયો<br>સંખ્યા | પ્રત્યેકમાં<br>જિનબિંબ | કુલ પ્રતિમાજી<br>સંખ્યા |
|---|---|---|---|
| ૧ સૌધર્મ દેવલોક | ૩૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૫૭,૬૦,૦૦,૦૦૦ |
| ૨ ઇશાન દેવલોક | ૨૮,૦૦,૦૦૦ | ૧૮૦ | ૫૦,૪૦,૦૦,૦૦૦ |
| ૩ સનત્કુમાર દેવ૦ | ૧૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૨૧,૬૦,૦૦,૦૦૦ |
| ૪ માહેન્દ્ર દેવલોક | ૮,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧૪,૪૦,૦૦,૦૦૦ |
| ૫ બ્રહ્મલોક દેવલોક | ૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૭,૨૦,૦૦,૦૦૦ |
| ૬ લાંતક દેવલોક | ૫૦,૦૦૦ | ૧૮૦ | ૯૦,૦૦,૦૦૦ |
| ૭ શુક્ર દેવલોક | ૪૦,૦૦૦ | ૧૮૦ | ૭૨,૦૦,૦૦૦ |
| ૮ સહસ્રાર દેવલોક | ૬,૦૦૦ | ૧૮૦ | ૧૦,૮૦,૦૦૦ |
| ૯ આણત +<br>૧૦ પ્રાણત | ૪૦૦ | ૧૮૦ | ૭૨,૦૦૦ |
| ૧૧ આરણ +<br>૧૨ અચ્યુત | ૩૦૦ | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| — નવગ્રૈવેયક | ૩૧૮ | ૧૨૦ | ૩૮,૧૬૦ |
| — પાંચે અનુત્તર | ૫ | ૧૨૦ | ૬૦૦ |
| કુલ | ૮૪,૯૭,૦૨૩ | — | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |

* અહીં જિનપ્રતિમાજીની સંખ્યા ૧૮૦ અને ૧૨૦ એમ બંને છે. તે આ રીતે–

(૧) પ્રત્યેક મૂળ ચૈત્યમાં ૧૦૮ જિનપ્રતિમાજી હોય છે.

(૨) આ બધાં જિનાલયો ત્રણ-ત્રણ દ્વારવાળા છે. તે પ્રત્યેક દ્વારે પણ એક એક ચૌમુખજી છે તેથી ત્રણ ચૌમુખજી થઈને ૧૨ જિનપ્રતિમાજી થયા.

૦ આ રીતે ૧૦૮ + ૧૨ મળીને કુલ ૧૨૦ જિનપ્રતિમાજી થયા.

(૩) જ્યાં ૧૮૦ જિનપ્રતિમાજીનો ઉલ્લેખ છે, તેનું કારણ છે પાંચ સભા.

– પ્રત્યેક દેવલોકમાં પાંચ સભાઓ હોય છે–

(૧) મજ્જન સભા, (૨) અલંકાર સભા, (૩) સુધર્મ સભા, (૪) સિદ્ધાયતન સભા (૫) વ્યવસાય સભા

– આ પાંચે સભામાં પ્રત્યેક સભાને ત્રણ-ત્રણ દ્વાર છે.

– એ રીતે પાંચે સભાના મળીને કુલ પંદર દ્વાર થાય છે.

– પ્રત્યેક દ્વાર પર એક-એક ચૌમુખી છે. તેથી ૧૫ × ૪ = ૬૦

– એ રીતે "સભા સહિત" શબ્દથી બીજી ૬૦ જિનપ્રતિમા લેવી.

– આ પ્રમાણે સભાના ૬૦ અને સ્વર્ગના ૧૨૦ મળીને ૧૮૦ પ્રતિમા થયા.

– નવ ગ્રૈવેયક અને અનુત્તરમાં સભાઓ હોતી નથી, માટે ત્યાં ૧૮૦

જિનપ્રતિમાજીને બદલે ૧૨૦ જિનપ્રતિમાજીનું કથન કરેલ છે.

| અધોલોકે-ભવનપતિમાં રહેલા શાશ્વત ચૈત્યો અને પ્રતિમાજી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ભવનપતિના નામ | જિનાલયની સખ્યા | પ્રત્યેકમાં જિનબિંબ | કુલ પ્રતિમાજીની સંખ્યા |
| ૧ | અસુરકુમાર | ૬૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૧૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨ | નાગકુમાર | ૮૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૫૧,૨૦,૦૦,૦૦૦ |
| ૩ | સુપર્ણકુમાર | ૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૨૯,૬૦,૦૦,૦૦૦ |
| ૪ | વિદ્યુતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૫ | અગ્નિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૬ | દ્વીપકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૭ | ઉદધિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૮ | દિક્‌કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૯ | પવનકુમાર | ૯૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૭૨,૨૮,૦૦,૦૦૦ |
| ૧૦ | સ્તનિતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| કુલ | | ૭,૭૨,૦૦,૦૦૦ | — | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |

**૦ તિર્છાલોકમાં રહેલા ૩૨૫૯ શાશ્વત ચૈત્યો કઈ રીતે છે ?**

– જંબૂદ્વીપમાં બધાં મળીને ૬૩૫ શાશ્વત ચૈત્યો છે.
– ધાતકીખંડદ્વીપમાં બધાં મળીને ૧૨૭૦ શાશ્વત ચૈત્યો છે.
– પુષ્કરવરાર્ધદ્વીપમાં બધાં મળીને ૧૨૭૦ શાશ્વત ચૈત્યો છે.
– ધાતકીખંડદ્વીપમાં બંને તરફ એક-એક ઇષુકાર પર્વતે એક-એક ચૈત્ય.
– પુષ્કરવરાર્ધદ્વીપમાં બંને તરફ એક એક ઇષુકાર પર્વતે એક-એક ચૈત્ય.
– માનુષોત્તર પર્વત પર ચારે દિશામાં એક એક એમ કુલ ચાર ચૈત્યો.
– આ રીતે અઢીદ્વીપમાં ૬૩૫ + ૧૨૭૦ + ૧૨૭૦ + ૨ + ૨ + ૪
– એ રીતે બધાં મળીને કુલ - ૩૧૮૩ શાશ્વત ચૈત્યો થયા.
– અઢી દ્વીપના આ ૩૧૮૩ શાશ્વત જિનાલયો ઉપરાંત –
– નંદીશ્વર દ્વીપે - '૫૨' જિનાલય, રાજધાનીના - '૧૬' જિનાલયો.
– કુંડલદ્વીપમાં '૪' જિનાલય, રૂચકદ્વીપમાં - '૪' જિનાલયો છે.
૦ તેથી ૩૧૮૩ + ૫૨ + ૧૬ + ૪ + ૪ મળીને ૩૨૫૯ ચૈત્યો થયા.

| જંબૂદ્વીપ-ધાતકીખંડ-પુષ્કરવરાર્ધ દ્વીપના જિનાલયો | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સ્થાન | જંબૂદ્વીપ | ધાતકીખંડ | પુષ્કરાર્ધ |
| ૧ | મેરુપર્વત પર | ૧૭ | ૩૪ | ૩૪ |
| ૨ | ઉત્તરકુરુ-દક્ષિણકુરુ | ૨ | ૪ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | જંબૂવૃક્ષ | ૧૧૭ | ૨૩૪ | ૨૩૪ |
| ૪ | શાલ્મલીવૃક્ષ | ૧૧૭ | ૨૩૪ | ૨૩૪ |
| ૫ | ગજદંતપર્વતો | ૪ | ૮ | ૮ |
| ૬ | કંચનગિરિ | ૨૦૦ | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | દિગ્ગજ કૂટો | ૮ | ૧૬ | ૧૬ |
| ૮ | યમક-શમક આદિ | ૪ | ૮ | ૮ |
| ૯ | વક્ષસ્કાર પર્વતો | ૧૬ | ૩૨ | ૩૨ |
| ૧૦ | વર્ષધર પર્વતો | ૬ | ૧૨ | ૧૨ |
| ૧૧ | દીર્ઘ વૈતાઢ્ય પર્વતો | ૩૪ | ૬૮ | ૬૮ |
| ૧૨ | વૃત્ત વૈતાઢ્ય પર્વતો | ૪ | ૮ | ૮ |
| ૧૩ | મહાનદીઓ | ૧૪ | ૨૮ | ૨૮ |
| ૧૪ | દ્રહો | ૧૬ | ૩૨ | ૩૨ |
| ૧૫ | પ્રપાતકુંડો | ૭૬ | ૧૫૨ | ૧૫૨ |
| | કુલ જિનાલયો | ૬૩૫ | ૧૨૭૦ | ૧૨૭૦ |

**ત્રણે લોકના શાશ્વત જિનચૈત્યો તથા જિનબિંબો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉર્ધ્વલોક-દેવલોક | ૮૪,૯૭,૦૨૩ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| ૨ | અધોલોક-ભવનપતિ | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| 3 | તિર્છાલોક | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |
| કુલ | જિનાલયાદિ | ૮,૫૭,૦૦,૨૮૨ | ૧૫,૪૨,૫૫૮,૩૬,૦૮૦ |

આ સિવાય વ્યંતર અને જ્યોતિષ્માં અસંખ્યાત ચૈત્ય-પ્રતિમાજી છે.

૦ ગાથા-૧૧ અને ૧૨માં **નોંધાયેલા તીર્થોનો પરીચય :-**

**(૧) સંમેતશિખર :-** આ તીર્થ બિહારમાં આવેલ છે, ગિરિડીહ નામના રેલ્વેસ્ટેશનેથી ત્યાં જવાય છે. 'મધુવન' નામે 'પોષ્ટ' સરનામું છે. ત્યાં મૂળનાયકરૂપે પાર્શ્વનાથ ભગવંતની સ્થાપના છે. ભરતક્ષેત્રની આ ચોવીસીના વીશ તીર્થંકર પરમાત્મા આ પહાડ પર નિર્વાણ પામેલા છે. તેમની સ્મૃતિમાં અહીં તીર્થનિર્માણ થયેલું છે. વીશે પરમાત્માની પાદુકાની સ્થાપના પણ થયેલી છે.

**(૨) અષ્ટાપદ :-** આ પર્વત 'વસુદેવહિંડી' ગ્રંથના અભિપ્રાય મુજબ વૈતાઢ્ય પર્વત સાથે જોડાયેલો છે. તે ઊંચાઈમાં આઠ યોજન ઊંચો છે, તથા તેની તળેટીમાં નિયડી નામની નદી વહે છે. "જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ"ના અભિપ્રાય મુજબ આ અષ્ટાપદ પર્વત મધ્યદેશ અર્થાત્ કોશલદેશની સીમા પર કે તેની નજીક આવેલ હોઈ શકે. વર્તમાન ભૂગોળ મુજબ આ તીર્થ હિમાલયમાં કોઈ સ્થળે આવેલું મનાય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર-બૃહદ્વૃત્તિમાં શાંત્યાચાર્યજી અધ્યયન-૧૦માં જણાવે છે કે, જે સાધુ ચરમ શરીરી હોય તે જ આ અષ્ટાપદ પર્વતે જઈ શકે બીજા કોઈ ન

જઈ શકે. આવી જ વાત ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના દશમાં પર્વમાં - નવમાં સર્ગમાં પણ હેમચંદ્રાચાર્યજીએ જણાવેલી છે.

આ તીર્થે ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓને ભરત ચક્રવર્તીએ સ્થાપીને "અષ્ટાપદ તીર્થ" બનાવ્યું. આ જ વાત સૂત્ર-૨૩ "સિદ્ધાણં બુદ્ધાણં" સૂત્રની ગાથા-પાંચના વિવેચનમાં પણ બતાવી છે. ભરતચક્રવર્તીએ સિંહનિષદ્યા પ્રાસાદમાં દક્ષિણ દિશામાં ચાર, પશ્ચિમ દિશામાં આઠ, ઉત્તર દિશામાં દશ અને પૂર્વ દિશામાં બે જિનબિંબો સ્થાપેલા છે, એ રીતે અષ્ટાપદ તીર્થ બનેલું છે.

**(૩) વિમલાચલ :-** આ સિદ્ધાચલ કે શત્રુંજય તીર્થનું અપર નામ છે. જ્યાં આદિ દેવ ભગવંત ઋષભદેવ મૂળનાયક રૂપે બિરાજમાન છે. સૌરાષ્ટ્રમાં પાલિતાણા પાસે આવેલ આ તીર્થ 'શત્રુંજય ગિરિરાજ' નામે પ્રસિદ્ધ છે. ત્યાં અનેક આત્માઓ મોક્ષે ગયેલા છે. આ જ તીર્થનો ઉલ્લેખ 'નાયાધમ્મકહા' આગમમાં 'પુંડરીકગિરિ' નામે પણ થયેલો છે. બીજા આગમોમાં પણ આ તીર્થનો ઉલ્લેખ આવે છે. એકવીશ નામથી આ તીર્થ પ્રસિદ્ધ થયેલ છે. હાલમાં ત્યાં નવ ટૂંકો આવેલી છે. અત્યંત પવિત્ર એવું આ તીર્થ છે.

**(૪) ગિરનાર :-** સૌરાષ્ટ્રમાં જૂનાગઢ નજીક આવેલો આ ગિરનાર પર્વત આગમોમાં 'ઉજ્જયંતગિરિ' અથવા "રૈવતગિરિ" નામથી પ્રસિદ્ધ છે. ત્યાં ભગવંત અરિષ્ટનેમિ મૂળનાયક છે. *(જુઓ સૂત્ર-૧૧ "જગચિંતામણિ" ગાથા-૩ "ઉજ્જિંતિ પહુનેમિજિણ")* અહીં ભગવંત અરિષ્ટનેમિના દીક્ષા, નાણ અને નિર્વાણ એ ત્રણ કલ્યાણકો થયા છે. *(જુઓ સૂત્ર-૨૩ "સિદ્ધાણંબુદ્ધાણં" ગાથા-૪)*. અતિ પ્રાચીન એવા આ તીર્થનો મહિમા આજે પણ એટલો જ સ્વીકૃત્ છે.

**(૫) આબુ તીર્થ :-** આ તીર્થ રાજસ્થાનમાં આવેલું છે. વર્તમાન કાળે જે પાંચ ભવ્ય જિનાલયો એક સ્થાને આવેલા છે તે આબુ પાસેના દેલવાડા નામના તીર્થ નામે પ્રસિદ્ધ તીર્થમાં છે. સ્તવનાદિમાં આબુ તીર્થે આદિનાથ અને નેમિનાથ પ્રભુના ઉલ્લેખ પણ જોવા મળે છે.

**(૬) શંખેશ્વર :-** ગુજરાતમાં વિરમગામથી નજીક આવેલું આ તીર્થ છે. ત્યાં પાર્શ્વનાથ ભગવંત મૂળનાયક છે. આ તીર્થનો અનેરો મહિમા છે. મૂળનાયકજીની પ્રતિમા પણ અત્યંત પ્રાચીન હોવાનો કથામાં ઉલ્લેખ મળે છે. અનેક લોકો આજે પણ આ સ્થળે અટ્ઠમ તપ કરવા, જાપ કરવા કે દર્શન-પૂજાર્થે આવે છે.

**(૭) કેસરિયાજી તીર્થ :-** રાજસ્થાનમાં ઉદયપુરથી થોડે દૂર આવેલું આ તીર્થ છે. ત્યાં ભગવંત ઋષભદેવ મૂળનાયક રૂપે બિરાજમાન છે. આ તીર્થને 'કેસરાજી' તીર્થ પણ કહે છે અને ધુલેવાજી એવું નામ પણ જોવા મળે છે. જૈનો સિવાય જૈનેતરો પણ અહીં અત્યંત શ્રદ્ધા ધરાવે છે.

**(૮) તારંગા તીર્થ :-** તારંગાજી તીર્થ ગુજરાતમાં આવેલું છે, તારંગાહિલ સ્ટેશનેથી ત્યાં જવાય છે, આ તીર્થમાં મૂળનાયક 'અજિતનાથ ભગવંત' છે. લાકડાની નકશી આદિ વિશેષતાઓથી આ જિનાલયની રચના થયેલી છે. એક વખતે

પંચતીર્થીમાં આ તીર્થનું ઘણું જ માહાત્મ્ય વર્તતું હતું.

**(૯) અંતરીક્ષ તીર્થ :-** મહારાષ્ટ્રમાં આકોલા પાસે સીરપુર-બાલાપુર ગામની નજીક આ તીર્થ આવેલું છે, ત્યાં પાર્શ્વનાથ ભગવંત મૂળનાયક છે. અંતરીક્ષ-પાર્શ્વનાથની પ્રતિમાજી અત્યંત ચમત્કારી છે. પ્રતિમા એક સમયે ગાદીથી અદ્ધર રહેતી હોવાની પ્રસિદ્ધ છે. દિગંબરો પણ આ તીર્થમાં ઘણી શ્રદ્ધા ધરાવે છે.

**(૧૦) વરકાણા તીર્થ :-** રાજસ્થાનમાં આ તીર્થ આવેલું છે, ત્યાં પાર્શ્વનાથ ભગવંત મૂળનાયકરૂપે બિરાજમાન છે. નાની મારવાડની પંચતીર્થી કરતા ભાવિકો આજે પણ આ ભવ્ય તીર્થના દર્શન-પૂજનાર્થે આવે છે.

**(૧૧) જીરાવલા તીર્થ :-** આ તીર્થ પણ રાજસ્થાનમાં જ આવેલું છે. પાલનપુર અને ડીસા બંને સ્થળેથી આ તીર્થે જવાય છે, ત્યાંથી આબુ તીર્થે જઈ શકાય છે. આ તીર્થમાં મૂળનાયક ભગવંત પાર્શ્વનાથ જ છે. આ તીર્થને "જીરાઉલા" નામે પ્રાચીન સાહિત્યમાં ઓળખાવાયેલ છે. "જીરાઉલા પાર્શ્વનાથ"નો મંત્ર પણ પ્રસિદ્ધ છે.

**(૧૨) સ્તંભનતીર્થ :-** 'થંભણ' શબ્દથી ઓળખાતું આ તીર્થ વર્તમાનમાં ખંભાત નગરે પ્રસિદ્ધ છે. ત્યાં સ્તંભન પાર્શ્વનાથ મૂળનાયક રૂપે બિરાજે છે. આ પ્રતિમા નવાંગી ટીકાકાર અભયદેવસૂરિની સાધનાના ફળરૂપે પ્રાપ્ત થયાનું પ્રસિદ્ધ છે. ખંભાત તીર્થે અનેક જિનાલયો વિદ્યમાન છે, તો પણ સ્તંભન પાર્શ્વનાથના દર્શન-પૂજનાર્થે ભાવિકો અવશ્ય જાય છે.

**૦ સાધુ વંદના :-** સકલતીર્થ વંદનાની અંતિમ બે ગાથાઓમાં સાધુવંદના કરાયેલી છે. સાધુઓ પણ જંગમ તીર્થ-સમાન છે, તેથી સ્થાવર તીર્થોની સાથે જંગમ તીર્થ રૂપ વંદના કરવા માટે અહીં સાધુ વંદના કરાયેલ છે.

– સાધુના પર્યાયરૂપ એવા 'અણગાર' શબ્દને અહીં પ્રયોજીને સાધુનું સ્વરૂપ રજૂ કરતા તેની જે વિશેષતા બતાવી છે તે આ પ્રમાણે છે–

(૧) અઢીદ્વીપમાં રહેલા (૨) ૧૮૦૦૦ શીલાંગના ધારક
(૩) પંચમહાવ્રત-પાલક (૪) પંચ સમિતિથી યુક્ત
(૫) પંચાચાર પાળતા-પળાવતા, (૬) બાહ્ય અભ્યંતર તપ કર્તા
(૭) ગુણોરૂપી રત્નોની માળાને ધારણ કરનારા

– આવું જ ગુણવર્ણન પૂર્વે પણ પ્રતિક્રમણ સૂત્રોમાં આવેલ છે. જેમકે–

– "અડ્ઢાઇજ્જેસુ" સૂત્ર-૪૫માં પણ – (૧) અઢીદ્વીપમાં રહેલ, (૨) પંચ મહાવ્રત ધારક, (૩) ૧૮,૦૦૦ શીલના અંગોના ધારક વિશેષણો આવેલ છે.

સૂત્ર-૨ "પંચિંદિય"માં (૧) પંચાચાર પાલના, (૨) પાંચ સમિતિયુક્ત વિશેષણો તેમના ૩૬-ગુણોના વર્ણનમાં આવેલા જ છે.

સૂત્ર-૧૬ "જાવંત" અને સૂત્ર-૧ "નવકારમંત્રમાં પણ સાધુનું વિવેચન છે. આ બધાં સૂત્રોમાં સાધુપદનું વિવેચન જોવું.

**૦ ક્રિયામાં આ સૂત્રનો ઉપયોગ :-**

રાત્રિ પ્રતિક્રમણમાં છટ્ઠા આવશ્યક પછી આ સૂત્ર બોલાય છે અને તીર્થ વંદના પૂર્વક નવકારસી આદિ પચ્ચક્ખાણ વર્તમાનકાળે ગ્રહણ કરાય છે.

■ **વિશેષ કથન :-**

જીવવિજયજી મહારાજાસાહેબ કે જેઓએ પન્નવણા સૂત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, જીવવિચારના બાલાવબોધોની રચના કરી છે. કર્મગ્રંથો પર પણ ગુજરાતીમાં ટબ્બાઓ રચેલા છે, કોઈ કોઈ સજ્ઝાય આદિની રચના પણ કરેલ છે. તેમણે આ ''સકલતીર્થ વંદના'' સૂત્રની રચના કરેલી છે. આવી જ બે રચના અત્રે નોંધીએ-

(૧) સંવત ૧૩૫૮ માં લખાયેલ કોઈ પ્રતિમાં 'સર્વતીર્થ વંદના' છે. જેનો ઉલ્લેખ પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ ભાગ-૧ પૃ. ૮૮ થી નોંધાયેલ છે. આ 'સર્વ તીર્થ વંદના'નો ભાવાનુવાદ અહીં રજૂ કરેલ છે.

– પહેલા અતીત, અનાગત, વર્તમાન એ ત્રણ ચોવીસીના બોંતેર તીર્થંકરોને ત્રિકાળ નમસ્કાર કરું છું કેમકે તેઓ સર્વ પાપનો ક્ષય કરનારા છે.

– ત્યાર પછી પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ એ ત્રણે ક્ષેત્ર મળીને ઉત્કૃષ્ટ કાલે વિચરતા એવા ૧૭૦ જિનોને નમસ્કાર થાઓ.

– ત્યાર પછી પહેલા સૌધર્મ દેવલોકમાં બત્રીશ લાખ, બીજા ઇશાન દેવલોકમાં અટ્ઠાવીશ લાખ, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બાર લાખ, ચોથા માહેન્દ્ર દેવલોકમાં આઠ લાખ, પાંચમાં બ્રહ્મદેવલોકમાં ચાર લાખ, છટ્ઠા લાંતક દેવલોકમાં પચાશ હજાર, સાતમા શુક્ર દેવલોકમાં ચાલીશ હજાર, આઠમાં સહસ્રાર દેવલોકમાં છ હજાર, નવમા આનત દેવલોકમાં બસો, દશમાં પ્રાણત દેવલોકમાં બસો, અગિયારમાં આરણ દેવલોકમાં દોઢસો, બારમા અચ્યુત દેવલોકમાં દોઢસો (જિન મંદિર કહ્યા છે, તેની સ્તવના કરું છું.)

– અને (તેમજ) નીચેની ગ્રૈવેયકત્રિકમાં ૧૧૧, મધ્ય ગ્રૈવેયકત્રિકમાં ૧૦૭ અને ઉપરના ગ્રૈવેયકત્રિકમાં ૧૦૦ (જિન મંદિર કહ્યા છે, તેની સ્તવના કરું છું)

– પાંચે અનુત્તરમાં એક-એક એવા પાંચ (જિનમંદિરની સ્તવના કરું છું)

– આ પ્રમાણે સ્વર્ગલોકમાં ૮૪,૯૭,૦૨૩ જિનભુવનને વંદુ છું.

– ત્યારપછી ભુવનપતિ મધ્યે અસુરકુમારના ભવનોમાં ૬૪ લાખ ઇત્યાદિ (પૂર્વે કોષ્ટકમાં બતાવ્યા મુજબ) બધાં ભવનપતિમાં થઈને કુલ સાત ક્રોડ બોંતેર લાખ જિનમંદિરો પાતાળ લોકમાં છે, તેની સ્તવના કરું છું.

– હવે મનુષ્ય લોકમાં (આવેલા શાશ્વતા જિનાલયોને કહે છે–)

નંદીશ્વરદ્વીપે-૫૨, કુંડલદ્વીપે-૪, રુચકદ્વીપે-૪, માનુષોત્તર પર્વતે-૪, ઇષુકાર પર્વતે-૪, પાંચ મેરુ પર્વતે-૮૫, ગજદંત પર્વતે-૨૦, કુરુ પર્વતે-૧૦, વર્ષધર પર્વતે-૩૦, વક્ષસ્કાર પર્વતે-૮૦, વૈતાઢ્ય પર્વતે-૧૭૦ એ પ્રમાણે-૪૬૩ જિનાલયો તીર્છાલોકમાં આવેલા છે (જો કે સ્તવન કર્તાએ મનુષ્ય લોકમાં આવેલા છે તેમ આ સ્તવનમાં લખ્યું છે.)

*(* અહીં ૪૬૩ એવો અંક છે, સકલતીર્થમાં ૩૨૫૯નો અંક છે. આ મતભેદ*

*વિશે પૂર્વે પણ નોંધ કરી છે. લઘુક્ષેત્ર સમાસમાં પણ આ મતભેદ નોંધાયો છે.)*

ત્રણે લોકમાં રહેલા એવા ૮,૫૬,૯૭,૪૮૬ શાશ્વત મહામંદિરોને ત્રણે કાળે હું નમસ્કાર કરું છું. *(તીર્છાલોકમાં સકલતીર્થમાં ૩૨૫૯ જિનાલયો કહ્યા છે જ્યારે અહીં-૪૬૩ જિનાલયો કહ્યા છે તેથી ૨૭૯૬ જિનાલય સંખ્યા ઓછી થશે. તેથી ત્રણેલોકના જિનાલયની જે સંખ્યા અહીં બતાવી તેમાં પણ ફેરફાર આવે છે.)*

(૨) શાશ્વતા ચૈત્યો અને બિંબ સંખ્યા સંબંધે શ્રી દેવેન્દ્રસૂરિજીએ પણ પ્રાકૃત ભાષામાં 'सासयचेइय-थव' ની રચના કરી છે. આ સ્તવમાં જણાવ્યા મુજબ સ્તવનાનો ભાવાર્થ આ પ્રમાણે છે–

– શ્રી ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ જિનેશ્વરોને નમસ્કાર કરીને શાશ્વત જિનમંદિરોની સંખ્યાનું હું કીર્તન કરીશ.

– જ્યોતિષ અને વ્યંતરમાં અસંખ્ય જિનમંદિરો છે. સાતક્રોડ બોંતેર લાખ જિનમંદિરો ભવનપતિના ભવનોમાં છે, ચોર્યાશી લાખ, સતાણું હજાર ને ત્રેવીશ જિનમંદિરો ઉર્ધ્વલોકમાં છે.

– એ પ્રમાણે બત્રીશોને ઓગણસાઠ જિનમંદિરો તિર્છાલોકમાં છે.

– ત્રણે લોકમાં રહેલા કુલ આઠ કરોડ, સતાવન લાખ, બસો બ્યાશી શાશ્વતા જિનમંદિરોને હું નમસ્કાર કરું છું.

– તેર અબજ, નેવ્યાશી કરોડ, સાઈઠ લાખ શાશ્વતા જિનબિંબો ભવનપતિમાં છે, ત્રણ લાખ, એકાણું હજાર, ત્રણસો વીશ શાશ્વતા જિનબિંબો તીર્છાલોકમાં છે અને એક અબજ, બાવન કરોડ, ચોરાણું લાખ, ચુંમાલીશ હજાર, સાતસોને સાઈઠ શાશ્વતા જિનબિંબો વૈમાનિકમાં છે.

– ત્રણે લોકમાં રહેલા પંદર અબજ, બેંતાલીશ કરોડ, અટ્ઠાવન લાખ, છત્રીશ હજાર અને એંશી શાશ્વતા જિનબિંબોને હું નમસ્કાર કરું છું.

– તથા ભરત ચક્રવર્તીએ આદિ બીજાઓએ પણ જે તીર્થો અહીં કર્યા છે અને દેવેન્દ્ર મુનીન્દ્રે જેમની સ્તુતિ કરી છે, તે સકલ તીર્થો ભવ્યજીવોને મોક્ષ સુખ આપનારા બનો.

० 'નંદીશ્વરદ્વીપ'ની પૂજામાં, શાશ્વતા-અશાશ્વતા જિનોના ચૈત્યવંદનોમાં ઇત્યાદિ પદ્ય રચનાઓમાં પણ આવી તીર્થવંદના જોવા મળે છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્ર ગુજરાતી પદ્યમાં છે, તે 'ચોપાઈ'રૂપે છે.

– આ સૂત્રની રચના જીવવિજયજીએ પ્રાચીન તીર્થવંદના ગાથાઓને આધારે કરેલી હોવાનું અનુમાન થઈ શકે છે. બીજું કોઈ આધારસ્થાન મળતું નથી.

– ભાવવાહી સ્વરે આ સૂત્ર બોલાય તો સાર્થક બને.

——×——×——

સૂત્ર-૫૨

# 'પોસહ-પ્રતિજ્ઞા' સૂત્ર

## પૌષધ લેવાનું સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં પૌષધનું પ્રત્યાખ્યાન કે પ્રતિજ્ઞા છે, તેમાં ચાર પ્રકારના પૌષધનું પ્રત્યાખ્યાન કરાય છે, તે કઈ રીતે કરવું ? તે કહ્યું છે.

■ **સૂત્ર-મૂળ :-**

**કરેમિ ભંતે ! પોસહં,**
**આહાર-પોસહં દેસઓ સવ્વઓ,**
**સરીર-સક્કાર-પોસહં સવ્વઓ,**
**બંભચેર-પોસહં સવ્વઓ,**
**અવ્વાવાર-પોસહં સવ્વઓ,**
**ચઉવ્વિહં પોસહં ઠામિ,**
**જાવ-દિવસં (જાવ-અહોરત્તં) પજ્જુવાસામિ,**
**દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ**
**તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.**

■ **સૂત્ર-અર્થ :-**

હે ભદંત ! (હે પૂજ્ય !) હું પૌષધ કરું છું.
તેમાં - આહાર પૌષધ 'દેશ'થી કે 'સર્વ'થી કરું છું;
શરીર સત્કાર પૌષધ 'સર્વ'થી કરું છું,
બ્રહ્મચર્ય પૌષધ 'સર્વ'થી કરું છું,
અવ્યાપાર પૌષધ 'સર્વ'થી કરું છું.
આ રીતે ચાર પ્રકારના 'પૌષધ'માં હું સ્થિર થાઉં છું.

દિવસ, અહોરાત્ર (કે રાત્રિપર્યન્ત) હું આ પ્રતિજ્ઞાની પર્યુપાસના કરું - આરાધના કે સેવના કરું, ત્યાં સુધી–

મન, વચન અને કાયા વડે સાવદ્ય પ્રવૃત્તિ કરું નહીં - કરાવું નહીં.

હે ભગવંત ! અત્યાર સુધી થયેલ તે પ્રકારની અશુભ પ્રવૃત્તિથી હું નિવૃત્ત થાઉં છું. (તે પ્રવૃત્તિને પ્રતિક્રમું છું).

તેવી અશુભ પ્રવૃત્તિઓની હું નિંદા કરું છું (તેને ખોટી ગણું છું)
– તેવી ભૂલોનો આપની (ગુરુની) સમક્ષ એકરાર કરું છું.

— અને હવે - અશુભ પ્રવૃત્તિ કરનારા મારા કષાયાત્માનો ત્યાગ કરું છું.

■ **શબ્દજ્ઞાન :-**

**કરેમિ** - કરું છું, સ્વીકારું છું
**ભંતે** - હે ભદંત !, હે પૂજ્ય !
**પોસહં** - પૌષધને, પૌષધવ્રતને
**આહાર પોસહં** -આહાર ત્યાગ પૌષધ
**દેસઓ** - દેશથી, અમુક અંશે
**સવ્વઓ** - સર્વથી, સર્વાંશે
**સરીરસક્કાર પોસહં** - શરીર સત્કારના ત્યાગરૂપ પૌષધ
**બંભચેર પોસહં** - બ્રહ્મચર્ય પૌષધ
**અવ્વાવાર પોસહ** - અવ્યાપાર પૌષધ
**ચઉવ્વિહં** - ચાર પ્રકારના
**પોસહં** - પૌષધવ્રતમાં
**ઠામિ** - સ્થિર થાઉં છું
**જાવ** - યાવત્, ત્યાં સુધી
**દિવસં** - દિવસ પર્યન્ત
**અહોરત્તં** - દિવસ અને રાત સુધી
**પજ્જુવાસામિ** - સેવું, આરાધું
**દુવિહં** - બે પ્રકારે
**તિવિહં** - ત્રણ કરણથી
**મણેણં** - મન વડે
**વાયાએ** - વાણી વડે
**કાએણં** - કાયા વડે
**ન કરેમિ** - કરું નહીં
**ન કારવેમિ** - કરાવું નહીં
**તસ્સ** - તે સંબંધી-સાવદ્યયોગનું
**ભંતે !** હે ભદંત !, હે પૂજ્ય !
**પડિક્કમામિ** - પ્રતિક્રમું છું
**નિંદામિ** - નિંદા કરું છું
**ગરિહામિ** - ગર્હા કરું છું
**અપ્પાણં** - કષાયાત્માને
**વોસિરામિ** - વોસિરાવું છું, ત્યાગ કરું છું —

■ **વિવેચન :-**

— આ સૂત્ર વડે પૌષધની પ્રતિજ્ઞા લેવાય છે, તેથી પૌષધ સૂત્ર, પૌષધ લેવાનું સૂત્ર કે પૌષધ પચ્ચક્ખાણ સૂત્ર કહે છે.

— આ સૂત્રની પ્રતિજ્ઞા 'સામાયિક સૂત્ર-કરેમિભંતે' જેવી છે, ઘણાં પદો તે પ્રમાણે જ છે, માટે સૂત્ર-૯ 'કરેમિ ભંતે સૂત્રનું વિવેચન પણ ખાસ જોવું.

● **करेमि भंते पोसहं** - હે ભગવંત ! હું પૌષધ વ્રતને કરું છું.

○ करेमि - હું કરું છું, હું ગ્રહણ કરું છું, હું સ્વીકાર કરું છું.

○ भंते - હે ભદંત !, હે ભવાંત !, હે ભગવંત ! હે ભયાંત ! હે પૂજ્ય !

— આ પદ ગુરુના આમંત્રણ રૂપ છે, કારણ કે આવશ્યકાદિ સર્વ ધર્માનુષ્ઠાનની માફક પૌષધવ્રત પણ ગુરુની આજ્ઞાપૂર્વક કરવાનું હોય છે.

— ભદંત - 'भद्' ક્રિયાપદ કલ્યાણ અને સુખના અર્થમાં છે. તેના પરથી 'ભદંત' શબ્દ બન્યો છે તેનો અર્થ કલ્યાણવાન્ અથવા સુખવાન્ થાય છે.

— ભવાંત - એટલે ભવનો અંત કરનાર.

— ભયાંત - એટલે ભયનો કે ત્રાસનો અંત કરનાર.

— આ વિશે વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૩૪૪૯ માં કહ્યું છે કે—

"જે નારક આદિ ભવનો અંત કરે તે 'ભવાંત' કહેવાય છે અને જે ત્રાસ કે કોઈપણ પ્રકારના ભયનો અંત કરે છે તે ભયાંત કહેવાય છે.

– ભગવન્ એટલે હે પૂજ્ય ! ગુરુને આશ્રીને આ અર્થ સમજવો.

○ पोसहं - પૌષધને - જે ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ કહેવાય.

– શ્રી હરિભદ્રસૂરિજીએ દશમાં પંચાશકમાં પૌષધ વિશે કહ્યું છે કે–

"જે કુશલ ધર્મનું પોષણ કરે છે અને જેમાં શ્રી જિનેશ્વર દેવોએ કહેલા આહાર ત્યાગ આદિનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરાય છે, તે "પૌષધ" કહેવાય છે.

– ઉપાસક દશાંગ સૂત્રમાં આ વ્રતનું નામ 'પોસહોવવાસ' કરેલ છે. જેનો અર્થ છે "પૌષધોપવાસ" ભગવતી સૂત્રમાં પણ આ જ નામે ઓળખાવેલ છે.

– પૌષધ એ શ્રાવકના બાર વ્રતોમાં અગિયારમું વ્રત છે.

– પૌષધ એ સાધુ જીવનનો અભ્યાસ હોવાથી તેને 'શિક્ષાવ્રત' પણ કહે છે.

– મૂળ શબ્દ उपवसथ છે. તેનો અર્થ – 'સમીપે વસવું' પૌષધમાં ગુરુ સમીપે રહીને સાધુજીવનની તાલીમ લેવાની હોવાથી આ અર્થ યોગ્ય છે.

उपवसथ નો 'ઉપ-વાસ' એવો અર્થ રૂઢ થયો. તેમાં व નો उ થતા 'ઉપોસથ' શબ્દ બન્યો છે. 'ઉ' ઉડી જતાં 'પોસથ' શબ્દ બન્યો. 'થ'નો 'હ' થયો એટલે 'પોસહ' શબ્દ બન્યો. તેને 'પૌષધ' કહે છે.

**○ પોષધોપવાસ-ચાર પ્રકારનો છે. જે હવે સૂત્રમાં જણાવે છે–**

આવશ્યક સૂત્ર અધ્યયન-૬માં પણ કહ્યું છે કે, પૌષધોપવાસ ચાર પ્રકારનો કહેવાયો છે. તે આ પ્રમાણે – (૧) આહારપૌષધ, (૨) શરીરસત્કાર પૌષધ, (૩) બ્રહ્મચર્ય પૌષધ અને (૪) અવ્યાપાર પૌષધ.

"આહાર-તનુ-સત્કારાऽબ્રહ્મ સાવદ્ય કર્માણમ્
ત્યાગઃ પર્વ-ચતુષ્ટયાં તદ્વિદુઃ પૌષધવ્રતમ્"

● **आहार-पोसहं** - આહારનો ત્યાગ કરવો તે.

– આવશ્યકવૃત્તિમાં કહ્યું છે કે, 'આહાર' શબ્દ જાણીતો છે, તે વિષયનો કે તે નિમિત્તે જે પૌષધ કરાય છે, તેને આહાર પૌષધ કહેવાય છે.

● **देसओ सव्वओ** - દેશથી-સર્વથી, અમુક અંશે અથવા સર્વાંશે - આહાર પૌષધનો સ્વીકાર બે રીતે થઈ શકે છે - દેશથી, સર્વથી.

– દેશથી આહાર પૌષધ - એટલે પૌષધ વ્રત ગ્રહણ કર્યા પછી કે ગ્રહણ કરવું હોય તે દિવસે તિવિહાર ઉપવાસ, આયંબિલ, નિવિ કે એકાસણું રૂપ તપ કરવું પણ ચારે પ્રકારના આહારનો ત્યાગ ન કરવો તે.

– સર્વથી આહાર પૌષધ એટલે પૌષધવ્રત ગ્રહણ કરે ત્યારે સર્વાંશે આહારત્યાગ અર્થાત્ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી ચોવિહારો ઉપવાસ કરવો તે.

– આવશ્યક ચૂર્ણિમાં આ બાબતમાં જણાવે છે કે–

"આહાર પૌષધ બે પ્રકારે થાય છે. દેશથી અને સર્વથી.

'દેશ'માં અમુક વિગઈનો ત્યાગ કરવામાં આવે છે, આયંબિલ કરાય છે, એકાસણું કરવામાં આવે છે અથવા બિયાસણું કરવામાં આવે છે.

*(જો કે વર્તમાન સામાચારી મુજબ ઓછામાં ઓછું એકાસણું કરાય છે.)*

'સર્વ'માં ચારે આહારનાં અહોરાત્ર-પર્યંત પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

● **सरीर-सक्कार-पोसहं सव्वओ** - શરીર સત્કારનો સર્વથા ત્યાગ કરવો.

– શરીરનો સત્કાર કરવા સંબંધી પૌષધ તે શરીર સત્કાર પૌષધ.

○ सरीर એટલે કાયા, દેહ, શરીર.

○ सत्कार એટલે સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, ગંધ, પુષ્પ, વિશિષ્ટ વસ્ત્ર, અલંકાર આદિ ધારણ કરવા દ્વારા શરીરને શણગારીત કરવું તે.

– શરીર સત્કાર પૌષધ પણ બે પ્રકારે કહેવાયો છે. દેશથી, સર્વથી.

– દેશથી - સ્નાનાદિ અમુક પ્રકારનો શરીર સત્કાર ન કરવો તેને દેશથી શરીર સત્કાર પૌષધ કહેવામાં આવે છે.

– સર્વથી - સર્વ પ્રકારે શરીરના સત્કારનો ત્યાગ કરવો તેને સર્વથી - શરીર સત્કાર પૌષધ કહેવામાં આવે છે.

– આવશ્યક ચૂર્ણિમાં આ વિષયમાં જણાવેલું છે કે–

"શરીર પૌષધ એ સ્નાન, ઉદ્વર્તન, વર્ણક-પીઠી ચોળવી કે રંગ વડે શરીર પર કંઈ ચીંતરામણ કરવું, વિલેપન, પુષ્પ, ગંધ, તંબોલ અને વસ્ત્ર-આભરણના ત્યાગ રૂપ છે. તે પણ દેશથી અને સર્વથી-એમ બે પ્રકારે છે.

દેશથી એટલે અમુક શરીર સત્કાર કરીશ અને અમુક શરીર સત્કાર નહીં કરું તેવું પ્રત્યાખ્યાન કરવુ તે દેશથી શરીર સત્કાર પૌષધ.

સર્વથી એટલે અહોરાત્ર પર્યન્ત સર્વ શરીર સત્કારનો ત્યાગ કરવો તે.

*(✱ જો કે વર્તમાન સામાચારીમાં દેશથી શરીર સત્કાર પૌષધનો નિષેધ છે. ઉલટું કિંચિત્ પણ શરીર સત્કારને પૌષધનો દોષ કહેલો છે.)*

● **बंभचेर पोसहं** - બ્રહ્મચર્ય પૌષધ, બ્રહ્મચર્ય પાલન રૂપ પૌષધ.

– બ્રહ્મચર્ય પાલનરૂપ પૌષધ પણ બે પ્રકારે કહ્યો છે. દેશથી અને સર્વથી.

– દેશથી બ્રહ્મચર્ય એટલે દિવસે અથવા રાત્રે કેટલીક છૂટ રાખીને બાકીનો સમય બ્રહ્મચર્યનું પાલન કરવું તે. દેશથી બ્રહ્મચર્ય પૌષધ કહ્યો.

– સર્વથી બ્રહ્મચર્ય એટલે સર્વાંશે બ્રહ્મચર્યનું પાલન કરવું તે સર્વ બ્રહ્મચર્ય પૌષધ કહેવાય છે.

– આવશ્યક ચૂર્ણિકાર આ વિષયમાં જણાવે છે કે :-

"બ્રહ્મચર્ય પૌષધ દેશથી અને સર્વથી બંને પ્રકારે થાય છે. જેમાં દેશબંભચેર પોસહમાં દિવસે કે રાત્રે એક વાર - બે વાર એવી છૂટ હોય છે, જ્યારે સર્વબંભચેર પોસહમાં અહોરાત્ર-પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે.

*○ વર્તમાન સામાચારીમાં આ પ્રમાણે સર્વ બંભચેરપોસહ જ થાય છે.*

**○ લઘુદૃષ્ટાંત :-**

સુદર્શન શેઠ પૌષધવ્રત ગ્રહણ કરીને ધ્યાનમાં ઉભા છે. અભયારાણીને પુરોહિતમિત્ર પત્ની કપીલાએ પડકાર ફેકેલો છે. "તમે સુદર્શન શેઠને ચારિત્રમાંથી

ચલાયમાન કરી શકો તો હું માનું કે તમે શક્તિશાળી છો - સમર્થ છો.'' અભયા રાણીએ સુંદર અવસર સાધ્યો, ગામ આખું ઉત્સવ મનાવવા બહાર ગયું છે, ત્યારે દાસી દ્વારા રથમાં સુદર્શનશેઠને ઉપાડીને સીધા રાજમહેલમાં લાવવામાં આવ્યા. સુદર્શન તો પૌષધમાં દૃઢ બની ધ્યાનસ્થ જ છે.

અભયા રાણીએ સુદર્શનને ચલિત કરવા ઘણી ચેષ્ટાઓ કરી, બંભચેર પૌષધને સર્વથા સ્વીકારનાર સુદર્શન જ્યારે ચલિત ન જ થયા ત્યારે રાણીએ ધમકી આપી કે હવે જો મારી સાથે તમે ભોગ નહીં ભોગવો તો હું રાજાને ફરિયાદ કરીશ કે ધર્મના બહાને આ શેઠ મારા પર કુદૃષ્ટિ કરવા જ ગામમાં રહ્યા હતા. છતાં આ બધું જ નિષ્ફળ ગયું. કેમકે સુદર્શન તો બંભચેર પોસહમાં મક્કમ અને સ્થિર હતા.

અભયારાણીએ છેવટે વેર લેવા શેઠ પર જૂઠું કલંક ચડાવ્યું. આ પાપી શેઠ મારી લાજ લેવા જ રાજમહેલમાં ઘુસ્યો હતો. રાજાએ સુદર્શન શેઠને શૂળીએ ચડાવવા હુકમ કર્યો. હવે શેઠે જો ખુલાસો કર્યો હોત કે રાણી ખુદ જ મારી સાથે દુરાચાર ખેલવા માંગતી હતી, હું તો ધર્મધ્યાનમાં જ રહેલો હતો તો રાજા અને પ્રજા બધાં જ માની જાત. પણ સુદર્શન શ્રેષ્ઠી ઉપસર્ગ આવેલો માનીને મૌન રહ્યા. પૌષધમાં સ્થિર જ રહ્યા. સભા આખી સ્તબ્ધ બની ગઈ. કોઈને હોશ ન રહ્યા. સ્થિર હતા માત્ર સુદર્શન શેઠ જ.

આ જ કારણે પૌષધ પાળતી વખતે સૂત્રમાં 'સુદર્શન'નું નામ મૂકાયું છે. આવા નિશ્ચલ વ્રતધારીને દેવકૃપા પણ થઈ, ઉપસર્ગ મૂક્ત પણ થયા, કીર્તિ ગાજી.

● **अव्वावार पोसहं** - અવ્યાપારનો ત્યાગરૂપ પૌષધ.

— 'અવ્યાપાર'ની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, 'ન વ્યાપાર તે અવ્યાપાર'.

— 'ન' એવો જે અવ્યય વ્યાખ્યામાં મૂકાયો છે, તે નિષેધાત્મક રૂપે નથી મૂક્યો પણ કુત્સિત વ્યાપાર કે સાવદ્યવ્યાપારના નિષેધના અર્થમાં પ્રયોજાયેલ છે. તેથી આવી કુત્સિત પ્રવૃત્તિના ત્યાગરૂપ જે પૌષધ તે અવ્યાપારપૌષધ કહેવાય છે.

— જો કે અવ્યાપાર પૌષધના પણ બે ભેદ કહ્યા છે - દેશથી અને સર્વથી.

— દેશથી એટલે અમુક કુત્સિત વ્યાપારનો ત્યાગ કરવો અને અમુક વ્યાપારનો ત્યાગ ન કરવો તેને 'દેશ અવ્યાપાર પૌષધ' કહેવામાં આવે છે.

— સર્વથી એટલે સર્વ પ્રકારના કુત્સિત વ્યાપારનો ત્યાગ કરવો તે. તેને સર્વ અવ્યાપાર પૌષધ કહેવામાં આવે છે.

— આવશ્યક ચૂર્ણિકાર મહર્ષિએ પણ આ વાતને જણાવતા કહ્યું છે કે—

— અવ્યાપાર પૌષધ બે પ્રકારે થાય છે - દેશથી અને સર્વથી. દેશ અવ્વાવાર પોસહમાં ''અમુક વ્યાપાર નહીં કરું'' એવું પ્રત્યાખ્યાન કરાય છે, જ્યારે સર્વ અવ્વાવાર પોસહમાં હળ નહીં હાંકું, ગાડું નહીં ચલાવું, ઘર સંબંધી કોઈ કામ નહીં કરું વગેરે સર્વ સાવદ્ય વ્યાપારોના ત્યાગનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે.

*૦ વર્તમાન સામાચારી મુજબ 'અવ્યાપાર પૌષધ'નું ગ્રહણ સર્વથી જ*

કરાય છે.

● **चउव्विहं पोसहं ठामि** - ચાર પ્રકારના પૌષધને વિશે હું સ્થિર થાઉ છું.

૦ चउव्विहं - ચાર પ્રકારના. ઉપરોક્ત જે (૧) આહાર, (૨) શરીર સત્કાર, (૩) બ્રહ્મચર્ય અને (૪) અવ્યાપાર કહ્યા તે ચાર પ્રકાર.

૦ पोसहं - પૌષધ, પૌષધ વ્રત. (જેની વ્યાખ્યા પૂર્વે અપાઈ છે.)

૦ ठामि - રહું છું, સ્થિર થાઉ છું, આરાધના સ્થિત છું.

– જો કે વર્તમાન પ્રણાલિ અને આ કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્રમાં જણાવ્યા પ્રમાણે – એક માત્ર આહારપૌષધમાં જ સર્વથી કે દેશથી પ્રત્યાખ્યાનની છૂટ છે. બાકીના ત્રણે અર્થાત્ શરીર સત્કાર, બ્રહ્મચર્ય અને અવ્યાપાર પૌષધમાં તો સર્વથી જ પ્રત્યાખ્યાન કરવાનું છે, તેમાં દેશથી પ્રત્યાખ્યાનની કોઈ છૂટ લેવાતી નથી. તેથી આ પ્રતિજ્ઞા સૂત્ર મુજબ હું ચારે પ્રકારના પ્રત્યાખ્યાનમાં સ્થિર થાઉ છું.

– વળી આ ચારે પ્રત્યાખ્યાન હાલ એક સાથે જ કરાવાય છે.

– બીજું, હવે પછી સૂત્રમાં પૌષધના કાળનું કથન આવે છે. જેમકે દિવસનો, રાત્રિનો ઇત્યાદિ. તેના અનુસંધાને એક સ્પષ્ટીકરણ જરૂરી છે કે, ચાર પ્રકારના પૌષધમાં (૧) શરીર સત્કાર, (૨) બ્રહ્મચર્ય, (૩) અવ્યાપાર. આ ત્રણ પૌષધ તો રાત્રિ કે દિવસના સર્વથા પ્રત્યાખ્યાન થકી જ થાય છે, પણ 'આહાર પૌષધ' છે તે માત્ર દિવસના પૌષધમાં જ સર્વથી કે દેશથી એમ બે પ્રકારે છે, જો રાત્રિનો જ પૌષધ હોય તો રાત્રિભોજન ત્યાગ ફરજિયાત હોવાથી રાત્રિપૌષધમાં 'આહાર ત્યાગરૂપ પોસહ' સર્વથી કરવાનો હોય છે.

● **जाव दिवसं अहोरत्तं पज्जुवासामि** - દિવસ પર્યંત કાળ કે અહોરાત્ર પર્યંત કાળ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી, હું આ પૌષધવ્રતને સેવીશ-આરાધીશ.

૦ जाव એટલે જ્યાં સુધી. આ પદ દ્વારા 'પૌષધવ્રત' આરાધનાનો સમય કે કાળ મર્યાદાનું નિર્ધારિણ કરાયેલ છે.

– જેમ करेमि भंते સૂત્ર-૯માં 'जाव' શબ્દ વપરાયેલ છે, તે રીતે જ અહીં પણ પૌષધ પ્રતિજ્ઞા માટે કાળમર્યાદા સૂચવવા આ શબ્દ મૂક્યો છે. જે પૌષધ કેટલી કાય મર્યાદા માટે ગ્રહણ કરવાનો છે તે જણાવે છે. જેમ - "કરેમિ ભંતે સામાઇયં" સૂત્રમાં જાવ પછી 'નિયમં' શબ્દ વપરાય છે તેમાં પણ પૌષધ અંગીકાર કર્યો હોય તો 'जाव' પછી 'પોસહં' શબ્દ બોલવાનો હોય છે. તેનો અર્થ છે - જ્યાં સુધી "હું પૌષધની આરાધના કરું ત્યાં સુધી" સામાયિક વ્રતને સેવીશ.

પણ પૌષધવ્રતની આરાધના ક્યાં સુધી કરવાની ? તે કહે છે–

૦ दिवसं - દિવસ પુરો થાય ત્યાં સુધી.

પૌષધ પ્રતિજ્ઞાની કાળમર્યાદાનો આ એક ભેદ છે. તેમાં દિવસના ચાર પ્રહરનો પૌષધ ગણાય છે, વાસ્તવમાં તે રાઈ પ્રતિક્રમણથી સંધ્યાકાળના દેવસિ પ્રતિક્રમણ સુધીનો કાળ ગણાય છે. સંધ્યાકાલીન પ્રતિક્રમણ બાદ પૌષધ પારી શકાય છે.

○ अहोरत्तं - અહોરાત્ર અર્થાત્ દિવસ અને રાત્રિ પર્યન્તનો કાળ.

– આ પ્રકારના પૌષધને આઠ પ્રહરનો કે આખા દિવસનો પૌષધ કહેવાય છે. તેમાં આજનું રાત્રિ પ્રતિક્રમણ, પૌષધની બધી દૈનિક ક્રિયાઓ પછી સંધ્યાકાલીન પ્રતિક્રમણ, રાત્રિના સંથારા પોરિસિ અને પ્રાતઃકાળે રાત્રિ પ્રતિક્રમણ બાદ પૌષધની પડિલેહણ-દેવવંદનાદિ સર્વ ક્રિયા કરીને પૌષધ પારી શકાય છે.

○ शेषदिवसं अहोरत्तं - *(આ ત્રીજો પ્રકાર લેખિતરૂપે પ્રતિજ્ઞા સૂત્રમાં ભલે નોંધાયેલો નથી, પણ વ્યવહારમાં આ રીતે પૌષધ પ્રતિજ્ઞા હાલ થાય છે ખરી.)*

આ પ્રકારનો પૌષધ કરનારને વર્તમાન સામાચારી એવી છે કે દિવસના કોઈ તપ કરેલ હોય. જેમકે આયંબિલ, એકાસણુ, ઉપવાસ, નિવિ, સાંજના સંધ્યાકાળની પૂર્વે પૌષધવ્રત અંગીકાર કરે (પૌષધ લે) પછી પડિલેહણ, દેવવંદન, જિનદર્શન આદિ સર્વે ક્રિયા કરે, રાત્રિ પૌષધવ્રતમાં પસાર કરે અને સવારે 'અહોરાત્ર' પૌષધ માફક બધી ક્રિયા કરી, પૌષધ પારે - તેને "શેષદિવસં - (અહોરત્તં કે) રત્તં પૌષધ પ્રત્યાખ્યાન અથવા શેષદિવસ-રાત્રિ પર્યન્તની પૌષધ કાળ મર્યાદા કહે છે.

શ્રાવકના બાર વ્રતમાંનું અગિયારમું વ્રત પૌષધ છે, જે ચાર શિક્ષાવ્રતોમાં ત્રીજું શિક્ષાવ્રત પણ કહેવાય છે. તેના ચાર પ્રકારો બતાવ્યા. આવશ્યક ચૂર્ણિકાર કહે છે કે, જેઓ ચાર પ્રકારે કે ચારમાંથી કોઈપણ એક પ્રકારે પૌષધને 'દેશ'થી ગ્રહણ કરે છે, તેને માટે સામાયિકનું પ્રત્યાખ્યાન વૈકલ્પિક હોય છે, જ્યારે 'સર્વ'થી પૌષધ ગ્રહણ કરનાર માટે સામાયિકનું પ્રત્યાખ્યાન આવશ્યક છે. જો આવું પ્રત્યાખ્યાન ન કરે તો અનુષ્ઠાનનું વિશિષ્ટ ફળ પ્રાપ્ત થઈ શકતું નથી.

આવશ્યક ચૂર્ણિની વાતમાંથી એવું ફલિત થાય છે કે :-

(૧) આ પૌષધ વ્રત ચારમાંથી કોઈપણ એક ભેદે પણ ગ્રહણ થઈ શકે છે.

(૨) દેશથી પૌષધવ્રત ગ્રહણ કરનારને સામાયિક વ્રતનો સ્વીકાર સ્વૈચ્છિક છે.

**પરંતુ વર્તમાન સામાચારી** મુજબ આ વ્યવહાર બંધ થયેલો છે. ચારે પ્રકારના પૌષધનો સ્વીકાર સાથે જ કરવાનો છે, સામાયિક વ્રત પણ સાથે અંગીકાર કરવાનું જ છે, વળી દિવસના પૌષધમાં જ માત્ર 'આહાર પૌષધ' દેશથી થઈ શકે છે. બાકી ચારે પ્રકારનો પૌષધ સર્વથા જ કરવાનો છે.

○ पज्जुवासामि - પર્યુપાસના કરું, સેવું, આરાધના કરું.

– 'પરિ + ઉપ + આસ્'માંથી 'પર્યુપાસ્' શબ્દ બન્યો છે. 'પર્યુપાસ્' એટલે ઉપાસના કરવી, સેવા કરવી. અહીં તેનું પહેલો પુરુષ એકવચનનું રૂપ છે 'પજ્જુવાસામિ'.

– 'પરિ + ઉપ' એ 'આસ્' ક્રિયાપદના અર્થમાં વિશેષતા કે વધારો બતાવે છે. 'આસ્' ક્રિયાપદનો અર્થ છે - 'બેસવું' તેથી વધારે વખત બેસવું, નિશ્ચલ રહેવું, વિશેષ પ્રકારે બેસી રહેવું, ઉપાસના કરવી ઇત્યાદિ અર્થોમાં તે વપરાય છે.

● **दुविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि** - કરું નહીં–

કરાવું નહીં એ બે પ્રકારે અને મન, વચન, કાયા વડે એ ત્રણ પ્રકારે.

— આ સમગ્ર વાક્યમાં ત્રણ કરણ અને બે ક્રિયાથી છ ભેદો થાય છે.

(૧) મનથી (સાવદ્ય કે અશુભ વિચારણા) હું કરીશ નહીં - કરાવીશ નહીં.

(૨) વચનથી (સાવદ્ય કે અશુભ વચન) હું બોલીશ નહીં - બોલાવીશ નહીં.

(૩) કાયાથી (સાવદ્ય કે અશુભ પ્રવૃત્તિ) હું કરીશ નહીં - કરાવીશ નહીં.

— 'દુવિહં' શબ્દનો સંબંધ કરું નહીં અને કરાવું નહીં સાથે છે.

— 'તિવિહં' શબ્દનો સંબંધ મન, વચન, કાયા એ ત્રણ કરણ સાથે છે.

*(* 'દુવિહં'થી લઈને 'ન કારવેમિ' પદો સુધી પ્રત્યેક પદોનું, પદના સંબંધોનું, પદ ક્રમ આગળ પાછળ કરવાના કારણોનું વિવેચન સૂત્ર-૯ 'કરેમિભંતે'માં જોવું.*

● **तस्स भंते** ! તે સાવદ્ય યોગોનું હે ભગવન્ !

○ तस्स - તેનું, તે સાવદ્ય યોગો કે અશુભ પ્રવૃત્તિઓનું.

— 'પોસહ પ્રતિજ્ઞા' સૂત્રમાં સાવદ્યયોગ કે અશુભ પ્રવૃત્તિઓ એવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. આ "સાવજ્જજોગ" પદ સૂત્ર-૯ "કરેમિભંતે"માં જ પ્રયોજાયેલું છે. તે અહીં 'અધ્યાહાર'રૂપે સ્વીકૃત્ કરેલ છે.

— વિશેષથી એમ કહી શકાય કે, અહીં (૧) આહાર ત્યાગ, (૨) શરીર સત્કાર ત્યાગ, (૩) બ્રહ્મચર્ય પાલન (અબ્રહ્મના આચારણનો ત્યાગ), (૪) કુત્સિત વ્યાપારનો ત્યાગ, એ ચાર પ્રતિજ્ઞા કરાયેલ છે. તેથી 'તસ્સ' શબ્દનો સંબંધ આ પ્રતિજ્ઞા સાથે જોડીએ તો - આ ચારમાંથી કોઈ પણ પ્રવૃત્તિનું સેવન-અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચાર સ્વરૂપે થયેલું હોય તેનું - એવો અર્થ પણ થઈ શકે.

○ भंते - હે ભગવન્ ! હે પૂજ્ય ! (આ પદનો અર્થ પૂર્વે કર્યો છે.)

— અતિત, વર્તમાન અને અનાગત કાળ એ ત્રણે કાળ સંબંધી 'આલોચના' જુદા જુદા પદોથી કરવા માટે અહીં પુનઃ 'ભંતે' શબ્દ પ્રયોજોલ છે.

● **पडिक्कमामि** - હું પ્રતિક્રમણ કરું છું, નિવર્તુ છું, પાછો ફરું છું.

*(આ પદનું વિવેચન સૂત્ર-૫ "ઇરિયાવહી" અને સૂત્ર-૯ 'કરેમિભંતે'માં જોવું.)*

— આહાર આદિ ચારે પ્રત્યાખ્યાનના વિષયમાં મેં ભૂતકાળમાં કોઈ ભૂલ કરી હોય કે મારાથી સ્ખલના થઈ હોય તો તેનાથી હું પાછો ફરું છું - નિવર્તુ છું.

● **निंदामि** - હું આત્મસાક્ષીએ નિંદુ છું, મનથી ખોટું માનું છું.

— નિંદા શબ્દનો અર્થ આવશ્યક નિર્યુક્તિમાં કર્યો છે - "પોતાના આચરણનો પશ્ચાત્તાપ તે નિંદા કહેવાય છે."

— કોઈ ભૂલ કે સ્ખલનાને અંતરથી ખોટી માનવી, તેના માટે મનમાં ખેદ ધારણ કરવો અને ફરી તેમ ન કરવાની બુદ્ધિ ધારણ કરવી તે જ સાચી નિંદા છે.

*(આ પદનું વિશેષ વિવેચન-સૂત્ર-૯ "કરેમિભંતે" અને સૂત્ર-૩૫ "વંદિત્તુ" એ બંને સૂત્રોના વિવેચનમાં જોવું.)*

● **गरिहामि** - ગર્હું છું, પ્રગટપણે નિંદુ છું, ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું.

– गर्ह् ક્રિયાપદનો અર્થ-નિંદા કરવી, જુગુપ્સા કરવી, વખોડવું છે, પણ અહીં આ ક્રિયાપદ ગુરુની સમક્ષ પોતાના દોષોની કબૂલાત કરવાના અર્થમાં વપરાયેલો છે. આવશ્યક નિર્યુક્તિમાં 'ગર્હા'નો અર્થ કરતા કહ્યું છે કે–

ગર્હા પણ સ્પષ્ટતયા એક પ્રકારે 'નિંદા' જ છે. પણ તેનો વ્યવહાર પોતાના દોષો બીજા સમક્ષ પ્રગટ કરવાના અર્થમાં થાય છે. અહીં 'પર' કે 'બીજા' શબ્દથી મુખ્યતયા 'ગુરુ મહારાજ' અર્થ ગ્રહણ કરવાનો છે.

*(✱ 'ગર્હા' શબ્દના વિશેષ વિવેચન માટે સૂત્ર-૯ "કરેમિ ભંતે" અને સૂત્ર-૩૫ "વંદિત્તુ" સૂત્રોનું વિવેચન જોવું.)*

● **अप्पाणं वोसिरामि** - આત્માને વોસિરાવું છું, કષાયાત્માને ત્યજુ છું.

– આત્માના જુદી જુદી અપેક્ષાએ આઠ ભેદો કહ્યા છે – (૧) દ્રવ્યાત્મા, (૨) કષાયાત્મા, (૩) યોગાત્મા, (૪) ઉપયોગાત્મા, (૫) જ્ઞાનાત્મા, (૬) દર્શનાત્મા, (૭) ચારિત્રાત્મા અને (૮) વીર્યાત્મા. આ આઠ પ્રકારમાંથી અહીં 'કષાયાત્મા'નો ત્યાગ કરવાનું કે વોસિરાવવાનું વિધાન કરાયેલ છે.

– કષાયાત્મા એટલે ક્રોધાદિ કષાયયુક્ત આત્મા. આવો કષાયાત્મા સકષાયી જીવને હોય છે. ઉપશાંત કષાયી અને ક્ષીણકષાયીને કષાયાત્મા હોતો નથી. આ 'કષાયાત્મા'નો ત્યાગ કરવાનું કારણ એ છે કે, તે સંસાર વૃદ્ધિના કારણરૂપ છે. આત્માની જે સ્થિતિમાં કષાયો ઉદ્‌ભવે છે, તે સ્થિતિ 'સાવદ્યયોગ' વાળી છે, માટે તે ત્યાજ્ય છે - ત્યાગ કરવા યોગ્ય છે.

– યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ વૃત્તિમાં પણ કહ્યું છે કે, "આત્માને એટલે અતીતકાળમાં સાવદ્યયોગમાં પ્રવર્તનાર આત્માને. (વોસિરામિ એટલે) વોસિરાવું છું, ત્યાગ કરું છું, તદ્દન છોડી દઉં છું.

*(✱ "અપ્પાણં વોસિરામિ" શબ્દોના વિશેષ અર્થ માટે સૂત્ર-૭ "અન્નત્થ", સૂત્ર-૯ "કરેમિભંતે" સૂત્ર-૨૯ "વાંદણા" સૂત્રનું વિવેચન જોવું.*

## ■ વિશેષ કથન :-

આ સૂત્રને 'પોસહપ્રતિજ્ઞા' કે 'પૌષધ લેવાનું' સૂત્ર કહેવામાં આવે છે. શ્રાવકના બાર વ્રતોમાં અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતનો સમાવેશ થાય છે. તેમાં શિક્ષાવ્રતોના ચાર ભેદ છે - સામાયિક, દેશાવકાસિક, પૌષધ અને અતિથિ સંવિભાગ. તેમાંના ત્રીજા શિક્ષાવ્રત 'પૌષધ'ને ગ્રહણ કરવાનું આ સૂત્ર છે. એ જ રીતે શ્રાવકની અગિયાર પડિમા (પ્રતિજ્ઞા વિશેષ)માં પણ પાંચમી પ્રતિમા પર્વતિથિએ પૌષધ કરવા અંગે છે. આ પૌષધ વ્રત કે પૌષધ પ્રતિમા અંગીકાર કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. સાધુ જીવન કે સમતામય જીવન કેળવવું તે.

આ વ્રતની પરિપાલનાના વિષયમાં જૈનશાસનમાં અનેક દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. 'ઉપાસક દસા' નામક આગમમાં દશ ઉપાસકોના ચારિત્રમાં આ 'પૌષધ' વ્રતની પરિપાલના અને દૃઢતાના વિષયમાં પ્રશસ્ય વર્ણન છે. તે દૃષ્ટાંતોને હવે પછીના "પૌષધ પારવાના" સૂત્રમાં વર્ણવેલ છે.

– આ સૂત્રનો ક્રિયામાં ઉપયોગ–

જે રીતે સામાયિક વ્રત સ્વીકારવું હોય ત્યારે વિધિપૂર્વક "કરેમિભંતે" ઉચ્ચરવામાં આવે છે, તેમ "પૌષધ વ્રત" અંગીકાર કરવા કે 'પૌષધ' વિષયક પ્રત્યાખ્યાન કરવા માટે આ સૂત્રનો ઉપયોગ થાય છે.

– પૌષધવ્રતનું પાલન –

શ્રાવકોએ આ વ્રત ગ્રહણ કર્યા પછી તેના વિશુદ્ધ પાલન માટે ગ્રહણ કરેલા પ્રતિજ્ઞાના વિધિ અને બહુમાનપૂર્વક પાલન કરવા ઉપરાંત, તે પૌષધવ્રતમાં અતિચાર ન લાગે તે પણ ખ્યાલમાં રાખવું જરૂરી છે. આ વ્રતના પાંચ અતિચારોનું વર્ણન-વિવેચનપૂર્વક સૂત્ર-૩૫ વંદિત્તુસૂત્રની ગાથા-૨૯માં જોવું.

– પૌષધવ્રતનું માહાત્મ્ય :-

– સંબોધ પ્રકરણમાં શ્રાવકના વ્રતાધિકારની ગાથા-૧૩૦માં જણાવ્યું છે–

"જે મણિજડીત સુવર્ણના પગથીયાવાળું હજાર સ્તંભયુક્ત અને સોનાના નળીયાવાળું જિનમંદિર કરાવે તેના કરતાં પણ તપયુક્ત સંયમ અર્થાત્ પૌષધવ્રત વિશેષ ફળદાયી છે.

– આ જ સંબોધ પ્રકરણની ગાથા-૧૩૪માં પૌષધનું ફળ કહ્યું છે–

"૨૭ અબજ, ૭૭ કરોડ, ૭૭ લાખ, ૭૭ હજાર, ૭૭૭ અને સાત નવમાંશ (૨૭, ૭૭, ૭૭, ૭૭૭ અને ૭/૯) પલ્યોપમ જેટલું દેવભવનું આયુષ્ય આઠ પ્રહરનો પૌષધ કરનારને બંધાય છે.

જો કે આ તો પૌષધનું અનંતર ફળ છે, પરંપર ફળ મોક્ષ પ્રાપ્તિ છે.

– શ્રાદ્ધવિધિ પ્રકરણ-૩ની ગાથા-૧૧ની ટીકામાં કહે છે કે–

જિનમત-જૈનદર્શન અનુસાર મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિરૂપ પ્રશસ્ત યોગ સર્વ પર્વકાલમાં સેવવાનો છે, પણ આઠમ અને ચૌદશે તો નિયમા પૌષધ કરવો જોઈએ.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્ર આર્ષ પ્રાકૃત ભાષામાં રચાયેલ છે.

– આ સૂત્રની યોજના આવશ્યસૂત્ર અધ્યયન-૧ના "કરેમિભંતે" સૂત્ર પરથી થયેલ છે. આવશ્યકસૂત્રના અધ્યયન-૬માં ચાર ભેદોનું પણ કથન છે.

——x——x——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૫૩

# પોસહ-પારણ-સૂત્ર

## પૌષધ પારવાનું સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

પૌષધ પારતી વખતે બોલાતા આ સૂત્રમાં-આપણને વારંવાર પૌષધ કરવાની ભાવના થાય તે માટે દૃષ્ટાંત રૂપ એવા પાત્રોનો નામ આપેલા છે, ભગવંતે પણ તેમની પ્રશંસા કરી છે, તેવું કથન છે અને પૌષધ વ્રત પાલન કરતા થયેલી ભૂલો કે લાગેલ દોષોની માફી માંગવામાં આવી છે.

■ **સૂત્ર-મૂળ :-**

**સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો;**
**જેસિં પોસહ-પડિમા, અખંડિઆ જીવિઅંતે વિ. ૧**
**ધન્ના સલાહણિજ્જા, સુલસા આણંદ કામદેવાય;**
**જાસ પસંસઈ ભયવં, દઢવ્વયત્તં મહાવીરો. ૨**

**પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

**પોસહના અઢાર દોષમાંહિ જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

■ **સૂત્ર-અર્થ :-**

સાગરચંદ્ર, કામદેવ, ચંદ્રાવતંસક રાજા અને સુદર્શનને ધન્ય છે. જેઓની પૌષધની પ્રતિમા (પ્રતિજ્ઞા-વિશેષ) જીવનના અંત સુધી અખંડિત રહી અર્થાત્ મરણાંત કષ્ટ આવવા છતાં પણ પ્રતિજ્ઞા ખંડિત ન કરી. ૧

ભગવંત મહાવીરે જેમના વ્રતની દઢતાને વખાણી છે, તે સુલસા શ્રાવિકા, આણંદ અને કામદેવ વગેરે ધન્ય અને પ્રશંસનીય છે. ૨

પૌષધનું વ્રત મેં વિધિપૂર્વક લીધું - ગ્રહણ કર્યું છે. વિધિપૂર્વક પાર્યું છે આ પ્રમાણે વિધિ કરતાં - વિધિ સાચવવા છતાં - જે કાંઈ અવિધિ થઈ હોય તે (અવિધિ) સંબંધી મનથી, વચનથી અને કાયાથી કરાયેલું મારું તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ.

પૌષધની પરિપાલના કરતી વેળાએ, પૌષધ સંબંધી જે અઢાર પ્રકારના દોષો કહેવાયા છે, તે પૈકીનો જે કોઈ દોષ લાગ્યો હોય તે સંબંધી મારું સર્વ દુષ્કૃત મન, વચન, કાયાએ કરી મિથ્યા થાઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

■ **શબ્દજ્ઞાન :-**

**સાગરચંદો** - સાગરચંદ્ર રાજર્ષિ
**ચંદવડિંસો** - ચંદ્રાવતંસ રાજા
**ધન્નો** - ધન્ય છે
**પોસહ પડિમા** - પૌષધની પ્રતિજ્ઞા
**જીવિઅંતે** - જીવનના અંતપર્યન્ત
**ધન્ના** - ધન્ય છે
**સુલસા** - સુલસા શ્રાવિકા
**કામદેવા** - કામદેવ શ્રાવક
**પસંસઈ** - પ્રશંસા કરે છે
**દઢવ્વયત્તં** - દઢવ્રતપણાને
**કામો** - કામદેવ શ્રાવક
**સુદંસણો** - સુદર્શન શ્રેષ્ઠી
**જેસિં** - જેઓની, જેમની
**અખંડિઆ** - અખંડિત રહી
**વિ** - (અપિ), પણ
**સલાહણિજ્જા** - પ્રશંસનીય છે
**આણંદ** - આનંદ શ્રાવક
**જાસ** - જેમનાં
**ભયવં** - ભગવાન
**મહાવીરો** - ભગવંત મહાવીર
**મિચ્છા મિ દુક્કડં** - મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ - (તેની માફી માંગુ છું)

■ **વિવેચન :-**

પૌષધ પારતી વખતે આ સૂત્ર બોલાતું હોવાથી તેને પોસહ પારણ સૂત્ર અથવા પૌષધ પારવાનું સૂત્ર કહેવામાં આવે છે. જેમ સામાયિક પારતી વખતે "સામાઇય વયજુત્તો" નામક "સામાયિક પારણ" સૂત્ર બોલાય છે, તેમ પૌષધ પારતી વખતે આ "પોસહ-પારણ" સૂત્ર બોલાય છે.

આ સૂત્રની પહેલી ગાથામાં પૌષધ વ્રતધારીના દૃષ્ટાંત છે, કે જેમણે જીવનના અંતપર્યન્ત આ પૌષધપ્રતિમાનું દઢપણે પાલન કર્યું અને બીજી ગાથામાં ભગવંતે જેના દઢવ્રતની પ્રશંસા કરી તેવા દૃષ્ટાંતો મૂકેલા છે. જેનું વર્ણન કરીએ છીએ–

● **સાગરચંદો** - સાગરચંદ્ર, સાગરચંદ્ર રાજર્ષિ.

*(આગમોમાં આ કથા-મરણ સમાધિ, બૃહત્‌કલ્પભાષ્ય-૧૭૨ની વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ-૧૩૪ની હારિભદ્રીય વૃત્તિ, મલયગિરિવૃત્તિ અને ચૂર્ણિમાં મળે છે.)*

દ્વારાવતીના રાજા બલદેવનો નિષધ નામે પુત્ર હતો. નિષધની પત્ની પ્રભાવતી હતી અને સાગરચંદ્ર તેમનો પુત્ર હતો. આ સાગરચંદ્રના લગ્ન કમલામેલા સાથે થયા હતા. મૂળ તો કમલામેલા ઉગ્રસેન રાજાના પુત્ર નભસેનને વરાવેલી હતી. પણ શાંબકુમારની મદદથી સાગરચંદ્રએ પોતાના પરત્વે આસક્ત થયેલી કમલામેલાનું અપહરણ કરી તેની સાથે લગ્ન કર્યા હતા.

કોઈ વખતે દ્વારકાનગરીએ ભગવંત અરિષ્ટનેમિ સમોસર્યા. ત્યારે સાગરચંદ્ર કમલામેલાની સાથે ભગવંત અરિષ્ટનેમિ સમીપે ધર્મશ્રવણ કરીને શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યા. પછી સાગરચંદ્ર શ્રાવક આઠમ-ચૌદશે શૂન્ય ગૃહો કે શ્મશાનમાં જઈને એકરાત્રિકી પ્રતિમા ધારણ કરીને પૌષધવ્રત યુક્ત રહેતો હતો. નભસેને તાંબાની સોયો ઘડાવી. શૂન્યગૃહમાં કોઈ વખતે પૌષધપ્રતિમા સ્થિત એવા સાગરચંદ્રની વીશે આંગળીઓના નખોમાં તે સોયો ઘુસાડી દીધી. તેને સમ્યક્ પ્રકારે સહન કરતા વેદનાભિભૂત થઈને કાલધર્મ પામી સાગરચંદ્ર દેવલોકે ઉત્પન્ન થયા.

*(આ કથા આગમમાં આ રીતે છે, બીજા આગમમાં બીજી રીતે છે તે આ પ્રમાણે–)*

ભગવંત અરિષ્ટનેમિ પાસે વ્રતોનો સ્વીકાર કર્યા પછી પર્વ તિથિ-દિવસોમાં શ્મશાન, શૂન્યગૃહો આદિમાં અતિ વૈરાગ્યથી પૌષધ પ્રતિમાનો સ્વીકાર કરીને રહેતો હતો. કોઈ વખતે સાગરચંદ્ર એકાંતમાં કાયોત્સર્ગ પ્રતિમાએ રહેલા હતા. ત્યારે નભસેને પોતાનું વૈર સંભારીને કહ્યું કે, મારી પત્ની થનાર એવી કમલામેલાને ઉપાડી જવાનું ફળ લેતો જા. એ પ્રમાણે કહીને સાગરચંદ્રના મસ્તકે માટીનો પિંડ સ્થાપ્યો. તેમાં ધગધગતા લાલચોળ અંગારા ભર્યા. ત્યારે જે અસહ્ય વેદના થઈ અને મસ્તક ફાટવા લાગ્યું, તેને સાગરચંદ્રએ સમભાવપૂર્વક સહન કર્યું. પોતાના જ કર્મનું ફળ છે, તેમ માનીને ભોગવવા લાગ્યો. મન, વચન, કાયાથી લેશમાત્ર ચલિત ન થયા. અપરાધ કરનાર નભસેન પરત્વે લેશમાત્ર રોષભાવ ન રાખ્યો. પોતાના આત્માને ભાવિત કરતા અને પૌષધપ્રતિમાનું અખંડપણે પાલન કરતો સાગરચંદ્ર મૃત્યુ પામી દેવલોકે ગયો.

● **कामो** - કામદેવ. કામદેવ શ્રાવક.

*(✱ 'કામો' શબ્દથી કામદેવ શ્રાવક અર્થ કર્યો છે અને બીજી ગાથામાં પણ 'કામદેવ' શબ્દ આવે છે. ત્યાં પણ કામદેવ શ્રાવક અર્થ છે. એક જ સૂત્રમાં એક જ પાત્રનું નામ બે વખત કેમ છે ? તે નક્કી થઈ શક્યું નથી. બીજો કોઈ કામદેવ પૌષધવ્રત સંબંધમાં હોય તેવું અમારી જાણમાં નથી. આ વિષયમાં સત્ય શું ? તે બહુશ્રુત જાણે. અમે બીજી ગાથાના વિવેચનમાં આ કથા આપી છે. તેમાં કામદેવ શ્રાવકે ભયંકર ઉપસર્ગમાં પણ પૌષધપ્રતિમાનું દૃઢપણે પાલન કર્યું તે વાત અને ભગવંતે તેની દૃઢતાની પ્રશંસા કરી તે વાત - એ બંને વાતોનું નિરૂપણ કર્યું છે. જેથી પહેલી અને બીજી બંને ગાથાનો ભાવ જળવાઈ રહે.)*

● **चंदवडिंसो** - ચંદ્રાવતંસ, ચંદ્રાવતંસ રાજા.

*(ચંદ્રાવતંસ રાજાની કથામાં - આવશ્યક સૂત્ર નામના આગમ મુજબ તેઓ પૌષધ પ્રતિમાએ સ્થિત હતા અને અભિગ્રહ પ્રતિમામાં જ મૃત્યુ પામ્યા તેવું વિધાન છે. જ્યારે ઉત્તરાધ્યયન વૃત્તિમાં ચંદ્રાવતંસક રાજાએ દીક્ષા લીધી અને મોક્ષે ગયા તેવું વિધાન છે. તેથી અમે અહીં "પૌષધસૂત્ર"ના અનુસંધાને આવશ્યકવૃત્તિ મુજબની કથાને પ્રાધાન્ય આપી રજૂ કરેલ છે.)*

સાકેતનગરમાં ચંદ્રાવતંસ નામે રાજા હતો. તે જીવ-અજીવ આદિ તત્ત્વનો જ્ઞાતા એવો શ્રાવક હતો. તેઓ પૌષધવ્રત અંગીકાર કરીને કાયોત્સર્ગ પ્રતિમા ધ્યાન કરતા હતા. કોઈ વખતે તેણે અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી વાસગૃહમાં દીપ જલતો રહે ત્યાં સુધી હું આ પ્રતિજ્ઞા પારીશ નહીં. દીવો જ્યારે બળી રહેવા આવ્યો ત્યારે તે વખતે વાસગૃહની શય્યાપાલિકા એવી દાસીએ વિચાર્યું કે સ્વામી દુઃખમાં અંધકારમાં રહી શકશે નહીં. રાજા ધર્મધ્યાનમાં છે, અંધકારમાં કંઈ પ્રવેશે નહીં માટે દાસીએ દીવામાં તેલ પૂર્યું. ફરી દીવામાં તેલ ખુટ્યું ફરી દીવામાં તેલ પૂર્યું. એ રીતે

તે દાસીએ બીજા પ્રહરે પણ તેલ પૂર્યું, મધ્યરાત્રિએ ફરી તેલ પૂર્યું અને દીવો પ્રજ્વલિત રાખ્યો, ત્રીજા પ્રહરે પણ તેલ પૂર્યું એમ કરતા આખી રાત્રિપર્યંત તે દીવાને દાસીએ જલતો રાખ્યો.

રાજાએ તો અભિગ્રહ કરેલો હતો, તેથી આખી રાત્રિ કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહ્યા પણ પ્રતિમા પારી નહીં. સવાર થયું, ત્યાં સુધીમાં તેના બંને પગો લોહીથી ભરાઈ ગયા. શરીર સુકુમાલ હોવાથી તે વેદના સહન ન કરી શક્યા. વેદનાથી અભિભૂત થઈને તેઓ ઢળી પડ્યા, મૃત્યુ પામ્યા, દેવલોકે ગયા.

● **सुदंसणो** - સુદર્શન શ્રેષ્ઠી - પૌષધવ્રતની દૃઢતાનું દૃષ્ટાંત છે.

*(* આ દૃષ્ટાંત સૂત્ર-૫૨ "પોસહ પ્રતિજ્ઞા" સૂત્રમાં "બંભચેર-પોસહ"ના વિવેચનમાં આપેલું છે, ત્યાં જોવું)*

● **धन्नो** - આ શબ્દનો અર્થ "ધન્ય છે" એ પ્રમાણે કરીએ તો - સાગરચંદ્ર, કામદેવ, ચંદ્રાવતંસ અને સુદર્શનને ધન્ય છે. કેમકે તેઓની "પૌષધ પ્રતિજ્ઞા" જીવનના અંતઃપર્યન્ત અખંડિત રહી હતી.

– આ શબ્દનો અર્થ "ધન નામનો શ્રાવક પણ થઈ શકે છે. (પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થમાં 'ધન્નો' પદનો અર્થ 'ધન-શ્રાવક' કર્યો છે.) ધન-ધનેશ્વર નામથી શ્રાદ્ધવિધિમાં એક કથા છે, જે કથા પૌષધવ્રતની દૃઢતા અનુસંધાને છે.

ધન્યપુરમાં ધનેશ્વર નામે એક શેઠ હતો. તે પરમ શ્રાવક હતો. તેને ધનશ્રી નામે પત્ની હતી, ધનસાર નામે પુત્ર હતો. કુટુંબ સહિત તે દર પખવાડિયે વિશેષ આરંભ વર્જવા વગેરે નિયમ પાળતો હતો. અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમા એ તિથિઓને વિશે પરિપૂર્ણ પૌષધ કરતો હતો. તે યથાવિધિ પૌષધની પરિપાલના કરતો હતો. કોઈ વખતે ધન શ્રેષ્ઠીએ આઠમનો પૌષધ કરેલો હતો. રાત્રિએ શૂન્યગૃહમાં પ્રતિમા અંગીકાર કરીને રહેલો. સૌધર્મેન્દ્રએ તેની ધર્મની દૃઢતાની ઘણી પ્રશંસા કરી. તે સાંભળી કોઈ મિથ્યાદૃષ્ટિ દેવતા તેની પરીક્ષા કરવા આવ્યો. તે દેવે શેઠના મિત્રનું રૂપ લીધું અને સૌનેયાનો નિધિ પ્રગટ કર્યો. પછી શેઠની પત્નીનું રૂપ લઈ આલિંગનાદિ કર્યા, પછી મધ્યરાત્રિએ સૂર્યોદયની વિકુર્વણા કરીને શેઠના સ્ત્રી-પુત્ર આદિ પ્રગટ કરી શેઠને પારણું કરવા વિનંતી કરી. પણ સ્વાધ્યાયના અભ્યાસી ધન શ્રેષ્ઠીને ખ્યાલ હતો કે હજી મધ્યરાત્રિ છે. તેથી દેવે પિશાચના રૂપે ધનશેઠને પ્રતિકુળ ઉપસર્ગો શરૂ કર્યા. ધનશેઠની ચામડી ઉતારવી, તાડના કરવી, ઉછાળવો, શિલા પર પછાડવો, સમુદ્રમાં ફેંકવો ઇત્યાદિ ઘણાં પ્રાણાંત ઉપસર્ગો કર્યા, તો પણ 'ધન' શેઠ ધર્મધ્યાનથી ચલિત ન થયો. ત્યારે દેવતાએ પ્રસન્ન થઈ તેને ત્યાં સોનૈયા અને રત્નોની વૃષ્ટિ કરી.

● **पोसह-पडिमा** - પૌષધ પ્રતિમા, પૌષધની પ્રતિજ્ઞા વિશેષ.

– પ્રવચન સારોદ્ધાર દ્વાર-૬૭માં કહ્યું છે કે, પ્રતિમાઓ એટલે પ્રતિજ્ઞાઓ, માસિકી વગેરે અભિગ્રહના પ્રકારો.

– શ્રાવકની પડિમાઓના અગિયાર ભેદો શાસ્ત્રકારે કહ્યા છે તેમાં

''પૌષધપ્રતિમા'' એક ભેદ છે. આ અગિયાર પ્રતિમા આ પ્રમાણે છે–

(૧) પ્રતિમા પહેલી – શંકા, કાંક્ષાદિ પાંચે અતિચાર રહિત સમ્યકત્વ નામક પહેલી પ્રતિમા એક માસ પર્યન્ત ધારણ કરવી.

(૨) પ્રતિમા બીજી - પહેલી પ્રતિમા સહિત બાર વ્રતના પાલનરૂપ બીજી પ્રતિમાને બે માસ સુધી ધારણ કરવી.

(૩) પ્રતિમા ત્રીજી - પહેલી બંને પ્રતિમા સહિત સામાયિક નામની ત્રીજી પ્રતિમાને ત્રણ માસ સુધી ધારણ કરવી.

(૪) પ્રતિમા ચોથી - પૂર્વોક્ત ત્રણે પ્રતિમાના પાલન સહ ચાર માસ પર્યન્ત આઠમ, ચૌદમ, પૂનમ અને અમાસે પૌષધ કરવા રૂપ ચોથી પૌષધ પ્રતિમા વહેવી.

(૫) પ્રતિમા પાંચમી - ઉપરોક્ત પૌષધ પ્રતિમા ધારણ કરવાની સાથે-સાથે પર્વદિનોમાં રાત્રિના ચારે પ્રહર કાયોત્સર્ગે રહી, પાંચ માસ પર્યન્ત પાંચમી પ્રતિમા વહન કરવી.

(૬) પ્રતિમા છટ્ઠી – છ માસ પર્યન્ત અતિચાર દોષ રહિત બ્રહ્મચર્યનું પાલન કરવા રૂપ છટ્ઠી પ્રતિમા વહન કરવી.

(૭) પ્રતિમા સાતમી - સચિત્તનું વર્જન કરવા રૂપ સાતમી પ્રતિમાને સાત માસ પર્યન્ત વહન કરવી.

(૮) આઠમી પ્રતિમા :- આઠ માસ પર્યન્ત સ્વયં સમગ્ર આરંભ ન કરવા રૂપ આઠમી આરંભ ત્યાગ રૂપ પ્રતિમા ધારણ કરવી.

(૯) નવમી પ્રતિમા :- નવ માસ પર્યન્ત સ્વયં તો સર્વ આરંભ ન જ કરે, પણ સેવક આદિ દ્વારા પણ કંઈ આરંભ ન કરાવે.

(૧૦) દશમી પ્રતિમા :- પોતા નિમિત્તે તૈયાર થયેલ ભોજન ન કરવા રૂપ દશમી પ્રતિમાને દશ માસ સુધી ધારણ કરે.

(૧૧) અગિયારમી પ્રતિમા :- આ પ્રતિમાની વિધિ આ પ્રમાણે છે–

– અસ્ત્રાથી મુંડન કરાવવું કે લોચ કરાવીને સાધુ માફક વિચરવું.

– ''પ્રતિમા પ્રપન્નસ્ય શ્રાવકસ્ય ભિક્ષાં દેહિ'' એમ કહી ભિક્ષા માંગે.

– આ રીતે અગિયારમી પ્રતિમા અગિયાર માસ સુધી વહન કરવી.

○ આ અગિયારે પ્રતિમાના પાલનમાં પૂર્વ-પૂર્વની પ્રતિમાઓનું પાલન સાથે સાથે કરવું, તેમજ સર્વે પ્રતિમાનું પાલન નિરતિચારપણે કરવું.

○ ઉપરોક્ત અગિયાર પ્રતિમામાં ચોથી અને પાંચમી પ્રતિમા 'પૌષધવ્રત'ને આશ્રીને કહેવાયેલી છે. પછીની પ્રતિમામાં તો તેનો સમાવેશ થાય જ.

● **अखंडिआ जीविअंते वि** - જીવનના અંત પર્યન્ત (આ પૌષધ પ્રતિમા) અખંડિત રહી અર્થાત્ ખંડિત ન થઈ.

○ अखंडिआ - અખંડિત રહી, ખંડિત ન થઈ. જે (પ્રતિજ્ઞા) ખંડિત નથી થઈ તેને ''અખંડિતા'' કહે છે.

○ जीविअंते - જીવનના અંત પર્યન્ત, મરણાંત કષ્ટ આવે છતે લગીર માત્ર

પણ ડગ્યા નહીં તે.

**આ રીતે પહેલી ગાથામાં** પૌષધ પ્રતિમાને અખંડિતપણે પાલન કરનારને ધન્યવાદ આપ્યા પછી **હવે બીજી ગાથામાં** દૃઢવ્રતધારી એવા શ્રાવક-શ્રાવિકાની પ્રશંસા ભગવંત મહાવીરે કરી તેના ત્રણ દૃષ્ટાંતો આપેલા છે–

● **धन्ना सलाहणिज्जा** (તેઓ) ધન્ય છે, શ્લાઘનીય છે - પ્રશંસનીય છે.

– આ પદો દૃઢ વ્રતને ધારણ કરનારાને માટે વપરાયા છે. દૃઢ વ્રતને ધારણ કરનારાઓ ધન્ય છે - ધન્યવાદને પાત્ર છે તથા આવા વ્રતધારીઓ ખરેખર પ્રશંસનીય છે - વખાણવા યોગ્ય છે.

● **सुलसा** - સુલસા, ભગવંત મહાવીરની પરમ શ્રાવિકા.

ભગવંત મહાવીરના ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓમાં સુલસા (અને રેવતી) મુખ્ય શ્રાવિકા હતા. આ શ્રાવિકા આવતી ચોવીસીમાં સોળમાં તીર્થંકર રૂપે ભરત ક્ષેત્રમાં જન્મ લેશે. ચતુર્યામ ધર્મની પ્રરૂપણા કરી તીર્થંકર સિદ્ધ થશે. *(ઠાણાંગ સૂત્ર-૮૭૦ અને સમવાયાંગ સૂત્ર-૩૫૭, ૩૬૨માં આ ઉલ્લેખ છે.)*

*હવે આચારાંગ ચૂર્ણિ, ઠાણાંગ વૃત્તિ, પન્નવણાવૃત્તિ, નિશીથભાષ્યની ચૂર્ણિ, વ્યવહારભાષ્ય વૃત્તિ, આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૪ની વૃત્તિ અને ચૂર્ણિ તેમજ દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિ તથા ગ્રંથોને આધારે સુલસા શ્રાવિકાની દૃઢધર્મીતા અહીં રજૂ કરેલ છે.*

રાજગૃહી નગરીના નાગસારથીની પત્ની સુલસા સમ્યક્ત્વમાં અતિ દૃઢ હતી. તેથી અરિહંત દેવ, નિર્ગ્રન્થ ગુરુ અને જિનપ્રણિત ધર્મમાં અચલ શ્રદ્ધા ધરાવતી હતી. તેની શ્રદ્ધાની કસોટીમાં તેણી દૃઢતાથી પાર પામી હતી. તેણીની દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધાનો એક-એક પ્રસંગ અત્રે રજૂ કરેલ છે–

૦ અરિહંત દેવ પરત્વેની સુલસાની દૃઢ શ્રદ્ધા :-

અંબડ નામનો એક પરિવ્રાજક શ્રમણ ભગવંત મહાવીરના દર્શન કરીને રાજગૃહી તરફ જવાને નીકળેલો. તે વખતે ભાવિ લાભનું કારણ જાણીને અંબડને શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે, હે અંબડ ! જો તમે રાજગૃહી નગરીએ જતા હો તો ત્યાં રહેલા સુલસા શ્રાવિકાને મારો ધર્મલાભ સંદેશ આપશો. આ સાંભળીને અંબડને વિચાર આવ્યો કે રાજગૃહી નગરીમાં મહારાજા શ્રેણિક છે, જે ભગવંતના પરમભક્ત છે, અભયકુમાર પણ અત્યંત ધર્મી જીવ છે, બીજા પણ અનેક શ્રદ્ધાળુ જન છે, છતાં ભગવંત મહાવીરે સુલસા શ્રાવિકાને જ ધર્મલાભ કહેવડાવ્યો, તેથી તેણી દૃઢ સમ્યક્ત્વ વ્રતધારી હોવી જોઈએ તેમ જણાય છે. માટે તેની કસોટી કરવી.

આ પ્રમાણે વિચારી અંબડે રાજગૃહી નગરી જઈને વિવિધ રૂપો વિકુર્વી સુલસાના સમ્યક્ત્વની કસોટી કરી. *(ગ્રંથકારો અહીં જણાવે છે કે–)* અંબડે પહેલા બ્રહ્માનું રૂપ ધારણ કર્યુ અને નગરના પૂર્વ દરવાજે બ્રહ્મા જેવી ઋદ્ધિ વિકુર્વી ત્યાં સ્થાન ગ્રહણ કર્યું. હજારો નર-નારી રાજગૃહીથી નીકળી તેનાં દર્શન કરવાને પહોંચ્યા, પણ સુલસા શ્રાવિકાને તે વાતનું લેશમાત્ર કુતૂહલ ન થયું. તે પોતાના

વ્રતમાં નિશ્ચલ રહી, પણ બ્રહ્માના દર્શને ન ગઈ. બીજે દિવસે અંબડે વિષ્ણુનું રૂપ વિકુર્વ્યું, એ જ રીતે ત્રીજે દિવસે અંબડે મહેશનું રૂપ વિકુર્વ્યું. રાજગૃહીના અનેક લોકો તેનાથી પ્રભાવિત થઈને દર્શનાર્થે ગયા. ન ગઈ એક સુલસાશ્રાવિકા, સુલસા તો અરિહંત દેવ પરત્વેની દૃઢ શ્રદ્ધાવાન્ શ્રાવિકા હતી. તેથી તેણી અર્હદ્ભક્તિમાં જ મગ્ન રહી.

છેવટે અંબડે તીર્થંકરનું રૂપ ધારણ કર્યું. સમોસરણ આદિ ઋદ્ધિનું યત્ કિંચિત્ પ્રદર્શન કર્યું. તો પણ સુલસા શ્રાવિકાને તેની કોઈ અસર ન થઈ. તેણીએ વિચાર્યું કે ભગવંત મહાવીર ભરત ક્ષેત્રની આ ચોવીસીના અંતિમ તીર્થંકર છે, તેના સિવાય બીજા કોઈ તીર્થંકર હોઈ ન શકે, માટે નક્કી આ કોઈ માયાવી છે અને જો શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા હોય તો મારી રોમરાજી વિકસ્વર થયા વિના રહે નહીં, માટે તેણી ત્યાં ગઈ નહીં.

આ રીતે સુલસા શ્રાવિકાની સમ્યકત્વ વ્રતમાં દૃઢતા જાણી અંબડ ઘણો પ્રસન્ન થયો, પોતાના મૂળ રૂપે સુલસા શ્રાવિકાને ઘેર ગયો. શ્રમણ ભગવંત મહાવીરે કહેલ ધર્મલાભ સંદેશ તેણીને આપ્યો. તેથી હર્ષિત થયેલી સુલસા શ્રાવિકા પોતાના સમ્યક્ત્વમાં સવિશેષ દૃઢ બન્યા.

૦ નિર્ગ્રન્થ ગુરુ પરત્વે સુલસાની દૃઢ ભક્તિ–

કોઈ વખતે નાગ સારથીએ સુલસાને કહ્યું કે તું પુત્રના વિષયમાં કેમ કંઈ પ્રયત્ન કરતી નથી ? સુલસાએ કહ્યું કે, આપણા તેવા શુભ કર્મો હશે તો અવશ્ય સંતાન થશે. તો પણ નાગસારથીએ કોઈ વૈદ્યના કહેવાથી ત્રણ લાખ સુવર્ણની મુદ્રા ખર્ચીને લક્ષપાક તેલની ત્રણ કૂપક તૈયારી કરાવી શીશા ભર્યા.

કોઈ વખતે ઇન્દ્રે દેવપર્ષદામાં સુલસાના સમ્યકત્વ વ્રતની દૃઢતા અને નિશ્ચલતાની પ્રશંસા કરી કે મેરૂ પર્વત કદાચ ચલાયમાન થાય, પણ નાગસારથીની પત્ની સુલસા શ્રાવિકાને કોઈ દેવ પણ ચલિત કરવા સમર્થ નથી. તે સાંભળીને કોઈ દેવે સુંદર શરીરવાળા સાધુનું (કોઈ કહે છે બે સાધુઓનું) રૂપ ધારણ કર્યું. સુલસાને ત્યાં ધર્મલાભ આપી, તેના ગૃહે પ્રવેશ કર્યો. સુલસાએ નિર્ગ્રન્થ મુનિના આગમનને જાણીને ઉભા થઈને વંદના કરીને પૂછયું કે હે ભગવંત ! આપના આગમનનું પ્રયોજન જણાવો અર્થાત્ આપને જે ખપ હોય તે કહો–

તે વખતે તે નિર્ગ્રન્થ મુનિએ જણાવ્યું કે, અમારા ગચ્છના કેટલાંક બીમાર સાધુઓ માટે લક્ષપાક તેલની આવશ્યકતા છે, જો તેનો યોગ હોય તો અમારે તેનો ખપ છે. લાખ લાખ સુવર્ણ મુદ્રાથી તૈયાર થયેલ અને પુત્ર પ્રાપ્તિના ઉપાય રૂપે વૈદ્યના કહેવાથી તૈયાર થયેલ એવું તેલ હોવા છતાં નિર્ગ્રન્થ પરત્વેની દૃઢ ભક્તિથી સુલસા આ યાચના સાંભળી અત્યંત હર્ષિત થઈ, તેલ લેવાને ઘરમાં ગઈ. જતા-જતા નિર્ગ્રન્થ મુનિને કહ્યું કે, હું આપને હમણાં જ આ તેલ વહોરાવું છું, મારા માટે જ આ તેલ તૈયાર થયેલ છે, તેથી પ્રાસુક અને નિર્દોષ છે, આપને કલ્પે તેવું જ છે. પરંતુ હજી તેણી તેલ લઈને બહાર આવી ત્યાં તેલની કૂપક (શીશો) પડીને ભાંગી

ગયો. બધું જ તેલ ઢોળાઈ ગયું. છતાં સુલસાને જરા પણ ગ્લાનિ ન થઈ, ગ્લાનિ રહિત એવી તેણી ફરી બીજી તેલની કૂપક લેવા ઘરમાં ગઈ, તેની પાસે હજી બીજા બે શીશા હતા. નિર્ગ્રન્થની અપૂર્વ ભક્તિનો અવસર તેણી જવા દેવા માંગતી ન હતી. પરંતુ બીજી તેલની કૂપક લાવી, તે પણ ભાંગી ગઈ અને બધું જ તેલ ઢોળાઈ ગયું. બે લાખ સુવર્ણમુદ્રાનું તેલ નાશ પામ્યું, તો પણ નિર્ગ્રન્થ મુનિની ભક્તિ રૂપ દૃઢ શ્રદ્ધાયુક્ત તેલની ત્રીજી કૂપક લેવા તેણી ઘરમાં ગઈ સાધુને વહોરાવવાના ભક્તિપૂર્વક ત્રીજી કૂપક લાવી તે પણ પડીને ભાંગી ગઈ.

આ રીતે પોતાના પુત્રની પ્રાપ્તિ અર્થે તૈયાર કરાયેલ અને ત્રણ લાખ સુવર્ણ મુદ્રાથી પકાવાયેલ બધું જ તેલ ઢોળાઈને વ્યર્થ ગયું. ત્યારે પણ સુલસાને આવું મહામૂલ્ય તેલ ઢોળાઈ જવાની કિંચિત્ પણ ગ્લાનિ ન થઈ, પરંતુ સાધુ ભગવંતને ખપ હતો, તેવી વસ્તુ ઘરમાં હોવા છતાં આપી ન શકી તે વાતે તેણી અત્યંત વ્યથિત થઈ ગઈ. તેણીની આંખમાં દુઃખ અને શોકથી અશ્રુ આવી ગયાં કે અરેરે ! આજે હું ગ્લાન સાધુના લાભથી વંચિત રહી. ત્યારે દેવે મૂળ સ્વરૂપ પ્રગટ કરી સુલસાના સમ્યકત્વ વ્રતની દૃઢતાની પ્રશંસા કરી અને બત્રીશ ગુટિકા આપી, જે ક્રમે ક્રમે ખાવાથી બત્રીશ પુત્રોને જન્મ આપી શકે.

૦ સુલસાની જિનપ્રણિત ધર્મમાં શ્રદ્ધા –

સુલસાના સમ્યક્ત્વની કસોટી કરવા આવેલા દેવે જ્યારે તેણીના દૃઢ સમ્યક્ત્વ વ્રતથી પ્રભાવિત થઈ તેણીને બત્રીશ ગુટિકા આપી ત્યારે ક્રમે-ક્રમે એક-એક ગુટિકા ખાવા કહેલું. પરંતુ સુલસાને મનમાં એવો વિચાર આવ્યો કે હું કેટલો કાળ આવું અશુચિ મર્દનાદિ કરીશ ? તેના કરતાં બત્રીશ ગુટિકા એક સાથે લઈ લઉં તો સર્વ ગુણસંપન્ન એવો બત્રીશ લક્ષણા એક સુંદર પુત્રને જન્મ આપું. એમ વિચારી તે બત્રીશ ગુટિકા એક સાથે ખાઈ ગઈ, દૈવયોગે તેણીના ગર્ભમાં એક સાથે બત્રીશ પુત્રો ઉત્પન્ન થયા. તેણીને ગર્ભની અસહ્ય પીડા થવા લાગી, ત્યારે દેવે આવીને તે પીડાનું નિવારણ તો કર્યું, પણ કહ્યું કે તારા આ બધાં પુત્રો સમાન આયુષ્યવાળા થશે અને એક સાથે મરણ પામશે.

પ્રસવ કાળે તેણીને બત્રીશ પુત્રો જન્મ્યા. શ્રેણિકની સદૃશ વયવાળા આ બધાં પુત્રો મોટા થયા. દેવદત્તા પુત્રો રૂપે ખ્યાતિ પામ્યા. બધાં એકબીજાથી અવિરહિતપણે રહેવા લાગ્યા. શ્રેણિક રાજાના સુભટો બન્યા. જ્યારે શ્રેણિક રાજા ચેલ્લણાને ભગાડીને વૈશાલીથી આવતા હતા, ત્યારે આ બત્રીશે ભાઈઓ એક સાથે મૃત્યુ પામ્યા. તે જાણી રાજા શ્રેણિક અત્યંત વ્યથિત થઈ ગયા. આવા સમયે પણ સુલસા શ્રાવિકાએ ધૈર્ય ન ગુમાવ્યું. અશુભ કર્મનો વિપાક છે એમ વિચારી જિનપ્રણિત ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન્ એવા તેણી સમ્યક્ત્વ વ્રતમાં નિશ્ચલ રહ્યા. તેથી જ ભગવંતે તેણીના દૃઢ વ્રતપણાને પ્રશંસ્યુ છે.

દૃઢ સમ્યક્ત્વધારી સુલસા શ્રાવિકા મૃત્યુ પામી દેવલોકે ગયા. ત્યાંથી ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીમાં તીર્થંકર થઈને મોક્ષે જશે.

● **आणंद** - આનંદ, આનંદ શ્રાવક.

ભગવંત મહાવીરના એક લાખ અને ઓગણસાઈઠ હજાર શ્રાવકો હતા. તેમાંના દશ શ્રાવકો-શ્રમણોપાસકની કથા "ઉપાસક દશાંગ" નામના સાતમા આગમ સૂત્રમાં આવે છે. તેમાં પહેલા ઉપાસક તે આ આનંદ શ્રાવક. તેઓ દૃઢ વ્રતપાલનના કારણે આગમ શાસ્ત્રોના પાને અંકિત થયા હતા.

વાણિજ્યગ્રામ નામે નગર હતું. ત્યાં આનંદ નામે ગાથાપતિ રહેતો હતો. તે અત્યંત ધનિક હતો. ૧૨ કરોડ સુવર્ણનો માલિક હતો અને ૪૦,૦૦૦ ગાયો તેની પાસે હતી. અનેક લોકો અને રાજા, મંત્રી આદિનો માન્ય હતો.

કોઈ વખતે ભગવંત મહાવીર વાણિજ્યગ્રામનગર નજીકના દૂતિપલાશ ચૈત્યમાં પધાર્યા. આનંદ ગાથાપતિ પણ બધાંની સાથે ભગવંતના દર્શન વંદન અને ધર્મ શ્રવણ અર્થે નીકળ્યો. ભગવંતની ધર્મ દેશના શ્રવણ કર્યા બાદ આનંદ ગાથાપતિએ બાર પ્રકારનો શ્રાવક ધર્મ દૃઢ શ્રદ્ધાથી અને વિધિપૂર્વક સ્વીકાર કર્યો - અંગીકાર કર્યો.

*(* આનંદ ગાથાપતિએ સ્વીકારેલ વ્રતોનું વર્ણન ઘણું જ વિસ્તારથી અને સુંદર રીતે ઉપાસકદસા આગમમાં વર્ણવાયેલ છે.)*

સમ્યક્ત્વ યુક્ત બાર વ્રતોને અંગીકાર કર્યા પછી આનંદ શ્રાવકે તે વ્રતોનું નિરતિચાર પરિપાલન કર્યું. તેની પત્ની શિવાનંદાને પણ બોધ પમાડીને શ્રમણ ભગવંત મહાવીર પાસે બાર વ્રત અંગીકાર કરાવ્યા. એ રીતે આનંદ શ્રાવકને દૃઢતાથી વ્રત પરિપાલન કરતા ચૌદ વર્ષ પસાર થયા. પછી સમગ્ર પરિવાર અને નગરના અગ્રણીઓની મધ્યે પોતાના પુત્રને સર્વ કાર્યભાર સોંપીને પૌષધશાળામાં જઈને રહ્યા. ત્યાં તેણે શ્રાવકની અગિયાર પડિમાનું યથા વિધિ, યથા સૂત્ર સમ્યક્ પ્રકારે પાલન કર્યું, આરાધન કર્યું.

છેલ્લે જ્યારે આનંદ શ્રાવકનું શરીર શુષ્ક, રૂક્ષ, માંસરહિત, અસ્થિપિંજર માત્ર થઈ ગયું, તેના શરીરની નાડીઓ દેખાવા લાગી ત્યારે ભોજન-પાનનું પ્રત્યાખ્યાન કરી અનશન અંગીકાર કર્યું, તેના પ્રભાવે તેને વિપુલ એવું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ભગવંત મહાવીરે પણ તેની શ્રાવકધર્મ સાધનાની પ્રશંસા કરી. વીશ વર્ષનો શ્રમણોપાસક પર્યાય પાલન કરીને છેલ્લે એક માસનું અનશન અને સંલેખના કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિમાં લીન બની તે મૃત્યુ પામ્યો. મૃત્યુ બાદ સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનમાં ઇશાન ખૂણામાં સ્થિત અરુણાભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં ચાર પલ્યોપમનું આયુ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.

● **कामदेवा य** - અને "કામદેવ" શ્રાવક

*(પૌષધ વ્રતની દૃઢતા અને ભગવંતે કરેલી પ્રશંસા એ બંને બાબતોને આવરી લેતું - પ્રસ્તુત કરતું એવું આ કથાનક છે.)*

ભગવંત મહાવીરના દશ મહાન્ ઉપાસકોમાં ખ્યાતિ પામેલ એવા આ કામદેવ

શ્રમણોપાસકનું નામ ઉપાસકદસા નામક સાતમાં આગમ સૂત્રમાં બીજા અધ્યયનમાં વિસ્તૃત કથા સહિત અંકિત થયેલું છે.

ચંપા નામક નગરીમાં કામદેવ નામે ગાથાપતિ થયો. તે અત્યંત સંપત્તિવાન્ અને ઋદ્ધિસંપન્ન હતો. અઢાર કરોડ સુવર્ણમુદ્રાઓ અને સાઈઠ હજાર ગાયો આદિ સંપત્તિનો માલિક હતો. અનેક નગરજનો અને રાજા, મંત્રી આદિનો સન્માનનીય પુરુષ હતો. સ્વપરિવારમાં સ્તંભ સમાન હતો.

કોઈ વખતે શ્રમણ ભગવંત મહાવીર ચંપા નગરીએ સમોસર્યા. કામદેવ ગાથાપતિ પણ આ સમાચાર સાંભળી આનંદ શ્રાવકની જેમ ઋદ્ધિ સહિત ભગવંતના દર્શન, વંદન અને ધર્મશ્રવણાર્થે ગયો. ભગવંતની દેશના સાંભળી કામદેવે પણ આનંદ શ્રાવકની માફક વિસ્તારથી શ્રાવકના બાર વ્રતોને સમ્યક્ત્વ સહિત સ્વીકાર્યા અને તેનું નિરતિચાર પાલન કરવા લાગ્યો. આ રીતે ચૌદ વર્ષ પર્યન્ત શ્રમણોપાસક પર્યાયનું પાલન કર્યા બાદ જ્યેષ્ઠ પુત્રને સર્વ ભાર ભળાવી પૌષધશાળામાં જઈને, એકાકી થઈ અદ્વિતીયપણે ઉપાસના રત થયો.

કોઈ વખતે પૌષધશાળામાં દૃઢપણે પૌષધ પ્રતિમાને વહન કરી રહેલા કામદેવ શ્રાવક પાસે મધ્યરાત્રિએ એક માયાવી મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થયો. તેણે ભયંકર, વિકરાળ, જોતાં જ થથરી જવાય તેવા પિશાચનું રૂપ ધારણ કર્યું. *(જેના સ્વરૂપનું અતિ વિસ્તૃત વર્ણન ઉપાસકદશા આગમસૂત્રથી જાણવું)* તે દેવે અત્યંત ક્રુદ્ધ અને રુષ્ટ થઈને કામદેવ શ્રમણોપાસકને તેના વ્રત-પ્રત્યાખ્યાન આદિનો ભંગ કરવાનું કહ્યું. જો કામદેવ શ્રાવક તેની આજ્ઞાને વશ ન થાય તો મારી નાંખવાની ધમકી આપી. ટુકડે ટુકડા કરી નાંખીશ તેમ કહ્યું. તો પણ તે કામદેવ પોતાના વ્રતમાં દૃઢ રહ્યો, લેશ માત્ર ચલિત ન થયો.

તેને પૌષધવ્રતમાં નિશ્ચલ જાણી, તે પિશાચ રૂપ દેવે પોતાનું સ્વરૂપ વધુ વિકરાળ બનાવી, તીક્ષ્ણ ધારવાળી તલવાર બતાવી કામદેવના ટુકડે ટુકડા કરી નાંખવાની બીજી અને ત્રીજી વખત પણ ધમકી આપી. તો પણ કામદેવને નિશ્ચલ જાણી તેની પૌષધાદિ વ્રતની દૃઢતાને ખતમ કરવા માટે કામદેવના શરીરના ટુકડા કર્યા. પછી પિશાચ રૂપનો ત્યાગ કરીને હાથીનું રૂપ વિકુર્વ્યું. હાથી રૂપે સૂંઢથી ઉચકીને કામદેવ શ્રાવકને ફંગોળ્યો, દંતશૂળ વડે પ્રહાર કર્યા તો પણ કામદેવ ક્ષુભિત ન થયો, ભયભીત કે ત્રસ્ત ન થતાં નિશ્ચલ રહ્યો.

ત્યાર પછી તે દેવે હાથીનું રૂપ છોડીને સર્પનું રૂપ ધારણ કર્યું જે મહાકાય, કાજળ જેવો કાળો, મોટી ફણા અને લાલ ચમકતી આંખોવાળો, દુર્દાંત અને રોષથી ભરેલો હતો. તે સર્પે કામદેવ શ્રાવકના શરીરને વીંટી દીધું, દાઢો વડે ડંખ માર્યા, અનેક પ્રકારે વિડંબણા પહોંચાડી, તો પણ કામદેવ શ્રાવક નિર્ભય અને સ્થિર રહ્યો, પૌષધ પ્રતિમાંથી લગીર પણ ચલિત ન થયો. તેણે તે તીવ્ર, વિપુલ, અત્યધિક કર્કશ, પ્રગાઢ, અતિ તીવ્ર, પ્રચંડ, દુઃખદાયક અને દુસ્સહ વેદનાને શાંતિથી સહન કરી, ક્ષમા અને તિતિક્ષા પૂર્વક અધ્યાસિત કરી, ત્યારે તે માયાવી દેવે કામદેવને

નિર્ભય અને ધર્મધ્યાનમાં સ્થિર જોઈને તેમજ તેને નિર્ગ્રંથ પ્રવચનથી વિચલિત, ક્ષુભિત અને વિપરિણામિત ન કરી શકવાથી ઉત્તમ દિવ્ય દેવ રૂપ પ્રગટ કર્યું, કામદેવ શ્રાવકની વ્રતની દઢતાની પ્રશંસા કરી, ક્ષમાયાચના કરી અને પાછો ગયો, ત્યાર પછી કામદેવે પ્રતિમા પારી.

તે કાળે શ્રમણ ભગવંત મહાવીર ચંપા નગરી બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં જ વિચરતા હતા. તેથી કામદેવ તેમની પર્યુપાસના કરવા ગયો. પછી ભગવંતે સ્વમુખે કામદેવને થયેલા ભયંકર ઉપસર્ગ અને કામદેવની વ્રત દઢતાની પ્રશંસા કરી. શ્રમણ-શ્રમણીઓને પણ સંબોધન કરતા કહ્યું કે, જો શ્રમણોપાસક ગૃહસ્થ પણ ગૃહસ્થાવસ્થામાં રહેવા છતાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે છે, ખમે છે, તિતિક્ષા સહિત અધ્યાસિત કરે છે. તો હે આર્યો ! શ્રમણ નિર્ગ્રન્થોએ તો અવશ્ય આવા ઉપસર્ગોને ખમવા અને સહન કરવા જોઈએ.

● **जास पसंसइ भयवं दढव्वयत्तं महावीरो** - જેમના દઢવ્રતપણાની પ્રશંસા સ્વયં ભગવંત મહાવીરે કરેલી છે.

○ जास - જેમનાં, આ પદનો સંબંધ 'દઢવ્વયત્તં' સાથે છે.

○ पसंसइ - પ્રશંસે છે, પ્રશંસા કરે છે.

– દર્શનાચારના આઠ ભેદો કહ્યા છે - તેમાંનો પાંચમો આચાર છે 'ઉપબૃંહણા' ઉપબૃંહણાનો અર્થ છે "ધર્મપ્રશંસા". કોઈએ જૈનશાસનને વિશે મોટો ઉદ્યોત્ કર્યો હોય કે સ્વયં દઢતા અને નિશ્ચલતાપૂર્વક ધર્મારાધના કરી હોય, સમ્યક્ત્વને શોભાવ્યુ હોય ઇત્યાદિ તેમના વિશિષ્ટ ગુણોની ગુરુજનો દ્વારા થતી "પ્રશંસા" તે આત્માના ભાવોની વૃદ્ધિ કરે છે તેમજ અન્યજનોને પણ પ્રેરણાદાયી બને છે.

– અહીં ભગવંત મહાવીરે સમોસરણમાં કામદેવ આદિની જે પ્રશંસા કરી તેને આશ્રીને સૂત્રકારશ્રીએ શબ્દ મૂક્યો છે – "पसंसइ" પ્રશંસે છે.

○ भयवं - ભગવંત. આ પદનો સંબંધ 'महावीर' સાથે છે.

○ महावीरो - શ્રમણ ભગવંત મહાવીર, આપણા આ ભરતક્ષેત્રની આ ચોવીસીના છેલ્લા તીર્થંકર પરમાત્મા.

**આ રીતે બે ગાથાનું વિવેચન કર્યુ** - જેમાં પહેલી ગાથામાં "પૌષધ પ્રતિમાનું પાલન" એ મુખ્ય વાત હતી અને બીજી ગાથામાં ભગવંતે જેમના "દઢ વ્રતપણાની પ્રશંસા" કરી એ મુખ્ય વાત હતી. પૌષધ પારતી વખતે પ્રથમ ગાથાના સ્મરણ દ્વારા "પૌષધ કેવી દઢતાથી કરવો જોઈએ ?" તેની પ્રેરણા મળે છે અને બીજી ગાથા દ્વારા "વ્રતપાલનની દઢતા ગુરુજનો પણ પ્રશંસે છે" તે કથનથી ધર્મ ભાવોની વૃદ્ધિ માટેનું ચાલકબળ જણાવ્યું છે.

**○ હવે સૂત્રમાં કહેવાયેલ ગુજરાતી ગદ્ય-પાઠનું વિવેચન કરીએ છીએ–**

– પોસહ સંબંધી પાઠ અને સામાયિક સંબંધી પાઠ - (સૂત્ર-૧૦ સામાઇય વયજુત્તો) બંનેની તુલના કરો. સામાયિક પારવા માટે બોલાતો વિધિપાઠ અને પોસહ પારવા માટે બોલાતો વિધિપાઠ બંને સંપૂર્ણ સામ્યતા ધરાવે છે. માત્ર અહીં "સામાયિક" શબ્દને સ્થાને "પોસહ" શબ્દ પ્રયોજાયેલ છે, તે સિવાય કોઈ જ ફેરફાર આ પાઠોમાં જણાતો નથી.

*(વિવેચન માટે સૂત્ર-૧૦ "સામાઇય વયજુત્તો" સામાયિક પારણ સૂત્ર ખાસ જોવું, પોસહ સંબંધી વિશેષ વિવેચન અહીં કરેલ છે–)*

**૦ પોસહ વિધિએ લીધો૦ ઇત્યાદિ...**

આ વાકયોમાં "મિચ્છા મિ દુક્કડં" એ મહત્ત્વનું પદ છે. *(આ પદની વિસ્તૃત વ્યાખ્યા સૂત્ર-૫ "ઇરિયાવહી"ના વિવેચનમાં કરાયેલી જ છે. તે ખાસ જોવી. તદુપરાંત 'મિચ્છા મિ દુક્કડં' પદ સૂત્ર-૧૦, સૂત્ર-૨૬, સૂત્ર-૨૭, સૂત્ર-30 થી 3૪, સૂત્ર-3૬ વગેરેમાં આવેલું જ છે. તેથી અહીં માત્ર આ પદનો સંબધ જ વિચારવાનો છે.)*

– અહીં 'મિચ્છા મિ દુક્કડં' પદ થકી પોસહવિધિ સંબંધી સ્ખલનાની માફી માંગવામાં આવી છે. આ માફી ત્રિકરણ યોગે માંગેલ છે તેથી "મન, વચન, કાયાએ કરી" એવા શબ્દો મૂક્યા છે. અર્થાત્ સ્ખલનાઓ માટે હું મનથી, વચનથી અને કાયાથી એ ત્રણે પ્રકારે માફી માંગુ છું.

– 'પોસહ' સાથે ત્રણ વાક્યો સૂત્રમાં મૂકાયા છે – (૧) વિધિએ લીધો, વિધિએ પાર્યો અને (3) વિધિ કરતા જે કાંઈ અવિધિ હુઓ હોય.

અહીં જે મન, વચન, કાયાથી પોતાના દુષ્કૃતો મિથ્યા થાઓ તેવો જે ભાવ રજૂ કયો છે, તે આ પૌષધ સંબંધી થયેલ અવિધિના સંદર્ભમાં છે. ભલે પૌષધ લીધો પણ વિધિપૂર્વક હોય અને પાર્યો પણ વિધિપૂર્વક હોય, છતાં લેતા-પારતા કે પાલન કરતા કંઈ અવિધિ થઈ હોય તેનું 'મિચ્છા મિ દુક્કડં' છે.

૦ વિધિએ લીધો અને વિધિએ પાર્યો એટલે શું ?

– પૌષધ લેવા માટે ઇરિયાવહીથી આરંભીને કરાતી પૌષધ પ્રતિજ્ઞા તથા સામાયિક ગ્રહણ આદિ સર્વે વિધિની પરિપાલના કરવી.

– પૌષધ દરમ્યાન પડિલેહણ, દેવવંદન, સજ્ઝાય, ગુરુવંદન, જિનદર્શન, ગમણાગમણે આલોચના, પચ્ચક્ખાણ પારવું, પછીનું ચૈત્યવંદન ઇત્યાદિ જે કોઈ વિધિઓ પૌષધ વ્રતમાં કરવાની હોય તે સર્વેની યથા વિધિ, યથા સૂત્ર, બહુમાનપૂર્વક પરિપાલના કરવી જોઈએ.

– પૌષધ પારતી વખતે પણ પુનઃ આ પૌષધ વ્રત ગ્રહણ કરવાના ભાવપૂર્વક પારવાની નિયત વિધિનું પાલન કરવું જોઈએ.

એ રીતે "પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો" વાક્યથી લેવા અને પારવાની સાથે સાથે પૌષધવ્રત દરમિયાનની સર્વે વિધિ પણ સૂત્રાનુસાર અને નિયત કરાયેલ વિધિપૂર્વક, સબહુમાન સર્વે ક્રિયાઓ અંતર્ભૂત જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૦ પોસહના અઢાર દોષમાંહિ :-**

જેમ સામાયિક પારતી વખતે સામાયિકના બત્રીશ દોષ સંબંધી "મિચ્છા મિ દુક્કડં" દેવામાં આવે છે. તેમ અહીં પોસહ સંબંધી અઢાર દોષોનું "મિચ્છા મિ દુક્કડં" આપવાનું કથન છે. તો આ અઢાર દોષ ક્યા ક્યા ?

(૧) પૌષધ ન કર્યો હોય તેમનું કે તેમણે લાવેલું પાણી વાપરે :-

– પૌષધમાં દેશથી આહાર પૌષધ કર્યો હોય ત્યારે જેઓ પૌષધવ્રત રૂપ વિરતિથી રહિત છે, તેવા બીજા શ્રાવક કે ગૃહસ્થના લાવેલા આહાર કે પાણી વાપરવા - ગ્રહણ કરવા તે પહેલો દોષ કહ્યો છે.

(૨) સ્વાદિષ્ટ આહાર જમવો :-

– પૌષધમાં દેશથી આહાર પૌષધ કર્યો હોય તો એકાસણામાં સ-રસ એટલે કે પ્રણિત રસ પૂર્વકનો કે સ્વાદ પોષક એવો આહાર વાપરવો.

(૩) પારણાની ચિંતા કરવી :-

પૌષધ કદાચ સર્વથી પણ કર્યો હોય એટલે ચોવીહારો ઉપવાસ પણ હોય કે દેશથી પણ કર્યો હોય પણ પૌષધ પૂર્ણ થયે પારણું ક્યારે કરીશ ? કેવું કરીશ ? કઈ કઈ સામગ્રીઓ વાપરીશ ઇત્યાદિ ચિંતા પૌષધ વ્રત દરમિયાન કરે.

ઉપલક્ષણથી પૌષધના પૂર્વના દિવસે વિવિધ પ્રકારની સામગ્રી વાપરવી અને ઉત્તર પારણું અથવા અંતરવારણું કરવું તેનો પણ આ દોષમાં જ સમાવેશ થાય છે.

(૪) શરીર શોભા વધારવી :-

પૌષધવ્રત અંગીકાર કર્યા પછી શરીર સત્કારનો સર્વથા ત્યાગ છે, પૂર્વે તો શરીર સત્કાર ત્યાગ નથીને એમ વિચારીને ઘેરથી શરીર શોભા કરીને જ પૌષધ લેવા આવે તેને પૌષધનો ચોથો દોષ કહ્યો છે.

(૫) વસ્ત્રો ધોવડાવવા :-

પૌષધ વ્રત દરમિયાન તો વસ્ત્રો ધોઈ કે ધોવડાવી શકાતા નથી. તેથી હું પહેલાં જ ધોવડાવી દઉં, એમ વિચારી પૌષધ નિમિત્તે વસ્ત્રો ધોવડાવે.

(૬) ઘરેણાં પહેરવા :-

પૌષધ નિમિત્તે આભૂષણ-અલંકાર ઘડાવવો તેમજ પૌષધ વખતે અલંકારોને ધારણ કરવા, તે શરીર સત્કારાદિ દોષ રૂપ જ છે.

(૭) વસ્ત્રો રંગાવવા :-

પૌષધમાં વસ્ત્રો મેલા ન થાય કે નવા લાગે માટે રંગાવી તૈયાર કરવા.

(૮) શરીરનો મેલ ઉતારવો :-

પૌષધમાં શરીર સત્કારનો અને સ્નાનાદિકનો ત્યાગ હોય છે. ચોસઠ પહોરી પૌષધ કર્યા હોય, આઠ-આઠ દિવસમાં તો ઘણો મેલનો થર જામી જવાનો. તેથી બેઠા બેઠા શરીરનો મેલ ઉતારે તે પૌષધનો આઠમો દોષ કહ્યો છે.

(૯) કસમયે સુવું :-

પૌષધ દરમિયાન દિવસના સૂઈ રહે કે નિદ્રા લે, રાત્રે પણ સંથારાપોરિસિ

ભણાવ્યા પહેલાં જ (બીજા પ્રહર પહેલાં જ) સૂઈ જાય તે દોષ છે.

(૧૦ થી ૧૩) વિકથા કરે :-

પૌષધ વ્રત અંગીકાર કર્યા પછી રાજ્ય સંબંધી, ભોજન સંબંધી, દેશ સંબંધી અને અથવા સ્ત્રીના સંબંધમાં કથા કરે અર્થાત્ વાતો કરે તે દોષ છે.

(૧૪) પારિષ્ઠાપનિકામાં ભૂલ :-

પૌષધ દરમ્યાન પૂંજ્યા કે પ્રમાર્જ્યા વિના માત્રક લઈ લઘુનીતિ કે વડીનીતિ કરે અને અપ્રમાર્જિત, અપડિલેહિત ભૂમિમાં પરઠવે તે દોષ.

(૧૫) પરનિંદા કરે :-

જો કે શ્રાવકે અઢારે પાપસ્થાનકોનું વર્જન કરવાનું છે, પણ આ પ્રવૃત્તિની વિશેષતા દર્શાવતા અહીં કહ્યું છે કે, પારકી નિંદાનો ત્યાગ કરવો જોઈએ.

(૧૬) પૌષધમાં ચોર કે ચોરીની વાતો કરે.

(૧૭) સરાગ દૃષ્ટિએ સ્ત્રીના અંગોપાંગ નીરખીને જુએ.

(૧૮) અવિરતિ ગૃહસ્થ સંબંધી વાર્તાલાપ કરવો :-

પૌષધમાં - પૌષધ નહીં લીધેલા એવા અવિરતિ માતા, પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી, પરિવાર વગેરે સંબંધી કંઈ વાર્તાલાપ કરે.

પૌષધના આ અઢારે દોષોમાંથી એક પણ દોષનું સેવન પૌષધ વ્રતધારીએ કરવું જોઈએ નહીં. (જો થયો હોય તો શું કરવું ? તે જણાવે છે–

**૦ જે કોઈ દોષ લાગ્યો હોય૦.....**

— ઉક્ત અઢાર દોષમાંથી જે કોઈ દોષ પૌષધવ્રત દરમ્યાન થયો હોય તે સર્વે દોષોનું મન વડે, વચન વડે અને કાયા વડે "મિચ્છા મિ દુક્કડં" મારું તે દુષ્કૃત્ મિથ્યા થાઓ. એ પ્રમાણે ત્રિકરણ યોગે માફી માંગે.

**■ વિશેષ કથન :-**

— આ સૂત્ર બે વિભાગમાં અને બે ભાષામાં ગુંથાયેલું છે - આરંભમાં બે ગાથાઓ છે, જે 'ગાહા' નામ છંદમાં છે - પદ્ય સ્વરૂપે છે. તેની ભાષા પ્રાકૃત છે. પછીનો જે પાઠ છે તે ગદ્યમાં છે અને ગુજરાતી ભાષામાં છે.

— આ આખી સૂત્ર યોજના સૂત્ર-૧૦ "સામાઇય વયજુત્તો" સૂત્ર અનુસાર થયેલી હોય તેવી લાગે છે. કેમકે 'સામાઇય વયજુત્તો'માં પણ પહેલી બે ગાથા પ્રાકૃત ભાષામાં, પદ્યરૂપે છે - આ સૂત્રમાં પણ તેમજ છે. પછીના જે ગદ્યખંડો છે. તેમાં પહેલો ગદ્યખંડ સંપૂર્ણપણે બંનેમાં સમાન જ છે, માત્ર 'સામાયિક' શબ્દને સ્થાને "પોસહ" શબ્દ મૂકેલ છે. બીજા ગદ્ય ખંડમાં દોષોનું "મિચ્છા મિ દુક્કડં" છે તેમાં દોષોની સંખ્યા બદલાયા પછી બાકીનું લખાણ બંને સૂત્રોમાં સમાન જ છે.

— આ સૂત્રનો ઉપયોગ ક્રિયામાં - માત્ર પૌષધ પારતી વખતે થાય છે, અન્યત્ર આ સૂત્રનો કોઈ ઉપયોગ બીજી ક્રિયામાં થતો નથી.

— આ સૂત્રની પહેલી ગાથામાં સાગરચંદ્ર આદિને ધન્યવાદ આપવાનું કારણ એ પ્રમાણે જણાવ્યું કે તેઓએ પોતાની પૌષધ પ્રતિજ્ઞા મરણ તુલ્ય કષ્ટ આવ્યું તો

પણ ખંડિત થવા દીધી નથી. શાસ્ત્રોમાં સૂર્યયશા રાજા સુવ્રતશેઠ આદિ બીજા પણ આવા દૃષ્ટાંતો નોંધાયેલા છે. જે સર્વે કથાનકોનો એક માત્ર નિષ્કર્ષ એ છે કે, મનુષ્યએ લીધેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ નાના-મોટા કોઈપણ વિઘ્ન ઉત્પન્ન થાય તો પણ પૂર્ણ કરવા પ્રતિબદ્ધ રહેવું જોઈએ. જેઓ પ્રતિજ્ઞાનું પરિપાલન પૂર્ણતયા ન કરતા ચલિત થઈ જાય છે, તે અધન્ય છે. આવા નિઃસત્વ જીવો આ લોકમાં લોકનિંદાને પામે છે અને 'પરલોકમાં પણ દુર્ગતિના અધિકારી બને છે.

– આ સૂત્રની બીજી ગાથામાં દૃઢ વ્રત પાલન કર્તા આત્માઓની શ્રમણ ભગવંત મહાવીરે કરેલી પ્રશંસાનું કથન છે. જેમાં સુલસા આદિના દૃષ્ટાંત છે. આવા બીજા પણ દૃષ્ટાંતો આગમ શાસ્ત્રોના પાને નોંધાયેલા છે. જેમકે સદ્દાલપુત્ર શ્રાવક, અણગાર ધન્નો કાકંદી, અણગાર ઢંઢણ ઋષિ, મેતારજ મુનિવર ઇત્યાદિના દૃઢવ્રતપણાને પરમાત્માએ પ્રશંસેલ છે. આવા દૃઢપ્રતિજ્ઞ મહાપુરુષ કે મહાસતીઓના જીવન આરાધક આત્માઓના જીવનમાં માર્ગદર્શક બને તે પ્રસ્તુત ગાથાનો મુખ્ય ધ્વનિ છે.

પછીના ગદ્ય ખંડોમાં 'વિધિ'નું માહાત્મ્ય રજૂ કરે છે. પ્રત્યેક ધર્માનુષ્ઠાન પછી તે સામાયિક હોય, પ્રતિક્રમણ હોય, પૂજા-પૂજન હોય કે અન્ય કોઈ પણ, તે સર્વે સૂત્રોક્ત વિધિ અનુસાર થવા જોઈએ. તે પ્રમાણે પૌષધની આરાધના પણ વિધિપૂર્વક જ કરવી જોઈએ. તેમ છતાં પ્રમાદવશ કે સહસા કાર્યથી જો કોઈ ભૂલ કે સ્ખલના થઈ ગઈ હોય તો તે સંબંધે પોતાની ભૂલનો એકરાર-પશ્ચાત્તાપ અને પોતાના દુષ્કૃત્ માટે માફી માંગવી જોઈએ તે વાત જણાવી છે.

આ અનુષ્ઠાન પર્વ દિવસોમાં અવશ્ય કરવું તેવો શાસ્ત્ર ધ્વનિ છે. અન્ય દિવસોમાં પણ તે આવકાર્ય તો છે જ. આ અનુષ્ઠાન યોગ હોય ત્યાં સુધી ગુરુ મહારાજની નિશ્રામાં જ કરવું જોઈએ. કેમકે સાધુજીવનની તાલીમનો આ શિક્ષાવ્રતનો મુખ્ય ઉદ્દેશ છે.

## ■ સૂત્ર-નોંધ :-

આ સૂત્ર આવશ્યકાદિ કોઈ આગમમાં જોવા મળતું નથી. તેમજ સ્પષ્ટતયા તેના કોઈ આધાર સ્થાનની મૂળભૂત માહિતી પણ મળેલ નથી. માત્ર એટલું કહી શકાય કે "સામાઇય વયજુત્તો" સૂત્ર સાથે આ સૂત્ર ઘણી સામ્યતા ધરાવે છે.

——×——×——

સૂત્ર-૫૪

# સંથારા-પોરિસિ-સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં નમસ્કાર, સંથારો કરવા માટેની આજ્ઞા, સંથારો કરવાની વિધિ, જાગવું પડે ત્યારે શું કરવું ?, મંગલ આદિ ભાવનાપૂર્વક શરણનો સ્વીકાર, અઢાર પાપસ્થાનકોનો ત્યાગ તથા ત્યાગ શા માટે કરવો ? તેનું કારણ, આત્માનું શાસન, સર્વ સંબંધ ત્યાગ, સમ્યકત્વ સ્વીકાર કથન, ક્ષમાપના અને સર્વ પાપોનું મિચ્છા મિ દુક્કડં આદિ વિષયોનો સુંદર સમન્વય કરેલ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**"નિસીહિ, નિસીહિ, નિસીહિ"**

**નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણીણં**

*(આ પાઠ બોલી પછી 'નવકારમંત્ર' અને પછી 'કરેમિભંતે' બોલવું. આટલા પાઠો ત્રણ વખત બોલ્યા પછી નીચે મુજબ પોરિસિ ભણાવવી.)*

**અણુજાણહ જિટ્ઠજ્જા !** *(અથવા જિટ્ઠિજ્જા)*
**અણુજાણહ પરમ-ગુરૂ ! ગુરુ ગુણ રયણેહિં મંડિય-સરીરા !;**
**બહુ-પડિપુન્ના પોરિસી, રાઇય-સંથારએ ઠામિ.** ૧
**અણુજાણહ સંથારં, બાહુ વહાણેણ વામ-પાસેણં;**
**કુક્કુડિ-પાય-પસારણ, અતરંત પમજ્જએ ભૂમિં.** ૨
**સંકોઇય સંડાસા, ઉવટ્ટંતે અ કાય-પડિલેહા;**
**દવ્વાઈ-ઉવઓગં, ઉસ્સાસ-નિરુંભણા લોએ.** ૩
**જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ;**
**આહારમુવહિ-દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં.** ૪
**ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;**
**સાહૂ મંગલં, કેવલિ-પન્નત્તો ધમ્મો મંગલં.** ૫
**ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,**
**સાહૂ લોગુત્તમા, કેવલિ-પન્નત્તો ધમ્મો લોગુત્તમો.** ૬
**ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,**
**સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ.**
**– કેવલિ પન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ.** ૭
**પાણાઇવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણ-મુચ્છં;**
**કોહં માણં માયં, લોહં પિજ્જં તહા દોસં.** ૮

કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઇ-અરઇ-સમાઉત્તં;
પર-પરિવાયં માયા-મોસં મિચ્છત્ત-સલ્લં ચ. ૯
વોસિરિસુ ઇમાઇં મુક્ખ મગ્ગ-સંસગ્ગ-વિગ્ઘભૂઆઇં;
દુગ્ગઈ-નિબંધણાઇં, અટ્ઠારસ પાવ-ઠાણાઇં. ૧૦
એગો હં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઇ;
એવં અદીણ-મણસો અપ્પાણમણુ સાસઇ. ૧૧
એગો મે સાસઓ અપ્પા, નાણ-દંસણ-સંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગ-લક્ખણા. ૧૨
સંજોગ-મૂલા જીવેણ, પત્તા દુઃખ-પરંપરા;
તમ્હા સંજોગ-સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩
અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો
જિણ પન્નત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિયં. ૧૪

*(✱ આ ગાથા-૧૪મી ત્રણ વખત બોલવાની પરંપરા છે, ત્યારપછી શ્રાવકો સાત નવકાર ગણે - શ્રમણો માટે ત્રણ નવકાર ગણવાની સામાચારી પ્રવર્તે છે, ત્યારપછી નીચેની ત્રણ ગાથાઓ બોલે.)*

ખમિઅ ખમાવિઅ મયિ ખમહ, સવ્વહ જીવ-નિકાય;
સિદ્ધહ સાખ આલોયહણ, મુજ્ઝહ વઇર ન ભાવ. ૧૫
સવ્વે જીવા કમ્મ-વસ, ચઉદહ રાજ ભમંત,
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત. ૧૬
જં જં મણેણ બદ્ધં, જં જં વાયાએ ભાસિઅં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. ૧૭

■ **સૂત્ર-અર્થ :-**

– (નિસીહિ) - સ્વાધ્યાય આદિ સર્વે પ્રવૃત્તિઓનો હવે હું નિષેધ કરું છું - નિષેધ કરું છું - નિષેધ કરું છું (અર્થાત્ બંધ કરું છું.)

– ક્ષમાશ્રમણ-ગૌતમ આદિ મહામુનિઓને મારા નમસ્કાર થાઓ.

– હે જ્યેષ્ઠ આર્યો ! મને અનુજ્ઞા આપો.

*(હવે સંથારા પોરિસિના પદ્યનો અનુવાદ શરૂ થાય છે. તેથી ગાથા ક્રમાંક હવેના 'સૂત્રાર્થ'થી આપેલો છે–)*

(૧) ઉત્તમ એવા ગુણરૂપી રત્નોથી મંડિત-વિભૂષિત દેહવાળા હે પરમગુરુઓ ! (અર્થાત્ શ્રેષ્ઠ ધર્મગુરુઓ !) પ્રથમ પોરિસી સારી રીતે પરિપૂર્ણ થઈ છે. માટે રાત્રિના સંથારાને વિશે સ્થિર થવાની (સંથારો કરવા માટેની-સૂવાની) મને અનુજ્ઞા આપો.

(૨) હે ભગવન્ ! મને સંથારાની અનુજ્ઞા આપો.

*(આ ગાથામાં સંથારો કઈ રીતે કરવો તેની વિધિ કહે છે–)*

હાથનું ઓશીકું કરવા વડે, ડાબે પડખે સૂઈને તથા કૂકડીની જેમ પગને

સંકોચીને રાખવા વડે (હું શયન કરવા ઇચ્છું છું)

પણ જો તે રીતે પગ રાખી ન શકું તો હું ભૂમિનું પ્રમાર્જન કરીને પછી પગને લાંબા કરીશ (તે અંગેની આપ મને અનુજ્ઞા આપો.)

(૩) સંકોઇઅ૦ (પદોથી સંથારાનો વિધિ આગળ કહે છે–)

– જો પગ લાંબા કર્યા પછી સંકોચવા પડે તો ઢીંચણ પૂંજીને સંકોચવા.

– જો પડખું ફેરવવું હોય તો શરીરનું-ભૂમિનું પ્રમાર્જન કરી ફેરવવું.

– જો કાય ચિંતાદિ માટે ઉઠવું પડે તો–

નિદ્રાનું નિવારણ કરવા માટે પહેલા દ્રવ્યાદિનો ઉપયોગ મૂકવો અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની વિચારણા કરવી.

તેમ છતાં જો નિદ્રા ન ઉડે તો - હાથ વડે નાકને પકડીને ઉચ્છ્વાસને રોકવો અને તેવી રીતે જ્યારે બરાબર નિદ્રા ઉડી જાય ત્યારે પ્રકાશવાળા અર્થાત્ કિંચિત્ ઉજાસવાળા દ્વાર સામે જોવું.

(૪) જો મારા દેહનું આ રાત્રિએ જ મરણ થાય તો મેં આહાર, ઉપધિ-ઉપકરણ અને દેહને-શરીરને મનથી, વચનથી અને કાયાથી અત્યારે વોસિરાવ્યા છે અર્થાત્ તેનો ત્યાગ કરેલ છે.

(૫) ચાર (પદાર્થો) મંગલ(રૂપ) છે - (તે આ પ્રમાણે–)

(૧) અરિહંતો મંગલ (રૂપ) છે, (૨) સિદ્ધો મંગલ (રૂપ) છે.

(૩) સાધુઓ મંગલ (રૂપ) છે. (૪) કેવલિ પ્રરૂપિત ધર્મ મંગલ છે.

(૬) ચાર (પદાર્થો) લોકમાં ઉત્તમ છે.

(૧) અરિહંતો લોકોત્તમ છે. (૨) સિદ્ધો લોકોત્તમ છે

(૩) સાધુ લોકોત્તમ છે (૪) કેવલિ પ્રરૂપિત ધર્મ લોકોત્તમ છે.

(૭) હું ચારના શરણને સ્વીકારું છું –

(૧) હું અરિહંતોના શરણનો સ્વીકાર કરું છું.

(૨) હું સિદ્ધોના શરણનો સ્વીકાર કરું છું.

(૩) હું સાધુઓના શરણનો સ્વીકાર કરું છું.

(૪) હું કેવલિ ભગવંતે ભાખેલા ધર્મના શરણનો સ્વીકાર કરું છું.

*(✱ હવે અઢાર પાપસ્થાનકના નામ જણાવે છે–)*

(૮,૯) (૧) પ્રાણાતિપાત - હિંસા, (૨) મૃષાવાદ-જૂઠ, (૩) અદત્તાદાન. ચોરી, (૪) મૈથુન - અબ્રહ્મ, (૫) પરિગ્રહ, – (ધન વગેરેનો સંચય કરવો)

(૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (એ ચાર કષાયો)

(૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) રતિ-અરતિ, (૧૬) પરપરિવાદ, (૧૭) માયા મૃષાવાદ, (૧૮) મિથ્યાત્વશલ્ય.

*(✱ આ પાપસ્થાનકોનો ત્યાગ કરવાનું કારણ જણાવે છે–)*

(૧૦) આ અઢાર પાપસ્થાનકો મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણરૂપ હોવાથી હું (આ અઢારે પાપસ્થાનકોને) વોસિરાવું છું અર્થાત્ ત્યાજ્ય એવા આ પાપસ્થાનકોનો હું ત્યાગ કરું છું.

(૧૧) "હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી."

આ પ્રમાણે અદીન મનથી (ગ્લાનિ રહિતપણે) વિચારતો પોતાના આત્માને અનુશાસિત કરે અર્થાત્ સમજાવે.

(૧૨) *(આત્માને અનુશાસિત કરવા તે આગળ આમ વિચારે–)*

– જ્ઞાન અને દર્શનથી સંયુક્ત એવા મારો આ એક આત્મા જ શાશ્વત છે.

– (જ્યારે) બીજા બધા (તો) સંયોગ-લક્ષણ રૂપ ઉત્પન્ન થયેલા એવા (આત્મા સિવાયના સર્વે) બહિર્ભાવો છે.

(૧૩) મારા જીવે દુઃખની પરંપરા (કર્મ કે સંબોધરૂપ) સંયોગથી જ પ્રાપ્ત કરેલી છે. તેથી એ સર્વે (કર્મ) સંયોગથી ઉત્પન્ન થયેલા સર્વ સંબંધોને (રાગને) હું ત્રિવિધે અર્થાત્ મન, વચન, કાયાથી વોસિરાવું છે. (મેં સંયોગ જન્ય એવા સર્વ સંબંધોને ત્રિવિધે વોસિરાવ્યા છે - ત્યજેલ છે.)

(૧૪) જીવનપર્યન્ત - હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી "અરિહંત (પરમાત્મા)એ જ મારા દેવ છે, સુસાધુ (મહારાજો) એ જ મારા ગુરુ છે. જિનોએ (જિનેશ્વર ભગવંતોએ) કહેલ તત્ત્વ અર્થાત્ સિદ્ધાંતો એ જ મારો ધર્મ છે."

આ પ્રમાણેનું સમ્યક્ત્વ મેં ગ્રહણ કરેલ છે.

(૧૫) હું બીજા જીવોને ખમીને (ક્ષમા કરીને) - તેમની પણ ક્ષમા માંગુ છું એટલે કે ખમાવું છું, તે સર્વે જીવો પણ મને ક્ષમા કરો. *(અહીં ત્રણ વાત કહી છે–)*

*(૧) હું બીજા જીવોને ક્ષમા કરું છું - ખમું છું*

*(૨) તેઓની પાસે મારા અપરાધોની ક્ષમા માંગુ છું - ખમાવું છું*

*(૩) સર્વે (છ કાયના જીવો) પણ મને ક્ષમા કરો.*

હું સિદ્ધ ભગવંતોની સાક્ષીએ આલોચના કરું છું - જાહેર કરું છું કે મારે કોઈપણ જીવ સાથે વૈરભાવ નથી.

(૧૬) સર્વે જીવો કર્મવશ હોવાથી ચૌદ રાજલોકમાં ભ્રમણ કરે છે. તે સર્વેને મેં ખમાવ્યા છે, તેઓ મને પણ ક્ષમા કરો.

(૧૭) મેં જે કોઈ પાપ મનથી બાંધ્યુ હોય, (જે કોઈ પાપ) વચનથી ભાખ્યું હોય, (જે કોઈ પાપ) કાયાથી કર્યું હોય, તે મારું સર્વ પાપ મિથ્યા થાઓ. અર્થાત્ મારા મન, વચન, કાયા સંબંધી સર્વે પાપનું મિચ્છા મિ દુક્કડં.

■ **શબ્દજ્ઞાન :-**

**નિસીહિ** - સ્વાધ્યાયાદિ સર્વે પ્રવૃત્તિ કે સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરીને

**નમો** - નસ્કાર થાઓ

**ખમાસમણાણં** - ક્ષમાશ્રમણોને

**ગોયમાઈણં** - ગૌતમ આદિને

**મહામુણીણં** - મહામુનિઓને

**અણુજાણહ** - અનુજ્ઞા આપો

**જિટ્ઠજ્જા** - જ્યેષ્ઠ આર્યો

**પરમગુરુ** - શ્રેષ્ઠ ધર્મગુરુ
**ગુરુ ગુણ** - મોટા ગુણરૂપી
**રયણેહિં** - રત્નો વડે
**મંડિય** - મંડિત, અલંકારિત
**સરીરા** - શરીર-કાયા વાળા
**બહુ-પડિપુન્ના** - ઘણીપૂર્ણ થઈ છે
**પોરિસિ** - પૌરુષી, પ્રહર
**રાઇય-સંથારએ** - રાત્રિ સંથારા વિશે
**ઠામિ** - રહું છું, સ્થિર થાઉં છું
**સંથારં** - સંથારાની, શયનની
**બાહુવહાણેણ** - હાથરૂપી ઓશીકા વડે, ડાબા હાથનું ઓશીકું કરીને
**વામ પાસેણં** - ડાબા પડખે
**કુક્કુડિ** - કૂકડીની માફક
**પાય પસારણ** - પગ ઊંચા રાખીને
**અતરંત** - અસમર્થ થતાં
**પમજ્જએ** - પ્રમાર્જન કરે
**ભૂમિં** - ભૂમિને-સંથારાને
**સંકોઇઅ** - સંકોચીને, ટુંકાવીને
**સંડાસા** - સાંધા, ઢીંચણાદિ
**ઉવ્વટ્ટંતે** - પડખું ફેરવતાં
**અ** - અને, તથા
**કાય-પડિલેહા** - કાયાની-શરીરની (અને સંથારાની) પડિલેહણા કરવી
**દવ્વાઈ** - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો
**ઉવઓગં** - ઉપયોગ કરીને
**ઉસ્સાસ** - ઉચ્છ્‌વાસ, શ્વાસનો
**નિરુંભણા** - રોધ કરીને, રોકીને
**આલોએ** - આલોકે, જુએ
**જઈ મે** - જો મારું
**હુજ્જ** - થાય, હોય
**પમાઓ** - પ્રમાદ, મૃત્યુ
**ઇમસ્સ દેહસ્સ** - આ દેહના
**ઇમાઇ રયણીએ** - આ રાત્રિએ
**આહાર** - અશનાદિ આહાર
**ઉવહિ** - ઉપધિ, ઉપકરણ
**દેહં** - કાયા, શરીરને
**સવ્વં** - સર્વને, બધાંને
**તિવિહેણ** - ત્રણ પ્રકારે
**વોસિરિઅં** - વોસિરાવું છું
**ચત્તારિ** - ચાર (સંખ્યા છે)
**મંગલં** - મંગલ (રૂપ) છે
**અરિહંતા** - અરિહંતો-ભગવંતો
**સિદ્ધા** - સિદ્ધ ભગવંતો
**સાહૂ** - સાધુ મહારાજો
**કેવલિપન્નત્તો** - કેવલીઓએ કહેલો
**ધમ્મો** - ધર્મ
**લોગુત્તમા** - લોકોમાં ઉત્તમ
**સરણં** - શરણને
**પવજ્જામિ** - હું અંગીકાર કરું છું
**અરિહંતે** - અરિહંત-ભગવંતનું
**સિદ્ધે** - સિદ્ધ ભગવંતોનું
**સાહૂ** - સાધુ-મહારાજોનું
**કેવલિપન્નત્તં** - કેવલી પ્રરૂપિત
**ધમ્મં** - ધર્મનું

---

**પાણાઇવાયં** - પ્રાણાતિપાતને
**અલિઅં** - અલિક, જૂઠને
**ચોરિક્કં** - ચોરીને
**મેહુણં** - મૈથુન, અબ્રહ્મને
**દવિણ મુચ્છં** - દ્રવ્યની મૂર્છાને
**કોહં** - ક્રોધને
**માણં** - માનને
**માયં** - માયાને
**લોહં** - લોભને
**પિજ્જં** - પ્રેમ-રાગને
**તહા** - તે જ રીતે
**દોસં** - દ્વેષને
**કલહં** - કલહને
**અબ્ભક્ખાણં** - અભ્યાખ્યાનને

**પેસુન્નં** - પૈશુન્ય-ચાડીને
**રઇ** - રતિ-હર્ષ (અને)
**અરઇ** - અરતિ-શોકથી
**સમાઉત્તં** - સહિત, યુક્ત
**પરપરિવાયં** - પર પરિવાદને
**માયામોસં** - માયામૃષાને
**મિચ્છત્તસલ્લં** - મિત્યાત્વ રૂપી શલ્યને

—

**વોસિરિસુ** - છોડી દે, ત્યાગ કરે
**ઇમાઇં** - આ (પાપ સ્થાનકો)
**મુક્ખમગ્ગ** - મોક્ષમાર્ગનો
**સંસગ્ગ** - મેળાપ થવામાં
**વિગ્ઘભૂઆઇં** - અંતરાય રૂપ
**દુગ્ગઇ** - નરકાદિ દુર્ગતિ
**નિબંધણાઇં** - કારણ, હેતુ
**અટ્ઠારસ** - અઢાર (સંખ્યા છે)
**પાવઠાણાઇં** - પાપસ્થાનકો

—

**એગો હં** - હું એકલો છું
**નત્થિ** - નથી
**મે-કોઈ** - મારું-કોઈપણ
**ન-અહમ્** - નથી-હું
**અન્નસ્સ** - અન્યનો, બીજાનો
**કસ્સઇ** - કોઈનો (પણ)
**એવં** - એ પ્રમાણે
**અદીણ** - અદીન, ગ્લાનિરહિત
**મણસો** - મનવાળો થઈને
**અપ્પાણમ્** - આત્માને
**અણુસાસઇ** - અનુશાસિત કરે, સમજાવે, શિખામણ આપે
**એગો-મે** - એકલો-મારો
**સાસઓ** - શાશ્વત, અમર
**અપ્પા** - આત્મા
**નાણ** - જ્ઞાન અને
**દંસણ સંજુઓ** - દર્શનથી યુક્ત
**સેસા મે** - બાકીના મારે
**બાહિરા ભાવા** - બાહ્ય ભાવો છે
**સવ્વે** - સર્વ, બધાં
**સંજોગ લક્ખણા** - પુદ્ગલ-કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલાં
**સંજોગ મૂલા** - સંયોગોના કારણે ઉત્પન્ન થયેલ, સંયોગજન્ય
**જીવેણ** - જીવ-આત્મા વડે
**પત્તા** - પ્રાપ્ત કરાયેલી છે
**દુક્ખ પરંપરા** - દુઃખની પરંપરા
**તમ્હા** - તે કારણથી, તેથી
**સંજોગ સંબંધં** - સંયોગ વડે ઉત્પન્ન થયેલા (સર્વે) સંબંધોને
**સવ્વં** - સર્વ, બધા
**તિવિહેણ** - ત્રણ પ્રકારે
**વોસિરિઅં** - વોસિરાવ્યા છે, ત્યાગ કરી દીધેલ છે, છોડેલ છે
**અરિહંતો** - અરિહંત દેવ
**મહ દેવો** - મારા દેવ છે
**જાવજ્જીવં** - જીવન પર્યન્ત
**સુસાહુણો** - સુસાધુઓ
**ગુરુણો** - ગુરુઓ, ધર્મગુરુઓ
**જિણપન્નત્તં** - જિન પ્રજ્ઞપ્ત
**તત્તં** - તત્ત્વ છે, સત્ય છે
**ઇઅ** - આ પ્રમાણે, આ રીતે
**સમ્મત્તં** - સમ્યક્ત્વ, સમકિત
**મએ** - મેં, મારા વડે
**ગહિઅં** - ગ્રહણ કરાયેલ છે

—

**ખમિઅ** - ખમીને, ક્ષમા કરીને
**ખમાવિઅ** - ખમાવીને, ક્ષમા માંગીને
**મયિ** - મારા ઉપર, મને
**ખમહ** - ખમો, ક્ષમા કરો
**સવ્વહ** - સર્વે, તમે બધા
**જીવનિકાય** - જીવના સમૂહો

**સિદ્ધહ** - સિદ્ધ ભગવંતોની
**આલોયણહ** - આલોચના કરું છું
**વઇર-ન** - વૈર-નથી
**સવ્વે જીવા** - બધાં જીવો
**ચઉદહ રાજ** - ચૌદ રાજલોકમાં
**તે-મે** - તે-મારા વડે
**ખમાવિઆ** - ખમાવેલા છે
**તેહ** - તે, તેઓ
**જં જં** - જે-જે (કંઈ)
**બદ્ધં** - બંધાયુ હોય
**ભાસિઅં** - બોલાયુ હોય
**કાએણ** - કાયા વડે
**મિચ્છા** - મિથ્યા થાઓ
**દુક્કડં** - દુષ્કૃત્, પાપ
**સાખ** - સાક્ષીપૂર્વક, સાખે
**મુજ્ઝહ** - મને
**ભાવ** - ભાવ, લાગણી
**કમ્મવસ** - કર્મને લીધે
**ભમંત** - ભમતા
**સવ્વ** - સર્વેને, બધાંને
**મુજ્ઝ-વિ** - મને-પણ
**ખમંત** - ખમે, ક્ષમા કરે
**મણેણ** - મન વડે
**વાયાએ** - વાણી વડે
**પાવં** - પાપને
**કયં** - કર્યું હોય
**મિ** - મારું
**તસ્સ** - તે

## ■ વિવેચન :-

— **સંથારા પોરિસી :-** આ સૂત્રનું નામ "સંથારા પોરિસી" છે. (કેમકે—)

દિવસના અને રાત્રિના જુદા જુદા પ્રહરને જુદા જુદા નામથી શાસ્ત્રીય રીતે ઓળખવામાં આવે છે. તે આ પ્રમાણે :-

(૧) સૂત્ર પોરિસિ - જેમકે દિવસના પહેલા પ્રહરને સૂત્ર પોરિસિ કહે છે.

(૨) અર્થ પોરિસિ - દિવસના બીજા પ્રહરને અર્થ પોરિસિ કહે છે.

(૩) સંથારા પોરિસિ - રાત્રિના બીજા પ્રહરને "સંથારા પોરિસિ" કે "સંસ્તાર પૌરુષી" કહેવામાં આવે છે.

આ "સંથારા પોરિસિ" પરથી તે સમયે બોલાતા સૂત્રને પણ "સંથારા પોરિસિ" સૂત્ર નામે ઓળખવામાં આવે છે.

— આ સૂત્રમાં વિવિધ પ્રાચીન ગાથાઓનું સુસંકલન થયેલું છે. તેમજ સંથારા અર્થાત્ શયનની વિધિ પણ જણાવવામાં આવેલી છે.

(૧) આરંભ વાક્ય અને પહેલી ત્રણ ગાથામાં સંથારા વિધિ જણાવી છે. જેમાં ગાથા-૧ યતિદિન ચર્યામાં જોવા મળે છે, બીજી અને ત્રીજી ગાથા ઓઘનિર્યુક્તિમાં મળે છે.

(૨) ગાથા-૪ આઉર પચ્ચક્ખાણ પયન્નામાં જોવા મળે છે.

(૩) ગાથા-૫, ૬, ૭ એ ત્રણે આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં સૂત્ર-૧૨, ૧૩, ૧૪ રૂપે આ જ પ્રમાણે નોંધાયેલ છે.

(૪) ગાથા-૮, ૯ એ બંને આરાહણાપડાગા, પર્યન્ત આરાધના આદિ પ્રકિર્ણકો-પયન્ના સૂત્રોમાં જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) ગાથા-૧૦ આરાહણા પડાગામાં થોડાં ફેરફાર સાથે જોવા મળે છે.

(૬) ગાથા-૧૧ ચંદાવેજ્ઝય, આઉર પચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ આદિ પયન્ના સૂત્ર આગમોમાં આ જ સ્વરૂપે જોવા મળે છે.

(૭) ગાથા-૧૨ ચંદાવેજ્ઝય, આઉર પચ્ચક્ખાણ-૧, આઉરપચ્ચક્ખાણ-૨, મહાપચ્ચક્ખાણ આદિ આગમોમાં આ જ સ્વરૂપે જોવા મળે છે.

(૮) ગાથા-૧૩ આઉર પચ્ચક્ખાણ-૧, આઉરપચ્ચક્ખાણ-૨, મહાપચ્ચક્ખાણ આદિ આગમોમાં આ જ સ્વરૂપે જોવા મળે છે.

(૯) ગાથા-૧૪ સમ્યક્ત્વ ઉચ્ચરાવતી વખતે બોલાય છે.

આ રીતે પયન્ના સૂત્ર રૂપ આગમો, યતિદિન ચર્યા, આવશ્યક સૂત્ર-આગમ ઇત્યાદિ શાસ્ત્રો અને ગ્રંથોમાંથી ઉદ્ધૃત થયેલી આ ગાથાઓનું સંકલન કરીને 'સંથારા પોરિસિ' સૂત્રની રચના થઈ હોવાનું જણાય છે.

ઉક્ત આગમો, યતિદિન ચર્યા, ધર્મસંગ્રહ ઇત્યાદિ વિવિધ ગ્રંથોને આધારે આ સૂત્રનું વિવેચન અત્રે રજૂ કરેલ છે–

○ **આરંભે** – નિવૃત્તિ જાહેર કરીને મહામુનિઓને નમસ્કાર કરાયો છે–

● **निसीहि, निसीहि, निसीहि**, એટલે નૈષેધિકી.

– સામાન્યથી निसीहि એટલે પાપવ્યાપાર તથા અન્ય સર્વ પ્રવૃત્તિનો નિષેધ કરીને - અટકાવીને - રોકીને એવો અર્થ થાય છે.

– વિશેષ અર્થમાં સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિઓનો નિષેધ કરીને અર્થાત્ તે પ્રવૃત્તિ બંધ કરીને એવો અર્થ અહીં ગૃહિત છે.

– निसीहि શબ્દનો સામાન્ય અર્થ પૂર્વે સૂત્ર-૩ ''ખમાસમણ સૂત્ર'' અને સૂત્ર-૨૯ ''વાંદણા સૂત્ર''માં અપાયેલો છે, તે તેના વિવેચનમાં જોવો.

– અહીં ''વિશેષ અર્થ'' ગ્રાહ્ય છે એમ એટલા માટે કહ્યું કે, આ સૂત્ર સાધુ ભગવંતો અને પૌષધવ્રતધારી શ્રાવકો નિયત વિધિ અનુસાર બોલે છે. આ બંનેને સાવદ્ય વ્યાપાર કે પાપપ્રવૃત્તિઓનો તો ત્યાગ હોય જ છે. તેથી તેઓએ નિત્ય સ્વાધ્યાય આદિથી જ નિવર્તવાનું રહે છે.

– વળી ઉત્તરાધ્યયન સૂત્ર-૨૬માં જણાવ્યા મુજબ તથા યતિદિનચર્યા અને પૌષધવ્રતની સામાચારી મુજબ પણ કહ્યું છે કે–

''રાત્રિના પહેલી પોરિસિમાં સ્વાધ્યાય કરે, બીજીમાં ધ્યાન કરે, ત્રીજામાં નિદ્રા લે અને ચોથીમાં નિદ્રા મુક્ત થઈને સ્વાધ્યાય કરે.''

તેથી સાધુ ભગવંતો કે પૌષધ વ્રતધારી શ્રાવકો રાત્રિના પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કરે તે વાત નિયત છે.

બીજી પોરિસિમાં મૂળ માર્ગે 'ધ્યાન' કરવાનું હતું, પણ વર્તમાન સામાચારી મુજબ પ્રથમ પ્રહરને અંતે સંથારા પોરિસિની તૈયારી કરે છે. તે વખતે ગૌતમાદિ મહામુનિઓને નમસ્કાર કરવા માટે પૂર્વની પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો છે, તેથી અહીં 'નિસીહિ' શબ્દ દ્વારા સ્વાધ્યાય પ્રવૃત્તિનો નિષેધ સૂચવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં 'નિસીહિ' શબ્દ ત્રણ વખત કેમ મૂક્યો ?

ધર્મસંગ્રહમાં જણાવે છે કે સાવદ્ય પ્રવૃત્તિ હોય કે નિરવદ્ય આરાધના હોય એ બંને-શુભાશુભ પ્રવૃત્તિમાં મન, વચન, કાયા એ ત્રણે યોગો જોડાયેલા જ રહેલા છે, તેથી મનના, વચનના અને કાયાના એ ત્રણેના પૂર્વ વ્યાપારોને રોકવા કે અટકાવવાનો નિર્દેશ કરવા માટે અહીં ત્રણ વખત 'નિસીહી' એવા શબ્દનો પ્રયોગ સૂત્રના આરંભે કરવામાં આવેલ છે.

હવે પછી કરાનાર નમસ્કાર પ્રવૃત્તિ વખતે નમસ્કારમાં આત્માનો ત્રણે યોગે પૂર્ણ ઉપયોગ રહે તે માટે આ 'નિસીહિ' શબ્દ આવશ્યક છે.

● **नमो खमासमणाणं गोयमाईणं महामुणिणं** - ક્ષમાશ્રમણ એવા ગૌતમાદિ મહામુનિઓને નમસ્કાર થાઓ.

० नमो - નમસ્કાર થાઓ, નમસ્કાર હો.

– 'નમો' પદની વિશેષ વ્યાખ્યા માટે સૂત્ર-૧ "નવકારમંત્ર" અને સૂત્ર-૧૩ "નમુત્થુણં" એ બંને સૂત્રનું "વિવેચન" ખાસ જોવું.

० खमासमणाणं - ક્ષમાશ્રમણોને, ક્ષમાદિ ગુણયુક્ત શ્રમણોને.

– 'ખમાસમણ' પદની વિશેષ વ્યાખ્યા માટે સૂત્ર-3 "ખમાસમણ સૂત્ર" અને સૂત્ર-૨૯ "વાંદણા સૂત્ર"નું વિવેચન જોવું.

० गोयमाईणं - ગૌતમ આદિ, ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ.

– અહીં "ગોયમાઈણં" પદનો અર્થ વિચારણીય છે. ગૌતમ-આદિ એમ એટલા માટે કહ્યું છે કે, પછી જે 'મહામુણિણં' શબ્દ મૂક્યો છે તે બહુવચનમાં છે. તેથી અહીં માત્ર 'ગૌતમ' એવું નામોચ્ચારણ ન કરતા આદિ શબ્દથી અન્ય પણ મહામુનિઓનું ગ્રહણ કરવાનું છે.

– ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવંત મહાવીરના પ્રથમ શિષ્ય હતા તેથી તેનું નામ મૂકીને 'આદિ' શબ્દ દ્વારા ત્યારપછી થયેલા સર્વે ગુણવાન્ મુનિઓને આ પદ દ્વારા નમસ્કાર કરવાનો છે.

– જેમ રાત્રિ પ્રતિક્રમણમાં આરંભે સજ્ઝાયમાં "ભરહેસર સજ્ઝાય" દ્વારા અનેક મહામુનિનું નામ સ્મરણ કરાય છે, તેમ રાત્રે સંથારા પોરિસિમાં પણ આ પદ દ્વારા અનેક મહામુનિઓનું સ્મરણ-પટ પર લાવવાનો હેતુ છે.

– આવા મહામુનિઓના સ્મરણ થકી તેમના ગુણોનો અનુવાદ થાય છે, તેમના સુકૃતની અનુમોદના થાય છે, આપણો આત્મા પણ આવા ઉત્તમ ગુણોથી વાસિત થાય તેવી શુભ ભાવના કરવામાં આવે છે જેમકે–

(૧) અત્યંત વિનયી, નમ્ર, લબ્ધિવંત એવા ગૌતમસ્વામીને નમસ્કાર હો.

(૨) પાટ પરંપરાના ધારક, આદ્ય ગુરુવર્ય સુધર્મા સ્વામીને નમસ્કાર હો.

(૩) તરુણવયે શીલ અને સમ્યક્ત્વના ધારક જંબૂસ્વામીને નમસ્કાર હો.

(૪) ચૌર્ય કર્મ ત્યાગીને દર્શનાદિ ત્રણ રત્નો ચોરનારા પ્રભવસ્વામીને નમસ્કાર હો.

(૫) દશવૈકાલિકસૂત્ર રચયિતા, પ્રભાવક શય્યંભવસૂરિને નમસ્કાર હો.

(૬) યુદ્ધ ભૂમિમાં મુટ્ઠી ઉગામી પંચમુષ્ટી લોચ કરનાર બાહુબલિને નમસ્કાર હો.

(૭) અરિસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર ભરત ચક્રીને નમસ્કાર હો.

(૮) ચૌદ હજાર સાધુમાં ઉગ્ર તપસ્વી ધન્ય અણગારને નમસ્કાર હો.

(૯) બ્રહ્મચર્યની મિશાલ એવા સ્થૂલભદ્રને નમસ્કાર થાઓ.

(૧૦) ભાવવિશુદ્ધિના બળે કેવળજ્ઞાન પામનાર પ્રસન્નચંદ્રને નમસ્કાર હો. ઇત્યાદિ રૂપે સર્વે મહામુનિઓને 'આદિ' પદથી ગ્રહણ કરવા.

○ महामुणिणं - મહામુનિઓને.

— આ પદનો સંબંધ 'ગોયમાઈણં' સાથે જણાવેલો છે.

— 'મુનિ' શબ્દનો અર્થ અભિધાન ચિંતામણીમાં આ રીતે કર્યો છે—

"જે મનન કરે તે મુનિ" તેના પર્યાય શબ્દો રૂપે - મહર્ષિ, યતિ, સંયત, વાચંયમ, તપસ્વી, મૌની, મનનશીલ આદિને જણાવ્યા છે.

○ 'નમો ખમસમણાણં॰ 'ઇત્યાદિ પદમાં 'ક્ષમાશ્રમણ' શબ્દ વડે સર્વ સાધુઓને સામાન્ય નમસ્કાર કર્યો છે, તેવો અર્થ પણ થઈ શકે છે અને આ પદ "ગૌતમાદિ મહામુનિના" વિશેષણરૂપ પણ ગણી શકાય છે.

— આરંભ વાક્યરૂપ - "નિસીહિ" પદથી "મહામુણિણં" પદ પર્યન્તનો પાઠ નમસ્કાર રૂપ પાઠ કહ્યો છે. આવા પ્રકારના નમસ્કારથી ઉપાસક આત્માને મહામુનિના જીવનની યાદ અપાવીને, સ્વીકારેલા નિયમમાં વિશેષ-વિશેષ દૃઢ રહેવા માટેની પ્રેરણા મળે છે.

○ **હવે પહેલી ગાથા દ્વારા** સૂત્રકાર મહર્ષિ સંથારાની-શયનની આજ્ઞા યાચના સંબંધી કથન કરે છે. તેમાં પણ જેની પાસે આજ્ઞા લેવાની છે તે ગુરુવર્યને સન્માનનીય રીતે સંબોધન કરીને પછી પોતાના શયન ઇચ્છાનું કારણ કહ્યું છે—

● **अणुजाणह जिट्ठज्जा !** હે જ્યેષ્ઠ આર્યો ! મને અનુજ્ઞા આપો.

○ 'અણુજાણહ' અનુજ્ઞા આપો, અનુમતિ આપો.

— આ પદ પૂર્વે સૂત્ર-૨૯ "વાંદણા સૂત્ર"માં આવી ગયેલ છે. તેથી તેની વિશેષ વ્યાખ્યા અને વિવેચન સૂત્ર-૨૯માં જોવું.

○ जिट्ठज्जा - જ્યેષ્ઠ આર્યો !, વડીલ સાધુ વર્યો.

— આ પદમાં जिट्ठिज्जा એવું પાઠાંતર પણ જોવા મળે છે. પણ ધર્મસંગ્રહમાં 'जिट्ठज्जा' પાઠ હોવાથી તેમજ સંસ્કૃત રૂપાંતર "ज्येष्ठार्यः" થતું હોવાથી અમને 'જિટ્ઠજ્જા' પાઠ વધારે યોગ્ય લાગવાથી તેને સ્વીકારેલ છે.

— "જ્યેષ્ઠ" એટલે વડીલ કે મોટા-પર્યાયાદિ જ્યેષ્ઠ હોય તે.

— "આર્ય" શબ્દ 'સાધુ'ના પર્યાય રૂપે આગમોમાં જોવા મળે જ છે. જેમકે આર્ય-રક્ષિત, આર્ય-સુહસ્તિ, આર્ય-મહાગિરિ ઇત્યાદિ.

— અભિધાન ચિંતામણિમાં હેમચંદ્રાચાર્યજી 'આર્ય'નો અર્થ કરે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે 'આર્ય' - અથવા -

'આર' એટલે દૂર. પાપકર્મથી જે દૂર થયા છે તે 'આર્ય'.

– વડીલ સાધુ, વૃદ્ધ સાધુ, જ્ઞાન સ્થવિર સાધુ, ગુણથી રત્નાધિક એવા મહાગુણવાન્ સાધુઓ આદિને આર્ય કહેવામાં આવે છે.

– અહીં જ્યેષ્ઠ આર્યથી વડીલ સાધુ એવો અર્થ સ્વીકારીને, તેની સાથે 'અણુજાણહ' શબ્દ એટલા માટે પ્રયોજેલ છે કે, સંથારા પર (શયન અર્થે) જતાં પહેલા તેઓની આજ્ઞા-અનુજ્ઞા પ્રાપ્ત કરવી તે ભાવ અભિપ્રેત છે.

ઓઘનિર્યુક્તિની દ્રોણાચાર્ય કૃત્ વૃત્તિમાં આગમનો સાક્ષી પાઠ ટાંકીને નોંધ કરી છે કે, "પછી સંથારે ચડતાં - સંથારામાં જતાં પહેલાં ત્યાં રહેલા વડીલ સાધુઓને કહે છે કે, "આપ મને અનુજ્ઞા આપો."

● **अणुजाणह परमगुरू ! गुरु-गुण-रयणेहिं मंडिय-सरीरा !** ગુરુ મહાન્ ગુણરત્નો વડે શોભિત-અલંકૃત્ શરીરવાળા હે શ્રેષ્ઠ ધર્મગુરુઓ ! મને અનુજ્ઞા આપો - અનુમતિ આપો.

○ अणुजाणह - અનુજ્ઞા આપો. (આ પદ ઉપર કહેવાઈ ગયું છે)

○ परमगुरू - પરમ ગુરુઓ !, શ્રેષ્ઠ ધર્મગુરુઓ !

○ गुरुगुणरयणेहिं - ગુરુ ગુણ રૂપી રત્નો વડે, ગુરુના ગુણરૂપી રત્નો વડે, ઉત્તમ ગુણ રૂપ રત્નો વડે. અહીં गुरु શબ્દથી ગુરુ, મહાન્, મોટા, ઉત્તમ આદિ અર્થો લેવા.

– गुणरयण એટલે ગુણોરૂપી રત્ન, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ઇત્યાદિ વિશિષ્ટ એવા ગુણ રૂપી રત્નો વડે. (આ શબ્દ 'શરીર'ના વિશેષણરૂપે મૂકાયેલ છે.)

○ मंडिय सरीरा ! અલંકૃત્ શરીરવાળા. (આ પદ 'ગુરુ'ના વિશેષણરૂપ છે)

– 'મંડિય' એટલે મંડિત, અલંકૃત્, શણગારેલ, શોભાવેલ.

– જેમનું શરીર ઉત્તમગુણરૂપી રત્નો વડે અલંકૃત્ છે તેવા "પરમગુરુ" - તેમને સંબોધન કરીને અનુજ્ઞા માગવામાં આવેલ છે.

*હવે અનુજ્ઞા શા માટે અર્થાત્ ક્યા હેતુથી અને શું કરવા માંગવામાં આવી છે ? તે જણાવવા બે વાક્યો સૂત્રકારે અહીં પ્રયોજેલ છે–*

– અહીં પ્રયોજન છે - "રાઇય-સંથારએ ઠામિ."

– પ્રયોજનનું કારણ છે - "બહુપડિપુન્ના પોરિસિ."

● **बहुपडिपुन्ना पोरिसी** - પોરિસિ સંપૂર્ણ થઈ છે - ઘણી પ્રતિપૂર્ણ થઈ છે.

○ 'बहु' એટલે ઘણી ○ "पडिपुन्ना" એટલે પ્રતિપૂર્ણ, સંપૂર્ણ

○ 'पोरिसि' પૌરુષિ દિવસ કે રાત્રિનો ચોથો ભાગ, જેને પ્રહર કહે છે.

– 'પુરુષ પ્રમાણ છાયા જેમાં પ્રમાણ છે તે પૌરુષી.'

– દિવસ કેટલો વ્યતીત થયો છે, તેનું માપ, કાળમાન, પહેલાના યુગમાં પુરુષની છાયા કેટલી લાંબી કે ટૂંકી પડે છે, તેના પરથી કાઢવામાં આવતું હતું -

તેના કારણે તે જાતનું માપ અર્થાત્ કાલમાન 'પૌરુષી'ના નામથી ઓળખાય છે.

– દિવસના અથવા રાત્રિના કુલ સમયના ચાર સરખા ભાગ કરવામાં આવે તો તેનો પ્રત્યેક ભાગ એક 'પોરિસિ' અથવા પ્રહર કહેવાય છે.

જેમકે સૂર્યોદય સમય ૬.૩૦નો છે અને સૂર્યાસ્તનો સમય ૫.૩૦નો છે. તો પહેલા દિનમાન કાઢો. તો તે દિને દિવસ ૧૧.૦૦ કલાકનો થયો. આ ૧૧.૦૦ કલાકના ચાર સરખા ભાગ કરો, તો પ્રત્યેક ભાગ ૨ કલાક અને ૪૫ મિનિટનો થયો. તેથી પ્રત્યેક પોરિસિ કે પ્રહર ૨ કલાક ૪૫ મિનિટનો ગણાય.

આ રીતે ગણતા પહેલી પોરિસિ ૬.૩૦થી શરૂ થઈને ૯.૧૫ કલાકે પુરી થશે, બીજી પોરિસિ ૧૨.૦૦ કલાકે પુરી થશે... એ પ્રમાણે આગળ ગણવું.

એ જ દિવસે જો રાત્રિની પોરિસિ કે પ્રહર ગણવાના હોય તો રાત્રિમાન ૧૩.૦૦ કલાકનું થયું. તેનો ચોથો ભાગ કરીએ તો એક પોરિસિનો કાળ ૩ કલાક ને ૧૫ મિનિટનો થયો. તેથી રાત્રિનો પહેલો પ્રહર-પોરિસિ સાંજે ૫.૩૦ થી શરૂ થઈ ૮.૪૫ કલાકે પુરી થશે. બીજી પોરિસિ ૧૨.૦૦ કલાકે મધ્ય રાત્રિએ પુરી થશે. એ રીતે ગણવું.

– આ રીતે એક અહોરાત્રમાં આઠ પોરિસિ હોય છે.

– પૂર્વે જે દૃષ્ટાંત લઈને પોરિસિનો કાળ સમજાવ્યો, તે તો માત્ર ઉદાહરણ રૂપ હતો, પરંતુ વાસ્તવમાં પ્રત્યેક સ્થળ (શહેર કે દેશ)ના રોજેરોજના સૂર્યોદય અને સૂર્યાસ્તના સમય બદલાતા હોય છે. તેથી મુખ્ય શહેરને અનુસરીને અને રોજના દિવસને અનુસરીને પોરિસિનું કાળપ્રમાણ બદલાયા કરે છે. શાસ્ત્રીય રીતે પણ ઋતુને આશ્રીને પોરિસિના સંબંધમાં આવી કાળ ભિન્નતાનો ઉલ્લેખ મળે છે.

– જેમકે ઉત્તરાધ્યયન સૂત્રના છવ્વીસમાં અધ્યયનમાં કહ્યું છે કે–

(૧) અષાઢ માસમાં પોરિસિ (પૌરુષી) બે પગલાંની હોય છે.

(૨) પોષ માસમાં પોરિસિ (પૌરુષી) ચાર પગલાંની હોય છે.

(૩) ચૈત્ર અને આસો માસમાં પોરિસિ ત્રણ પગલાંની હોય છે.

– આપણા રોજિંદા અનુભવમાં માત્ર નવકારશી સમયનો દાખલો લઈએ તો પણ સ્થળ અને ઋતુ બદલાતા સમય કેટલાં જુદા જુદા આવે છે તે ખ્યાલ આવશે.

જેમકે - પહેલાં સ્થળને આશ્રીને વિચારીએ તો-

પહેલી ફેબ્રુઆરીના દિવસે - અમદાવાદનો નવકારશી સમય ૮.૦૯ કલાકનો બતાવે છે, તે જ દિવસે મુંબઈનો નવકાશી સમય ૮.૦૨ કલાકનો છે અને મદ્રાસનો નવકારશી સમય ૭.૨૪ કલાકનો છે - આ થયો સ્થળ ફેરફારથી સમય ફેરફાર.

હવે એક જ સ્થળ લઈને ઋતુ (માસ)ના ફેરફારથી થતા સમય ફેરફારને નવકારશીના જ દૃષ્ટાંતથી તપાસીએ - તો અમદાવાદમાં–

પહેલી ફેબ્રુઆરીએ નવકારશી સમય છે ૮.૦૯ કલાક, પહેલી જુને નવકારશી સમય છે ૬.૪૩ કલાક અને પહેલી ઓક્ટોબરે નવકારશી સમય છે ૭.૨૧ કલાક. આ એક જ સ્થળે બદલાતી ઋતુ મુજબનો સમય ફેરફાર

જણાવે છે.

આ જ પ્રમાણે પોરિસિના સમય, સ્થળ, કાળ મુજબ બદલાય છે.

● **राइय-संथारए ठामि** - રાત્રિ સંથારાને વિશે હું સ્થિર થવા ઇચ્છુ છું.

– રાત્રિ સંબંધી જે સંથારો તે રાત્રિ સંથારો કહેવાય. અહીં 'સંથારો' શબ્દથી રાત્રે સૂવા માટેની પથારી એવો અર્થ સમજવો. (પથારી એટલે સંથારીયુ અને ઉતરપટ્ટો રૂપ ઉપકરણ જાણવા, ગાદલુ-રજાઈ વગેરે નહીં)

० ઠામિ - સ્થિર થાઉ છું - વિશેષ અર્થ માટે સૂત્ર-૧૯ "અરિહંત ચેઇયાણં" જુઓ.

**० ગાથા સાર :-** ઉત્તમ ગુણરત્નોથી વિભૂષિત દેહવાળા પરમગુરુઓ પાસે રાત્રિના સંથારાને વિશે સ્થિર થવાની અર્થાત્ સુવા જવા માટેની અનુજ્ઞા માંગવામાં આવી છે. તેનું કારણ પણ જણાવ્યું કે, પ્રથમ પોરિસિ પ્રતિપૂર્ણ થવા આવી છે.

આ વિષયમાં ઓઘનિર્યુક્તિના વૃત્તિકાર શ્રી દ્રોણાચાર્યજીએ એક આગમનો સાક્ષીપાઠ ઉદ્ધૃત કરીને મૂકેલો છે, તેમાં આ પ્રમાણે જણાવે છે કે–

"પહેલી પોરિસિ કરીને અર્થાત્ પહેલી પોરિસિ સારી રીતે પૂર્ણ થયા બાદ શિષ્ય (કે શ્રાવક) ગુરુ મહારાજ પાસે જઈને આ પ્રમાણે કહે–

"હે ક્ષમાશ્રમણ ! આપને હું નિર્વિકારી નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઇચ્છું છું, હું મસ્તક વડે કરીને વાંદુ છું."

"હે ક્ષમાશ્રમણો ! પહેલી પોરિસિ બરાબર પૂરી થઈ છે, તેથી રાત્રિ સંથારા માટે સૂવા માટેની મને અનુજ્ઞા આપો.

संथारय - શબ્દનો અર્થ અહીં संस्तारक એટલે કે સૂવા માટેની ઉપધિ અને શયન-સુવું તે એ અર્થમાં સમજવાનો છે કેમકે–

'સંથારો' કાયમી પણ હોય છે, તે સંથારો ભક્તપરિજ્ઞા આદિ અનશન રૂપ કે સાગારી સંથારો હોય છે, જ્યારે આ સૂત્રમાં મૂકાયેલ 'સંથારો' શબ્દ સૂવા માટેની ઉપધિ જેવી કે, પ્રાચીનકાળમાં તૃણ, ઘાસ આદિના અર્થમાં અને વર્તમાનકાળે સંથારિયુ-ઉનનું વસ્ત્ર-પટ્ટ અને ઉત્તરપટ્ટોના અર્થમાં પ્રયોજાયેલ છે અને સામાન્ય અર્થમાં 'સંથારો' એટલે સૂવા જવા માટેની રજા માંગવી તેમ સમજવું. તેથી જ અહીં 'રાત્રિ' એવું વિશેષણ 'સંથારય' શબ્દની પૂર્વે મૂક્યું છે.

**० હવે બીજી ગાથામાં અને ત્રીજી ગાથાના પૂર્વાર્દ્ધમાં** સૂત્રકાર મહર્ષિ સંથારાનો વિધિ જણાવે છે - જેમાં અનુજ્ઞા લેવા પૂર્વક કઈ રીતે સૂવું અને સૂતા પછી પગ લાંબાટૂંકા કરવા કે પગ સંકોચવા અને પડખું બદલવાની વિધિ જણાવે છે.

● **अणुजाणह संथारं** - હે ભગવન્ ! સંથારાની અનુજ્ઞા આપો.

– આ બંને પદોની વ્યાખ્યા પહેલી ગાથામાં કરાયેલી છે.

● **बाहुवहाणेण वामपासेणं** - હાથરૂપી ઓશીકા વડે અને ડાબા પડખે

– શયન માટેનો વિધિ જણાવતા આ બંને પદો છે. તેમાં હાથ કઈ રીતે

રાખવો અને ક્યા પડખે સૂવું તેનો વિધિ કહ્યો છે–

○ बाहुवहाणेण - 'બાહુ' એટલે હાથ - અને

– 'ઉવહાણ' એટલે ઉપધાન જેનો સામાન્ય અર્થ 'ઓશીકું' થાય છે.

– તેનો અર્થ એવો છે કે, 'હાથનું ઓશીકું' કરવું તેવો થાય છે, ધર્મસંગ્રહમાં અહીં 'ડાબા હાથનું ઓશીકું' કરવું તે પ્રમાણે અર્થ કર્યો છે.

– સાધુસાધ્વીજી કે પૌષધ વ્રતધારીએ સૂતી વખતે માત્ર સંથારીયુ અને ઉત્તરપટ્ટો જ વાપરવાની વર્તમાન સામાચારી છે. *(શીતાદિ કારણે ધાબળો વગેરે વપરાય છે, તે અપવાદ નિમિત્ત છૂટ જાણવી).* તેઓએ શયન વખતે ઓશીકું કે તેવી કોઈ ઉપધિ લેવાની હોતી નથી. (આ વાતની સાક્ષી પાક્ષિક અતિચાર સૂત્રમાં પણ મળે છે - "સુતા સંથારીયુ-ઉત્તર પટ્ટો ટલતો અધિક ઉપકરણ વાપર્યો" શબ્દો થકી સૂતી વખતે સંથારીયા અને ઉત્તરપટ્ટ સિવાયની બીજી કોઈ ઉપધિ સૂવા માટે લેવાનો નિષેધ છે)

આ સ્થિતિમાં હાથનું (કે ડાબા હાથનું) ઓશીકું બનાવવું અર્થાત્ હાથ ઉપર મસ્તક રાખીને સૂવું એ પ્રમાણે વિધિ છે - તેમ અહીં જણાવે છે.

○ वामपासेणं - ડાબે પડખે. સૂતી વખતે ડાબે પડખે ફરીને સૂવું - તે પ્રમાણેનો વિધિ બતાવેલો છે. (વર્તમાનમાં આયુર્વેદ પણ ડાબા પડખે સૂવાની વાતને સમર્થન આપે છે - જો કે તેમાં શારીરિક કારણની મુખ્યતા છે, અહીં વિધિરૂપે આ કથન છે.)

● **कुक्कुडि-पाय-पसारण** - કૂકડીની જેમ પગ રાખવામાં, કુક્કડી એટલે કે ટીંટોડીની જેમ પગ ઊંચા-અદ્ધર રાખવા તે.

– શયનની વિધિમાં પગ કઈ રીતે રાખવા, તેનો આ પદો દ્વારા નિર્દેશ કર્યો છે. આ પદોનો ભાવાર્થ એવો છે કે પગને સંકોચીને રાખવા. કેમકે–

(૧) પૂર્વના પદમાં કહ્યું છે કે, 'ડાબે પડખે સુવું' તેના અર્થ એ છે કે ચત્તા કે ઉલટા સૂવાનું નથી. હવે જો ડાબા પડખે સૂવામાં આવે તો પગ ઊંચા રાખવાથી પગને સંકોચવા એવા અર્થ સિદ્ધ થશે, કેમકે ચત્તા સૂવાથી પગ આકાશ તરફ ઊંચા-અદ્ધર રહી શકે, પણ પડખે સૂવાથી પગ અદ્ધર કરતા સંકોચન - (ટુંટીયા વાળવા) જ થઈ શકે.

(૨) હવે પછીનું જે પદ છે, તેમાં પગ લંબાવવાનો વિધિ જણાવેલ છે, તેથી અહીં પગ સંકોચવા અર્થ જ સિદ્ધ થાય (જો કે કોઈ પગ અદ્ધર રાખવા તેવો અર્થ જ કરે છે.)

● **अतरंत पमज्जए भूमि** - અસમર્થ થતાં ભૂમિનું પ્રમાર્જન કરે.

– પગને સંકોચીને રાખવામાં અથવા આકાશ તરફ પગ અદ્ધર રાખવા માટે અશક્ત કે અસમર્થ હોય તો જયણાપૂર્વક ભૂમિને એટલે કે સંથારાની પ્રમાર્જના કરે, ઉપલક્ષણથી શરીરની પણ પ્રમાર્જના કરે.

અહીં "અતરંત" શબ્દમાં મૂળ શક્ ક્રિયાપદ છે. સિદ્ધહેમ શબ્દાનુશાસનના

અધ્યાય-૮, પાદ-૪ના સૂત્ર-૮૬ મુજબ 'શક્' નો 'તર્' એવો આદેશ થયો છે. તેથી 'અતરંત'નો અર્થ 'અશક્ત' કે 'અસમર્થ' થયો છે.

**૦ ગાથાસાર** - હે ભગવન્ ! મને સંથારાની - સૂવાની અનુજ્ઞા આપો.

આ સૂવાની વિધિ માટે ત્રણ બાબતો કહી છે – (૧) હાથનું ઓશીકું કરવું, (૨) ડાબે પડખે સૂવું, (૩) પગને કૂકડીની માફક રાખીને સૂવું.

માત્ર આ ત્રીજા નિયમમાં એક અપવાદ રાખ્યો કે જો કૂકડીની માફક પગ રાખીને સૂવામાં અશક્ત હોય તો ભૂમિને (સંથારાને) પ્રમાર્જીને પછી પગ લાંબા કરવા. (એ વિધિ હું જાણું છું). પ્રમાર્જનાનું મહત્ત્વ સૂત્રમાં એટલા માટે નોંધ્યું છે કે 'જયણા' એ ધર્મની માતા સમાન છે. કોઈ સૂક્ષ્માદિ જીવ ત્યાં હોય તો પહેલા ચક્ષુ અને રજોહરણ વડે ભૂમિને પ્રમાર્જવી, પછી સંથારાનું પ્રમાર્જન કરી સંથારો લંબાવીને પગને પણ લંબાવવા, જેથી જીવવિરાધનાદિ દોષ લાગે નહીં.

યતિદિન ચર્યામાં આ અંગેનો વિધિ આ પ્રમાણે કહ્યો છે–

સંથારામાં સ્થિર થઈને મુહપત્તિનું પ્રતિલેખન કરે પછી ત્રણ વખત નવકાર મંત્ર તથા સામાયિક સૂત્ર "કરેમિ ભંતે" ઉચ્ચરે (બોલે), ત્યાર પછી ડાબે પડખે હાથનું ઓશીકું કરીને બે પગો કૂકડીની જેમ સંકોચીને સૂએ. જો આ રીતે પગ સંકોચીને સૂવામાં અસમર્થ હોય તો વધારાની ભૂમિનું સારી રીતે પ્રમાર્જન કરીને ભૂમિ પર (સંથારો લંબાવી) વિધિપૂર્વક પગ લાંબા કરે.

**૦ ગાથા ત્રણ બે વિભાગમાં વહેંચાએલી છે** - તેના પૂર્વાર્ધમાં તો માત્ર શયનની વિધિ જ જણાવી છે, પણ ઉત્તરાર્ધમાં જો જાગવું પડે તો "કઈ રીતે જાગવું જોઈએ ?" તે અંગેનો વિધિ દર્શાવેલો છે. તે આ પ્રમાણે–

● **संकोइअ संडासा, उवट्टंते अ कायपडिलेहा** - (જો પગ લાંબા કરેલા હોય તો) પછી સંકોચવા પડે તો સાંધા (ઢીંચણ, સાથળ આદિ)ને પૂંજીને સંકોચવાનો વિધિ છે. તેમજ જો પડખું ફેરવવું પડે તો પણ શરીરનું પ્રમાર્જન-પ્રતિલેખન કરવું ઉપલક્ષણથી જે તરફ પડખું ફેરવે તે સંથારાનું પણ પ્રમાર્જન-પડિલેહણ કરવું.

૦ 'સંકોઇઅ' - સંકોચીને, ટુંકાવીને. (જો પગ લાંબા હોય તો–)

૦ 'સંડાસા' - સાંધા - ઉરુ અને ઢીંચણને

૦ 'ઉવ્વટ્ટંતે' ઉદ્‌વર્તન કરતાં, પડખું ફેરવતા.

– ઉદ્ + વૃત્ એટલે ફેરવવું થાય છે, તેના પરથી શબ્દ બન્યો - 'ઉદ્‌વર્તન" (उव्वट्टंत) એટલે કે ફેરવતો, બદલતો.

– ધર્મસંગ્રહમાં તેની વ્યાખ્યા કરતા ગાથા-૩૦માં જણાવેલ છે કે–

"ઉદ્વર્તન એટલે એક પડખેથી બીજા પડખે થવું તે.

૦ कायपडिलेहा - કાયાની-શરીરની પડિલેહણા કરવી તે.

– જ્યારે પડખું ફેરવે ત્યારે પહેલા શરીરનું પ્રમાર્જન કરવું જોઈએ તેમજ ઉપલક્ષણથી જે તરફ પડખું ફેરવે, તે તરફના સંથારા-શય્યાની પણ પ્રતિલેખના

કરવી જોઈએ, જેથી જયણાનું પાલન થાય.

**૦ ગાથા-૩ પૂર્વાર્દ્ધનો સાર :-**

પગને સંકોચે ત્યારે ઉરુ અને ઢીંચણના સાંધાનું અને પડખું ફેરવે ત્યારે શરીરનું પ્રતિલેખન કરે.

– આ જ વાત ધર્મસંગ્રહના કર્તાએ પણ 'સાધુ-ધર્મ'નું વિવેચન કરતી વખતે નોંધી છે. વધારામાં તેઓ જણાવે છે કે, "આ શયનવિધિ" જાણવી.

** હવે ગાથા-૩ના ઉત્તરાર્ધમાં - "જો જાગવું પડે તો શું કરવું ?" તે અંગેની શાસ્ત્રીય વિધિનો નિર્દેશ કરતા સૂત્રકાર લખે છે કે–*

● **दव्वाइ उवओगं ऊसास निरुंभणालोए** - (જો કાયચિંતા આદિ કારણે ઉઠવું - જાગવું પડે તો) દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે અને શ્વાસનું રોધન કરે પછી સ્વસ્થ થાય ત્યારે પ્રકાશવાળા ભાગ - દરવાજા તરફ જુએ.

૦ दव्वाइ उवओगं - દ્રવ્યાદિનો ઉપયોગ, દ્રવ્યાદિનો વિચાર કરવો.

– દ્રવ્યાદિ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

– ઉવઓગ એટલે ઉપયોગ, વિચારણા કરવી તે.

– જો કાયચિંતા માટે ઉઠવું પડે તો નિદ્રાના નિવારણને માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મનોમન ચિંતવના કરે.

– આ સંબધમાં "ઓઘનિર્યુક્તિ" નામક મૂળ આગમ સૂત્રની વૃત્તિમાં વૃત્તિકાર મહર્ષિ શ્રી દ્રોણાચાર્યજીએ સ્પષ્ટીકરણ આપતા કહ્યું છે–

જો લઘુનીતિ, વડીનીતિ અર્થાત્ મળ-મૂત્ર વિસર્જન આદિ કારણે રાત્રે જાગવું પડે - ઉઠવું પડે તો તે આ પ્રમાણે વિધિ કરે–

(૧) દ્રવ્યથી તે વિચાર કરે કે હું કોણ છું ?

(૨) ક્ષેત્રથી એમ વિચાર કરે કે હું ક્યાં છું ? ઉપર કે નીચે ?

(૩) કાળથી એમ વિચાર કરે કે હાલ કયો સમય છે ?

(૪) ભાવથી એમ વિચાર કરે કે મારી અવસ્થા શું છે ? શું હું કાયચિંતાથી પીડિત છું કે કેમ ? એટલે કે મારે સ્થંડિલ-માત્રાને માટે અર્થાત્ મળ-મૂત્ર વિસર્જનને માટે જવાની જરૂર છે કે કેમ ?

– આ પ્રમાણેની જે વિચારણા તેને દ્રવ્યાદિ ઉપયોગ કહે છે.

૦ ऊस्सास निरुंभण - ઉચ્છ્‌વાસનો રોધ કરવો કે રોકવો.

– જો કે અહીં પાઠ ભેદ છે. ऊस्सास ને બદલે निस्सास એવો પાઠ પણ ઓઘનિર્યુક્તિની વૃત્તિમાં નોંધાયેલ છે.

– અર્થની દૃષ્ટિએ અને ક્રિયાની દૃષ્ટિએ આ બંને શબ્દો જુદા છે.

– ऊस्सास એટલે ઉચ્છ્‌વાસ અને निस्सास એટલે નિઃશ્વાસ.

– ઉચ્છ્‌વાસનો અર્થ છે ઊંચો શ્વાસ એટલે કે શ્વાસ લેવો તે.

– નિઃશ્વાસનો અર્થ છે નીચો શ્વાસ એટલે કે શ્વાસ મૂકવો તે.

– બંને પદને બદલે આપણે માત્ર "શ્વાસ" શબ્દ ગ્રહણ કરીને જ અર્થ

સમજવાનો પ્રયત્ન કરીએ તો–

○ निरुंभण એટલે રોધ કરવો કે રોકવો તે.

– ઓઘનિર્યુક્તિની દ્રોણાચાર્યજી કૃત્ વૃત્તિમાં જણાવે છે કે–

“શ્વાસનું રોધન એટલે નાસિકાને દૃઢતાથી ગ્રહણ કરીને દબાવી રાખે, જેથી શ્વાસ રુંધાય. (શ્વાસ રુંધાતા નિદ્રામાંથી પૂર્ણપણે જાગૃત થાય અથવા તો નિદ્રામુક્ત બની જાય)

○ आलोए - આલોકે, આલોકન કરે, બારણા તરફ જુએ, પ્રકાશવાળા સ્થાન તરફ દૃષ્ટિ કરે. आलोए ને બદલે ‘आलोअं’ પાઠ પણ છે.

આ જ વાતની પુષ્ટિ કરતા ધર્મસંગ્રહના કર્તા પણ કહે છે કે–

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ઉપયોગ મૂકવા છતાં પણ જો નિદ્રાથી ઘેરાયેલો રહેલો હોય તો પોતાના નિઃશ્વાસને રોકી રાખે અને તેમ કરવા દ્વારા પણ નિદ્રા દૂર કરીને પ્રકાશ આવતો હોય તે બારણા તરફ જુએ.

**○ હવે ગાથા-૪ માં સાગારી અણસણને જણાવે છે** - પ્રથમ ત્રણ ગાથામાં માત્ર શયનવિધિ અને સંથારાની ભૂમિકા વ્યક્ત કરી, આ ગાથામાં તાત્ત્વિક ભૂમિકા રજૂ કરે છે કે, કદાચ નિદ્રામાં જ મૃત્યુ થઈ જાય તો શું કરવું ?

● **जइ मे हुज्ज पमाओ इमस्स देहस्स इमाइ रयणीए** - જો મારા આ દેહનું આ રાત્રિએ જ મરણ થાય તો...

○ जइ - જો ○ मे - મારું ○ हुज्ज - થાય

○ पमाओ - પ્રમાદ, મૃત્યુ ○ इमस्स - આ ○ देहस्स - દેહનું

○ इमाइ रयणीए - આ જ રાત્રિને વિશે.

– આ સમગ્ર કથનમાં મૂળ વાત નિદ્રામાં જ મૃત્યુ થાય તો શું ? તે અંગે છે

● **आहारं-उवहि-देहं सव्वं तिविहेण वोसिरिअं** - આહાર, ઉપધિ અને દેહ એ સર્વેને ત્રિવિધે વોસિરાવું છું.

○ आहार - આહાર જે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારે છે.

○ उवहि - એટલે ઉપધિ - જેમાં વસ્ત્ર, પાત્ર, ઉપકરણાદિનો સમાવેશ થાય.

○ देह - દેહ એટલે શરીર, કાયા.

○ सव्वं - સર્વેને, આહાર-ઉપધિ અને દેહ એ બધાને.

○ तिविहेण - ત્રણ પ્રકારે. મન વડે, વચન વડે અને કાયા વડે.

○ वोसिरिअं - વોસિરાવ્યું છે, ત્યાગ કર્યો છે.

– આ ગાથામાં સાગારી અનશનનો વિધિ રજૂ થાય છે. રાત્રિના સૂઈ ગયા પછી શક્ય છે કે ક્યારેક ઉંઘમાં જ મૃત્યુ પણ થઈ જાય. તો બધું જ વોસિરાવવા માટેનો અવસર મળે નહીં, વોસિરાવ્યા વિના જો જીવ બીજી ગતિમાં જાય તો તે વિશે અંતિમ આરાધનામાં કહ્યું છે કે, તેના જે દેહ, ઉપકરણ આદિ વોસિરાવ્યા વિનાના રહ્યા હોય તે સર્વેનો જે કંઈ સાવદ્ય ઉપયોગ થાય, તે સર્વેના અશુભકર્મનો બંધ મૃત્યુ પામનાર જીવને પણ લાગે, માટે શરીર સહિત સર્વે બાહ્ય વસ્તુઓને

સમાધિ મરણ ઇચ્છનારે વોસિરાવી દેવી જોઈએ. તેથી આ ગાથામાં કહ્યું છે કે, જો મારું આ રાત્રિએ મરણ થાય તો મેં આહાર, ઉપધિ અને દેહને મનથી, વચનથી અને કાયાથી વોસિરાવ્યા છે, ત્યાગ કર્યો છે.

– સાધુ કે પૌષધવ્રતધારી શ્રાવકે રાત્રિભોજન ત્યાગરૂપ પ્રત્યાખ્યાન કર્યું જ હોય છે, તો પણ, સર્વથા 'અનશન' વિના રહી ન જવાય તે માટે આ ગાથા દ્વારા આગાર સહિતનું અનશન ગ્રહણ કરેલ છે. અહીં આગારનો અર્થ અપવાદ થાય છે, જો નિદ્રામાં મારું શરીર પ્રમાદને પામે અર્થાત્ મારું મૃત્યુ થાય તો મારે આહાર-ઉપધિ અને દેહનો ત્યાગ છે, અન્યથા નહીં, એમ સમજવું.

**૦ હવે ગાથા-૫, ૬, ૭ એ ત્રણે** પરસ્પર સંબંધવાળી હોવાથી તેનું વિવેચન એક સાથે કરીએ છીએ–

– ગાથા ચાર માં સાગારી અને અનશનનું કથન કર્યું. કેમકે 'સંથારો' શબ્દ બે અર્થમાં પ્રચલિત છે. (૧) જીવન પર્યન્તનો સંથારો એટલે અનશન અને (૨) રાત્રિ સંથારો એટલે માત્ર શયન-સુવું તે. આ રીતે આરાધક આત્મા રોજ રાત્રિ સંથારો કરે ત્યારે છેલ્લા સંથારાની અનુવૃત્તિ કરતો ભાવ ધારણ કરે છે–

– આવો ભાવ ધારણ કરનાર સર્વ પ્રથમ ચાર શરણાં સ્વીકારે છે. જેમનું શરણ સ્વીકારવાનું છે તે ચારે મંગલરૂપ છે અને લોકમાં પણ ઉત્તમ છે, માટે જ તે ચારેનું શરણ સ્વીકાર્ય છે, તે જણાવવા આ ત્રણ ગાથા રજૂ કરી છે.

*(* આવશ્યક સૂત્ર નામક આગમમાં ચોથા અધ્યયનમાં શ્રમણ પ્રતિક્રમણ સૂત્ર અંતર્ગત્ સૂત્ર-૧૨, ૧૩, ૧૪ રૂપે આ ત્રણ ગાથાઓનું કથન છે–)*

આ ત્રણે ગાથામાં चत्तारि શબ્દ આવે છે જે અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ એ ચાર માટે વપરાયેલ સંખ્યાવાચી શબ્દ છે. ફર્ક માત્ર એટલો જ છે કે, પહેલી ગાથામાં આ ચારેને મંગલ રૂપ ગણાવ્યા છે, બીજી ગાથામાં આ ચારેને લોકોત્તમ કહ્યા છે અને ત્રીજી ગાથામાં ચારેનું શરણું સ્વીકારેલ છે.

● **चत्तारि मंगलं०** ઇત્યાદિ. ચાર મંગલ છે - (૧) અરિહંતો મંગલ છે, (૨) સિદ્ધો મંગલ છે, (૩) સાધુ મંગલ છે, (૪) કેવલિ પ્રરૂપિત ધર્મ મંગલ છે.

૦ चत्तारि એટલે ચાર - આ સંખ્યાવાચી શબ્દ છે. જે અરિહંત આદિ ચારે માટે ગાથા-૫, ૬ અને ૭માં વપરાયેલ છે.

૦ मंगल - મંગલ.

- આ શબ્દનું વિવેચન સૂત્ર-૧ 'નવકારમંત્ર'માં જોવું.

૦ अरिहंत - અષ્ટ મહાપ્રાતિહાર્ય પૂજાને યોગ્ય તે 'અરહંત'. (અરિહંત).

– આ પદનું વિવેચન અને વ્યાખ્યા સૂત્ર-૧ "નવકાર મંત્ર" તથા સૂત્ર-૧૩ "નમુત્થુણં"માં કરાયેલું છે. ત્યાં જોવા.

– આવા અરિહંતોને 'મંગલરૂપ' કહેલા છે.

૦ सिद्ध - આઠ કર્મોરૂપી કર્મબીજ જેમણે સમૂળગુ બાળી નાંખેલ છે તે.

– આ પદનું વિવેચન અને વ્યાખ્યા સૂત્ર-૧ "નવકાર મંત્ર" અને સૂત્ર-૮

''લોગસ્સ''માં પણ કરાયેલ છે. ત્યાં જોવા.

– આવા સિદ્ધોને મંગલરૂપ કહેલાં છે.

૦ साहू - સાધુઓ. જે નિર્વાણ સાધક યોગોને સાધે છે તે.

– આ પદનું વિવેચન અને વ્યાખ્યા સૂત્ર-૧ 'નવકાર મંત્ર', સૂત્ર-૨ ''પંચિંદિય'', સૂત્ર-૧૫ ''જાવંત'', સૂત્ર-૪૫ ''અડ્ઢાઇજ્જેસુ'' સૂત્ર-૫૧ ''સકલતીર્થમાં જોવું.

– આવા સાધુઓ મંગલરૂપ છે.

૦ केवलि पन्नत्तो धम्मो - કેવલિ પ્રરૂપિત ધર્મ.

– આવશ્યક સૂત્ર-૧૨ની વૃત્તિમાં આ પદોની વ્યાખ્યા કરતા જણાવે છે કે-

૦ केवलि - જેમનામાં કેવળજ્ઞાન, કેવળદર્શન વિદ્યમાન છે તે કેવલિ કહેવાય છે, 'સર્વજ્ઞ' શબ્દ આ 'કેવલિ'નો પર્યાય છે.

૦ पन्नत्तो એટલે પ્રરૂપિત, પ્રજ્ઞપ્ત, કહેલો, ફરમાવેલો.

૦ धम्मो - એટલે ધર્મ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ રૂપ ધર્મ.

– આવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ મંગલરૂપ છે.

– આ ચારે મંગલરૂપ હોવાથી તેમના તરફથી જ સુખની પ્રાપ્તિ થવાની છે. તેના મંગલપણાને કારણે તેનું ''લોકોત્તમપણું'' કહ્યું છે. તે આ પ્રમાણે–

● **चत्तारि लोगुत्तमा०** ઇત્યાદિ...

– આ ચાર લોકોત્તમ છે – (૧) અરિહંતો લોકોત્તમ છે, (૨) સિદ્ધો લોકોત્તમ છે, (૩) સાધુઓ લોકોત્તમ છે, (૪) કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ લોકોત્તમ છે.

– આ ગાથામાં ''લોગુત્તમ'' શબ્દ સિવાયના બાકી બધાં પદોની વ્યાખ્યા ગાથા-૫ ''चत्तारि मंगलं'' અનુસાર જાણવી.

– ''લોગુત્તમ'' એટલે લોકમાં ઉત્તમ, જગત્‌માં શ્રેષ્ઠ, લોકમાં પ્રધાન.

– આવશ્યક સૂત્ર-૧૩ની વૃત્તિમાં વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે–

અહીં લોક શબ્દથી 'ભાવલોક' અર્થ ગ્રહણ કરવો. ભાવલોકમાં ઉત્તમ.

(૧) અરિહંતો - જેની સર્વ કર્મ પ્રકૃત્તિ પ્રશસ્ત કહી છે, વેદનીય - આયુ - નામ અને ગોત્ર એ ચારેનો અનુભાવ પણ તેમને નિયમથી ઉત્તમ હોય છે, ઉત્તર પ્રકૃત્તિની દૃષ્ટિએ-શાતા વેદનીય, મનુષ્ય આયુ, પ્રશસ્ત નામ પ્રકૃત્તિ, મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઉદાર એવા અંગ-ઉપાંગ, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભ નારાચ સંઘયણ, પ્રશસ્ત એવા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પ્રશસ્ત વિહાયોગતિ, સુસ્વર નામકર્મ, આદેય નામકર્મ, યશોકીર્તિ, નિર્માણ નામકર્મ, તીર્થંકર નામકર્મ, ઉચ્ચગોત્ર ઇત્યાદિ-ઇત્યાદિ સર્વે ઉત્તમ, પ્રધાન, અતુલ્ય હોય છે. આવા-આવા કારણે તેમને ભાવલોકમાં ઉત્તમ કહેલા છે.

(૨) સિદ્ધો - વૃત્તિકાર મહર્ષિ કહે છે કે, ક્ષેત્રલોકમાં અથવા ક્ષાયિક ભાવલોકમાં તેઓ ઉત્તમ અથવા પ્રધાન આત્મા હોવાથી સિદ્ધોને ઉત્તમ કહ્યા છે.

– ક્ષેત્રલોકની દૃષ્ટિએ સિદ્ધો ત્રણ લોકના મસ્તકે સ્થિત હોઈ ઉત્તમ છે.

– ક્ષાયિક ભાવલોકની દૃષ્ટિએ - તે સર્વકર્મ પ્રકૃત્તિથી રહિત છે, ક્ષાયિક ભાવના ધારક છે માટે તેમને લોકમાં ઉત્તમ કહ્યા છે.

(૩) સાધુઓ :- દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ ભાવલોકમાં તેઓ ઉત્તમ અથવા પ્રધાન હોવાથી સાધુઓને લોકોત્તમ કહ્યા છે.

(૪) કેવલિ પ્રરૂપિત ધર્મ :- વૃત્તિકાર મહર્ષિ કહે છે કે, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ભાવલોકમાં ઉત્તમ હોવાથી આ ધર્મને લોકોત્તમ કહેલો છે.

– શ્રુત અને ચારિત્રરૂપ બંને ધર્મો લોકમાં ઉત્તમ જાણવા.

– **જે કારણથી** - અરિહંતાદિ ચારે લોકમાં ઉત્તમ કહ્યા છે **તે કારણથી** જ તે ચારેને શરણ યોગ્ય કહ્યા છે.

**चत्तारि सरणं० ઇત્યાદિ...**

હું આ ચારનું શરણ સ્વીકારું છું – (૧) હું અરિહંતોનું શરણ સ્વીકારું છું, (૨) હું સિદ્ધોનું શરણ સ્વીકારું છું, (૩) હું સાધુઓનું શરણ સ્વીકારું છું, (૪) હું કેવલિ ભગવંત ભાખેલા ધર્મનું શરણ સ્વીકાર કરું છું.

– સંસારના ભયથી બચવા માટે હું આ ચારેના શરણો સ્વીકારું છું.

– વૃત્તિકાર મહર્ષિ આવશ્યક-સૂત્ર-૧૪ની વૃત્તિમાં જણાવે છે કે–

– અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ એ ચારે સંસારના ભયથી (ઉદ્વિગ્ન જીવો માટે) ત્રાણ-રક્ષણરૂપ છે. તેથી તેનું શરણ અંગીકાર કરું છું અર્થાત્ તેમના આશ્રયે હું જાઉં છું - આશ્રયને સ્વીકારું છું.

– સાંસારિક દુઃખમાંથી મુક્ત થવા માટે નિર્જીવ-એટલે જડ, જીવ કે મિશ્રભૂત એ સર્વેનું શરણ, ચક્રવર્તી-વાસુદેવ આદિ મહારથીઓનું શરણ જ્યારે મરણ આવે અથવા અતિ કષ્ટ આવે ત્યારે કંઈ જ ઉપયોગી થતું નથી. તે વખતે પરમ ગુરુ અર્થાત્ અરિહંત, સિદ્ધ અને સાધુઓનું તથા દર્શન, જ્ઞાન. ચારિત્રરૂપ ત્રણ રત્નમય ધર્મ એ જ સાચું શરણ છે. *(એ પ્રમાણે શ્રી અમિતગતિ આચાર્ય જણાવે છે.)*

○ सरणं पवज्जामि એટલે શરણું અંગીકાર કરું છું અર્થાત્ આ ચારના આશ્રયે જઉં છું. આવશ્યક વૃત્તિકાર તેનો અર્થ કરે છે – **હું આ ચારેની ભક્તિ કરું છું.**

**○ હવે ગાથા-૮, ૯, ૧૦ દ્વારા** અઢાર પાપસ્થાનકોના ત્યાગનું કથન કરે છે.

– ગાથા આઠ અને નવમાં અઢાર પાપસ્થાનકોના નામો જણાવેલા છે.

– ગાથા દસમાં આ અઢાર પાપસ્થાનકોના ત્યાગનો સંકલ્પ કરેલ છે, તેમજ આ પાપસ્થાનકો શા માટે ત્યાજ્ય છે, તેના કારણો દર્શાવ્યા છે.

– આ અઢારે પાપસ્થાનકોના નામો અને તેમાંનું કોઈ પણ પાપનું સ્વયં સેવન કર્યું હોય - કરાવ્યું હોય કે કરનારની અનુમોદના કરી તેનું "મિચ્છા મિ દુક્કડં" આપવા સંબંધી વર્ણન **સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"**માં કરાયેલું જ છે. આ અઢારે પાપસ્થાનકના નામો, તેની વ્યાખ્યા, તે પાપસ્થાનકોનું વિવેચન વિસ્તારથી

સૂત્ર-૩૨માં કરાયેલું જ છે, ત્યાંથી જોવું. અહીં આ ગાથાઓનું સામાન્ય સ્વરૂપ અથવા સંક્ષેપથી પાપસ્થાનકોની સમજણ માત્ર રજૂ કરી છે.

– "પર્યન્ત આરાધના" નામક પયન્નામાં ગાથા-૨૨, ૨૩ માં આ અઢારે પાપસ્થાનકોના નામો જણાવેલા છે. "આરાધના કુલક"માં ગાથા-૩ અને ૪માં આ અઢાર પાપસ્થાનકો નામ અને તેને હું વોસિરાવું છે, તેવું કથન કરાયેલ છે. શ્રી અભયદેવસૂરિજી રચિત "આરાહણા પયરણં"માં ગાથા-૩૬ થી ૩૮માં પણ કિંચિત્ ફેરફાર સાથે આ અઢારે પાપસ્થાનકનો ઉલ્લેખ છે અને તેને વોસિરાવું છું એ પ્રમાણેનું કથન કે સંકલ્પ પણ ગાથા-૩૮ ના પૂર્વાર્ધમાં કરાયેલ છે.

**(૧) पाणाइवाय** - પ્રાણાતિપાત, હિંસા - પહેલું પાપસ્થાનક.

**(૨) अलिअ** - અલીક, જૂઠ, અસત્ય ભાષણ - બીજું પાપસ્થાનક જેને મૃષાવાદ કહે છે.

**(૩) चोरिक्क** - ચૌર્ય, ચોરી - જેને અદત્તાદાન કહે છે - આ ત્રીજું પાપસ્થાનક છે.

**(૪) मेहुण** - મૈથુન, અબ્રહ્મનું આચરણ - ચોથું પાપસ્થાનક.

**(૫) दविण-मुच्छ** - દ્રવ્ય પરનું મમત્ત્વ કે માલમિલકત પરત્વેની મૂર્ચ્છા. જેને પરિગ્રહ નામે પાંચમું પાપસ્થાનક કહેલું છે.

**(૬) कोह** - ક્રોધ - છટ્ઠું પાપસ્થાનક છે.

**(૭) माण** - માન - સાતમું પાપસ્થાનક છે.

**(૮) माय** - માયા, કપટ - આઠમું પાપસ્થાનક છે.

**(૯) लोह** - લોભ - નવમું પાપસ્થાનક છે.

– પહેલા પાંચ પાપસ્થાનકોનું વર્ણન પાંચ અણુવ્રત રૂપે સૂત્ર-૩૫ વંદિત્તુ સૂત્રની અંતર્ગત્ પણ કહેવાયેલ છે.

– છટ્ઠાથી નવમું એ ચાર પાપસ્થાનક ચાર કષાયરૂપે પણ વર્ણવાયેલ છે. જેનું સૂત્ર-૨ "પંચિંદિય" સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ" આદિ સૂત્રોમાં પણ વિવેચન છે.

**(૧૦) पिज्ज** - પ્રેમ, રાગ. જે 'રાગ' નામે દશમું પાપસ્થાનક છે.

**(૧૧) दोस** - દ્વેષ - જે અગિયારમું પાપસ્થાનક છે.

– આ રાગ અને દ્વેષ બંને પદોનું વિવેચન સૂત્ર-૩૫ "વંદિત્તુ સૂત્ર"ની ગાથા-૪ના વિવેચનમાં કહેવાયેલ છે.

**(૧૨) कलह** - કલહ, કજીયો, કંકાસ-બારમું પાપસ્થાનક છે.

**(૧૩) अब्भक्खाणं** - અભ્યાખ્યાન, આળ આપવું, કલંક ચડાવવું, આક્ષેપ કરવો ઇત્યાદિ - આ તેરમું પાપસ્થાનક છે.

**(૧૪) पेसुन्न** - પૈશુન્ય, ચાડી, ચુગલી, તેરમું પાપસ્થાનક છે.

**(૧૫) रइ-अरइ-समाउत्त** - રતિ અને અરતિ વડે યુક્ત. રતિ એટલે હર્ષ અને અરતિ એટલે શોક. આ રતિ-અરતિ એ પંદરમું પાપસ્થાનક છે.

(૧૬) **परपरिवाय** - પરપરિવાદ, બીજાના અવર્ણવાદ બોલવા તે. આ સોળમા પાપસ્થાનક રૂપે ગણાવાયેલ છે.

(૧૭) **मायामोस** - માયા-મૃષા, પ્રપંચ, કપટ પૂર્વકનું જૂઠ. આ પાપસ્થાનકને 'માયામૃષાવાદ' નામક સત્તરમું પાપસ્થાનક કહ્યું છે.

(૧૮) **मिच्छत्तसल्लं** - મિથ્યાત્વશલ્ય, મિથ્યાત્વરૂપી શલ્ય. આ પાપસ્થાનક અઢારમાં પાપસ્થાનક નામે ઓળખાય છે.

– આ રીતે પ્રાણાતિપાતથી મિથ્યાત્વશલ્ય પર્યન્તના અઢાર પાપસ્થાનકો કહ્યા છે. જેનું વર્ણન આગમ સૂત્રોમાં પણ જોવા મળે છે.

○ **હવે ગાથા-૧૦**માં આ અઢારે પાપસ્થાનકનો ત્યાગ કરવાનો સંકલ્પ જાહેર કરાય છે, તેના ત્યાજ્યપણાના કારણો પણ રજૂ કરેલ છે.

– સંથારાની આરાધના કરી રહેલ આત્મા જે રીતે ચાર શરણાં અંગીકાર કરે છે, તે રીતે અઢારે પાપસ્થાનકોનો પણ ત્યાગ કરે છે. આ વાતની સાક્ષી "પર્યન્ત આરાધનાના સાતમા દ્વારમાં પણ મળે જ છે.

– શ્રાવકો નિત્ય પ્રતિક્રમણમાં આ "અઢારે પાપસ્થાનક" સંબંધી મિચ્છા મિ દુક્કડં" તો આપે જ છે, પણ પૌષધવ્રતધારી શ્રાવકોને સાત લાખ અને અઢાર પાપસ્થાનકને સ્થાને "ગમનાગમન" સૂત્ર બોલે છે, તેથી અહોરાત્ર પૌષધવ્રતધારી શ્રાવક "સંથારાપોરિસિ" વિધિ દરમ્યાન આ અઢાર પાપસ્થાનકો વોસિરાવે છે. પાપ અથવા અશુભ કર્મબંધના મુખ્ય કારણ રૂપ આ પાપસ્થાનકોનો ત્યાગ કરવા વિષયક કારણોને જણાવવા પૂર્વક (રાત્રિ) સંથારાની આરાધના કરે છે.

● **वोसिरिसु इमाइं** - આ (અઢાર પાપસ્થાનોને) હું ત્યજુ છું.

– 'વોસિરિસુ'ને બદલે 'વોસિરસુ' એવો પણ પાઠ જોવા મળે છે.

– 'વોસિરસુ'નું સંસ્કૃત રૂપાંતર <u>વ્યુત્સૃજ</u> છે. જેનો અર્થ "છોડી દે અથવા ત્યાગ કરે" એ પ્રમાણે કરાયો છે. અર્થાત્ "તું ત્યાગ કર" એવું આજ્ઞાર્થ વાક્ય બને છે, પણ રહસ્યાર્થરૂપે "હું વોસિરાવું છું કે ત્યાગ કરું છું" એવો અર્થ કરવો ઉચિત લાગે છે.

*હવે શા માટે આ પાપસ્થાનકોનો ત્યાગ કરવો તેના બે કારણો કહે છે–*

● **मुक्ख-मग्ग-संसग्ग-विग्घभूआइं** - મોક્ષમાર્ગના સંસર્ગમાં વિઘ્નભૂત.

○ मुक्ख-मग्ग એટલે મોક્ષમાર્ગ.

– તત્ત્વાર્થ સૂત્રકારે "મોક્ષમાર્ગ"ની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, "સમ્યગ્ દર્શન જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. (આવા મોક્ષમાર્ગના–)

○ संसग्ग - સંસર્ગમાં, મેળાપ થવામાં, પામવામાં.

○ विग्घभूअ - વિઘ્નભૂત, અંતરાય રૂપ, અડચણ કર્તા.

– આ અઢારે પાપસ્થાનકો મોક્ષમાર્ગમાં અર્થાત્ સમ્યગ્-દર્શનજ્ઞાન ચારિત્રના સમન્વયરૂપ રત્નત્રયની કે ત્રણે પ્રકારની બોધિની પ્રાપ્તિમાં અંતરાય કર્તા છે, માટે આ અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરવો.

● **दुग्गइ-निबंधणाइ** - દુર્ગતિનું કારણ, દુર્ગતિના હેતુ રૂપ.

– અઢારે પાપસ્થાનકોને વોસિરાવવા માટેના બીજા મહત્ત્વના કારણ રૂપે આ પદો પ્રયોજાયેલ છે. તે આ પ્રમાણે–

○ दुग्गइ - દુર્ગતિ. નરક, તિર્યંચાદિ ગતિને દુર્ગતિ કહેલી છે.

○ निबंधण - એટલે નિબંધન, કારણ, હેતુ.

– આ અઢારે પાપસ્થાનકોના ફળ રૂપે દુર્ગતિની પ્રાપ્તિ થાય છે.

● **अट्ठारस पाव-ठाणाइं** - અઢાર પાપસ્થાનકો.

○ સંથારાની આરાધના કરનાર આત્મા ચાર શરણાને અંગીકાર કરે અને અઢાર પાપસ્થાનકોને વોસિરાવ્યા બાદ આરાધક આત્મા પોતાને અનુશાસિત કરે છે, શુભ ભાવના ભાવવાપૂર્વક આત્માને વૈરાગ્યવાસિત કરે છે. આ સત્યને **હવે પછીના ગાથા-૧૧ અને ૧૨માં** ઉજાગર કરવામાં આવેલ છે.

– આ બંને ગાથાઓ "પયન્ના" આગમોમાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ છે. તેનો ઉલ્લેખ "આઉરપચ્ચક્ખાણ" નામક પચીશમાં આગમમાં ગાથા-૨૭માં, મહાપચ્ચક્ખાણ નામક છવ્વીસમાં આગમમાં ગાથા-૧૩ અને ૧૬માં, ચંદાવેજ્ઝય નામક ત્રીશમાં આગમમાં ગાથા-૧૬૦, ૧૬૧માં આ બંને ગાથાઓ ગુંથાયેલી છે.

– હવે ગાથા-૧૧નું વિવેચન અહીં રજૂ કરીએ છીએ–

● **एगो हं** - હું એકલો છું. (एकः अहम्)

– આ પદ દ્વારા 'એકત્વ ભાવના'નો નિર્દેશ કરાયેલો છે.

● **नत्थि मे कोई** - મારું પણ કોઈ નથી.

● **नाहमन्नस्स कस्सइ** - 'ન-અહમ્-અન્નસ્સ-કસ્સઇ' - હું પણ કોઈનો નથી.

– આ બે પદોમાં ગર્ભિતપણે સંસાર (સંબંધ) ભાવના છુપાયેલી છે.

● **एवं अदीणमणसो** - એ પ્રમાણે અદીન મનવાળો થઈને.

○ एवं - એ પ્રમાણે, એ પ્રકારે.

○ अदीण-मणसो - દીનતારહિત મનવાળો થઈને.

– જેનું મન દીનતા અર્થાત્ ગરીબડાપણાથી રહિત છે તેવો.

– અહીં मणसो શબ્દ છે, તેનું मणसा એવું પાઠાંતર પણ મળે છે.

● **अप्पाणम्-अणुसासइ** - આત્માને અનુશાસિત કરે.

○ अणुसासइ એટલે સમજાવે, શિખામણ આપે, અનુશાસિત કરે.

○ **ગાથાસાર** – "હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી" - એ પ્રમાણે દીનતારહિતપણે આત્માને સમજાવે.

'સંવર' તત્ત્વમાં બાર ભાવના અથવા દ્વાદશ અનુપ્રેક્ષાનો ઉલ્લેખ છે તેમાં એકત્વ નામક ભાવનાનો આશ્રય આ ગાથાના આદ્ય પદોમાં કરાયો છે. તે આ રીતે–

'હું એકલો છું' અહીં 'હું' શબ્દથી 'આત્મા' એવો અર્થ કરવો. 'એકલો' શબ્દથી અન્ય કોઈના સાથથી રહિત છે - તેમ સમજવું. કેમકે જીવ એકલો આવે છે, એકલો જાય છે, એકલો જ કર્મને બાંધે છે, એકલો જ ભોગવે છે અને એકલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ મોક્ષે જાય છે.

બીજું પદ છે 'મારું કોઈ નથી' અર્થાત્ માતા, પિતા, પત્ની, પુત્ર, પરિવાર, સગા, સંબંધી, મિત્રો, સ્નેહીજનો વગેરે કોઈ મારા નથી એટલે કે મારા આત્માને આવા કોઈપણ સગપણ નથી. કારણ કે સંસારના આ સર્વે સગપણો તો વ્યવહારથી છે. અનંતા ભવોમાં આવા અનંત સગપણો થયા અને છૂટી ગયા. નિશ્ચયથી તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ મારાં છે.

ગાથામાં ત્રીજું પદ છે - "હું પણ કોઈનો નથી" અર્થાત્ જેમ કોઈ મારા સગાસંબંધી નથી તેમ હું એટલે કે આ આત્મા પણ કોઈનો સગો કે સંબંધી નથી. કેમકે સંસારી સગપણના બધાં જ સંબંધો તો આ દેહ સાથે જોડાયેલા છે આત્માને આવા કોઈ સંબંધો સાથે કંઈ જ લેવા દેવા નથી.

— પ્રશમરતિ પ્રકરણની ગાથા-૧૪૩માં આ વાતની પુષ્ટી આપી છે.

"સંસાર ચક્રમાં ફરતાં એકલાંને જ જન્મ-મરણ કરવા પડે છે, એકલાને જ શુભાશુભ ગતિમાં જવું પડે છે, તેથી આત્માએ પોતે એકલાએ જ પોતાના અક્ષય એવા આત્મહિતને સાધવું જોઈએ."

સૌથી મહત્ત્વની વાત આ ગાથામાં એ કરી છે કે, ઉપરોક્ત ત્રણે ભાવના-વિચારણા દીનતાપૂર્વક એટલે ગરીબડાં થઈને કરવાની નથી. જેમકે—

(૧) અરેરે ! હું એકલો છું, મારું તો કોઈ સહાયક નથી.

(૨) મારું તો કોઈ નથી - મારું હિત ઇચ્છે કે મદદ કરે તેવું તો કોઈ નથી.

(૩) ઓ ભગવાન્ ! હું કોઈનો નથી - કોઈને કામ આવી શકતો નથી.

— આવી દીનતા કરવી યોગ્ય નથી, આવી દીનતાથી તો આત્મા નિરર્થક આર્ત્તધ્યાન જ કરે છે, આત્મા અશુભકર્મનો બંધ કરે છે.

— ઉક્ત શુભ ભાવના 'દીનતારહિત'પણે કરવાની છે. એકત્વ ભાવના, સંસાર ભાવના આદિ વૈરાગ્ય ભાવનાઓને હૃદયસ્થ કરીને આ ભાવના ભાવવી જોઈએ. તો જ આત્માને યોગ્ય રીતે અનુશાસિત કરી શકે. આત્મા નિજસ્વરૂપમાં સ્થિર રહે અને જ્ઞાન, દર્શન, ચારિત્રને જ પોતાના માની, તેની આરાધના કરવામાં સ્થૈર્ય કેળવી શકે 'સંથારાની આરાધના' માટે પ્રતિબદ્ધ બને.

○ **હવે ગાથા-૧૨માં** આત્માનુંશાસન માટે 'અન્યત્વ ભાવના' નામક વૈરાગ્યની ભાવનાને આશ્રીને આ ગાથામાં અભિવ્યક્ત કરી છે.

● **एगो मे सासओ अप्पा** - એક જ મારો આત્મા શાશ્વત છે - ધ્રુવ છે.

— પણ આ શાશ્વત આત્મા કેવો છે ? તેનું સ્વરૂપ જણાવે છે—

● **नाण-दंसण-संजुओ** - જ્ઞાન, દર્શન (આદિ ગુણોથી) સંયુક્ત છે.

— આ જગત્માં, સંસારમાં જ્ઞાન, દર્શન (આદિ ગુણોથી) યુક્ત એવો એક જ મારા આત્મા શાશ્વત કે ધ્રુવ છે (આ પ્રમાણે ભાવના ભાવે)

● **सेसा मे बाहिरा भावा** - બીજા બધાં બાહ્યભાવો-બહિર્ભાવો છે.

— શાશ્વત એવા આત્મા સિવાયનાં જે કોઈ ભાવો છે તે બધાં જ બાહ્યભાવો

છે, આ બાહ્ય ભાવો કઈ રીતે ઉત્પન્ન થાય તે કહે છે–

● **सव्वे संजोग-लक्खणा** - તે સર્વે સંયોગથી ઉત્પન્ન થયેલા છે.

– આ સંયોગ પણ દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે હોય છે. દ્રવ્યથી તન, ધન, કુંટુબાદિ. ભાવથી મિથ્યાત્વ, અવિરતિ આદિ જાણવા.

– મારો આત્મા એકલો છે, શાશ્વતો છે, જ્ઞાન-દર્શનથી સંયુક્ત છે, એ સિવાયના બીજા જે ભાવો મને મલ્યા છે, તે શરીરાદિ સંયોગ રૂપ છે માટે તે સર્વે (ભાવો કે સંયોગો) નાશવંત છે.

– અહીં જે 'बाहिराभावा' કહ્યું - તે 'ભાવ' શબ્દનો અર્થ બે પ્રકારે છે–

(૧) આત્મભાવ - હું એટલે 'આત્મા' છું એવો ભાવ તે આત્મભાવ છે.

(૨) બહિર્ભાવ - હું એટલે આ શરીર, હું એટલે આ ઇન્દ્રિયો, હું એટલે અમુક ફલાણો ઇત્યાદિ પર પદાર્થને 'હું'રૂપે ઓળખાવવા અથવા આ મકાનમિલ્કત મારા છે, આ સ્ત્રી-પુત્ર મારા છે એવી જે વિચારણા તે સર્વે બહિર્ભાવો છું.

– આત્મભાવથી ભિન્ન એવા સર્વે ભાવો બાહ્યભાવો જ છે.

– આત્મભાવ એટલે સ્વ-ભાવ, બાહ્યભાવ એટલે પર-ભાવ. આવી પર-ભાવ દશા છોડીને સ્વ-ભાવ દશામાં સ્થિર થવા માટેની ભાવના આ ગાથા દ્વારા અભિવ્યક્ત કરવામાં આવેલી છે.

– જ્ઞાન અને દર્શનથી સંયુક્ત એક મારો આત્મા શાશ્વત છે - આટલા વાક્યમાં જ્ઞાન અને દર્શન બે પદોનો અર્થ પૂર્વે સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ"માં ઘણાં વિસ્તારથી કરાયેલો છે. સંક્ષેપમાં કહીએ તો - દર્શન એટલે સામાન્ય ઉપયોગ અને જ્ઞાન એટલે વિશેષ ઉપયોગ.

– આવો ઉપયોગ એ જ આત્માનો "નિજ-ભાવ" છે અને શાશ્વત છે.

– કર્મ આદિ અન્ય-અન્ય સંયોગથી ઉત્પન્ન થયેલા બીજા જે સઘળા ભાવો છે, તે સર્વે બાહ્ય ભાવો છે, જે ક્ષણિક છે, નાશવંત છે.

– તેથી કરીને આવા ક્ષણિક કે નાશવંત ભાવોનો ત્યાગ કરીને સ્થિર અને શાશ્વત એવા 'નિજભાવ કે સ્વ-ભાવ'માં રહેવું એ જ મારે હિતકારી છે એ પ્રમાણે આત્માને શિખામણ આપે કે સમજાવે.

○ **હવે ગાથા-૧૩માં** સર્વસંબંધોનો ત્યાગ કરવા વિશે સૂત્રકાર જણાવે છે. કેમકે જીવને જે કંઈ દુઃખની હારમાળા જીવનચક્રમાં સર્જાય છે, તેનું એક મહત્ત્વનું કારણ જ આવા સંયોગજન્ય સંબંધો છે.

